SHAREBAJAR NA SABAK :ROJBAROJ NI JINDAGIMATHI

Chaitaliya, Jayesh


TV18
શેરબજારના સબક
રોજબરોજની જિંદગીમાંથી
Bestsellers18
જયેશ ચિતલિયા

શેરબજારના સબક
રોજબરોજની જીંદગીમાંથી

જયેશ ચિતલિયા

પ્રકાશકઃ ટીવી ૧૮ બ્રોડકાસ્ટ લિ, ૪૧૪, પહેલે માળે, એમ્પાયર મિલ્સ એમ્પાયર, સેનાપતિ બાપટ માર્ગ,
લોઅર પરેલ (પ.), મુંબઈ ૪૦૦૦૧૩

સીઍન્ડપી ૨૦૧૯:

મુખપૃષ્ઠ અને પુસ્તકની ડિઝાઇનઃ ધ બિગ આઈડિયા કોમ્યુનિકેશન

આઇએસબીએનઃ ૯૭૮-૯૩-૮૭૮૬૦-૪૬-૯

ભારતમાં પ્રકાશિત

પ્રથમ આવૃત્તિ ૨૦૧૯

DISCLAIMER

websites. Should you use a link from this website to any other website you do so entirely at your own risk.

TV18 Broadcast Ltd and Network18 Group Companies and the Author do not endorse any advertisements appearing on this product.

The contents of this Book as well as information delivered to subscribers by any means as part of this service are TV18 Broadcast Ltd and Network18 Group Companies.

You may not reproduce, redistribute, resell, broadcast or transfer all or any part of the contents of this website or information delivered to you by any means as part of this service, in any form or by any means whatsoever.

We make no warranty that this Book or the content from this book delivered by electronic or mobile media as part of this services is free from viruses or anything else which has destructive properties and you will be solely responsible for any damage to your computer system or loss of data that results from your use of this service.

TV18 Broadcast Ltd and Network18 Group Companies hereby also expressly disclaims any implied warranties under laws of any jurisdiction, to the extent permitted.

TV18 Broadcast Ltd and Network18 Group Companies and the author reserves the right to modify its Book (including this disclaimer) and the terms and conditions of use of the services provided by this TV18 Broadcast Ltd and Network18 Group Companies at any time without any liability.

By viewing, subscribing to or using this service you are deemed to hereby accept this disclaimer. TV18 Broadcast Ltd and Network18 Group Companies and the author reserves the right to take legal action, as deemed fit, if the terms and conditions of the use of this Book or its services as described herein are not compiled with. Any disputes in relation thereof shall be subject to the exclusive jurisdiction of the courts at Mumbai, India.

પ્રસ્તાવના

શૅરબજારમાં સફળ થવાનાં સૂત્રો-મંત્રો, ચાવી., વ્યૂહરચના, સિદ્ધાંતો, ફિલસૂફી, માર્ગદર્શન, ગાઈડ વગેરે જેવાં અનેકવિધ વિશેષણો સાથે શૅરબજાર વિશે સંખ્યાબંધ પુસ્તકો લખાયાં છે, લખાતાં રહ્યાં છે અને હજી લખાતાં રહેશે. કારણકે આ વિષયનાં અનેક પુસ્તકો બાદ પણ શૅરબજાર સમજાયું નહીં હોય. એટલું જ નહીં, નવો વર્ગ પણ બજાર તરફ ખેંચાતો રહેશે, આવતો રહેશે. એ પછી પણ શૅરબજારને સમજવાનો અને સમજાવવાનો સિલસિલો ચાલુ હશે. બહુ જ નિખાલસ શબ્દોમાં કહું તો શૅરબજાર સ્ત્રી જેવું હોય છે, જેને સમજવું અઘરું છે અને સમજ્યા બાદ પણ કાયમ માટે સમજી લીધું હોવાનો દાવો ન કરી શકાય.

તેમ છતાં અમે અહીં શૅરબજાર વિશે સમજાવવાનો પ્રયાસ કર્યો છે. અહીં અમે કોઈ સફળતાના સિદ્ધાંતો કે સૂત્રો કહ્યાં નથી. કોઈ ચાવી કે વ્યૂહરચના આપી નથી. માત્ર અનુભવોનો ચિતાર મૂકી દીધો છે. અમારા અનુભવ સાથે અનેક સામાન્ય રોકાણકારોથી માંડી નિષ્ણાતોના અનુભવોની વાતો પણ આવરી લેવાઈ છે. અહીં શૅરબજારમાં નિષ્ફળતાના મંત્રો પણ આપ્યા છે, જે કદાચ સફળતા તરફ લઈ જાય કે ન લઈ જાય, કિંતુ નિષ્ફળતાને ટાળવામાં જરૂર સહાયરૂપ થઈ શકે. શું કરવું એ કરતાં શું ન કરવું એના પર પણ ભાર મૂકીને વાતો કરી છે. અમે એમ નથી કહેતા કે શૅરબજારમાં રોકાણ કરવું જ જોઈએ, પરંતુ રોકાણ કરો ત્યારે શું ધ્યાન રાખવું જોઈએ તેની વ્યવહારુ વાતો કરી છે. અમારો એ પણ દાવો નથી કે આ પુસ્તક વાંચવાથી શૅરબજાર તમને સમજાઈ જશે, પણ હા, શૅરબજાર કેમ સમજાતું નથી તેની સમજ જરૂર મળશે. કયાંક શૅરબજાર વિશેની ગેરસમજ, અધૂરી સમજ કે ભ્રમણા પણ દૂર થઈ શકે. શૅરબજાર સંપત્તિ સર્જનનો એક ભવ્ય માર્ગ છે, કિંતુ સમજ્યા વિના કે દિમાગ બંધ રાખીને તેમાં ઝંપલાવશો તો એ સંપત્તિ વિસર્જનનો માર્ગ પણ બની શકે છે. શૅરબજારમાં પ્રવેશો ત્યારે સમય, સંયમ, ધીરજ રાખવાની તૈયારી, જોખમ લેવાની સજ્જતા, અભ્યાસ અને વિવેકબુદ્ધિને સાથે રાખો. એક વાત એ પણ યાદ રાખો, શૅરબજાર સિવાયના પણ માર્ગ છે, જયાં સંપત્તિ સર્જન થઈ શકે છે, જેથી અહીં ફાઈનાન્સિયલ પ્લાનિંગ સહિત વિવિધ ઈન્વેસ્ટમેન્ટ માર્ગોની અને સાધનોની વિશિષ્ટ વાતોને પણ આવરી લીધી છે.

ફરી એક વાર સ્પષ્ટતા કરી દઈએ કે, આ કોઈ નિર્દિષ્ટ થિયરી કે નિયમો નથી, બલકે માત્ર વ્યવહારુ અનુભવોની વાતો છે. અહીં શૅરબજારને રોજબરોજની જિંદગીમાંથી કઈ રીતે સમજી શકાય તેની સરળ ભાષામાં વાત કરાઈ છે. આ પુસ્તક આપ સૌને સંપત્તિ સર્જનના માર્ગમાં સહયોગી બને કે ન બને, કિંતુ સંપત્તિના વિસર્જનને પણ રોકે તોય મારો પ્રયાસ સાર્થક બની રહેશે.

નિષ્ઠાપૂર્વક આપનો
જયેશ ચિતલિયા

અનુક્રમણિકા

પ્રકરણ ૧
ફૅમિલી ડૉક્ટરની જેમ ફૅમિલી ફાઈનાન્સિયલ પ્લાનર પણ જરૂરી!

જીવનમાં માણસે બે સમયે સટ્ટો કરવો જોઈએ નહીં, એક જ્યારે તેને સટ્ટો પોષાતો ન હોય અને બીજો જ્યારે તેને સટ્ટો પોષાતો હોય.

આપની હેલ્થ માટે આપનો ફૅમિલી ડૉક્ટર તો હશે જ. તાવ, શરદી, ઉધરસ વગેરે જેવી નાની-નાની બીમારી વખતે આપ તે ડૉક્ટર પાસે પહોંચી જતા હશો અને જીવનમાં માણસે બે પરિવારમાં મોટી બીમારી આવે ત્યારે પણ શરૂઆત તો એ ફૅમિલી ડૉક્ટર મારફત કરતા હશો. યસ, અડધી રાત્રે પણ જરૂર પડે તો યાદ અવશ્ય ફૅમિલી ડૉક્ટરને જ કરો એ સ્વાભાવિક છે, આ બધું તો હેલ્થ માટે થયું, પરંતુ વેલ્થ માટે શું? અરે ભલા માણસ, વેલ્થ છે જ ક્યાં? એવું કહેવા માગતા હો તો સાંભળી લો, વેલ્થ નહીં હોય તો ઊભી કરવી પડશે અને વેલ્થ હશે તો વેલ્થની પણ 'હેલ્થ'સાચવવી પડશે. હવે હેલ્થ માટે ફૅમિલી ડૉક્ટરની જેમ વેલ્થ માટે ફૅમિલી ફાઈનાન્સિયલ પ્લાનર જરૂરી બનતા જાય છે.

શું છે વળી આ ફાઈનાન્સિયલ પ્લાનિંગ? ફૅમિલી પ્લાનિંગ અને પ્રૉજેક્ટ પ્લાનિંગ કે સરકારી પ્લાનિંગ સાંભળ્યું છે, પણ વળી ફાઈનાન્સિયલ પ્લાનિંગ કઈ બલાનું નામ છે એવું જો આપને લાગતું હોય તો સમજી લેજો કે દુનિયા ઘણી આગળ નીકળી ચૂકી છે અને તમે ઘણા પાછળ રહી ગયા છો. સત્ય એ છે કે જીવન માટે અને પરિવાર માટે ફાઈનાન્સિયલ પ્લાનિંગ કરવું જરૂરી છે. આજે આપ નહીં સમજો તો કાલે આપનાં સંતાનો સમજાવશે અને પછી પણ નહીં સમજો તો તેમનાં સંતાનો સમજાવશે, બાકી હકીકત તો સ્વીકારવી પડશે કે હવેના સમયમાં નાણાં અને આવકનું આયોજન સૌથી મહત્ત્વના બની ગયાં છે.

વર્તમાન જીવનમાં વિજ્ઞાનના વિકાસ સાથે માનવીનું આયુષ્ય વધ્યું છે. હવે લોકો ૭૫-૮૦ વર્ષ આસાનીથી જીવી જાય છે. માનવી વધુ જીવન જીવી શકે એવી દવાઓ અને ઇલાજો શોધાયાં છે, પરંતુ માનવી સરેરાશ ૬૦ની આસપાસ નિવૃત્ત થઈ જાય છે. ધારો કે આપણે ૮૦ની વય પકડીને ચાલીએ તો નિવૃત્તિ બાદ ૨૦ વર્ષ જીવવાનું છે અને આ બે દાયકા જીવવા માટે હાથમાં વ્યવસ્થિત નાણાં હોવા જરૂરી બને છે. માત્ર પ્રૉવિડન્ટ ફંડ અને પેન્શનથી (એ પણ બધાના કિસ્સામાં મળતું નહીં હોય) ચાલી નહીં શકે. તેમ જ બૅન્ક ડિપોઝિટમાંથી કેટલું વળતર મળશે? બીજું, જીવનમાં અકસ્માત ક્યારે પણ કોઈની પણ સાથે બની શકે છે. અચાનક અકસ્માતમાં અપંગતા આવી તો શું કરશો? ત્રીજી બાબત છે મૃત્યુ. મૃત્યુમાં માણસ પોતે તો મુક્ત થઈ જાય છે, પણ તેમના પર નિર્ભર પરિવારના સભ્યોનું શું? આ સાથે એક સત્ય એ પણ સમજી લેવું જરૂરી છે કે હવે પછીના સમયમાં મોંઘવારીની સમસ્યા, અનિશ્ચિતતાઓ વધતી રહેવાની, બીમારીઓ પણ નવું નામ અને રૂપ ધારણ કરીને આવતી રહેવાની અને ત્યારે માત્ર અને માત્ર કામ આવી શકશે આપનું નાણાકીય આયોજન, આપની આર્થિક સ્વનિર્ભરતા.

આપની મહિનાની આવક શું છે? આપના પરિવારમાં સભ્યો કેટલા? તેઓ શું કરે છે? આપ આવકમાંથી ક્યાં, કેટલી રકમ ખર્ચ કરો છો અને કેટલી રકમની બચત કરી શકો છો એના પરથી આપના ફાઈનાન્સિયલ પ્લાનિંગની એબીસીડી શરૂ થાય છે. ફૅમિલી ફાઈનાન્સિયલ પ્લાનર આપની નાડ અહીંથી તપાસવાની શરૂ કરશે. આપે જીવનને આર્થિક દૃષ્ટિએ કઈ રીતે સુરક્ષિત બનાવવું, આપની બે વર્ષ, ચાર વર્ષ, ૧૦ વર્ષ કે ૨૦-૩૦ વર્ષ પછીની જરૂરિયાત શી હોઈ શકે અને તેનું આયોજન અત્યારથી કઈ રીતે કરી શકાય તેનું માર્ગદર્શન આ ફાઈનાન્સિયલ પ્લાનર કરે છે.

આપની સાથે તે આપના પરિવારને ગણી લે છે. આપની બચતમાંથી આપની ઉંમર, નિવૃત્તિનો સમય, લાઈફ-સ્ટાઈલ, આર્થિક સુરક્ષા, શિક્ષણ, લગ્નપ્રસંગ, અકસ્માત, બીમારી વગેરે જેવા જીવનની ઘટમાળના પ્રસંગોને ગણી લઈ કયા સાધનમાં કેટલાં નાણાં કઈ રીતે રોકવા તેનું આયોજન કરી આપે છે. દાખલા તરીકે આપની જીવન વીમા પૉલિસી કેવી અને કેટલાની હોવી જોઈએ? કયા પ્રકારના મ્યુચ્યુઅલ ફંડમાં આપનું રોકાણ કેટલું હોવું જોઈએ? શૅરબજારમાં આપનું ઈન્વેસ્ટમેન્ટ હોવું જોઈએ કે નહીં અને હોવું જોઈએ તો કેટલું? ગૉલ્ડ ઈન્વેસ્ટમેન્ટ કે પછી પ્રોપર્ટી ઈન્વેસ્ટમેન્ટ ક્યારે કેવું હોવું સલાહભર્યું છે, સરકારી લઘુ બચતો કે પીપીએફ, બોન્ડસ વગેરે જેવાં સાધનોમાં રોકાણ હોવું જોઈએ કે કેમ એવા અનેકવિધ પ્રિસ્ક્રિપ્શનના વિકલ્પો વિચારીને તેનો જ અમલ આ ડૉક્ટર કરાવે છે. સંખ્યાબંધ રોકાણમાર્ગો કે સાધનોમાં ઈન્વેસ્ટમેન્ટનું એલોકેશન (ફાળવણી) ફાઈનાન્સિયલ પ્લાનર કરી આપે છે. જેમાં તેઓ કેટલું જોખમ લેવાની આપની તૈયારી છે એ પણ જાણી લે છે. ફાઈનાન્સિયલ પ્લાનિંગ એ કળા છે અને તેમાં ત્રણ પરિબળો સૌથી વધુ મહત્ત્વનાં છે. એક સલામતી, બીજું વળતર અને ત્રીજું પ્રવાહિતા. ભવિષ્યને સુરક્ષિત અને સાનુકૂળ બનાવવા માટે વર્તમાનનો કંઈક અંશે ભોગ લેવો જરૂરી હોય છે. આપ આજે યુવાન છો, વધુ મહેનત કરી શકો છો. કહેવાય છે કે જે માનવી ૨૫-૩૦ વર્ષની ભરયુવાનીમાં દોડતો નથી તેણે ૪૦-૫૦ની વયે દોડવું પડે છે અને આ ઉંમરમાં પણ સક્રિય નહીં થનાર ૬૦ પછી અને ૭૦ વર્ષે પણ જીવન ધોરણ - ગુજરાન માટે કામ (મજબૂરીથી) કરતો રહે છે. નવા જમાનાની વ્યાખ્યામાં તો હવે નિવૃત્તિ સુધી માણસે કામ કરવું પડે, નોકરી કરવી પડે એ પણ એક પ્રકારની નિષ્ફળતા જ ગણાય છે. જમાનો વેલ્થ ક્રિએશનનો અને વેલ્થ મૅનેજમેન્ટનો છે. પોતાને માટે, પરિવાર માટે, સમાજ માટે અને રાષ્ટ્ર માટે.

પ્રકરણ ૨
શૅરબજાર વિશે સંખ્યાબંધ ભ્રમણાઓ!

શૅરબજારમાં આગાહી કરનારા બે પ્રકારના હોય છે, એક એ જેઓ જાણતા નથી અને બીજા એ, જેઓ એ નથી જાણતા કે તેઓ જાણતા નથી.

શૅરબજાર વિશેનાં ભય અને ભ્રમણાને લીધે શું તમે પણ કમાવાની તક ગુમાવો છો?

શૅરબજાર બહુ જ જોખમી છે, અહીં માત્ર સટ્ટો જ થાય છે કે પછી આ બજારમાં કેવળ સ્કેમ જ થયા કરે છે એવી ભ્રમણાઓમાંથી બહાર નીકળી શકાય?

શૅરબજાર ખૂબ જ જોખમી છે, તેમાં ન પડાય
હા, શૅરબજાર જોખમી છે અને રહેશે, પરંતુ જોખમ કયાં નથી? ફરક માત્ર જોખમની માત્રાનો રહે છે. શૅરબજારમાં વધુપડતો સટ્ટો કરો તો ચોક્કસ જોખમ છે, પણ ઈન્વેસ્ટમેન્ટ કરો તો જોખમ નાનું કે સીમિત થઈ જાય છે. બીજું જ્યાં જોખમ હોય છે ત્યાં વળતર પણ ઊંચું રહે છે, પરંતુ અમે તો કહીએ છીએ કે ગોળી મારી ઊંચાં વળતરને! તમારી મૂડી સલામત રહેતી હોય અને વાજબી વળતર પણ મળતું હોય તો શું ખોટું છે? યસ, શૅરબજારમાં એ સંભવ છે. જે માટે શૅરોની પસંદગી તેમ જ સમયગાળો વધુ મહત્ત્વનો બની રહે છે, એટલું જ નહીં, શૅરબજારમાં શૅરો સિવાયનાં સાધનો પણ છે, જે તમને સારાવાજબી વળતર સાથે ઓછા જોખમે ઑફર થાય છે, પણ શૅરબજાર માત્ર જોખમી જ છે એવા ભ્રમમાંથી પહેલાં બહાર આવવું બહેતર છે.

આપણા દેશની વસ્તી ૧.૨૧ અબજની થઈ ગઈ હોવાના અહેવાલ તાજેતરમાં બહાર આવ્યા હતા. આટલી ભવ્ય વિશાળ વસ્તીવાળા દેશમાં અર્થતંત્ર પણ વિશાળ તો છે અને તેનો ગ્રોથ રેટ પણ સારો કહી શકાય એવો છે, આપણા દેશમાં એશિયાનું સૌથી જૂનું શૅરબજાર છે. વિશ્વમાં ગૌરવ લઈ શકાય એવો ઊંચો બચત દર પણ છે, તેમ છતાં શૅરબજારની વાત આવે ત્યારે માંડ એક ટકો વસ્તી (સવા કે દોઢ કરોડ લોકો) આ બજારમાં સીધું રોકાણ ધરાવે છે. જેનું કારણ એ છે કે શૅરબજાર વિશે અનેક ભયભીત કરતી ભ્રમણા તો છે જ, તદુપરાંત ખોટા અને અવાસ્તવિક ખયાલો પણ છે, જેને લીધે લાખો લોકો આજે પણ શૅરબજારથી દૂર છે કે પછી શૅરબજારમાં રોકાણ કરતાં ખચકાય છે. આમ કરીને લોકો એક સારું વળતર આપી શકતી બજાર કે માર્ગને ચૂકી જાય છે. સાવ જ સ્પષ્ટ શબ્દોમાં કહીએ તો સેક્સ વિશે જેવી ભ્રમણા-ગેરસમજો હજી પણ પ્રવર્તે છે તેવી જ ભ્રમણા કે ગેરસમજ શૅરબજાર વિશે પણ છે.

દરેકના અનુભવો જુદા જુદા હોઈ શકે, પરંતુ આપણે અહીં સામાન્ય લોકોમાં પ્રવર્તતી કે ફેલાતી રહેતી કેટલીક ભ્રમણા કે ગેરસમજ અથવા ખોટા ખયાલ પર નજર કરીએ અને તેનાં કારણો સમજવાનો પ્રયાસ કરીએ. કદાચ એ પછી આપણને નવા ઉપાય સૂઝે કે માર્ગ દેખાય એવું બની શકે.

શૅરબજાર એટલે કેવળ ગરબડ-ગોટાળા કે સ્કેમ

શૅરબજારને સ્કેમનું કલંક કાયમ લાગેલું રહે છે, દર થોડા વરસે એવી ઘટના બને છે જે સ્કેમ ગણાય છે અથવા સ્કેમ જ હોય છે, પરંતુ ખરેખર તો આવી ઘટનાઓથી દુનિયાની કોઈ માર્કેટ કે એક્સચેંજ મુક્ત નથી. બધે જ આવું બને છે, સવાલ માત્ર શૅરબજારનો જ નથી હોતો, દરેક બજારમાં કંઈક એવું બનતું રહે છે. ડાયમંડ માર્કેટ હોય કે કપડાંની બજાર હોય સ્કેમના નામ અને સ્વરૂપ બદલાય છે. બાકી તેને લીધે એ બજારની સારી બાબતો છોડી દેવામાં શાણપણ નથી, આપણે શૅરબજારના સંભવિત સ્કેમથી મુકત રહી શકીએ છીએ. સ્કેમમાં ફસાવા માટે કયાંક આપણે પણ જવાબદાર તો હોઈએ જ છીએ. હર્ષદ મહેતા વખતે કે કેતન પારેખ વખતે જે ગાંડપણ ચાલ્યું હતું તેમાં બધાને રાતોરાત લોખપતિ થઈ જવું હતું, હર્ષદ મહેતા ખરીદે છે એટલે આપણે લો, કે પછી કે.પી. ખરીદે એટલે આપણે પણ એ શૅરો જમા કરવાના, આવી ટોળાંશાહીમાં ભલભલા ઊતરી ગયા હતા. જેમણે એ વખતે પોતાની બુદ્ધિ વેચી દઈને આડેધડ શૅરો ખરીધા હતા. કોઈ પણ સ્કેમમાં ફસાયેલા બધા જ રોકાણકારો સાવ નિર્દોષ હોતા નથી. અલબત્ત, આમાં બજારતૂટી ગયું ત્યારે નિર્દોષ રોકાણકારોએ પણ સહન કરવાનું આવ્યું એ ખરું, કિંતુ સારા શૅરો – મજબૂત કામગીરીવાળી કંપનીઓના શૅરોના ભાવો પાછા ફરી ગયા હતા એ પણ યાદ રાખવું. બીજું, અનેક શાણા રોકાણકારો એ વખતે ટોળામાં નહીં ભળીને પોતાની શિસ્ત, વ્યૂહરચના અને નિર્ણયને વળગી રહ્યા તેમને કંઈ થયું નહિ અને હા, આવા સ્કેમ કેટલા થયા? કેટલાં વરસે થયાં? શું તેને કારણે આખું બજાર જ સ્કેમ છે એવું માની લેવું વાજબી છે? યાદ રહે, સ્કેમ બાદ ઘટેલા ભાવોએ બજારમાં પ્રવેશેલા અનેક લોકો ભરપૂર કમાયા પણ હતા.

શૅરબજાર એટલે માત્ર સટ્ટો કે જુગાર

આ સટ્ટો શબ્દ મહદંશે બદનામ ગણાય છે, જ્યારે કે સટ્ટાની પણ પોતાની એક ખાસિયત હોય છે, આ સટ્ટાનું જોખમ લેનારાને લીધે તો માર્કેટ રસપ્રદ અને રોમાંચક બને છે. હા, સટ્ટાનો અતિરેક ખોટો અને ગેરવાજબી હોઈ શકે. બાકી તંદુરસ્ત સટ્ટો જરૂરી પણ છે. અહીં ફિલોસોફરો એમ પણ કહી શકે કે એમ તો જિંદગી પણ એક સટ્ટો કે જુગારજ છે ને. વળી કોઈ અપરિણીત એમ પણ કહે કે લગ્ન બી તો સટ્ટો જ કહેવાય ને! જયાં તમે લૉસ પણ બુક નથી કરી શકતા અને કરો તોય આખી જિંદગી તે કેરીફોરવર્ડ થાય છે... ખેર, આપણે શૅરબજારના સટ્ટાની વાત પર આવી જઈએ તો એ યાદ રાખવું જરૂરી છે કે આપણા પોતા પર એ વાત વધુ નિર્ભર રહે છે કે આપણે શૅરબજારમાં શું કરવું છે? ઈનવેસ્ટમેન્ટ કે સટ્ટો? આપણા વ્યવહારોને આધારે નક્કી થાય છે કે આપણે સટ્ટો કરી રહ્યા છીએ કે રોકાણ? જો આપણે સતત લે-વેચ કરી રહ્યા છીએ કે થોડા દિવસોમાં જ ખરીદીને વેચી દેવાના વ્યવહાર કરી રહ્યા છીએ તો આપણે પણ સટોડિયા જ કહેવાઈએ. જેઓ સટ્ટો જ વધુ કરે છે તેની માટે શૅરબજાર સટ્ટાબજાર છે અને જેઓ રોકાણ કરે છે તેની માટે એ ઈનવેસ્ટમેન્ટ માર્કેટ છે. અહીં સૌને ફટાફટ કમાઈ લેવું હોવાને લીધે સટ્ટો વધુ થાય છે એ ખરું કિંતુ શૅરબજારમાં સટ્ટાને બાજુએ રાખી માત્ર ઈન્વેસ્ટમેન્ટ કરનારા પણ અનેક છે, જેઓ લાંબા ગાળા માટે શૅરબજારમાં રોકાણ કરીને સંપત્તિ સર્જન કરે છે.

શૅરબજારમાં ફટાફટ કે ઝડપી પૈસાદાર બની જવાય

અમે ભલે વિપ્રોનું પાવરફૂલ ઉદાહરણ આપ્યું, પરંતુ સાથે સાથે એ પણ જાણી કે સમજી લો, શૅરબજારને સમય આપવો પડે છે, તો એ તમને સંપત્તિ આપે છે.

ઉતાવળે આંબા ન પાકે એ સત્ય સમજવા માટે આપણે હજી કેટલી આંબાની સિઝન પસાર કરીશું? હા એ ખરું કે શૅરબજારની કમાણી ઝડપી પણ હોય છે, પરંતુ એ સાથે તેમાં નુકસાનીની સ્પીડ કદાચ કમાણીની સ્પીડ કરતાં વધુ હોય છે. જેથી આવા ઝટપટ કમાઈ લેવાના ઉદ્દેશ સાથે આગળ વધવા કરતાં ધીરજ રાખવામાં વધુ સાર છે. જ્યાં કમાણીની સંભાવના ઊંચી રહે છે અને જોખમની સંભાવના નીચી રહે છે. ઝડપી કમાવા માટે તમારે જોખમ પણ એ પ્રકારનું લેવું પડે છે, જેને પરિણામે ટેન્શન પણ વધે છે. દોસ્તો, શાણપણ એમાં જ છે કે આપણે કમાવાનો કે સારી કમાણીનો ઉદ્દેશ રાખીએ, માત્ર ઉતાવળી કે ઝટપટ કમાણીના અભિગમને જતો કરીએ. યાદ રહે, સસલા અને કાચબાની રેસની વાર્તામાં દોડવામાં સસલાની સ્પીડ ભલે વધુ રહી, કિંતુ મંજિલ પર પ્રથમ કાચબો જ પહોંચીને વિજેતા બને છે. શૅરબજારમાં પણ સફળ રોકાણકાર એ જ છે, જે કમાણી ઘરે લઈ જાય છે.

શૅરબજાર માત્ર પૈસાદાર લોકો માટે જ છે!

આ પણ એક ગેરસમજ કે ભ્રમણા છે. માત્ર પૈસાદારો માટે જ શૅરબજાર છે એવું નથી, કિંતુ શૅરબજારમાં સિસ્ટેમેટિક ઈન્વેસ્ટમેન્ટ કરીને સામાન્ય માનવી પણ પૈસાદાર બની શકે છે. નવાઈ લાગશે, પણ તમે શૅરબજારમાં માત્ર રૂપિયા ૫૦૦ જેવી રકમ સાથે પણ ઈન્વેસ્ટમેન્ટ પ્લાન કરી શકો છો. ફક્ત શૅરોની પસંદગી મહત્ત્વની છે અને માત્ર શૅરો જ નહીં, બલકે મ્યુચ્યુઅલ ફંડની સિસ્ટેમેટિક ઈન્વેસ્ટમેન્ટ પ્લાન જેવી યોજનાઓ કે ઈટીએફ (એક્સચેંજ ટ્રેડેડ ફંડ) જેવાં સાધનો પણ કામ લાગે છે. સૌથી વધુ મહત્ત્વનાં છે ધીરજ અને સંયમ. અહીં ભૂલો કરીને કે સટ્ટાનો અતિરેક કરીને પૈસાદાર માણસો ઉપરથી ગુમાવે એવું પણ બની શકે, ઈન શૉર્ટ, આ બજાર સંપત્તિ સર્જન માટે છે, જેની પાસે સંપત્તિ નથી તેઓ અહીં ટીપે ટીપે સરોવર ભરાયની ફિલસૂફી કામે લગાવી શકે. જેટલું જલદી રોકાણ શરૂ કરી દેશો તેટલું વહેલું તેનું મહત્ત્વ સમજાવા લાગશે. યાદ રહે, દુનિયાના ઈન્વેસ્ટમેન્ટ ગુરુ અને ટોચના સંપત્તિવાન વોરેન બફેટે પોતાની ૧૧ વરસની ઉંમરે રોકાણ શરૂ કરી દીધું હતું.

ઈન્ડેક્સમાં સ્થાન ધરાવતા શૅરો શ્રેષ્ઠ

એ ખરું છે કે ઈન્ડેક્સમાં સમાવિષ્ટ શૅરો મોટે ભાગે ફંડામેન્ટલ્સની દૃષ્ટિએ મજબૂત કંપનીના શૅર હોય છે, પરંતુ એ જરૂરી નથી કે તે દરેક કંપનીની કમાણી (અર્નિંગ્સ) ઊંચી જ હોય. સામાન્ય રીતે ઈન્ડેક્સમાં કંપનીના શૅરનો સમાવેશ તેના માર્કેટ કેપિટલાઈઝેશન અથવા ફ્રી ફ્લોટ (એટલે કે બજારમાં ફરતા શૅરોના પ્રમાણ)ને આધારે થાય છે, નહીં કે કમાણીના (અર્નિંગ્સ) આધારે. જ્યારે કે શૅરના ભાવ માટે કમાણીનું મહત્ત્વ વધુ ગણાય. ઘણા લોકો ઈન્ડેક્સમાં શૅર સામેલ હોવાથી તેને શ્રેષ્ઠ માની બેસી ખરીદીતા રહે છે. અલબત્ત, આ કામ લાંબા ગાળા માટે થતું હોય તો હજી પણ ઠીક છે, અન્યથા ઊંચા ભાવે આવા શૅરો ગળામાં ભરાઈ જાય એવું બને છે.

શૅરબજારને ઇકૉનૉમી સાથે સંબંધ નથી!

શૅરબજાર અને ઇકૉનૉમીને કોઈ સંબંધ નથી અને આ બજાર તો માત્ર સટોડિયાઓ જ ચલાવે છે કે મોટા ઈન્વેસ્ટરો જ હાંકે છે એવી માન્યતા મુજબ ચાલનારા લોકોએ એ સત્ય વધુ સમજવાની જરૂર છે કે બજાર આખરે તો તેનાં ફંડામેન્ટલ્સ (આર્થિક પરિબળો) પર ચાલે છે, સટોડિયા હોય કે બિગ ઈન્વેસ્ટરો, સૌને અંતે તો ઇકૉનૉમીની અસર સમજવી પડે છે. કંપનીઓનાં ફંડામેન્ટલ્સ પણ સમજવાં પડે છે. કંપનીઓ પણ

તેના પોતાનાં ફંડામેન્ટલ્સને આધારે વિકાસ કરે છે અને તેની અસર રૂપે તેના ભાવો વધઘટ પામે છે. જો એવું ન હોત તો અમેરિકામાં આર્થિક કટોકટી આવી ત્યારે બજાર તૂટી ન જાત. દરેક દેશને પોતાની ઇકૉનૉમી જ નહીં, હવે તો અન્ય દેશની ઇકૉનૉમીની ગતિવિધિ પણ એકબીજાને અસર કરી રહી છે, આ જ તો ગ્લોબલાઈઝેશન છે. સટોડિયા કે મોટા રોકાણકારોની તાકાત ખરી, પણ સમગ્ર બજાર સામે કે તેના પ્રવાહ સામે ઇકૉનૉમીનાં ફંડામેન્ટલ્સ સૌથી મહત્ત્વની ભૂમિકા ભજવે છે. વાસ્તે, ફંડામેન્ટલ્સની ઉપેક્ષા ક્યારેય કરવી નહીં, બલકે લાંબે ગાળે ફંડામેન્ટલ્સ જ કામ કરે છે, તેથી તેના પર વધુ ધ્યાન આપવું સલાહભર્યું છે.

સેન્સેક્સમાં ૩૦ શૅર, નિફ્ટીમાં ૫૦ શૅર હોય છે, જે તેના માર્કેટ કેપ કે ફ્રી ફ્લોટને લીધે વધુ જાણીતા હોય છે. હા, ઈન્ડેક્સ સ્ટૉક્સ માં તુલનાત્મક દૃષ્ટિએ જોખમ ઓછું હોય છે, કારણકે તેમની પસંદગી ફંડામેન્ટલ્સને આધારે થઈ હોય છે, જોકે ઈન્ડેક્સની બહાર પણ સારા સ્ટૉક્સ હોઈ શકે છે અને હોય છે એ પણ યાદ રાખવું જોઈએ.

બાવન સપ્તાહના નીચા ભાવનો સ્ટૉક સસ્તો

આ એક વધુ ભ્રમ છે. કોઈ પણ શૅરનો ભાવ આખા વરસમાં એટલે કે બાવન સપ્તાહમાં નીચો પહોંચી જાય એટલે સસ્તો થઈ ગયો ગણાય એ જરૂરી નથી, કેમ કે શૅરનો ભાવ એ ઇકૉનૉમીની સાઈકલના આધારે પણ ચાલતો હોય છે. જેથી પહેલાં તો કોઈ સ્ટૉક તેની બાવન સપ્તાહની નીચલી સપાટીએ શા માટે ગયો એ જાણી લેવું વધુ મહત્ત્વનું છે. એ કંપની સાથે કંઈક અજુગતું બન્યું હોય કે તે ઉદ્યોગમાં કંઈ મોટી નેગેટિવ ઘટના બની હોય એમ પણ હોય. બાવન વીકની નીચલી સપાટીએ પહોંચી જવાથી તે આપોઆપ સારો કે સસ્તો બની જતો નથી, ખરેખર તો કંપનીનાં ફંડામેન્ટલ્સ મહત્ત્વનાં છે. ઊલટાનું ઘણી વાર એવું પણ બને કે આવા નીચા ગયેલા શૅરને પાછો ફરતાં સમય પણ લાગે કે તેણે ઇકૉનૉમીની સાઈકલ ફરવાની લાંબી રાહ પણ જોવી પડે. તેમ છતાં કેસ ટુ કેસ ધોરણે જોવું-સમજવું આવશ્યક બની જાય છે.

મિડીયામાં આવ્યું એટલે સાચું જ!

આમ તો આ વાત દરેક બાબતમાં લાગુ પડે છે, પણ શૅરબજારમાં રસ લેતા લોકો માટે ખાસ. કેમ કે લોકો શૅર ખરીદવા-વેચવા માટે પણ પ્રચાર-પ્રસાર માધ્યમોને જોયા કરતા હોય છે, જેમાં કંપનીઓના ઉચ્ચ અધિકારીઓ સહિત જુદા જુદા નિષ્ણાતો-એનાલિસ્ટ વગેરે સતત બજારની સમીક્ષા કરતાં રહી પોતાના મત વ્યક્ત કરતાં રહે છે. અમુક શૅર ચોક્કસ રકમ સુધી વધી કે ઘટી શકે જેવાં વિધાનોથી લઈ ઇકૉનૉમી, વિદેશી બજારો, ગ્લોબલ સિનેરિઓ વગેરે સંબંધી સતત ચર્ચા તેમ જ ટિપ્પણીઓ થતી રહેતી હોય છે, જેના આધારે બજારની તથા ચોક્કસ શૅરોની ચાલની પણ આગાહી થતી રહે છે. આ જ બાબત અખબારોમાં પણ બનતી હોય છે, કિંતુ હવેના ઑનલાઈન યુગમાં વેબસાઈટસ કે વોટસએપની અસરો ઝડપી તેમ જ વધુ જોરપૂર્વક થાય છે, પણ સામાન્ય લોકો કે ક્યારેક ઉચ્ચ શિક્ષિત લોકો પણ તેની વાતોમાં દોરવાઈ જાય છે અને ખોટાં પ્રવાહમાં તણાઈ જાય છે. હકીકતમાં પ્રચાર-પ્રસાર માધ્યમોમાં આવી ગયું એટલે સાચું જ એવા ભ્રમમાં રહેવામાં જોખમ ખરું.

બૉટમ અને ટૉપની વાતો

શૅરબજારમાં બૉટમ (એટલે બજાર કેટલે સુધી નીચે જશે) અને ટૉપ (બજાર કેટલે

સુધી ઉંચે જશે) કોઈ ખાતરીપૂર્વક કહી શકતું નથી, તેમ છતાં વધતી બજાર વખતે લોકો એ જ સવાલ પૂછયા કરે છે કે બજારની ટૉપ શું બનશે ? અને ઘટતી બજાર વખતે એની બૉટમ શું થશે એવો સવાલ લઈ રોકાણકારો પોતાના નિર્ણયમાં ફેરફાર કરતા રહે છે. આ બધાંને કારણે રોકાણકારો સમય પર લૉસ કે પછી પ્રૉફિટ બુક કરવાનું ચૂકી જાય એવું બને છે. આ બંને બાબતો બહુ જ મોટા ભ્રમ છે. અલબત્ત, આમાંથી તમે સંકેત જરૂર મેળવી શકો.

જુદી જુદી કંપનીઓના શૅરો ધરાવવા એટલે વૈવિધ્યીકરણ

ઘણા રોકાણકારો જુદી જુદી કંપનીઓના શૅરો ખરીદે છે અને એમ કરવાને તેઓ વૈવિધ્યીકરણ માને છે, વાસ્તવમાં આવા ઇન્વેસ્ટરો બજાજ ઓટો, કઈનેટિક, તાતા મોટર્સ, મહિન્દ્ર, અશોક લેલેન્ડ વગેરે કંપનીઓને જુદી જુદી ગણે છે, કિંતુ આ કંપનીઓ અલગ-અલગ હોવા છતાં, આખરે છે તો ઓટો સેક્ટરની, પરિણામે તે રોકાણનું વૈવિધ્યીકરણ ગણાય નહીં. એ જ રીતે ઘણા રોકાણકારો જુદાં જુદાં મ્યુચ્યુઅલ ફંડોની એકસમાન યોજનાઓમાં રોકાણ કરી પોતાના આ રોકાણને પણ ડાઇવર્સિફાઈડ માને છે. ખરેખર ડાઈવર્સિફિકેશન જુદા સેક્ટરથી તેમ જ જુદા પ્રકાર કે લક્ષ્યથી બને છે. ડાઈવર્સિફિકેશનનો હેતુ જોખમને નિયંત્રિત કરવાનો હોય છે, જેમાં એક સેક્ટરમાં મંદી કે ખરાબ સમય હોય તો બીજા સેક્ટરમાં તેની અસર તુલનાત્મક રીતે ઓછી કે નહીંવત્ રહેતાં રોકાણકારોને વૈવિધ્યીકરણનો લાભ મળે છે. જેથી રોકાણકારોએ માત્ર શૅરો જ નહીં, બલકે એસેટસમાં પણ વૈવિધ્યીકરણ રાખવું જોઈએ. દા.ત. શૅરો ઉપરાંત પ્રોપર્ટી માર્કેટ, સોના-ચાંદી વગેરે જેવી એસેટમાં પણ ઈન્વેસ્ટમેન્ટ કરવું જોઈએ.

પ્રકરણ ૩
પૈસા કમાવા છે, પણ ઈન્વેસ્ટમેન્ટની સમજ પડતી નથી!

આ બજારમાં સટ્ટો એ એક એવો પ્રયાસ છે, જે કદાચ તમારી નાની મૂડીને અઢળક સંપત્તિમાં રૂપાંતર કરવામાં નિષ્ફળ જાય છે, જ્યારે ઈન્વેસ્ટમેન્ટ એ એવો પ્રયાસ છે, જે તમારી સંપત્તિને નાની મૂડી બની જતાં રોકવામાં સફળ રહે છે.

તમે બીમાર પડો ત્યારે ડૉક્ટર પાસે જાવ કે ઘરમાં જ ઇલાજ કરી લો ?

તાજેતરમાં એક પરિચિત સજ્જન મળી ગયા ત્યારે કહેવા લાગ્યા, મારે પૈસા પ્રયાસ કમાવા છે, પણ શૅરબજાર કે મ્યુચ્યુઅલ ફંડમાં મને સમજ પડતી નથી, શું કરું? મેં તેમને કહ્યું તમે બીમાર પડો છો ત્યારે શું કરો છો? તેથી એ સજ્જનને આશ્ચર્ય થયું કે આ વળી કેવો સવાલ? મારે ઈન્વેસ્ટમેન્ટની વાત કરવી છે ને તમે મને બીમારીનું પૂછો છો. મેં કહ્યું, જો તમે મારા સવાલનો જવાબ આપશો તો તમને તમારો જવાબ મળી જશે, એટલે તેણે કહ્યું, નાની બીમારી, શરદી-ઉધરસ જેવું હોય તો પહેલાં ઘરગથ્થુ ઇલાજ કરું, પણ પછી ન મટે તો અમારા ફૅમિલી ડૉક્ટર પાસે જાઉં.

યસ, તો ઈન્વેસ્ટમેન્ટની બાબતમાં જ્યાં સુધી સમજાય ત્યાં સુધી તમે નિર્ણય લો અને જ્યાં ન સમજાય ત્યાં નિષ્ણાતની સલાહ લો.

ફાઈનાન્સિયલ ડૉક્ટર

શૅરબજાર કે મ્યુચ્યુઅલ ફંડથી દૂર રહેલા મોટા ભાગના ઈન્વેસ્ટરો મહદંશે પોતાને એ સમજાતા નહીં હોવાને કારણે પોતે તેમાં રોકાણ કરતા નથી એવી દલીલ કરે છે. અલબત્ત, કેટલાક શૅરબજારને સટ્ટો અથવા જુગાર જ સમજે છે એવું પણ હોય છે. શૅરબજાર હોય કે અન્ય કોઈ ઈન્વેસ્ટમેન્ટ, આપણને તે સમજાય જ એ જરૂરી નથી. ઈન્વેસ્ટમેન્ટ ક્યાં કરવું, કેટલું કરવું અને કઈ રીતે કરવું એ ન સમજાય ત્યારે ફાઈનાન્સિયલ ડૉક્ટર હોય છે. મને તો ઈન્વેસ્ટમેન્ટમાં કંઈ સમજાય નહી એમ વિચારીને અટકી જવાય નહીં. સંપત્તિ સર્જન માટે સીધી સમજ ન હોય તોપણ તે ક્યાંથી-કઈ રીતે પ્રાપ્ત થઈ શકે તેની સૂઝ હોવી જોઈએ. અફકોર્સ, આ સૂઝ સાથે સાચા માર્ગદર્શક કે સલાહકાર શોધવાનું કાર્ય વધુ મહત્ત્વનું છે. અન્યથા ગેરમાર્ગે દોરાઈને હેરાન-પરેશાન ને છેવટે નિરાશ થઈ જાવ એવું બની શકે છે.

દરેક મહત્ત્વની બાબતમાં સલાહ

બીમાર પડીએ તો ડૉક્ટર પાસે જઈએ છીએ અને ફૅમિલી ડૉક્ટરથી કામ ન ચાલે તો સ્પેશ્યાલિસ્ટ પાસે પણ જવું પડે. કોઈ કાનૂની વિવાદ થાય તો આપણે વકીલની સલાહ કે સેવા લેવા જઈએ છીએ. પ્રવાસે જવું હોય તો ટુરિસ્ટની સેવા લઈએ, ઘર કે ઑફિસ ખરીદવા માટે એજન્ટની, ઘરના ઈન્ટીરિયર માટે ઇન્ટીરિયર ડેકોરેટરની, શિક્ષણ માટે એક્સપર્ટ ટ્યુશન ટીચરની પાસે જઈએ છીએ. આમ દરેક બાબતમાં જે જરૂરી છે, પણ આપણને સમજાતું નથી ત્યારે આપણે જે તે ક્ષેત્રના નિષ્ણાત પાસે જઈએ જ છીએ, તો પછી ફાઈનાન્સ – ઈન્વેસ્ટમેન્ટના ક્ષેત્રમાં શા માટે આમ કરવું આપણને માફક નથી આવતું? અને શા માટે આપણને ન સમજાય કે અધૂરું સમજાય તોપણ આપણે પોતાની મેળે જ રોકાણ કરી નાખીએ છીએ અથવા સગાંસંબંધી, પાડોશી, મિત્રોને પૂછી ચલાવી લઈએ છીએ. પૈસાનું જીવનમાં શું મહત્ત્વ છે તે સમજાવા છતાં આપણે તેની સલામતી,

વૃદ્ધિ અને જાળવણી માટે નક્કર કે સિસ્ટેમેટિક પદ્ધતિથી આગળ વધતા નથી.

બોટમ અને ટોપની વાતો
શેરબજારમાં બોટમ (એટલે બજાર કેટલે સુધી નીચે જશે) અને ટોપ (બજાર કેટલે સુધી ઉંચે જશે) કોઈ ખાતરીપૂર્વક કહી શકતું નથી, તેમછતાં વધતી બજાર વખતે લોકો એ જ સવાલ પૂછયા કરે છે કે બજારની ટોપ શું બનશે ? અને ઘટતી બજાર વખતે એની બોટમ શું થશે એવો સવાલ લઈ રોકાણકારો પોતાના નિર્ણયમાં ફેરફાર કરતા રહે છે. આ બધાંને કારણે રોકાણકારો સમય પર લોસ કે પછી પ્રોફિટ બુક કરવાનું ચૂકી જાય એવું બને છે. આ બંને બાબતો બહુ જ મોટા ભ્રમ છે. અલબત્ત, આમાંથી તમે સંકેત જરૂર મેળવી શકો.

સમજાયું છે, એ સાચું જ છે?

આપણને સમજાતું હોય તો પણ એ સમજેલું સાચું અને યોગ્ય છે તેની ખાતરી કોણ આપે ? શૅરબજાર પોતાને સમજાતું હોવાનું માનતા કેટલાય લોકો શૅરબજારમાં વરસોથી રોકાણ કરીને પણ વારંવાર નુકસાન કરતા હોય એવું પણ બને છે. વાત માત્ર શૅરબજારની નથી, દરેક ઈન્વેસ્ટમેન્ટ પ્રૉડક્ટને સમજવાની હોય છે. ઘણા લોકો જીવન વીમા પૉલિસીને સમજવાની કોઈ જરૂર નથી એમ માની વારે-તહેવારે કરબચત માટે કે અન્ય કારણસર ઈન્સ્યુરન્સ પૉલિસી લીધાં કરે છે, કેટલાક લોકો પેન્શન પ્લાનમાં રોકાણ કરે રાખે છે, અમુક લોકો મ્યુચ્યુઅલ ફંડની કોઈ પણ યોજનામાં રોકાણ કરી દે છે. આમ કરતી વખતે તેઓ માત્ર રોકાણ કરે છે, તેમને માટે એ રોકાણ યોગ્ય છે કે નહીં તેની સમજ કે કાળજીને તેમાં અભાવ હોઈ શકે છે. આમ માત્ર પોતાની બચતને ક્યાંય પણ રોકી દેવી એ રાઈટ ઇન્વેસ્ટમેન્ટ પૉલિસી ન ગણાય. તેમ છતાં વરસોથી આપણા ફાઈનાન્સ – ઈન્વેસ્ટમેન્ટ જગતમાં પરંપરાગત રોકાણ ચાલુ રહ્યાં છે. નિષ્ણાત, સલાહકાર, ફાઈનાન્સિયલ પ્લાનરની સેવા લેવાનું વિચારવાથી રોકાણકાર વર્ગ હજી ખૂબ દૂર છે.

સંકોચ કે લઘુતાગ્રંથિની જરૂર નથી

કેટલાક લોકો ઈન્વેસ્ટમેન્ટ બાબતે જાણકારોને પૂછવામાં સંકોચ અનુભવે છે અથવા લઘુતાગ્રંથિ અનુભવે છે. વાસ્તવમાં આ એક ગંભીર અને મહત્ત્વનો વિષય છે. જેમ આપણે ડૉક્ટર પાસે જઈએ ત્યારે આપણને જે પણ તકલીફ હોય એ કહીને તેનો ઉપાય મેળવીએ છીએ તેમ ઈન્વેસ્ટમેન્ટ જગતમાં પણ ફાઈનાન્સિયલ ડૉક્ટરો પાસે ઉપાય મેળવી શકાય છે. અહીં લોકોને પોતે બુદ્ધુ હોવાની કે સ્માર્ટ નહીં હોવાની લઘુતાગ્રંથિ ફીલ થાય છે, પણ એમ કરવાને બદલે નિખાલસ બની જવું જરૂરી છે. અમે કહ્યું તેમ અહીંવરસોનો અનુભવી માણસ પણ થાપ ખાઈ શકે છે અને નિષ્ણાત પણ માર ખાઈ શકે છે, તો સામાન્ય માણસ તરીકે આપણે શું વિસાતમાં? વાસ્તે ઈન્વેસ્ટમેન્ટની બાબતે સ્પષ્ટ અને નિખાલસ રહેવું બહેતર છે.

ઊંટવૈદોથી ચેતીને રહેજો

ઈન્વેસ્ટમેન્ટ જગતમાં સાચા ડૉક્ટરો કે નિષ્ણાતો હોય છે તેમ ઊંટવૈદ જેવા લેભાગુ પણ હોય છે. જેથી રોકાણકારોએ વિશેષ સાવચેતી રાખવી જરૂરી બને છે, પરંતુ બધા જ લેભાગુ છે એ પૂર્વગ્રહ બાંધી લેવો વાજબી નથી. રોકાણ સલાહકારની સલાહ લેવી એક બાબત છે અને તેના પર અમલ કરવો એ બીજી બાબત છે. સૌથી વધુ મહત્ત્વનું સમજવાનું એ છે કે ઈન્વેસ્ટમેન્ટ એજન્ટ - સલાહકાર તમને સલાહ આપે છે ત્યારે એ

પોતાના કમિશન માટે આમ કરે છે કે તમારા રોકાણની સાચી જરૂરિયાત માટે? ઘણી વાર સલાહકાર - પ્લાનર માત્ર સલાહ આપે છે, જેથી તે તેની સલાહની ફી લે છે, જ્યારે એજન્ટ તમને રોકાણ કરાવે છે. જ્યાં તેને કમિશન મળે છે. ક્યાંક સલાહ આપનાર અને ઈન્વેસ્ટમેન્ટ કરાવનાર બંને એક જ હોય છે. ઈન શૉર્ટ, ઈન્વેસ્ટમેન્ટ જગતમાં સૌથી મહત્ત્વની છે રોકાણકારની સામાન્ય બુદ્ધિ અને વિવેકબુદ્ધિ. રોકાણ માર્ગે સંપત્તિ સર્જન કરવા માટે આ બેઉની ખાસ જરૂર રહે છે.

પ્રકરણ ૪
શૅરબજારમાં પહેલી વાર પ્રવેશનારે શું ધ્યાનમાં રાખવું જોઈએ?

આલ્બર્ટ આઈન્સ્ટાઈન કહે છે, માનવ જાતની સૌથી મહાન શોધમાં કમ્પાઉન્ડિંગ ઈન્ટરેસ્ટ (વ્યાજ પર વ્યાજથી મૂલ્યવૃદ્ધિ) નો પણ સમાવેશ થાય છે.

શૅર ટ્રેડિંગથી લઈ ડિમેટ ઍકાઉન્ટ સુધી નવા ઈન્વેસ્ટરોની મૂંઝવણોના જવાબો

મોટે ભાગે નવા રોકાણકારોના સવાલ એ હોય છે કે, શું તેમણે શૅરબજારમાં રોકાણ કરવું જોઈએ? તેમણે શૅર બ્રૉકર કેવો પસંદ કરવો જોઈએ? ડિમેટ ઍકાઉન્ટ શૅર બ્રૉકર પાસે રાખવું જોઈએ કે બૅન્કમાં ખોલાવવું જોઈએ? બધી મૂડી શૅરોમાં મૂકી દેવાય? એફ એન્ડ ઓમાં સોદા કરવા જોઈએ? ડે ટ્રેડિંગ કે રોજે રોજ સતત લે-વેચ કરવામાં પડવું જોઈએ? વગેરે. આમ તો આ તમામ સવાલો પર લેખોની શ્રેણી ચાલી શકે, પરંતુ આપણે સંક્ષિપ્તમાં અને સ્પષ્ટ ભાષામાં આના જવાબો જોઈએ.

શૅરબજારમાં રોકાણ નહીં કરો

પહેલી વાત તો શૅરબજાર માટે કોઈ નકારાત્મક પૂર્વગ્રહ રાખવાની જરૂર નથી. આ બજાર શ્રેષ્ઠ વળતર આપે છે. જો તમે તેમાં સમજીને, શિસ્તપૂર્વક, લાંબા ગાળાના ઉદ્દેશથી રોકાણ કરો તો, પરંતુ શૅરબજારમાં રોકાણ નહીં કરો, બલકે શૅરોમાં એટલે કે કંપનીઓમાં રોકાણ કરો. શૅરબજારને તો એટલાં બધાં પરિબળો અસરો કરતાં હોય છે કે તેની ચાલ તમને કાયમ આંચકા અને આશ્ચર્ય આપતી રહી તમારી મૂંઝવણો વધારતી રહેશે, પરંતુ તમારું રોકાણ કંપનીને જોઈને કરાયું હશે તો તમારી માટે શૅરબજારની ચાલ કરતાં કંપનીની કામગીરી વધુ મહત્ત્વની બની રહેશે. દા.ત. તમે લાર્સનમાં રોકાણ કર્યું છે તો લાર્સનની કામગીરી, તેનું ભાવિ તમારી માટે વધુ અગત્યનાં છે. બજાર ભલે ઉપર-નીચે થયા કરે. લાર્સન મજબૂત હશે તો તમને વાંધો નહીં આવે. આમ કંપનીની પસંદગીને સૌથી વધુ મહત્ત્વ આપો. કંપની સારી હશે તો વળતર બધી રીતે સારું જ રહેશે.

૨૦-૩૦ની ઉંમર આસપાસ ઈક્વિટી રોકાણ વધુ રાખો

બીજી વાત, જો તમારી ઉંમર ૨૫થી ૩૫ આસપાસ છે અને તમે નોકરી કે વ્યવસાયમાં સારી આવક મેળવો છો તો શૅરોમાં રોકાણ વધારે કરો, કારણકે આ રોકાણનું જોખમ લેવા તમે હાલ વધુ સમર્થ છો અને તમે તેને લાંબા ગાળા માટે રાખી શકો છો, પરંતુ જો તમે ૪૦-૪૫ની ઉંમર વટાવી દીધી છે તો ધીમે-ધીમે ઈક્વિટીનું નવું રોકાણ ઓછું કરતા જાવ અને તેને બદલે મ્યુચ્યુંઅલ ફંડ તેમ જ ફિક્સ્ડ ઈન્કમનું ઈન્વેસ્ટમેન્ટ વધારતા રહો. ધીમે-ધીમે તમારી નિવૃત્તિના આયોજન માટે યોગ્ય પેન્શન પ્લાનમાં પણ રોકાણ કરો અને શૅરબજારનો લાભ મળવાનું ચાલુ રહે એ માટે સિસ્ટેમેટિક ઈન્વેસ્ટમેન્ટ પ્લાનમાં નિયમિત ધોરણે રોકાણ ચાલુ રાખો. તમારી બધી જ મૂડી એકસાથે ક્યારેય શૅરબજારમાં કે શૅરોમાં મૂકશો નહીં. શરૂઆત માત્ર ૨૫થી ૩૦ ટકા મૂડી સાથે કરો. બાકીની મૂડી મ્યુચ્યુઅલ ફંડની વિવિધ યોજનાઓમાં, ગૉલ્ડમાં, બૅન્ક એફડી વગેરે જેવાં સાધનોમાં રાખો.

શૅર બ્રૉકરની પસંદગી કરો ત્યારે

હવે વાત કરીએ શૅર બ્રૉકરની. શૅર બ્રૉકરની ઑફિસ તમારી ઑફિસ કે ઘરની આસપાસ હોય તો વધુ સારું. એ બ્રૉકર તમને કેવી સર્વિસ ઑફર કરે છે એ જાણી લેવું

જરૂરી છે. તમે માત્ર બ્રૉકરનું નામ જોઈને દોરવાઈ જવાને બદલે બ્રૉકર સેબીમાં રજિસ્ટર્ડ છે કે નહીં તે જાણો. કોઈ પણ એબીસી શૅર-સિક્યોરિટીઝ નામનું પાટિયું જોઈ એ વ્યક્તિ શૅર બ્રૉકર જ છે એવું માની લઈ શકાય નહીં. બ્રૉકર પાસે તમારું એકાઉન્ટ ખોલાવતી વખતે તમને બધી જ જાણકારી મળે છે. સંભવ હોય તો તમારા વર્તુળમાંથી રેફરન્સ કે સલાહ લઈ બ્રૉકરને પસંદ કરો. તમારા મિત્રવર્તુળના અનુભવોને આધારે તમે બ્રૉકરની સેવા વિશે જાણી શકો છો. બ્રૉકર સાથે વિશ્વાસનો સંબંધ હોવો જરૂરી છે અને વિશ્વાસ હોય તો બ્રૉકર પાસે જ તમારું ડિમેટ એકાઉન્ટ ખોલાવો. તમે બહુ વ્યસ્ત રહેતા હો અને વારંવાર શૅરોની લે-વેચ કરતા હો તો એ ડિમેટ એકાઉન્ટની પાવર ઓફ એટર્ની બ્રૉકરનેઆપવી સલાહભર્યું છે, પરંતુ તમારા ડિમેટ એકાઉન્ટ સાથે ચેડાં ન થાય તેની તકેદારી માટે જાગૃત રહેવું જરૂરી છે, પરંતુ જો ડિમેટ ઍકાઉન્ટ બ્રૉકર પાસે રાખવાનો વિશ્વાસ ન હોય તો બૅન્કમાં રાખો, કિંતુ એમ કરવામાં તમારે દરેક વેચાણ વખતે ડિલિવરી ઈન્સ્ટ્રક્શન સ્લીપ બ્રૉકરને સમયસર પહોંચાડવી જોઈશે એ યાદ રાખજો.

હવે વાત કરીએ શૅર બ્રૉકરની. શૅર બ્રૉકરની ઑફિસ તમારી ઑફિસ કે ઘરની આસપાસ હોય તો વધુ સારું. એ બ્રૉકર તમને કેવી સર્વિસ ઑફર કરે છે એ જાણી લેવું જરૂરી છે. તમે માત્ર બ્રૉકરનું નામ જોઈને દોરવાઈ જવાને બદલે બ્રૉકર સેબીમાં રજિસ્ટર્ડ છે કે નહીં તે જાણો. કોઈ પણ એબીસી શૅર-સિક્યોરિટીઝ નામનું પાટિયું જોઈ એ વ્યક્તિ શૅર બ્રૉકર જ છે એવું માની લઈ શકાય નહીં. બ્રૉકર પાસે તમારું એકાઉન્ટ ખોલાવતી વખતે તમને બધી જ જાણકારી મળે છે. સંભવ હોય તો તમારા વર્તુળમાંથી રેફરન્સ કે સલાહ લઈ બ્રૉકરને પસંદ કરો. તમારા મિત્રવર્તુળના અનુભવોને આધારે તમે બ્રૉકરની સેવા વિશે જાણી શકો છો. બ્રૉકર સાથે વિશ્વાસનો સંબંધ હોવો જરૂરી છે અને વિશ્વાસ હોય તો બ્રૉકર પાસે જ તમારું ડિમેટ એકાઉન્ટ ખોલાવો. તમે બહુ વ્યસ્ત રહેતા હો અને વારંવાર શૅરોની લે-વેચ કરતા હો તો એ ડિમેટ એકાઉન્ટની પાવર ઓફ એટર્ની બ્રૉકરનેઆપવી સલાહભર્યું છે, પરંતુ તમારા ડિમેટ એકાઉન્ટ સાથે ચેડાં ન થાય તેની તકેદારી માટે જાગૃત રહેવું જરૂરી છે, પરંતુ જો ડિમેટ ઍકાઉન્ટ બ્રૉકર પાસે રાખવાનો વિશ્વાસ ન હોય તો બૅન્કમાં રાખો, કિંતુ એમ કરવામાં તમારે દરેક વેચાણ વખતે ડિલિવરી ઈન્સ્ટ્રક્શન સ્લીપ બ્રૉકરને સમયસર પહોંચાડવી જોઈશે એ યાદ રાખજો.

એફ એન્ડ ઓમાં સમજણ સાથે જ પડો

એફ એન્ડ ઓ (ફ્યુચર્સ એન્ડ ઑપ્શન્સ – ડેરીવેટિવ્ઝ)માં સોદા કરવામાં જોખમ ઊંચું રહે છે, જેથી ચોક્કસ અનુભવ કે સમજ વિના એફ એન્ડ ઓમાં પડશો નહીં. આ સદાઓમાં તમારી મૂડી સાફ થઈ જઈ શકે છે, એ ખરું કે આમાં કમાણી પણ ઊંચી થઈ શકે છે, પરંતુ આ સટ્ટાકીય પ્રવૃત્તિ મોટે ભાગે મોંઘી પડે છે. ખાસ કરીને માત્ર ઝડપથી મોટી કમાણી કરી લેવાના ઉદ્દેશ સાથે તેમાં પડનારા માર ખાય છે. તમારું શરૂઆતનાં વર્ષોમાં માત્ર ઈક્વિટી-કેશ માર્કેટમાં જ રહો. યોગ્ય સમજણ પછી જ એફ એન્ડ ઓનો વિચાર કરજો.

તમારા બ્રૉકર કે ડી.પી. પાસેથી એકેએક સોદાની કૉન્ટ્રેક્ટ નોટ અને સમયાંતરે સ્ટેટમેન્ટ ઑફ હોલ્ડિંગ તેમ જ સ્ટેટમેન્ટ ઑફ ઍકાઉન્ટ્સ મળવાં જરૂરી છે. આ દસ્તાવેજો તમારે સાચવીને રાખવાના હોય છે. બ્રૉકર કેટલી દલાલી લે છે એના કરતાં કેટલી વિશ્વસનીય સર્વિસ આપે છે એ જોવું વધુ મહત્ત્વનું છે.

ડે ટ્રેડિંગ પ્યોર જુગાર છે, તેમ છતાં...

ડે ટ્રેડિંગ એટલે કે સતત દિવસભર લે-વેચ કરવાનું ન બની શકે તો ટાળો. તમે નોકરી કે બિઝનેસમાં હશો તો તમને આ માટે સમય પણ નહીં મળે, પરંતુ જો તમે આ પ્રવૃત્તિ માટે સમય આપી શકવા માટે સમર્થ હો તો આમાં તમે સ્ટૉપ લૉસની સમજણ સાથે જ પ્રવેશો. આમ તો આ એક સંપૂર્ણ જુગાર જ છે, જેથી હારી જાવ તો દોષ બજારને નહીં આપતા. આ તમારું રોજનું ગણતરીપૂર્વકનું જોખમ છે. તમારી પાસે પૂરતાં નાણાં અને સક્ષમતા હોય તો આ પ્રવૃત્તિનું જોખમ તમે ઉઠાવી શકો છો, પરંતુ બીજા લોકોને આમ કરતાં જોઈ કે તેમાં કમાતા જોઈ તમારી પાસે પૂરતાં નાણાં ન હોવા છતાં આ પ્રવૃત્તિમાં પડવું તમારા માટે મુસીબતો વધારી શકે છે.

રોકાણકારો માટે શૅરબજારમાં પ્રથમ પ્રવેશનાં સાત પગલાં

૧. ઘર કે ઑફિસની આસપાસ બ્રૉકરની ઑફિસ હોય એવું પસંદ કરો,

૨. બ્રૉકરની સેવા અને વિશ્વસનીયતા માટે પહેલાં અંગત વર્તુળમાંથી રેફરન્સ કે સૂચન મેળવી લો,

૩. ડિમેટ ઍકાઉન્ટ બૅન્કમાં ખોલાવવા કરતાં તમારા બ્રૉકર પાસે રાખવામાં સાર, પરંતુ ટ્રસ્ટ હોવો જરૂરી,

૪. બ્રૉકર સાથે ગ્રાહકે ચોક્કસ કરાર સહી કરવાના હોય છે (જે સેબીએ નિયત કરેલા છે) જેમાં બન્નેનાં હિતોને ધ્યાનમાં રાખવામાં આવ્યાં છે, જેથી ગ્રાહકે કરારની વિગતો સમજી લેવી જોઈએ,

૫. ટ્રેડિંગ તેમ જ ડિમેટ ઍકાઉન્ટ ખોલાવવા માટે તમારા રહેઠાણનું પ્રૂફ તથા પેન (પરમેનન્ટ ઍકાઉન્ટ નંબર)ની કૉપી જરૂરી

૬. શરૂઆતમાં માત્ર સેન્સેક્સ તેમ જ નિફ્ટીમાં કે એ ગ્રુપમાં સમાવિષ્ટ સ્ક્રિપ્સમાં જ રોકાણ કરવું, એક કે પાંચ શૅરની ખરીદી પણ કરાય,

૭. ખરીદવાનો ઉત્તમ સમય મંદીનો અને વેચવાનો સમય તેજીનો. વચ્ચેના સમયમાં સારા શૅરો થોડા-થોડા જમા કરતા રહેવામાં સાર

પ્રકરણ ૫
આજે ખરીદીને બીજા દિવસથી ભાવની ચિંતામાં પડી જવાના હો તો બજારથી દૂર જ રહેજો!

> અનેક લોકો વેલ્થ મેળવવા પોતાની હેલ્થ ખર્ચી નાખે છે અને પછી હેલ્થ મેળવવા વેલ્થ ખર્ચવાનો સમય આવે છે.

એક રસપ્રદ હકીકત જોઈએ તો સ્પષ્ટ થઈ જાય છે કે શૅરબજારમાં સતત ટકી રહેનાર કે ચલિત નહીં થનાર રોકાણકાર સારું વળતર મેળવે છે, પરંતુ જો એ લાંબા ગાળા દરમિયાન વચ્ચે અમુક જ દિવસોમાં રોકાણકાર એ શૅરમાંથી બહાર નીકળી ગયો હોય તો એ જ શૅરનું વળતર ઘટી જાય છે અથવા નેગેટિવ પણ થઈ જાય છે. એક સરળ દાખલા સ્વરૂપે આ સત્યને સમજીએ.

અંદર-બહાર થવા કરતાં ટકવામાં લાભ

ધારો કે તમે બીએસઈ સેન્સેક્સની સ્ક્રિપ્સમાં ૧૦ વર્ષ માટે રોકાણ સતત જાળવી રાખ્યું હોય તો વર્ષે ૧૫.૨૭ ટકા જેટલું વળતર છૂટ્યું હોઈ શકે, પરંતુ જો એ સમયગાળામાં માત્ર દસ દિવસ તમે બહાર નીકળી ગયા છો તો તમારું વળતર વાર્ષિક ૭.૮૧ ટકા રહ્યું હશે. વીસ દિવસ બહાર રહ્યા તો વાર્ષિક વળતર ૨.૪૦ ટકા જેટલું નજીવું રહ્યું, પરંતુ ૩૦ દિવસ બહાર હશો તો વળતર માઈનસ ૨.૦૮ ટકા અને ૪૦ દિવસ બહાર રહેવામાં વળતરમાઈનસ ૫.૭૯ ટકા પણ રહ્યું હોઈ શકે. આમ દસ વર્ષમાં ૩૦-૪૦ દિવસનો સમય શૅરમાંથી છૂટા થઈ જવા પર તમને નુકસાની થઈ જાય છે. આ મેસેજ બજારમાં અંદર-બહાર થનારા વર્ગ માટે છે. અર્થાત્ શૅરોને સાતત્યપૂર્વક જાળવી રાખો છો તો એ લાંબે ગાળે વધુ ને વધુ વળતર આપે જ છે.

૭૫,૦૦૦ના ૨૮ વર્ષમાં એક કરોડ

હજી એક રસપ્રદ દાખલો આ જ સત્યને વધુ સ્પષ્ટ કરે છે. આમ તો આ દાખલો ૨૮ વર્ષના સમયગાળાનો છે, પરંતુ એની સિદ્ધિ અને સચોટતા વધુ સતેજ છે. ઐતિહાસિક આંકડાઓને આધારે તૈયાર થતાં આવા ઉદાહરણ વાસ્તવમાં નક્કર હોય છે. જો કોઈ વ્યક્તિએ માત્ર ૭૫,૦૦૦ રૂપિયાનું રોકાણ સેન્સેક્સની સ્ક્રિપ્સમાં કર્યું છે અને એ ૨૮ વર્ષ સતત જાળવી રાખ્યું છે તો એ વ્યક્તિની ૭૫,૦૦૦ રૂપિયાની રકમ ૨૮ વર્ષ બાદ ૧૩૭ ગણી એટલે કે એક કરોડ રૂપિયા પર પહોંચી છે, પરંતુ જો આ જ વ્યક્તિ ૨૮ વર્ષમાંથી બજારના ૧૦ શ્રેષ્ઠ દિવસોમાં આ શૅરોમાંથી બહાર નીકળી ગઈ છે તો આ જ રકમ ૫૩ ગણી વધી છે અને જો ૪૦ શ્રેષ્ઠ દિવસો બહાર રહી છે તો આ જ ૭૫,૦૦૦ રૂપિયાની રકમ માત્ર ૮ ગણી વધીને ૬ લાખ રૂપિયા જેટલી થઈ છે. આ છે લોન્ગ ટર્મની કમાલ.

૨૮ વર્ષનું સાંભળીને ભવાં ઊંચા કરી દેનારા લોકોને આ બાબત સત્ય હોવા છતાંય માફક આવવી મુશ્કેલ છે, કેમ કે શૅરબજારમાં બહુમતી વર્ગ ૨૮ દિવસ કે ૨૮ મહિના માટે પણ રાહ જોવા તૈયાર હોતો નથી, કમ સે કમ મનથી તો નહીં જ.

ખરેખર શૅરમાં રોકાણ લાંબા ગાળા માટે જ શ્રેષ્ઠ છે. આ લાંબો ગાળો જેટલો લાંબો હશે એટલું જ વળતર વધું, પરંતુ આ સાથે શૅરબજારમાં વચ્ચે વચ્ચે અંદર-બહાર- અંદર

થતા રોકાણકારો સારા દિવસો ચૂકી જાય તો વળતરમાં પણ ઘણુંબધું ગુમાવી દે છે. 'હું તો શૅરબજારમાં ૨૫-૩૦ વર્ષથી રોકાણ કરું છું' એવું કહેનારા ઘણા મળશે ; પરંતુ એ વર્ષોમાં તેમણે સાતત્યપણે શૅરો જાળવી રાખ્યા હશે તો વાત જુદી હશે, બાકી અંદર-બહાર થતા રહ્યા હશે તો ચિત્ર અલગ હશે.

પ્રકરણ ૬

શૅરબજારમાં નિષ્ફળતાના મંત્રો

> શૅરબજાર એવું સ્થળ છે, જે ખૂબ જ અધીરા લોકોનાં નાણાં ખૂબ જ ધીરજવાન લોકોને ટ્રાન્સફર કરી આપે છે : વૉરેન બફેટ

સફળતા માટે શું કરવું, એ સાથે, શું ન કરવું એ પણ એટલી જ મહત્ત્વની બાબત હોય છે.

'અરે સાંભળો, હર્ષદભાઈએ મને બહુ સરસ ત્રણેક ટિપ્સ આપી અને મેં તો ફટાફટ એ ત્રણેય શૅરો ૫૦૦-૫૦૦ લઈ પણ લીધા. હર્ષદભાઈ કહેતા હતા કે એ શૅરોના ભાવ ત્રણ મહિનામાં જ ડબલ થઈ જવાના છે.' શૅરસોદા કરતા બહુમતી વર્ગમાં આવી વાતો કાયમની હોય છે. કોઈ આપણને રેડીમેઈડ કહી દે કે ફલાણો શૅર લેવા જેવો છે અને તેનો ભાવ ત્રણ-છ મહિનામાં જ વધી જવાનો છે. ત્યારે આપણા દિમાગમાં એવા કેમિકલ લોચા સર્જાઈ જાય છે કે આપણે સમજ્યા વિના જ એ શૅરો લેવા તૈયાર થઈ જઈએ છીએ. આપણા દરેકના સર્કલમાં આવા એકાદ હર્ષદભાઈ હોય જ છે, જે આપણને પૂછીએ કે ન પૂછીએ સલાહ આપવા તૈયાર જ હોય છે.

શૅરબજારમાં સફળ થવા માટે શું કરવું જોઈએ, કઈ રીતે કરવું જોઈએ એવી વાતો સતત સાંભળવા-વાંચવા મળતી હોય છે. સફળતાની ચાવીઓને નામે આવાં પુસ્તકો ભરપૂર વેચાતાં હોય છે, પરંતુ આપણે અહીં થોડી ઊલટી વાતો કરીએ. શૅરબજારમાં નિષ્ફળતાથી કઈ રીતે બચવું? અર્થાત્ શૅરબજારમાં શું કરવું એ કરતાં, શું ન કરવું એ પહેલાં સમજી લેવું જોઈએ.

શૅરબજાર એ જોખમી રોકાણ માર્ગ છે. અહીં ખાતરીપૂર્વક કંઈ મળતું નથી. એટલું સ્પષ્ટ સમજ્યા બાદ જ અહીં રોકાણ કરવા તૈયાર થવું જોઈએ. અહીં તમને કોઈ પણ કંપની કે શૅર બ્રૉકર કે નિષ્ણાત એમ કહે કે તમને અમુક ટકા ઊંચું વળતર તો મળશે જ, ત્યારે એ વચનને દિમાગ બંધ રાખીને માની લેવાનું ટાળો. એ જ રીતે બ્રૉકર કહે કે કોઈ સટ્ટોડિયો કહે, અમુક શૅરોના ભાવો ૩-૬ મહિનામાં વધી જવાના છે ત્યારે તેની એ વાતને માની લેવાની જરૂર નથી. આમ ખરેખર થઈ જાય અને તમારા કોઈ મિત્ર આવું માનીને કમાઈ લે તો એ જોઈ-સાંભળી તેનું આંધળું અનુકરણ પણ નહીં કરતા, કારણકે આ જ બાબત તો દરિયાના વમળ જેવી હોય છે.

મેં તો છાપામાં એ કંપનીને મોટો એક્સપોર્ટ ઓર્ડર મળ્યો હોવાનું વાંચીને એના શૅર લીધા હતા અથવા મને એક મિત્ર કહેતો હતો કે 'એબીસી' કંપનીમાં બૉનસ ઈસ્યૂ જાહેર થવાનો છે એટલે મેં તો ઝટ એની ખરીદી કરી લીધી એવી વાતો કરનારા શૅરબજારમાં બહુમતીમાં હોય છે. યાદ રહે, કંપનીઓના છપાતા સમાચારો સાચા છે કે ખોટા તેની ખાતરી વિના તેના આધારે શૅરસોદો કરવાનું ભૂલભર્યું સાબિત થઈ શકે છે. આમ કરાવવામાં ઘણી વાર કંપનીઓ પોતે જ અથવા બજારના મોટા સટોડિયાઓ સામેલ

હોય છે. કંપની વિશેના કેટલાક સમાચારોની તેના શૅરના ભાવ પર સીધી અસર થતી હોય છે. તેથી લેભાગુ અને સ્થાપિત હિતો સમાન વર્ગ આવા ભાવ સંબંધી સંવેદનશીલ સમાચારોને ફેલાવતો રહે છે. વાસ્તે સત્તાવાર સમાચાર સિવાય કોઈ પણ સમાચારને એમ જ માની લેવામાં જોખમ રહેતું હોય છે. પેલી કહેવત યાદ છે ને 'લોભિયા હોય ત્યાં ધુતારા ભૂખે ન મરે'. હવે તેમાં થોડો સુધારો કરીને એવું કહેવાય છે કે લોભિયા હોય ત્યાં ધુતારા જલસા કરે. અને એટલે જ ઝાડ પર પૈસા ઉગાડવાનું જણાવીને અનેક પ્લાન્ટેશન કંપનીઓ૧૯૯૦-૯૨ના સમયમાં આશરે રૂ. ૨૫,૦૦૦ કરોડ (રિપિટ ૨૫ હજાર કરોડ) ઊભા કરીને જમીનની અંદર ઘૂસી ગઈ હતી.

હર્ષદ મહેતા શૅર ખરીદે છે એટલે આપણે પણ એ શૅર લેવા જોઈએ, કેમ કે હર્ષદ મહેતા ખરીદે છે તેનો અર્થ એ શૅર સારા હોવા જોઈએ. તેના ભાવ વધવાના હશે એવી દૃઢ માન્યતા સાથે ૧૯૯૦-૯૧ દરમિયાન હજારો લોકોએ ખરીદેલા શૅરો ૧૯૯૨માં સ્કેમનો પર્દાફાશ થતાં મહદંશે 'કાગળિયાં' થઈ ગયા હતા. એ જ બાબત ૮-૯ વર્ષ બાદ કેતન પારેખના કિસ્સામાં બની. આઇ.ટી. શૅરોનો, ન્યૂ ઇકૉનૉમી શૅરોનો જમાનો છે એમ માની કે.પી.ના નામે શૅરો ચાલતા હતા. ટૂંક સમયમાં તેમાં પણ રોકાણકારોએ આખરે ભારે ખોટ ખાવાની આવી. એ પહેલાં અનેક રોકાણકારો સીઆરબી મ્યુચ્યુઅલ ફંડમાં સોનાના સિક્કાની ભેટની લાલચમાં ફસાઈને ડૂબી ગયા હતા. શૅરબજારમાં બહુમતી ઈન્વેસ્ટરો કાયમ ભૂલોની પરંપરા ચલાવતા રહે છે અને આખરમાં પોતાની ભૂલોના ભાર હેઠળ જ દબાઈ જાય છે.

શૅરબજારમાં સફળતા કે નિષ્ફળતાના માર્ગો ઘણા છે અને સૌથી મહત્ત્વની વાત એ છે કે અહીં પણ નિષ્ફળતા જ સફળતા સુધી લઈ જવામાં નિમિત્ત બને છે. હા, ક્યારેક વધુપડતી સફળતા પણ નિષ્ફળતાના દ્વારે લઈ જઈ શકે છે. શૅરબજાર એક યા બીજા કારણસર વધુપડતું ચર્ચામાં રહેતું હોય છે. ત્યારે જ્યાં 'અપના સપના મની મની' ઝડપથી અને મોટે પાયે સાકાર થઈ શકે છે એવા શૅરબજારમાં નિષ્ફળતાના માર્ગો કે અડચણના રસ્તાઓને સમજીએ. ઘણી વાર આપણે પોતે જ ખોટે માર્ગે જતાં રહેતાં હોઈએ છીએ અને પછી દોષ શૅરબજારને, સેબીને કે સિસ્ટમને આપતા હોઈએ છીએ.

સાવ સિમ્પલ લાગે એવી વાત છે, પરંતુ શૅરબજારમાં સોદા કરવાનો નિર્ણય લીધા બાદ સૌ પ્રથમ શૅર બ્રૉકરની પસંદગી કરો ત્યારે એ બ્રૉકર તમને કેવી સર્વિસ આપશે એ જાણી લો. જેમ કંપનીઓના શૅરમાં રોકાણ કરતી વખતે કંપનીનો ટ્રેક રેકર્ડ, નાણાકીય કામગીરી, મૅનેજમેન્ટ, ભાવિ યોજના, ઉદ્યોગમાં તેની સ્થિતિ વગેરે જેવાં પરિબળો જાણવા જરૂરી હોય છે. તેમ શૅર બ્રૉકર સેબીમાં રજિસ્ટર્ડ છે કે નહીં અને તેનો ટ્રેક રેકર્ડ કેવો છે એ પહેલાં જાણી લો. શૅર બ્રૉકર કેવી અને કઈ કઈ સર્વિસિસ તથા પ્રોડર્સ ઑફર કરે છે એ પણ જાણી લો. આજકાલ તો શૅરબ્રૉકરો એક છત્ર હેઠળ વિભિન્ન ફાઈનાન્સિયલ સર્વિસિસ ઓફર કરતા થઈ ગયા છે, પરંતુ યાદ રાખજો, શૅર બ્રૉકરોમાં પસંદગી એની કરજો જે તમને સતત સાચી અને સારી સલાહ આપી શકે, કારણકે રોકાણ નિર્ણય લેવામાં તમને એ સલાહ જ મુખ્યત્વે કામ આવવાની છે. એટલું જ નહીં, આ બ્રૉકરની સલાહ પણ રિસર્ચ આધારિત અને નક્કર હોવી જોઈએ. અર્થાત્ અહીં ટૂંકી દૃષ્ટિ અને લાલસાભર્યું વલણ નહીં રાખતા. અનેક રોકાણકારો બ્રૉકરો પાસે ટિપ્સની

અપેક્ષા રાખતા હોય છે અને જે બ્રૉકર ઝટપટ નાણાં કમાવી આપવાની ઓફર કરે કે ઓછી બ્રૉકરેજ ચાર્જ કરવાની વાત કરે તેના આધારે શૅરોમાં ઝંપલાવી દે છે. આ ગાંડપણ એટલી હદ સુધી હોય છે કે રોકાણકાર એ બ્રૉકર માન્ય અથવા રજિસ્ટર્ડ છે કે નહીં તે જાણવાચકાસવાનું પણ ભૂલી જાય છે.

તો પહેલી વાત બ્રૉકર કે સબબ્રૉકર પસંદ કરો ત્યારે પહેલાં તે સેબી અને એક્સચેન્જ રજિસ્ટર્ડ છે કે નહીં એ જાણો અને અનરજિસ્ટર્ડ શૅર બ્રૉકર સાથે કોઈ પણ હિસાબે સોદા કરવાનું ટાળો. આ જ બાબત ડિપોઝિટરી પાર્ટિસિપન્ટ (ડી.પી.)ને પણ લાગુ પડે છે. આ મધ્યસ્થી તમારા ડિમેટ શૅરોનું એકાઉન્ટ સાચવે છે, તેથી તેની વિશ્વસનીયતા અને ટ્રેક રેકર્ડને પણ જાણી લેવા જરૂરી છે.

શૅરબજારમાં બીજો સબક છે તમે જ્યારે પણ તમારા શૅર બ્રૉકર કે ડી.પી.ને સૂચના આપો ત્યારે સ્પષ્ટ સૂચના આપો અને દરેક સૂચનાનો રેકર્ડ રાખો, કારણકે સૂચના બરાબર નહીં હોય કે અસ્પષ્ટ હશે તો તમે ફસાઈ શકો છો.

ત્રીજી વાત તમારા બ્રૉકર પાસેથી હંમેશાં સોદાની કૉન્ટ્રેક્ટ નોટ લેવાનો આગ્રહ રાખો. કૉન્ટ્રેક્ટ નોટ તમારા સોદાનો દસ્તાવેજી પુરાવો છે. એ પછી પણ તમને શંકા હોય કે તમારો સોદો ખરેખર થયો છે કે નહીં તો તેના કન્ફર્મેશન માટે શૅરબજારની વેબસાઈટ પર સુવિધા મળે છે. અગાઉ કેટલાક કિસ્સાઓ એવા બન્યા છે, જેમાં રોકાણકારો પોતાના સોદા બ્રૉકર કરી રહ્યો છે એવું માની લેતા હતા અને વાસ્તવમાં બ્રૉકર માત્ર તેમને કૉન્ટ્રેક્ટ નોટ (બૉગસ) આપી દેતો હતો અને વિશ્વાસને આધારે ગ્રાહકો વધુ કંઈ વિચાર કરતા નહોતા. એ પછી એક દિવસ બ્રૉકરે હાથ ઊંચા કરી દીધા ત્યારે રોકાણકારોએ શૅરો અને નાણાં બન્નેના નામનું નાહી નાખવું પડ્યું હતું.

શૅર બ્રૉકર સાથેનો વ્યવહાર ક્યારેય રોકડેથી નહીં રાખો અને બૅન્કિંગ ચેનલનો ઉપયોગ કરી, કેમ કે એ તમારા પેમેન્ટના પુરાવા માટે જરૂરી છે.

એક હકીકત એ પણ યાદ રાખો કે ઘણી કંપનીઓ રોકાણકારોને આકર્ષવા મીડિયા મારફત પોતાના વિષેના અહેવાલો ફેલાવે છે, જેના આધારે ઈનવેસ્ટરો કંપનીઓના શૅરમાં રોકાણ કરી બેસે છે. તમે આવા કોઈ પણ રોકાણ કરતાં પૂર્વે કંપની વિશેના સમાચારોની ચકાસણી કરી શકો છો. ખાસ કરીને પબ્લિક ઈસ્યૂઓમાં એવું બનતું હોય છે કે કંપનીઓ બજારમાં નાણાં ઊભાં કરવા પોતાનું ગુલાબી ચિત્ર રજૂ કરે છે, જેને ઍકાઉન્ટિંગની ભાષામાં વિન્ડો ડ્રેસિંગ કહે છે. પોતાના વર્તમાન અને ઉજજવળ ભાવિના સંકેતો આપી કંપનીઓ રોકાણકારોને આકર્ષે છે.

શૅરબજારમાં બનતી ઘટનાઓ આમ તો સંકેતો આપતી હોય છે. કોઈ સ્ક્રિપમાં અચાનક ભાવમાં ઉછાળો આવે કે ચેતી જાવ અને ખાસ કરીને આવો ઉછાળો નક્કર કારણો વિના આવે અને ઝડપથી આવે ત્યારે પણ સજાગ રહો. કોઈ એ શૅર પ્રત્યે લોકોને આકર્ષવાની-લલચાવવાની રમત રમતું હોઈ શકે છે.

ખેર, બધા જ અનુભવો પુસ્તકોમાંથી નથી મળતા, કેટલાક વ્યવહારોમાંથી મળે છે અને

એ જ વધુ પાક્કા હોય છે. તેથી જ કહે છે ને કે અનુભવથી મોટો શિક્ષક કોઈ નથી. પરંતુ જીવનના યાદગાર અનુભવો નિષ્ફળતા નામના માર્ગ પરથી ઊભરતા હોય છે. ઘણીવાર 'સાબુ' (સામાન્ય બુદ્ધિ)થી કામ ચાલી જતું હોય છે.

શૅરબજારના ૧૬ સબક સમજો

V શૅર બ્રૉકરનો ટ્રેક રેકર્ડ અને સર્વિસીસને જાણી લો

V માત્ર રજિસ્ટર્ડ શૅર બ્રૉકર મારફત જ સોદા કરો

V રોકડ વ્યવહારને બદલે બૅન્કિંગ વ્યવહાર કરો

V કૉન્ટ્રેક્ટ નોટ મેળવી લેવાનો આગ્રહ રાખો

V 'ટિપ્સ' સાંભળો, પરંતુ તેનું આંધળું અનુકરણ નહીં કરો

V તમારા કોઈ મિત્ર કે સગાએ શૅરબજારમાં સારી કમાણી કરી એટલે તમને પણ કમાણી થશે જ એવો ભ્રમ ન પાળો

V કોઈ પણ કંપનીના શૅર ખરીદતાં પહેલાં તેનાં ફંડામેન્ટલ્સ સમજી લો

V રાતોરાત લખપતિ બની જવાની ઇચ્છા સાથે શૅરસોદા કરશો તો રાતોરાત લાખો ગુમાવવાની તૈયારી પણ રાખવી પડશે

V શૅરબજારને જુગાર સમજશો તો એ તમને જુગારી જ બનાવશે, પરંતુ સિસ્ટેમેટિક ઈન્વેસ્ટમેન્ટ સમજશો તો શૅરબજાર તમને સફળ ઈન્વેસ્ટર બનાવશે

V શૅરબજાર સેન્સિટિવ હોય છે, તેની સંવેદનશીલતાના જોખમને સમજો

V રોકાણ એ કળા છે, તમને ન સમજાય તો પ્રૉફેશનલ પાસેથી સલાહ મેળવો, કિંતુ સાથે-સાથે તમારી સમજને વિકસાવવાનું ચાલુ રાખો

V પાંચ રૂપિયાથી ૫૦૦ રૂ. સુધીની ચીજવસ્તુ લેતી વખતે ભાવ, તાલ, ક્વૉલિટી જુઓ છો તો હજારો રૂ.ના શૅર લેતી વખતે કંપનીની ક્વૉલિટી જુઓ છો ખરા?

V તેજી એ ખરેખર ખરીદવાનો ઓછો અને વેચવાનો વધુ સમય છે, જ્યારે મંદી એ વેચવાનો જરાય નહીં, પરંતુ ખરીદવાનો ખરો સમય છે

V રોકાણ અને સટ્ટાના ફરકને સમજીને આગળ વધો

V તમારી બધી જ મૂડી શૅરબજારમાં લગાવી દેવાને બદલે ૨૫ ટકાથી શરૂઆત કરો

V લાલચ લપસણી હોય છે, નફો ઘરમાં લઈ જવાનું લક્ષ્ય રાખો અને સ્ટૉપ-લૉસનો નિયમ સમજી ખોટને વધતી અટકાવો

પ્રકરણ ૭

શૅરબજારમાં સિક્વલ અને રિમેક

માણસોને માત્ર પૈસાદાર થવું હોતું નથી, તેમને બીજા કરતાં વધુ પૈસાદાર થવું હોય છે

ફિલ્મોની સિક્વલ કે રિમેકની જેમ શૅરબજારમાં સંજોગો, તેજી-મંદી અને રોકાણકારોનું સતત પુનરાવર્તન થયાં કરે ત્યારે...

બૉલિવૂડમાં ક્યારેક ફિલ્મોની સિક્વલની અને રિમેકની બોલબાલા હોય છે. થોડો વખત પહેલાં હાઉસફૂલ-૨ નામની ફિલ્મ આવી હતી, એ પહેલાં દેવદાસ, ડોન, અગ્નિપથ રિમેક સ્વરૂપે આવી, ત્યાર બાદ ઝંઝીર અને ઘાયલ રિટર્ન્સ આવી હતી. અંગ્રેજી ફિલ્મોમાં - હોલિવૂડમાં તો સિક્વલ જ નહીં, બલકે એક જ ફિલ્મના ચાર-પાંચ ભાગ બનીને નવી નક્કોર ફિલ્મ તરીકે આવતી રહે છે. મિશન ઈમ્પોસિબલ સહિત અનેક દાખલા છે. સામાન્ય રીતે પહેલી ફિલ્મની સફળતાના આધારે એવી જ ફિલ્મ બીજા કલાકારોને લઈને થોડા ઘણા ફેરફાર સાથે રિમેક કરવામાં આવે છે અથવા સફળ ફિલ્મની સિક્વલ બનાવવામાં આવે છે, પરંતુ પહેલી ફિલ્મ ન ચાલી હોય અને બીજી ચાલે અથવા પહેલી ખૂબ ચાલી હોય ને બીજી નિષ્ફળ જાય એવું બની શકે છે. શૅરબજારની વાતમાં વળી આ ફિલ્મની વાતો શા માટે ચાલી રહી છે તેવો સવાલ આપ સૌને સતાવા લાગે એ પહેલાં અમે મૂળ મુદ્દા પર આવી જઈએ. કારણકે શૅરબજારમાં પણ પરિસ્થિતિની, તેજીમંદીની અને રોકાણકારોની ઘણી સિક્વલ અથવા રિમેક બનતી હોય છે. યાદ કરો, તમે શૅરબજારને જુદા જુદા સમયે છોડી ગયા હશો અને જુદા જુદા સમયે તેમાં ફરી પ્રવેશ કર્યો હશે. તેજી ફરી ફરી નવા સ્વરૂપે આવતી રહે છે, તો વળી મંદી પણ એ જ રીતે આવ-જા કરતી રહે છે. ક્યાંક ગ્લોબલાઈઝેશનનું, ક્યાંક મોંઘવારી અને ક્રાઈસિસનું સિક્વલ કે રિમેક થાય છે. જ્યારે એફઆઈઆઈની ચાલનું તો સતત સિક્વલ અને રિમેક બંને થયા કરે છે. આપણે આમાંથી શું શીખીએ છીએ કે શું શીખવું જોઈએ એની ચર્ચા કરીએ.

પહેલાંના અનુભવમાંથી શીખો

શૅરબજારમાં તમે જ્યારે પહેલી વાર પ્રવેશ્યા હશો ત્યારે તમને નવા નવા અનુભવો થયા હશે. તમે કદાચ પહેલી જ વારમાં સારી કમાણી પણ કરી હોઈ શકે, કે પછી પહેલો મોટો માર પણ ખાધો હોઈ શકે. તમે પહેલી વાર સફળ થયા તો કયા આધારે સફળ થયા એને યાદ કરો અને જો પહેલી વાર નિષ્ફળ ગયા તો શા માટે નિષ્ફળ ગયા તેને પણ યાદ રાખો, જે તમને બીજી વારના પ્રવેશમાં કામ લાગશે. જોકે ખાસ યાદ રાખવાનું એ છે કે પહેલી વાર જે કારણસર સફળ થયા એ જ કારણ તમને બીજી વાર સફળતા ન પણ અપાવે, જો સંજોગો સરખા ન હોય તો. એ જ રીતે પહેલી નિષ્ફળતા જે કારણસર મળી, તે તમને હવે ભૂલના પુનરાવર્તનથી દૂર રાખે એમ બને અને તમે બીજી વાર એ ભૂલ નહીં કરીને સફળતા પામો એવું બની શકે. આ મામલે દરેક વ્યક્તિનો જુદો જુદો અનુભવ હોઈ શકે છે.

ફંડામેન્ટલ્સ સૌથી વધુ મહત્ત્વનાં

જેમ માત્ર નવા કળાકારા લેવાથી ફિલ્મ સફળ થઈ જતી નથી કે જૂની સફળ ફિલ્મને લીધે એની જ સિક્વલ કે રિમેક સક્સેસ નથી બની જતી, કિંતુ તેની સ્ટોરી, રજૂઆત, ડિરેકશન, માર્કેટિંગ વગેરેને આધારે સફળ થાય છે તેમ કંપનીઓ સફળ સેક્ટરની હોવાથી કે સફળ પ્રમોટર દ્વારા પ્રમોટ કરાઈ હોવાને લીધે સફળ થઈ જતી નથી, તેનાં પોતાના ફંડામેન્ટલ્સ મજબૂત અને વિકાસલક્ષી ભાવિના હોવાં આવશ્યક હોય છે. ઈન શોર્ટ નામ, સેક્ટર કે સંજોગ જે પણ હોય, કંપનીનાં ફંડામેન્ટલ્સ સૌથી મહત્ત્વનાં સાબિત થાય છે. હા, જૂની સફળ – બ્લોક બ્લસ્ટર ફિલ્મની સફળતાને આધારે બનેલી નવી ફિલ્મની ચર્ચા બહુ થાય, માર્કેટિંગ પણ ખૂબ થાય એવું બની શકે, જેને લીધે તેના તરફ અંજાઈને કે આકર્ષાઈને લોકો તે જોવા જાય - એટલે કે તેમાં રોકાણ કરી બેસે તો છેતરાઈ શકે છે, ફસાઈ શકે છે. ભલેને તેનો પ્રૉડ્યુસર (પ્રમોટર) અને અભિનેતા કેટલા પણ સફળ હોય કે લોકપ્રિય હોય.

સમય સાથે બદલાવું જરૂરી

શૅરબજાર સતત વધઘટને આધીન હોય છે તેની ચંચળતા કાયમી હોય છે, પરંત વ્યક્તિએ સમય સાથે જ પોતાની સ્ટ્રૅટેજી બદલવી જરૂરી બને છે. અર્થાત્, અગાઉની સફળતાનું સમાન સ્વરૂપે પુનરાવર્તન થાય એ શૅરબજારમાં ક્યારેય નિશ્ચિત હોઈ શકે નહીં અર્થતંત્રમાં દરેક સેક્ટરની સાઈકલ હોય છે તેમ શૅરબજારમાં તેજી મંદીની પણ સાઈકલ ચાલતી રહે છે. એક સમયે ટેક્સટાઈલ ઉધોગની બોલબાલા હતી અને તેમાં ચોક્કસ ટેક્સટાઇલ કંપનીઓની પણ નામના હતી, જે આજે ભાગ્યે જ જોવા મળે છે અથવા નામપૂરતી રહી છે કે પછી ત્યાં નવી કંપનીઓ ઉદય પામી ચૂકી છે. છેલ્લા એક દાયકામાં આઈ.ટી. અને ટેલિકોમ સેક્ટર નવી ઇકૉનૉમી તરીકે વિકસી ગયું છે દવા કંપનીઓમાં પણ અનેક નવા ઉપાયરૂપી નવી કંપનીઓ આવીને છવાઈ ગઈ છે. એ જ રીતે ફાસ્ટ મુવિંગ કન્ઝ્યુમર્સ ગુડસ (એફએમસીજી)માં પણ અનેક નવાં નામો બજારમાં ફેલાઈ ગયાં છે. આવા સંજોગોમાં જૂના સેક્ટરને કે જૂની કંપનીઓને જ પકડીને બેસી રહેનાર રોકાણકાર સમય સાથે નવા વિકાસને પામી નહીં શકે. આ રોકાણકારોએ પોતાના પૉર્ટફોલિયોમાં નવા સેક્ટર્સ અને તેની નવી કંપનીઓને સ્થાન આપવું જોઈએ.

રોકાણકાર તરીકે અંદર-બહાર

રોકાણકાર તરીકે આપણે શૅરબજારમાં વારંવાર પ્રવેશીએ છીએ. જ્યારે તેજી હોય ત્યારે આપણે શૅરો લેવા દોડી જઈએ છીએ. વળી મંદી આવે ત્યારે પાછા શૅરબજારથી દૂર થવા લાગીએ છીએ. હર્ષદ મહેતા વખતે, કેતન પારેખ વખતે, આઈપીઓ વખતે વગેરે જેવા પ્રસંગો – સંજોગોમાં આપણે શૅરબજારમાં આડેધડ પ્રવેશ કર્યો હતો, કંઈ પણ જોયા-સમજ્યા વિના શૅરો લેતા ગયા. એ પછી જ્યારે જ્યારે પછડાટ ખાધી ત્યારે આપણે બજાર છોડી ગયા, વળી સારા સમયે પાછા ફર્યા. આમ બજારમાં સફળ-નિષ્ફળ રોકાણકાર તરીકે આપણે અંદર બહાર થતાં રહીએ છીએ. જેને લીધે આપણી સફળતા કે નિષ્ફળતા પણ બદલાતાં રહે છે. જેમ એક સારો ફિલ્મ નિર્માતા ફિલ્મ રજૂ કરતી વખતે બધાં જ પાસાઓનો બરાબર અભ્યાસ કરી આગળ વધે છે, જેમાં તે સમય-સંજોગ, પબ્લિકની પસંદગીનો ટ્રેન્ડ, કળાકારોની લોકપ્રિયતા વગેરેને ધ્યાનમાં રાખે છે, તેમ રોકાણકાર તરીકે આપણે જ્યારે પણ બજાર પ્રવેશ કરીએ ત્યારે બધાં જ સંભવિત પાસાંનો અભ્યાસ કરી લેવો બહેતર ગણાય. અલબત્ત, ફિલ્મ નિર્માતા એ પછી પણ જોખમ જ ઉઠાવતો હોય છે, તેમ રોકાણકાર માટે પુનઃપ્રવેશ વખતે બજારમાં

જોખમ તો હોય જ છે. શૅરબજાર ક્યારેય સફળતાની કે વળતરની ગૅરન્ટી આપતું નથી, કિંતુ તેનો અનુભવ રક્ષક અને માર્ગદર્શક બની શકે છે.

પ્રકરણ ૮
કયાં જવું એ સૂઝે નહીં ત્યારે શાંતિથી ઊભા રહી જવામાં સાર

જ્યારે તમે શું કરી રહ્યા છો તેની તમને ખબર નથી હોતી ત્યારે જોખમ ઊભું થાય છે.

તમે ચાર રસ્તા (ચોરાહા) પર ઊભા હો અને તમારે ચોક્કસ જગ્યાએ પહોંચવાનું છે, પરંતુ હવે ચારમાંથી કયા રસ્તા પર જવું એ ખયાલ આવતો નથી, તો તમે શું કરો ? જો તમે પાકી માહિતી વિના કોઈ એક રસ્તે નીકળી પડ્યા અને રસ્તો ખોટો જડયો તો નુકસાન થઈ શકે, તેથી તમે કોઈ જાણકાર વ્યક્તિને પૂછી લેશો અને એ સમયે કોઈ જાણકાર વ્યક્તિ ત્યાં ન મળે તો તમે થોડો સમય રાહ જોવાનું પસંદ કરો એવું બની શકે, કેમ કે જાણ્યા વિનાના માર્ગે નીકળી પડવામાં જોખમ હોય છે. બસ, શૅરબજારમાં પણ આવી જ અનિશ્ચિત સ્થિતિ હોય છે, કેટલાક સંજોગોમાં બજારની કોઈ દિશા નક્કી થતી જણાતી નથી અને તેના ખરા સંદેશ પણ મળતા નથી ત્યારે રાહ જોવામાં શાણપણ રહે છે. ઇન શૉર્ટ, જ્યારે ક્યાં જવું એ ન સૂઝે ત્યારે જ્યાં હો ત્યાં ઊભા રહી જવામાં મજા છે.

રાહ જોતી વખતે સમયનો સદુપયોગ કરો
તમને થશે રાહ ક્યાં સુધી જોવી? અને રાહ જોયા બાદ પણ શું થશે?

અમે એમ નથી કહેતાં કે કાયમ રાહ જ જોયા કરવી, બલકે આ સમયનો ઉપગ કરો. જ્યારે કંઈ ન સૂઝે ત્યારે અભ્યાસ વધારી દો. હા, થોડા દિવસો શૅરોની ખરીદી કે વેચાણ નહીં કરો તો પાતળા નહીં થઈ જાવ. આ સમય દરમિયાન શ્રેષ્ઠ શૅરોની શોધ કરો, વેલ્યુ સ્ટૉકસ કે ગ્રોથ સ્ટૉકસની શોધ ચાલુ કરો. યાદ રહે, હીરાને એ કોલસાના સ્વરૂપમાં હોય ત્યારે શોધી કે ઓળખી કાઢવામાં જ ખર્ચ લાભ હોય છે.

આપણી બજારમાં એવી અનેક કંપનીઓ હોય છે, જેના પર રોકાણકાર વર્ગનું વ્યવસ્થિત ધ્યાન પડ્યું ન હોય. બજારના આવા સમયમાં જ્યારે કંઈ ન કરવાનું વાતાવરણ હોય ત્યારે આવી કંપનીઓ શોધવામાં વધુ સાર રહે છે.

પણ આવી કંપનીઓને શોધવી કે ઓળખવી કઈ રીતે?

યસ, આ સવાલ મહત્ત્વનો છે. આ પ્રકારની કંપનીઓના સૌપ્રથમ સેક્ટર જોઈ લો. એ સેક્ટરમાં તે સમયે કેવા સંજોગો છો એ જાણી લો. તે સેક્ટરની અગ્રણી કંપનીઓની યાદી તૈયાર કરો. હવે આ યાદીવાળી કંપનીઓમાંથી કઈ કંપનીનો કેવો વિકાસ છેલ્લાં ત્રણ કે પાંચ વરસમાં થયો છે તે જાણો. જો તેમાં કોઈ કંપનીનો વિકાસ ઓછો કે નહીંવત્ થયેલો જણાય તો તેના નાણાકીય આંકડા જોઈને અને કારણો જાણીને હવે પછી તેમાં શું થઈ શકે છે તેનો અંદાજ મેળવો. આવી કંપનીઓના શૅરોના ભાવ જુઓ. જો સમાન વિકાસ ધરાવતી કંપનીઓના ભાવોમાં ફરક લાગે તો જેના ભાવ હજી નીચા જણાય તેને અલગ તારવી તેના મૅનેજમેન્ટનો ટ્રેક રેકર્ડ જાણીને આ શૅરને તમારા પૉર્ટફોલિયોમાં સ્થાન આપો.

વર્તમાન પૉર્ટફોલિયોની સમીક્ષા કરો

શૅરબજારના મંદ સમયમાં બીજું એક કરવા જેવું કામ હોય છે, પૉર્ટફોલિયો ચર્નિંગ. અર્થાત્ આ પ્રતીક્ષાના સમયમાં તમારી પાસે જે પૉર્ટફોલિર્યા છે તેનું બારીક નિરીક્ષણ અને પરીક્ષણ કરી લો. કયો શૅર ક્યારે ખરીધો હતો અને આટલા સમય બાદ તેમાં કેટલું વળતર છૂટયું છે? એ શૅર કયા ઉધોગ કે સેક્ટરનો છે ? તેની હાલ શું સ્થિતિ છે ? શું સ્કોપ છે? શું આ શૅરોમાં લૉસ બુક કરી લેવો જોઈએ? કે પછી તેમાં નીચા ભાવે ખરીદી કરી એવરેજ નીચે લાવવી જોઈએ? કયા શૅરો કાઢી નવા શૅર ઉમેરવા જોઈએ? વગેરે જેવા સવાલો સાથે બેસી પૉર્ટફોલિયોની સમીક્ષા કરતાં રહેવું જોઈએ.

કંપનીઓની માહિતી કયાંથી મળે?

તમને કદાચ થઈ શકે કે આ બધી ઉપર્યુકત માહિતી મેળવવી કયાંથી? જેનો જવાબ છે, આવી માહિતી હવે સહેલાઈથી શૅરબજારની વેબસાઈટ પરથી મળે છે. તેમ જ ક્રિસિલ, ઈકરા, કેર વગેરે જેવી રિસર્ચ અને રેટિંગ એજન્સીઓના રિસર્ચ રિપોર્ટમાંથી મેળવી શકાય છે. આ પ્રકારના રિસર્ચ રિપોર્ટ હવે તેમની પોતાની વેબસાઈટ ઉપરાંત શેરબજારની વેબસાઈટ પર પણ ઉપલબ્ધ થાય છે.

આ કામ મુશ્કેલ લાગે છે?

હવે જો અમારાં ઉપર મુજબનાં કામ તમને ભારેખમ લાગતાં હોય અને તે કર્યાં વિના તમારે શૅરોની પસંદગી કરી લેવી છે તો એનો અર્થ એ થાય કે તમે જોખમ સાથે પણ આગળ વધવા માગો છો અથવા તમારી પાસે ચોક્કસ પ્રૉફેશનલ સલાહકાર છે, પણ જો તમારી પાસે સાચો સલાહકાર ન હોય અને તમે જોખમ લેવા પણ તૈયાર ન હો તો પછી તમારી પાસે એવો માર્ગ બચે છે, જેમાં તમે એ રોકાણ સાધનોમાં રોકાણ કરો, જે તમને વળતર શૅરબજારની ઑવરઑલ વૃદ્ધિ જેવું આપે, પણ મહત્તમ સલામતી સાથે આપે. આ સાધનોનું નામ છે ઈટીએફ (એક્સચેંજ ટ્રેડેડ ફંડ), એસઆઈપી, ઈન્ડેક્સ ફંડ. આ સૂચન કરતાં પહેલાં સ્ટૉક સિલેકશન બાબત આટલું લાંબું સમજાવવાનું કારણ એ જ હતું કે તેનાથી ખયાલ આવે કે કોઈ પણ શૅરની અભ્યાસ કરીને પસંદગી કરવી કેટલું અઘરું કામ છે. જ્યારે તેને બદલે ઈન્ડેક્સ આધારિત ફંડમાં રોકાણ કરવાથી પૉર્ટફોલિયો આપોઆપ ડાઈવર્સિફાઈડ બની જાય છે.

પ્રકરણ ૯
શૅરબજારમાં એકસોમાંથી નેવું જણા કેમ નુકસાન કરે છે?

હું શૅરબજારમાં નાણાં કમાવાનો ક્યારેય પ્રયાસ કરતો પણ નથી, હું તો એ ધારીને શૅર ખરીદું છું કે તેઓ આવતી કાલે બજાર બંધ કરી દેશે અને પાંચ વરસ બાદ પુનઃ ખોલશે - વૉરેન બફેટ

શૅરબજારમાં રોકાણ કરતા રોકાણકારો માટે કહેવું હોય તો એમ કહી શકાય કે સૌ મેં સે નબ્બે પરેશાન, ફિર ભી મેરા શૅરબજાર મહાન... શૅરબજારમાં કહેવાય છે કે સોમાંથી ૯૦ રોકાણકારો પૈસા ગુમાવે છે, આ તો અમારો ઉદાર અંદાજ હોઈ શકે, બાકી ઘણી વાર તો સોમાંથી માંડ એકાદ-બે કમાતા હોય એવું પણ બને છે, તેમ છતાં લોકો શૅરબજારમાં કમાવાના ફાંફાં મારતા જ રહે છે. કમાવા માટે સૌ આમ કરે તે ભલે કરે, પરંતુ મોટા ભાગના લોકો ઝટપટ પૈસા કમાવા કે રાતોરાત માલદાર બની જવા આમ કરે ત્યારે શૅરબજાર કરતાં વધુ જવાબદાર એમ કરનાર લોકો પોતે જ છે. અહીં આપણે લોકોની સાદી ભૂલો જોઈએ, જો તેને ટાળી શકાય તો કમ સે કમ પૈસા ગુમાવનાર લોકોની સંખ્યા નીચે જરૂર આવી શકે.

પૈસા ગુમાવવાના બે સરળ માર્ગ

પૈસા કમાવાના માર્ગ સરળ હોતા નથી, કિંતુ ગુમાવવાના માર્ગ સરળ હોય છે.

એક છે અતિલોભ અને બીજો છે મૂર્ખતા. શૅરબજારમાં આ બે પ્રકારની કેટેગરીના ઈન્વેસ્ટરો હોલસેલમાં હોય છે તેથી અમે આ બે બાબત પર ખાસ ભાર મૂક્યો છે. હજી વધશે, હજી વધશે એવી લાલસામાં શૅરો વેચવાનો સમય ચૂકી જનાર રોકાણકારો મોટે ભાગે ગુમાવતા હોય છે. બીજા રોકાણકારો પોતાની મૂર્ખતામાં નાણાં ગુમાવે છે. કોઈ પણ લેભાગુની વાત સાંભળીને શૅરો ખરીદી લે છે. કોઈ પણ ભાવે શૅરો ખરીદી લેવાની ઉતાવળ કરે છે. ટિપ્સમાં આંધળો ભરોસો રાખે છે. કંપની વિશે કંઈ જ જાણતો ન હોવા છતાં એના શૅર ખરીદવાની બહાદુરી કરે છે. તેજી ખૂબ જ વધી ગઈ હોય ત્યારે અતિઊંચા ભાવે શૅરો ખરીદવાની હિંમત કરે છે. ટી.વી. ચૅનલ પર કે છાપાઓમાં ભલામણો વાંચી-સાંભળીને શૅરો ખરીદવા દોડી જાય છે. ઈન્ટ્રા-ડેમાં લે-વેચ કર્યા કરે છે. આઈપીઓ (ઈનિશિયલ પબ્લિક ઑફર)માં કંપની કેવી પણ હોય અરજી કરવી અને લિસ્ટિંગના પહેલા દિવસે એ શૅર વેચી દેવાના એવા મનઘડત નિયમ બનાવી કાયમ રોકાણ કરે રાખે છે. આવા રોકાણકારોની યાદીમાં તમે છો કે કેમ તે તમારે પોતે જ નક્કી કરી લેવાનું છે અને હો તો, હવે પછી શું કરવું એ પણ તમારા હાથમાં છે. બાકી હમ નહીં સુધરેંગે જેવું હોય તો તેનો ઉપાય થઈ શકે નહીં.

૯૦ રોકાણકારોને લીધે ૧૦ કમાય છે!

ઉપર જણાવેલા અતિલોભી અને મૂર્ખ રોકાણકારોને લીધે તો બાકીના રોકાણકારો કમાય છે. જેથી ઘણી વાર બજારમાં એમ પણ કહેવાય છે કે આવા રોકાણકારોને લીધે બજારમાં સ્માર્ટ ઈન્વેસ્ટરોને કમાવાની તક મળે છે. નવા ઈસ્યૂઓ લાવનાર

કંપનીઓ તેમ જ સટોડિયાઓને પણ આ પ્રકારના રોકાણકારો ગમતા હોય છે, જેમને બજારની ઝાઝી સમજ પડતી નથી અને જેમનામાં લાલસા તથા મૂર્ખતા છલોછલ ભરેલી હોય છે.

જેને કારણે આવા રોકાણકારોને કોઈ પણ ભાવે માલ પધરાવી દેવાનું સહેલું બને છે. મજાની વાત તો એ છે કે આવા રોકાણકારોને અફવામાં પણ સહેલાઈથી ફસાવી શકાય છે. એટલું જ નહીં, તેમને માધ્યમ બનાવી અફવાને વધુ ફેલાવાનું પણ સરળ બની જાય છે. આ પ્રકારના રોકાણકારોને ઓળખવા માટેનો સીધો અને સરળ સંકેત એ છે કે તેઓ ટોળાંમાં હોય છે.

નવું વિચારતા જ નથી!

આ રોકાણકારો માત્ર શૅરબજારમાં શૅરોને જોયા કરે છે. એકમાં નુકસાન જાય તો બીજા ખરીદે, બીજામાં ખોટ જાય તો ત્રીજા શૅર લે, કિંતુ રાઈટ શૅરો શોધવાની કોશિશ કરતા નથી. શૅર સિવાય પણ બીજા વિકલ્પો હોઈ શકે એવું વિચારતા નથી. તેમને નવું સમજવામાં પણ રસ પડતો નથી. બહુ બહુ તો તેઓ સતત નિષ્ફળતા મળે તો બજાર છોડી દે છે અથવા હાર્યો જુગારી બમણું રમે તેમ વધુ નાણાં રોકે છે, વધુ સટ્ટો કરે છે, વધુ આડેધડ ઈન્વેસ્ટમેન્ટ કરે છે, પણ અન્ય સાધનો પ્રત્યે આંખ-કાન બંને બંધ રાખે છે. શૅરબજારમાં સ્ટૉપ લૉસ જેવી સુવિધા પણ ઉપયોગમાં લેતા નથી. ન સમજાય કે માફક ન આવે તોય ડેરિવેટિવ્ઝ જેવા કૉમ્પ્લેક્સ સાધનોમાં સોદા કરે છે, પણ સરળતાથી સમજાય તેવા એક્સચેન્જ ટ્રેડેડ ફંડ (ઈટીએફ) જેવાં સાધનોનો ઉપયોગ કરતા નથી. ઈન્ડેક્સ ફ્યુચર્સ અને ઑપ્શન કરે છે, પણ ઈન્ડેકસમાં ઈન્વેસ્ટમેન્ટ કરતા નથી. કારણ એ જ કે તેમને ઝટપટ પૈસા કમાવામાં વધુ રસ પડે છે, ધીમે ધીમે પણ સંપત્તિ સર્જન થઈ શકે એવી ફિલસૂફી તેમને માફક આવતી નથી..

પ્રકરણ ૧૦
બજારની અંદર-બહાર થયા કરતા લોકો કાં ઓછું પામે કાં વધુ ગુમાવે !

> હું ક્યારેય કોઈને પૂછતો નથી કે બજાર આગામી સમયમાં વધશે કે ઘટશે, કારણકે મને ખબર છે, આ કહી શકે એવું કોઈ જ નથી.

કહેવાય છે કે કોઈ એક જગાએ ખાડો ખોદાય અને પાણી ન નીકળે એટલે ખાડો બીજે ખોદવાનું શરૂ કરી દેવામાં આવે છે, બીજી જગાએ પણ પાણી નહીં ત્રીજી જગા, ચોથી જગા, પાંચમી જગા એમ કરી દસ જગાએ ખાડો ખોદીને પાણી મળતું નથી, પરંતુ કોઈ એક જગાએ જયાં સુધી પાણી મળે નહીં ત્યાં સુધી કે કદાચ વધુ ખોદીને પાણી મળી શકે એમ બને, પરંતુ આપણી માનસિકતા તરત બીજે ફંટાઈ જવાની હોય છે, પરિણામે રિઝલ્ટ મળતાં વાર લાગી જાય છે અથવા રિઝલ્ટમાં નિરાશા મળે છે. આ વાત શૅરબજારને પણ લાગુ પડે છે. એક અભ્યાસ જણાવે છે કે છેલ્લાં દસ વરસમાં જે રોકાણકારો બજારમાંથી જુદા જુદા દસ મહત્ત્વના દિવસોમાં બહાર નીકળી ગયા હતા તેમને વાર્ષિક ૯.૮૪ ટકા જેટલું વળતર મળ્યું, જ્યારે જેઓ દસ વરસ સુધી શૅર હોલ્ડ કરીને ટકી રહ્યા તેમને વાર્ષિક ૧૮.૪૭ ટકા વળતર પ્રાપ્ત થયું, આને શૅરબજારમાં સમયની સાથે કે સમયને સમજીને મેળવેલી સફળતા કહેવાય છે

સિસ્ટેમેટિક ઈન્વેસ્ટમેન્ટ પ્લાનમાં અનસિસ્ટેમેટિક અભિગમ

જ્યારે પણ બજારમાં મંદી કે સતત ઘટાડો આવે ત્યારે શૅરો તો ગભરાટમાં વેચી દેવાની આદત વરસોથી લોકોમાં ઘર કરી ગઈ છે, પરંતુ કરુણતા એ વાતની છે કે આવા સમયમાં સિસ્ટેમેટિક ઈનવેસ્ટમેન્ટ પ્લાન (એસઆઈપી)માં રોકાણ કરનારા પણ પોતાની એસઆઈપી બંધ કરી દે છે, અને આવી મંદ બજારમાં કોણ રોકાણ કરે? કે શા માટે રોકાણ કરીએ? એવા અભિગમ સાથે પોતાના એસઆઈપીને બંધ કે ડિસકન્ટિન્યુ કરાવી નાખીને સૌથી મોટી ભૂલ જ નથી કરતા, પોતાના પગ પર કુહાડા પણ મારે છે, એટલે કે પોતાની કમાવાની તકની જ કતલ કરી નાખે છે. આ એક પેનિક અથવા ફીઅર સાઈકૉલૉજી ગણાય છે, જેમાં રોકાણકારો પોતાના માટે ઉત્તમ કે શ્રેષ્ઠ બની શકે એવા સમયમાં બજારથી કે ઈન્વેસ્ટમેન્ટથી દૂર થઈ જાય છે. ખરેખર તો એસઆઈપીના ધારકના ખાતામાં તો મંદીના સમયમાં શૅરોના ભાવ-યુનિટ્સની નાવ (નેટ એસેટ વેલ્યુ) નીચે હોવાને લીધે વધુ યુનિટ્સ જમા થાય છે, જે તેજીના સમયમાં શ્રેષ્ઠ વળતર બની શકે છે.

કરું કે ન કરું, હમણાં કરું કે રાહ જોઉં?

શૅરબજારમાં રોકાણ કરવાની બાબતમાં આ સવાલ દરેકને અને દરેક તબક્કે થતા હોય છે. રોકાણકાર પોતે નિર્ણય લેવાને બદલે બીજાને જોઈને કે પછી બજારના વહેણને જોઈને રોકાણ કરવાની માનસિકતા ધરાવતો હોવાથી તેમને આ મૂંઝવણ સતત રહે છે. બીજાઓ શું કરે છે? હમણાં લઉં ને બજાર ઘટી જાય તો? ચાલ, થોડી રાહ જોઉં એવા વિચારે રોકાણકારો ઘણી વાર આવેલી તકને અજાણતાં ચૂકી જાય છે. ક્યારેક તેઓ વહેલાસર વેચી દઈને વધુ નફાની તક ગુમાવે છે તો કવચિત્ ઉતાવળે કે કસમયે ખરીદી કરીને ઊંચા ભાવે ભેરવાઈ જાય છે. આમ એક યા બીજા કારણસર રોકાણકાર મહદંશે

કમાવાની તક ગુમાવે છે અથવા ગુમાવામાં આગળ થઈ જાય છે. શૅરબજારમાં અંદર-બહાર થવાની જેમ નિર્ણય લેવામાં મૂંઝવણ કે વિલંબને લીધે પણ રોકાણકાર દંડાય એવા કિસ્સા બનતા રહે છે. વાસ્તે રોકાણકારો રોકાણ બાદ જે-તે સ્ક્રિપની કામગીરીના ટ્રેક રેકર્ડને આધારે તેને જાળવી રાખે એમાં વધુ સારુ રહે છે.

અંદર -બહાર થવાની આદત

શૅરબજારમાં રોકાણ કર્યા બાદ આપણને થોડા સમય બાદ બેચેની થવા માંડે છે. વધઘટ વિના કોઈ એક્સાઈટમેન્ટ લાગતું નથી. પરિણામે ઘણા રોકાણકારો દર થોડા મહિને કે થોડા દિવસે કે સપ્તાહે અમુક શૅરો કાઢી નાખે છે, વળી અમુક સમયે એ જ શૅરો પાછા ખરીદે છે. બની શકે એમ કરવામાં તેઓ નફો બુક કરતા હોય, કિંતુ આમ કરતી વખતે જો તેઓ શૅરબજારના શ્રેષ્ઠ દિવસોમાં બહાર નીકળી ગયા હોય તો તેમના વળતરમાં ખાસ્સો ફરક પડી જાય છે, આ ફરક પચાસ ટકા જેટલો પણ હોઈ શકે. ઉપર જણાવેલા ઉદાહરણમાં દસ વરસ દરમિયાન માત્ર દસ જુદા જુદા દિવસે શૅરબજારમાંથી બહાર નીકળી ગયેલા રોકાણકારોને મળેલું વળતર અડધું થઈ ગયું હોવાનું નોંધાયું છે. ક્યારેક આમાં પરિસ્થિતિ વિપરીત થઈને નુકસાનીમાં પણ મૂકી શકે છે. વાસ્તે શૅરબજારમાં અંદર બહાર થવા કરતાં ટકી રહેવામાં વધુ મજા છે. અલબત્ત, અહીં ડે ટ્રેડરોની તો વાત જુદી છે, તેઓ તો દિવસમાં કેટલીય વાર અંદર બહાર થયા કરે છે.

બજારની ચંચળતાનાં ઘણાં કારણો હોઈ શકે

શૅરબજાર ચંચળ હોય છે, શૅર પોતે પણ ચંચળ હોઈ શકે, પરંતુ તમે ચંચળ ન બનો. કેમ કે એમ કરવામાં તમે ભૂલ કરી બેસો એવી સંભાવના વધુ રહે છે. જેટલું બજાર ચંચળ અથવા વૉલેટાઈલ (સતત વધઘટવાળું) હોય તેટલું તમે સ્થિર રહો. કારણકે સ્થિર રહી શકશો તો જ વાજબી નિર્ણય લઈ શકાશે.

અને કદાચ નિર્ણય ન પણ લઈ શકાય તો કમ સે કમ ગેરમાર્ગે દોરાવામાંથી કે ચંચળતાનો શિકાર બનતાં બચી શકાશે. બજારમાં આપણે જોઈએ છીએ કે એક દિવસ જે કારણસર બજાર તૂટ્યું હોય એ જ બજાર બીજે દિવસે પેલા કારણ વચ્ચે પાછું બમણું વધે પણ છે, તો પેલા કારણનું શું થયું? જો ઘટવાનું કારણ એક જ દિવસમાં તેની અસર ગુમાવી બેસે છે તો જે કારણથી બજાર વધ્યું છે એ કારણ પણ લાંબુ ક્યાંથી ટકી શકે અને તેનો કેટલો ભરોસો કરાય? યાદ રહે, બજારમાં ઘણી વાર તેની ચાલને આધારે કારણો બહાર પડે છે, એટલે કે ઘટના પહેલાં બને છે ને કારણો પછી દર્શાવાય છે. વાસ્તવિકતા સાવ જ જુદી પણ હોઈ શકે છે. ઇન શૉર્ટ, શૅરબજારમાં સફળ થવા માટે રોકાણકારમાં ચંચળતા કરતાં મનની સ્થિરતા હોવી જરૂરી છે.

પ્રકરણ ૧૧
વરસાદના માહોલમાં શીખો શૅર રોકાણના પાઠ

બજારમાં જ્યારે લોકો બહુ નિરાશાવાદી બની જાય ત્યારે ખરીદો અને લોકો બહુ આશાવાદી બની જાય ત્યારે વેચો.

જેમ વધુપડતો અને તોફાની વરસાદ જોખમી તેમ વધુપડતો સટ્ટો અને સમજણ વિનાનું રોકાણ પણ જોખમી બની શકે

શૅરબજારને વરસાદ સાથે વરસોનો નાતો છે. વરસાદની ગેરહાજરી શૅરબજારને ખૂંચે છે એટલું જ નહીં, શૅરબજાર વરસાદ વિના દુઃખી-દુઃખી થઈ જાય, નિરાશ થઈ જાય, તૂટી જાય, નબળું પડી જાય, માંદુ પડી જાય વગેરે જેવું કેટલું બધું થઈ જાય, પણ વરસાદ બરાબર આવે, સમયસર આવે તો શૅરબજાર પણ ઉત્સાહમાં આશાવાદી બની આવી જાય ખીલી ઊઠે, વરસાદને વધાવવા પોતે પણ વધે. અલબત્ત, વરસાદ આપણી ખેતી અને આપણા અર્થતંત્રનો મોટો આધાર છે તેથી વરસાદની હાજરી કે ગેરહાજરીની શૅરબજાર પર ચોક્કસ અસર થાય એ સહજ છે.

વરસાદ પૂર્વે અને શૅરબજારમાં પ્રવેશતાં પહેલાં

વરસાદની મોસમ આવે તે પહેલાં તમે શું કરો છો? સ્વાભાવિક છે કે માળે ચઢાવેલી છત્રી કે કબાટમાં મૂકી રાખેલા રેઈનકોટ બહાર કાઢો છો તેમ જ વરસાદમાં પહેરવાના બૂટ કે સેન્ડલ બહાર કાઢો છો અને જરૂર પડે તો નવા ખરીદો છો. કારણકે વરસાદના દિવસોમાં પણ તમારા નોકરી-ધંધા રાબેતા મુજબ ચાલુ રહે છે, જેથી વરસાદ સામે આટલી તૈયારી તો રાખવી જ પડે. આ જ બાબત શૅરબજારમાં પ્રવેશો ત્યારે ધ્યાનમાં રાખો. શૅરમાં રોકાણ કરતાં પૂર્વે તમારી સલામતી માટે આ રોકાણ અંગેની સમજ મેળવી લો, અભ્યાસ કરી રાખો, ન જાણ હોય તો નિષ્ણાતની સલાહ લઈ આગળ વધો. મૂળભૂત માહિતી જાણ્યા વિના બજારમાં પડયા તો છત્રી-રેઈનકોટ વિના ભીંજાવું પડે તેમ શૅરબજારમાં નુકસાનીમાં પડવાનું બની શકે છે. પ્રથમ વાર બજારમાં પ્રવેશી રહેલા રોકાણકારો માટે આ સાદી સલાહ છે. છત્રી-રેઈનકોટ અને વરસાદના જૂતાં એ શૅરબજારમાં પ્રવેશવાની બેઝિક જાણકારી અને સમાજ માટેનાં મૂળભૂત સાધનો સમાન છે.

વરસાદની મોસમમાં અને શૅરબજારમાં મૂંઝવણ

વરસાદની સિઝનમાં ઘણી વાર બહારનું વાતાવરણ જોઈ આપણને ક્યારેક તડકા જેવું લાગે તો આપણે છત્રી સાથે રાખીએ કે કેમ એવી મૂંઝવણમાં પડી જઈએ છીએ, કોણ છત્રી સાચવે? ક્યાં વરસાદ પડવાનો છે? હમણાં તો ઘણા દિવસોથી પડયો પણ નથી, આવા બધા વિચારે ઘણા લોકો છત્રી લેવાનું ટાળે છે, જ્યારે કેટલાક લોકો શિસ્તબદ્ધ કે નિયમબદ્ધ છત્રી સાથે રાખે જ છે, ચોમાસું છે, વરસાદની સિઝન છે એ તો ગમે ત્યારે આવી શકે, આપણે શા માટે જોખમ લેવું? તેમ શૅરબજારમાં ફલાણો શૅર લઉં કે ન લઉં? આ ભાવે ખરી કે ન ખરીદું? હમણાં લઈ લઉં કે પછી થોડો ઘટે ત્યારે લઉં? વગેરે સવાલો સાથે અચકાતાં-ખચકાતાં રોકાણકારોએ એ સમજવાનું છે કે જેમ વરસાદની

મોસમમાં કાયમ છત્રી સાથે રાખવી સારી તેમ જ્યારે પણ બજારમાં લાંબા ગાળા માટે ખરીદતા હો ત્યારે કોઈ પણ સમયે બજારમાં પ્રવેશી શકાય, પણ હા, વધુપડતા વરસાદમાં છત્રી પણ કામ ન આવે તેમ વધુપડતા ઊંચા બજારમાં પ્રવેશવાનું ટાળવું જોઈએ. તેમ છતાં બૅગમાં રાખી મૂકેલી છત્રી અચાનક આવી પડનાર વરસાદ સામે હેજિંગ (સુરક્ષા) છે. જોકે બની શકે તો વરસાદ ધીમો હોય ત્યારે જ બહાર નીકળવાની સલાહ આપણને વરસોથી મળતી રહે છે, જેથી જોખમ ઓછું રહે, તેમ શૅરબજારમાં પણ બહુ ઓછા લોકો દાખલ થયા હોય ત્યારે જ ધીમે ધીમે આગળ વધવામાં સારી રહે છે. જેથી સારા ભાવે અને સરળતાથી પ્રવેશવાની તક મળી શકે.

વરસાદ અને શૅરબજાર વધુ તેજ હોય ત્યારે

જેઓ બજારમાં પ્રવેશ્યા બાદ સતત મૂંઝવણમાં રહે છે, તેઓ વરસાદના માહોલ પાસેથી એ સમજે કે જ્યારે પણ બહુ વરસાદ હોય એટલે કે વરસાદ સતત એકધાર અને મોટે પાયે પડે જ રાખતો હોય તો આગળ જતાં વાહનવ્યવહાર ખોરવાઈ શકે, ટ્રાફિક જામ થઈ શકે, ટ્રેનો બંધ કે મોડી પડી શકે, તેમાં જો તમે બહાર ગયા હો તો ક્યાંય પણ ફસાઈ જઈ શકો છો, વાસ્તે જેમ વરસાદમાં આપણે ૨૬ જુલાઈના મુંબઈના ગોઝારા વરસાદને યાદ કરી વધુપડતા તોફાની માહોલમાં બહાર નીકળવાનું જ ટાળીએ છીએ કે એવા અણસાર જોઈ વહેલાસર ઘરે પહોંચી જવાનું રાખીએ છીએ તેમ શૅરબજારમાં તોફાની કે ભારે વધઘટના માહોલમાં તથા વધુપડતી તેજીના માહોલમાં પણ બજારથી દૂર રહેવું કે પછી નફો બુક કરી ઘેર બેસી જવું વધુ સલાહભર્યું ગણાય. આવા સમયમાં જો ઑફિસે પહોંચી ગયા હો તો બહાર નીકળી અડધે રસ્તે ફસાઈ જવા કરતાં સંભવ હોય તો ઘણી વાર ઑફિસમાં જ રોકાઇ જવું વધુ બહેતર રહે છે, તેમ બજાર વધુપડતું તોફાની બની જાય ત્યારે પેનિકમાં આવી જવા કરતાં હૉલ્ડ કરી રાખવું પણ સારું

એન્જોય રેઈનિંગ અને શૅરબજારમાં ટ્રેડિંગ

વરસાદના વાતાવરણમાં બહાર નીકળવું કે ઘરે રહેવું કે છત્રી-રેઈનકોટ લઈ નીકળવું વગેરે ઉપરાંત એક માહોલ કે મૂડ એવો પણ હોય છે, જેમાં માણસો રીતસરના વરસાદમાં ઈરાદાપૂર્વક ભીંજાવા નીકળે છે, એ માટે જુદાં જુદાં સ્થળોએ જાય છે અથવા પોતાના વિસ્તારમાં જ રેઈની ડેઝ મનાવે છે. તેમ શૅરબજારમાં અમુક લોકો અથવા અમુક મૂડ એવા પણ હોય છે જેમાં વરસાદ, છત્રી-રેઈનકોટ, ભીજાવું, ફસાઈ જવું, માંદા પડવું વગેરે જેવી ચિંતા કરવાને બદલે અર્થાત્ લૉસ જશે એવા ડરથી લે-વેચ કે ટ્રેડિંગ કરવાથી સાવ જ દૂર રહેવા કરતાં થોડું જોખમ લઈ કામકાજ કરી શકાય છે. આ કામ સમજણપૂર્વક થવું જોઈએ. અને હા, સ્ટૉપ લૉસની સુવિધા સાથે આ કામ થઈ શકે છે. લે-વેચ કરવી એ સાવ જ ખોટી બાબત છે એવું નથી, પરંતુ સમજણ વગરની કે માત્ર સટ્ટાકીય કે લાલસામાં અણઘડ રીતે લે-વેચ કરવી જોખમી છે. બાકી સમજણ અને સ્ટ્રેટેજી સાથે અને અતિરેક કર્યા વિનાનું ટ્રેડિંગ વરસાદમાં મસ્તીથી ભીંજાવાની જેમ શૅરબજારમાં મસ્તીથી કમાવા માટેનો માહોલ બનાવી શકે છે.

વરસાદની અને શૅરબજારની આગાહી

વરસાદની આગાહીની જેમ શૅરબજારમાં પણ તે વધશે કે ઘટશે, તેનો ઈન્ડેક્સ કેટલો પહોંચશે? કેટલો તૂટશે? સહિત વિવિધ શૅરોના ભાવોની બૉટમ અને ટૉપની પણ આગાહી થતી હોય છે. આ બધું નિષ્ણાતો અથવા જાણકારો કરતા હોય છે, કિંતુ જેમ

વરસાદની આગાહી નિષ્ણાતો-હવામાન શાસ્ત્રીઓ કરતાં હોવા છતાં ખોટી પડી શકે છે, તેમની ધારણા ખોટી પડી શકે છે, વાતાવરણ બદલાઈ શકે છે, તેમ છતાં આપણે તેના વિશે વાંચીએ-સાંભળીએ છીએ ખરા, પણ આપણે પોતે આપણી વિવેકબુદ્ધિ પણ લાગુ કરીએ છીએ. તેમ શૅરબજારમાં પણ કોઈ આગાહી અથવા ધારણાનું આંધળું અનુકરણ થઈ શકે નહીં. આપણે બજારમાં અનેક વાતોના અભિપ્રાય અને આગાહી કે ધારણા વાંચતાં-સાંભળતાં રહીએ છીએ, કિંતુ આ પછી પણ આપણી વિવેકબુદ્ધિનો ઉપયોગ જરૂરી હોય છે.

છેલ્લે.. વરસાદમાં ભીંજાવાની મજા હોય છે, પણ માંદા પડીએ તો એ સજા થઈ જાય છે, તેમ શૅરબજારમાં કમાવાની મજા હોય છે, પણ ગુમાવી દઈએ તો એ સજા બની જાય છે... મજા સજા ન બની જાય એ માટે સમજણપૂર્વક રોકાણ કરવું જોઈએ.

પ્રકરણ ૧૨
ક્રિકેટ મૅચ અને શૅરબજારઃ જો જીતા વો સિકંદર

અનેક લોકો વેલ્થ મેળવવા પોતાની હેલ્થ ખર્ચી નાખે, છે અને પછી હેલ્થ મેળવવા વેલ્થ ખર્ચવાનો સમય આવે છે.

વર્લ્ડ કપ ક્રિકેટનો માહોલ હોય છે ત્યારે બચ્ચાઓથી માંડી યુવાનો ને વૃદ્ધો સૌ મૅચો જોવામાં મગ્ન રહે છે. ક્રિકેટ પાછળ દીવાના ન હોય એવા લોકોને અહીં ખરેખર દીવાના ગણવામાં આવે છે. આ ક્રિકેટની રમતને શૅરબજાર સાથે સરખાવવામાં આવે કે ક્રિકેટની રમત પરથી શૅરબજારના બોધ કે શીખ લેવામાં આવે તો? ક્રિકેટમાંથી શૅરબજારમાં રમવાના કે રોકાણ કરવાના પાઠ સમજીએ.

ટેસ્ટ મૅચ, ૫૦ ઑવર કે ૨૦-૨૦

ક્રિકેટમાં ટૅસ્ટ મૅચ એટલે લાંબા ગાળાનું રોકાણ. જેમાં ખરીદવાની કે વેચવાની ઉતાવળ ન હોય. ધીરજ હોય, સંયમ હોય, લાંબા ગાળાનું લક્ષ્ય હોય. જેથી ઉતાવળે રન આઉટ થવા સહિત મેદાનમાંથી જ આઉટ થઈ જવાની સંભાવના ઓછી રહે છે. ૫૦ ઑવર એટલે મધ્યમ ગાળાનું રોકાણ, જયાં ટેસ્ટ મૅચ જેવી શાંતિ કે ધીરજ ચાલી શકે નહીં, પરંતુ સાવ ઉતાવળ જેવું પણ નહીં. જ્યારે ૨૦-૨૦ (ટવેન્ટી-ટવેન્ટી) એટલે જાણે કે શૉર્ટ ટર્મ અથવા ડે ટ્રેડિંગ અથવા પ્યોર સટ્ટો. મેદાન પર આવો કે સમયનો ઝડપી ઉપયોગ શરૂ કરી દેવો પડે. મારો એટલે કે ફટકા લગાવો અર્થાત્ પ્રૉફિટ બુક કરો અથવા આઉટ થઈ જાવ એટલે કે લૉસ બુક કરો. કલાકોમાં જ પરિણામ લાવવું પડે. જોખમી રમત, પણ એક્સાઈટમેન્ટ ખૂબ. ટાર્ગેટ સાવ જ સામે હોય અને ટૂંક સમયમાં જ તેને પૂરો કરવાનો હોય. ઈન શૉર્ટ કુછ ભી હો શકતા હૈ..

ફિલ્ડિંગ પર ફૉકસ રાખવું જરૂરી

ક્રિકેટમાં તમે રમતા હો એટલે કે બૅટિંગ કરતી વખતે તમારે ૧૧ જણા પર ધ્યાન રાખવું પડે, પણ તમારું ફૉકસ બૉલર પર ખાસ રહેવું જોઈએ, પણ બાકીના ફિલ્ડર્સ કયાં કઈ રીતે ઊભા છે તે તમારે દર વખતે બૅટ ઉપાડતી વખતે ધ્યાનમાં લેવાનું હોય છે. આ જ રીતે તમે જ્યારે પોતે ફિલ્ડિંગમાં હો ત્યારે તમારે બૅટસમૅન પર નજર રાખવી પડે છે, એ ક્યાં ફટકો મારશે તેનો અંદાજ લઈ તમારે સતત એલર્ટ રહેવું પડે છે. બૉલર તરીકે તમારે બૅટસમૅનની ઉપર ફોકસ રાખવું જરૂરી બને છે. આમ આ જ બાબતને શૅરબજારની દૃષ્ટિએ જોઈએ તો રોકાણકાર ખેલાડીએ ઘણી બધી સ્ક્રિપ્સને બદલે માત્ર પોતાના પૉર્ટફોલિયો પર ધ્યાન રાખવું બહેતર છે, જેમાં ૧૦ કે ૧૨ સ્ક્રિપ્સ હોય તે આદર્શ છે. બહુ બધી સ્ક્રિપ્સ હોય તો ધ્યાન આપવાનું મુશ્કેલ બની જાય છે. બીજું, માત્ર એક જ પ્રકારે રમવાથી કે એક જ બાજુ ફટકા મારે રાખવાથી સામેનો બૉલર તમને પોતાની વ્યૂહરચનામાં ફસાવી શકે છે, એટલે કે શૅરબજારમાં માત્ર અમુક જ સેક્ટરના શૅરો લેતાં રહેવા કરતાં વૈવિધ્યસભર શૅરો જાળવવા બહેતર અને સલાહભર્યું છે.

સખત પ્રેકિટસ - અભ્યાસ આવશ્યક

ક્રિકેટ મૅચમાં ઝંપલાવતાં પહેલાં પ્રૅકિટસ કરવી ખૂબ જ જરૂરી છે, એટલું જ નહીં, સતત

અભ્યાસ પણ મહત્ત્વનો છે. શારીરિક ફિટનેસ સાથે માનસિક સમતુલા પાવરફૂલ રાખવી પડે છે. ક્યારે કઈ રીતે તમારી પર ટીમની મોટી જવાબદારી આવી પડે એ કહેવાય નહીં. ટેન્શન કે સ્ટ્રેસમાં આવી જનાર ખેલાડી સારું પરફૉર્મ કરી શકતો નથી. આ જ રીતે શૅરબજારમાં સતત અભ્યાસ તો જરૂરી છે જ, પણ સાથે સાથે બજારની ચાલ પર પણ નજર રાખવી પડે તેમ જ બજારને અસર કરતાં પરિબળો પણ સમજવા પડતાં હોય છે. શૅરબજારમાં ક્યારેક તોફાની તો વળી ક્યારેક સતત વૉલેટિલિટી ચાલતી રહે છે, ઘણી વાર મોટા કડાકા કે મોટી મંદી પણ આવી જાય છે, જેમાં પેનિકમાં આવી જનાર રોકાણકાર કે ગભરાટમાં આવી જનાર રોકાણકાર ખોટા નિર્ણયો લઈ બેસે છે અને પોતાને નુકસાન પહોંચાડે છે.

સતર્કતા અને નિર્ણયશકિતનું મહત્ત્વ

ક્રિકેટમાં સતર્કતા અને નિર્ણયશકિતનું ખાસ મહત્ત્વ રહે છે. ટૉસ જીતીને પહેલાં બૅટિંગ લેવી કે ફિલ્ડિંગ એ નિર્ણય પણ ઘણી વાર મહત્ત્વનો બની જાય છે. ક્યારે બૉલિંગ લાઈન બદલવી, કઈ રીતે ફિલ્ડિંગ ચેન્જ કરવી, હરીફ ટીમની સામે કેવી વ્યૂહરચના રાખી જીત સંભવ બનાવી શકાય કે હારને ટાળી શકાય જેવી બાબતોની જેમ શૅરબજારમાં કયારે ખરીદી શરૂ કરી દેવી, કયારે નફો બુક કરી લેવો, કયારે લૉસ સ્વીકારી લેવી, કયા શૅરો ખરીદવામાં કે રાખી મૂકવામાં સાર ગણાય વગેરે જેવી બાબતો રોકાણકાર પાસે સતર્કતા અને નિર્ણયશકિત માગી લે છે.

ક્રિકેટ મૅચ પર રમાતા બૅટિંગ(સટ્ટા)ની જેમ ટિપ્સથી દૂર રહો

ક્રિકેટ મૅચો પર જુગાર રમાતું હોવાનું જાહેર છે, જેમાં મૅચ ફિક્સિંગ સહિતના ઘણા આક્ષેપો પણ થતા હોય છે. જેથી ખેલાડીઓ તેમ જ જાહેર જનતા આ જુગારથી દૂર રહે તેમાં જ સૌનું હિત હોય છે, તેમ શૅરબજારમાં રોકાણકારો ટિપ્સ કલ્ચરથી સાવધ રહે એમાં જ તેમનું હિત છે, કેમ કે ટિપ્સમાં લલચાયા બાદ અને સટ્ટાની જાળમાં ફસાયા બાદ તેના માથે જોખમ સદા લટકતું રહે છે. તેમ જ વધતું રહે છે. બાકી તો શૅરબજારમાં સર્ક્યુલર ટ્રેડિંગ, પ્રાઈસ રિગિંગ (કૃત્રિમ ભાવ ઉછાળા)ની પ્રવૃત્તિ ચાલતી રહેતી હોય છે, જેના પ્રત્યે રોકાણકારો સતર્ક રહે અને તેના પ્રલોભનમાં પડવાને બદલે પોતાના અભ્યાસ અને બજારનાં ફંડામેન્ટલ્સ પર વધુ ધ્યાન આપે એ જરૂરી ગણાય છે.

પ્રકરણ ૧૩
શૅરબજારમાં પૈસા ખોવાના અકસીર મંત્રો

રાતોરાત લાખોપતિ બનવાની ઇચ્છા સાથે શૅરસોદા કરશો તો રાતોરાત લાખો ગુમાવવાની તૈયારી પણ રાખવી પડશે.

શૅરબજાર બેડો પાર પણ કરાવી શકે અને ડુબાડી પણ શકે. એ કઈ કઈ રીતે ડુબાડી શકે એ વાત જેને બરાબર સમજાઈ જાય તેનો બેડો પાર થઈ શકે. તો આવો સમજીએ, ડૂબવાના રસ્તાઓ

'મને પ્રવીણભાઈએ કહેલું એબીસી ઈન્ડ.ના શૅર લઈ લો, પાકી વાત છે, છ મહિનામાં ડબલ થઈ જશે, હાલ રૂ. ૨૮નો જ ભાવ છે, મેં ૧૦૦ શૅર લઈ લીધા, હાલમાં રૂ. ૨૮ના રૂ. ૮ (આઠ) થઈ ગયા છે.'

'અરે યાર ટી.વી. અને અખબારોમાં જાહેરખબર જ એવી જોરદાર, આકર્ષક અને અસરકારક આવતી હતી કે એકસવાયઝેડ કંપનીના પબ્લિક ઈસ્યૂમાં રોકાણ કરવાનું ભલભલાને મન થઈ જાય. મેં તો ૫૦૦૦ શૅરની અરજી કરી નાખી અને મને ૧૦૦૦ શૅર એલોટ પણ થયા, પરંતુ બજારમાં ભાવ ખૂલ્યો ત્યારે.... જવા દે, પૂછ નહીં, મોટી મોટી વાતો કરી આ લોકો કેવા ફસાવી જાય છે.'

'જો દોસ્ત સેન્સેક્સ ૧૩,૦૦૦થી કેવો જબરજસ્ત સતત વધતો રહ્યો હતો અને દરેક વખતે હું વિચારીને પસ્તાતો હતો, એટલે છેવટે ૨૦,૦૦૦ના ઈન્ડેક્સ વખતે મેં બજારમાં ઝંપલાવી દીધું. બધા જ કહેતા હતા કે સેન્સેક્સ હવે ૨૫,૦૦૦ થવાનો છે, પરંતુ મને વળી અમેરિકાની મંદી નડી અને ૨૦,૦૦૦ વાળો સેન્સેક્સ ૧૨,૦૦૦ થઈ ગયો તેમાં જ મોટો માર પડી ગયો.'

'રોજ ટી.વી. ચૅનલો પર અને અખબારોમાં ઈન્ડિયા ગ્રોથ સ્ટોરી, ઇકૉનૉમીની પ્રગતિના આંકડા, રોકાણપ્રવાહ, વેલ્યુએશનની વાત સાંભળી-સાંભળી જિંદગીમાં ક્યારેય નહોતું કર્યું એ કામ કર્યું અને શૅરબજારમાં રોકાણ શરૂ કર્યું, તેમાં એવી સ્ક્રિપ્સ મારે હાથે લાગી, જેમાં ૧૦માંથી માંડ બે જ સ્ક્રિપ્સ ચાલી, બાકી આઠ સ્ક્રિપ્સમાં પૈસા ડૂબી ગયા.'

'જવા દે ને યાર, વાત જ નહીં કર શૅરબજારની, મસ્ત પ્રૉફિટમાં હતો ઑલરેડી રૂ. બે લાખના પૉર્ટફોલિયો પર રૂ. ૫૦,૦૦૦નો પ્રૉફિટ હતો, એ બુક કરું તે પહેલાં જ માર્કેટ ક્રેશ થયું અને રૂ. ૨ લાખનો પૉર્ટફોલિયો રૂ. ૧ લાખનો થઈ ગયો. રૂ. ૫૦,૦૦૦નો પ્રૉફિટ તો બાજુએ રહ્યો, ઉપરથી રૂ. ૧ લાખની લૉસ આવી ગઈ.'

ઉપર વર્ણવેલા કિસ્સા જેવા સંખ્યાબંધ કિસ્સા શૅરબજારના ઇતિહાસમાં સતત જોવા મળે છે. શૅરબજારમાં સંપત્તિ સર્જન (વેલ્થ ક્રિયેશન) કરવાના, સફળતા અપાવવાના, ધનવાન બનાવવાના મંત્રો – સિદ્ધાંતો શીખવતાં પુસ્તકો-થિયરીઓ પણ સમયાંતરે

આવતાં રહે છે. આપણે આ વિષયને અલગ દૃષ્ટિથી જોવાનો પ્રયાસ કરીએ. સફળતાનાં સૂત્રો ખૂબ છે, આપણે નિષ્ફળતાના મંત્રો જોઈએ. શૅરબજારમાં નિષ્ફળ થવું હોય તો આ મંત્રો અપનાવવાના. અહીં વાતને અલગ દૃષ્ટિથી રજૂ કરવાનો ઉદ્દેશ એ જ છે કે આપણે સૌ મોટે ભાગે નિષ્ફળતાના મંત્રો અપનાવીને, તેના પર ચાલીને સફળતા પ્રાપ્ત કરવાની કોશિશ કરતાં હોઈએ છીએ. એટલે કે, આ માર્ગ આપણને ખબર છે, કિંતુ આ માર્ગે આપણે ચાલવાનું નથી, એ સમજવાનું છે. કહે છે ને કે નિષ્ફળતા એ સફળતા સુધી પહોંચવા માટે ચૂકવાયેલી ફી છે.

અહીં શૅરબજારમાં પૈસા ખોવાની સાત અકસીર રીતો વિશે છણાવટ કરી છે.

૧) ટોળાંમાં ભળો

શૅરબજારમાં નિષ્ફળ થવા માટે મૂર્ખાઓ કરે એ આપણે કરવું. આખું ગામ-ટોળું ખરીદવા જાય ત્યારે આપણે બધા જ દોડી રહ્યા છીએ એમ દોડવા નહીં માંડવાનું. એક જાણીતી પાવર કંપનીના ઈસ્યૂમાં આવી દોડ જોવા મળી હતી. ઈસ્યૂ તો ખૂબ છલકાઈ ગયો, પરંતુ પછી બજારનું સેન્ટિમેન્ટ અન્ય કારણોસર કથળ્યું અને કંપનીનાં ફંડામેન્ટલ્સ પણ નબળાં હતાં, એટલે ભાવ ડિસ્કાઉન્ટમાં આવી ગયો. આમ પણ બધા લિસ્ટિંગ વખતે વેચી દઈશું એવા ઉદ્દેશથી શૅર માટે અરજી કરી રહ્યા હતા, તેથી થાય પણ શું?

આ થઈ પાવર કંપનીના આઈપીઓની વાત, જ્યાં લોકો કંપનીનાં ફંડામેન્ટલ જાણ્યા વિના - સમજ્યા વિના રોકાણ કરવા દોડી જાય છે અને પછી ઊંચા પ્રીમિયમની જાળમાં ફસાઈ જાય છે, તેજી હોય તો ચાલી જાય છે, કિંતુ તેજી અટકે તો પ્રીમિયમનું પંક્ચર થઈ જતાં વાર નથી લાગતી. અગાઉના વર્ષોમાં તો આઈપીઓ લાવનારી અનેક કંપનીઓ અદૃશ્ય જ થઈ ગઈ હોવાના કરુણ કિસ્સા બન્યા છે. જેમાં લાખો રોકાણકારોએ કરોડોની મૂડી જ કાયમ માટે ખોઈ દીધી છે.

૨) ટિપ્સનો તુરંત અમલ કરો

શૅરબજારમાં નિષ્ફળ થવાનો બીજો માર્ગ છે, 'ટિપ્સ'. ના, ના, ટિપ્સ ખરાબ જ હોય, ખોટી જ હોય એવું કહેવાનો ઈરાદો નથી, કિંતુ ટિપ્સ એટલે શૅર માટેની એક પ્રકારની ભલામણ, એ કોની છે? શા માટે છે? તેની પાછળ કેવાં કારણોનો આધાર છે? એ સમજવું જરૂરી હોય છે. કોઈ પણ જાણીઅજાણી વ્યક્તિ કહી દે કે ફલાણો શૅર ખરીદી લો એટલે તુરંત તે ખરીદી લેવાના માર્ગે ચાલવું એટલે નિષ્ફળતાના માર્ગે ચાલવા બરાબર છે. ઘણી વાર તેજી દરમિયાન એવું બનતું હોય છે કે કોઈ પણ શૅર ચાલી જતો હોય છે અથવા ચલાવાતો હોય છે. ઑપરેટરો, સ્થાપિત હિતો, અને સટોડિયાઓ બજારમાં વાત વહેતી કરીને 'એક્સવાયઝેડ' કંપનીના શૅરના ભાવ વધવાની અફવા ફેલાવે છે, તેને સાચી ઠેરવવા તેમાં ખરીદી પણ શરૂ કરે છે, આ ખરીદી ઈરાદાપૂર્વક-કૃત્રિમ ભાવવધારા માટે હોય છે. આ બધું કબૂતરને જાળમાં ફસાવવા દાણા વેરવા જેવું હોય છે, જેને જોઈ નવા નિશાળિયા રોકાણકારો સહિતના જૂના-અનુભવી ખેલાડીઓ પણ તેની જાળમાં આવી જાય છે. ભાવો ખરેખર વધતાં પણ દેખાય છે, તેથી લોકોને તેમાં વિશ્વાસ બેસે છે, પરંતુ ચોક્કસ સ્તરે નવો વર્ગ ઊંચા ભાવે ખરીદતો જતો હોય છે અને પાકટ ખેલાડીઓ, જેમણે બાજી ગોઠવી હોય છે, તેઓ વેચીને છૂટા થતા જાય છે. આખરે ભાવ વધવાના અટકી જાય છે અને

વેચવાલી ચાલુ રહેતાં ઘટવાના શરૂ થઈ જાય છે અને અનેક લોકોના હાથમાં એ ઊંચા ભાવોના શેરી રહી જાય છે, જ્યાં હવે ભાવ પાછો ફરવાનો હોતો નથી. વર્ષોથી આ ચાલાકી ચાલતી રહી છે, તેમ છતાં લોકો દરેક તેજી વખતે ફસાતા રહે છે. અગાઉ તો આવા અનેક શૅરોના નીચા ભાવ તો શું, ભાવ જ નથી રહ્યા, અર્થાત્ તેમાં સોદા જ નથી પડતા અથવા કંપનીઓ જ અસ્તિત્વમાં રહી નથી. આને કહેવાય છે શૅરોના 'કાગળિયાં' થઈ જવું. વાસ્તે દોસ્તો, સૂનના સબકી, કરના અપને મન કી.

૩) બીજાને જોઈ ભ્રમ પાળો
મારો પાડોશી, મારો મિત્ર, મારો સંબંધી કમાયો એટલે હું પણ કમાઈશ. આવી માન્યતા અને આશા ઘણી વાર ઠગારી નીવડે છે. શૅરબજારનું રોકાણ વ્યક્તિએ-વ્યક્તિએ જુદું-જુદું પરિણામ આપી શકે છે. કાયમ તેજી સમયે આવો ટ્રેન્ડ બનતો હોય છે, 'લોકો લઈ ગયા ને અમે રહી ગયા' જેવા તાલ સાથે અનેક લોકો બજારમાં એટલે પ્રવેશી જાય છે કે તેની આજુબાજુના લોકો કમાયા હોવાના કિસ્સા સાંભળે છે. એ પછી તમે પણ કમાઈ લો એવું બને, પરંતુ એવું બને જ એમ માની લેવું જરૂરી નથી.

૪) સતત લે-વેરા કરો
શૅરબજારમાં નિષ્ફળતાનો સૌથી સરળ અને ઝડપી માર્ગ છે ડે ટ્રેડિંગ. આ માર્ગે ચાલનારા દિવસ દરમિયાન સતત લે-વેચ કરતાં રહે છે, જે પ્યોર સટ્ટો છે, જુગાર છે. આમાં બજાર પર બારીક નજર, ચપળ ચાલ હોવી આવશ્યક છે. અહીં રિસ્કને અંકુશમાં રાખવા 'સ્ટૉપ-લૉસ' સાથે લે-વેચ કરી શકાય છે, પરંતુ આખરે જુગારમાં જીતનારાઓની સંખ્યા કરતાં હારનારાઓની સંખ્યા ખાસ્સી મોટી હોય છે. જેથી રોકાણ કરવાના ઉદ્દેશ સાથે પ્રવેશનાર એ માર્ગે વળી ગયો તો તેની હાર નિશ્ચિત બની જાય છે.

તમે અમિતાભ બચ્ચનની ફિલ્મ 'દીવાર જોઈ જ હશે, જેમાં અમિતાભ અને શશી કપૂર વચ્ચેનો એક સંવાદ બહુ જ જાણીતો છે 'મેરે પાસ મા હૈ', પરંતુ આ જ સંવાદો વખતે શશી કપૂર એક સંવાદ અમિતાભને કહે છે 'ભાઈ, મૈં જો રાસ્તે પર ચલ રહા હું, ઉસકા અંજામ અચ્છા ભી હો શકતા હે ઔર બૂરા ભી હો શકતા હૈ, લેકિન તુમ જો રાસ્તે પર જા રહે હો ઉસકા અંજામ સિર્ફ ઓર સિર્ફ બૂરા હો શકતા હૈ'. શૅરબજારમાં ડે ટ્રેડિંગ અને માત્ર સટ્ટાને માર્ગે જવું એટલે મોટા ભાગે અંજામ નિષ્ફળતાનો જ રહે છે. સ્વાભાવિક છે કે અતિલોભ નિષ્ફળતાને નોતરે.

અહીં એમ કહેવાનો ઇરાદો નથી કે સટ્ટો હોવો જ ન જોઈએ. સટ્ટાકીય પ્રવૃત્તિ બજારનું રિયલ એક્સાઈટમેન્ટ છે, સટ્ટા વિના બજારનું કોઈ આકર્ષણ રહેતું નથી, પરંતુ પૂરતાં નાણાં વિના અને સમજણ વિના સટ્ટો કરવામાં જોખમ અને નિષ્ફળતા નિશ્ચિત બની જાય છે.

૫) રાતોરાત લખપતિ બનવાનાં સપનાં સેવો
સૌથી મોટી સમસ્યા લોકોની માનસિકતાની છે. શૅરબજાર એટલે ઝડપી કમાણી થવી જોઈએ અને અમુક જ દિવસો કે સપ્તાહમાં નાણાં ડબલ થવાં જ જોઈએ, આવી

વધુપડતી અપેક્ષાઓ નિષ્ફળતાની પાક્કી ખાતરીવાળા મંત્રો છે. અહીં આ પ્રકારના લોકોને પૂછવું જોઈએ કે શું તમે ત્રણ વર્ષની એફડી ખોલાવી પછી રોજ કે મહિને-બે મહિને બૅન્કમાં જઈને તપાસ કરો છો કે તમારાં નાણાંમાં કેટલી વૃદ્ધિ થઈ? પીપીએફ ઍકાઉન્ટ ખોલાવ્યા બાદ સમયાંતરે તપાસ કરો છો કે તમે રોકેલાં નાણાંમાં કેટલી વૃદ્ધિ થઈ? કોઈ પણ રોકાણ બાદ તમે આવું કરતાં નથી, તો પછી શૅર લીધા બાદ બીજા જ દિવસથી ભાવો જોવાનું અને તેને આધારે કમાયા કે ગુમાવ્યાની લાગણી શા માટે ફિલ કરવા લાગો છો? શૅરબજારને પણ સમય આપોને ભાઈ !

૬) મધ્યસ્થી-એજન્ટોની લોભામણી જાળમાં પ્રવેશો

શૅરબજારમાં નિષ્ફળતાના માર્ગે લઈ જવામાં ઘણી વાર તમારા બ્રૉકર, એજન્ટ કે મધ્યસ્થી પણ ભૂમિકા ભજવતા હોય છે. સતત સટ્ટો કરવાની સલાહ આપતા બ્રૉકરને પસંદ કરનાર ઝડપી કમાણી કરવાના ભ્રમમાં રહે છે અને સરવાળે મૂડીની બાદબાકી પામે છે. બ્રૉકરેજ વિના કે ઓછી દલાલીએ સેવા ઑફર કરવાની, ખૂબ સટ્ટો કરવાની સુવિધા આપનારા પોતાના લાભ માટે તમને જોખમને રવાડે ચઢાવે છે. યાદ રાખો, કેસિનોનો માલિક જુગારીઓ માટે એવું વાતાવરણ ઊભું કરતો હોય છે, જે લોકોને જુગાર રમવાની પ્રેરણા, હિંમત, જોશ આપતું રહે, કેમ કે આખરે તેને પોતાને એમાં જ કમાણી થવાની હોય છે. ક્રેડિટ કાર્ડ વેચનારને તમે વધુ ને વધુ ખર્ચ કરો એમાં રસ હોય છે. 'સેલ' યોજીને કહેવાતું ઊંચું ડિસ્કાઉન્ટ ઑફર કરનારનાં પાટિયાં બરાબર વાંચવા જેવાં હોય છે. તેમાં લોકોને આકર્ષવા લખ્યું હોય છે ૫૦ ટકા સુધી ડિસ્કાઉન્ટ. લોકો 'સુધી'ને બરાબર સમજતા કે જોતા નથી અને 'સેલ'માં પહોંચી જાય છે, ત્યારે વાસ્તવમાં ૫૦ ટકા ડિસ્કાઉન્ટવાળી વસ્તુઓ ખૂબ જ ઓછી અથવા પહેલેથી જ ખૂબ મોંઘી હોય છે, જ્યારે ૧૦-૨૦ ટકા ડિસ્કાઉન્ટવાળી વસ્તુઓ લેવાનું મન ન થાય એવી હોય છે. એટલે કે શૅરબજારમાં કોઈ શૅર સસ્તો હોય છે તેથી સારો માની ખરીદી લેવો જોઈએ નહીં. શૅરના બજારભાવ અને વાસ્તવિક મૂલ્યના ફરકને સમજવો જોઈએ. માત્ર તેજીને લીધે વધી ગયેલો ભાવ સાચો ન પણ હોય.

૭) હજી વધશેના ચકરાવામાં રહો

શૅરબજારમાં ખૂબ જ તેજી જામી ગઈ હોય અને તેજીના વાજબીપણા અંગે પણ સવાલો ઊઠવા લાગે તે પૂર્વે હાથ પરના શૅરો વેચી દઈને પ્રૉફિટ બુક નહીં કરનાર પોતાની સફળતાને નિષ્ફળતામાં ફેરવી નાખતા હોય છે. શૅરબજારમાં ઈન્વેસ્ટમેન્ટ લૉંગ ટર્મના લક્ષ્ય સાથે કરો, પરંતુ શૉર્ટ કે મીડિયમ ટર્મમાં સારો નફો મળતું હોય તો એ નફો ઘરભેગો કરી લેવામાં શાણપણ હોય છે. દા.ત. તમને ટૂંકા કે મધ્યમ ગાળામાં ૨૦થી ૩૦ ટકા જેવું વળતર મળી રહ્યું હોય તો વધુ લોભ નહીં રાખો, હજી વધશે-હજી વધશે એવા અભિગમ સાથે શૅર પકડી રાખનારા પછીથી નફામાં નુકસાન અથવા સાવ જ નુકસાન કરવાની સ્થિતિમાં પણ આવી જતા હોય છે. જાન્યુઆરી ૨૦૦૮ના ત્રીજા સપ્તાહમાં જ્યારે શૅરબજાર એકસાથે ચાર દિવસમાં પાંચ હજાર પૉઈન્ટ તૂટ્યું ત્યારે લાખો રોકાણકારો પ્રૉફિટમાંથી નુકસાનમાં આવી ગયા હતા. વાસ્તે શૅરબજારમાં સમયાંતરે પ્રૉફિટ બુકિંગ કરતાં રહેવામાં ડહાપણ છે. કમ સે કમ ૫૦ ટકા શૅર વેચીને પણ પ્રૉફિટ લઈ લેવો જોઈએ, જેથી કાયમનો અફસોસ ન રહી

જાય.

શૅરબજારમાં તમારે માત્ર કમાણી કરવી છે કે પછી ઝટપટ કમાણી કરવી છે? તો સસલા અને કાચબાની બાળપણમાં સાંભળેલી વાર્તા યાદ કરતાં રહેવું જોઈએ. સસલું કેટલું પણ ઝડપી દોડે, મંજિલ પર પહેલાં કાચબો જ પહોંચે છે.

શૅરબજારમાં નિષ્ફળતાના મંત્રો કે માર્ગોને સમજી લીધા હશે તો એટલી ખાતરી – હૈયાધારણ રહેશે કે સફળતા મળે કે ન મળે નિષ્ફળતા તો નહીં જ મળે અને દોસ્તો ઘણી વાર લૉસ ન કરવામાં પણ પ્રૉફિટ હોય છે, ન હારવામાં પણ જીત હોય છે. જો કે ઘણી વાર બોલે તેના બોર વેચાય છે, ને ઘણી વાર ન બોલવામાં નવ ગુણ હોય છે. દરેક બાબતને વ્યક્તિએ પોતાની વિવેકબુદ્ધિથી જોવી - સમજવી અને અમલમાં મૂકવી જોઈએ.

પ્રકરણ ૧૪

શૅરબજારમાં પોતાના બોડી ગાર્ડ બનો

જીવનમાં માણસે બે સમયે સટ્ટો કરવો જોઈએ નહીં, એક જ્યારે તેને સટ્ટો પોષાતો ન હોય અને બીજો જ્યારે તેને સટ્ટો પોષાતો હોય.

શૅરબજારમાં અનેક પ્રકારની માન્યતા, ભ્રમ કે સંકેતો ફરતા રહેતા હોય છે, જેના નામે કથિત નિષ્ણાતો - જાણકારો કહેતાં હોય છે કે હવે ચોક્કસ શૅરનું આમ થશે બજારનું તેમ થશે. અર્થાતું ચોક્કસ બાબત બનતાં આ વર્ગ કહેવા લાગે છે અથવા લોકોમાં ઠસાવવા પ્રયાસ કરે છે કે હવે ફલાણા શૅરનો ભાવ વધવો જોઈએ કે વધશે. અમે અગાઉ પણ કહ્યું છે કે બજાર કે શૅર કોઈના કહેવાથી ચાલતા નથી, જોકે આ શૅરબજાર છે, તેથી અહીં રોકાણકારો-ખેલાડીઓને આકર્ષવા સતત કંઈ ને કંઈ ગતકડાં ચલાવાતાં રહે છે, જે ક્યારેક સાચાં પણ પડી જાય છે અથવા સાતમાંથી ત્રણ સાચા પડે તોય માન્યતા કે ભ્રમ સ્થાપી દેવામાં સફળ થઈ જાય છે. આવા વાતાવરણ વચ્ચે રોકાણકારે સ્વરક્ષા માટે આ બજારમાં પોતાના બોડી ગાર્ડ પોતે જ બનવું પડે છે, ખાસ કરીને જાત જાતની વાતોમાં ખેંચાઈને ફસાઈ જવાથી બચવા આમ કરવું સમજવું જરૂરી છે. આવાં કેટલાંક સામાન્ય ભ્રમ કે માન્યતાઓને જોઈએ, જે રોકાણકારોને ગેરમાર્ગે દોરતા પ્રવાહમાંથી ઉગારી શકે છે.

બુક વેલ્યુથી નીચેના ભાવે મળતો શૅર

કંપનીના ચોપડે ઉર્ફે બૅલેન્સ શીટમાં શૅરની વેલ્યુ જે બોલાતી હોય તેને બુક વેલ્યુ કહે છે, આને શૅરની ખરી વેલ્યૂ માનવામાં આવે છે તેથી જો બજારમાં આ કિંમત નીચે શૅર પહોંચી ગયો હોય તો એ શૅર વધવા માટે પાત્ર બની ગયો હોવાનો પ્રચાર શરૂ થઈ જાય છે. પરંતુ આમ દર વખતે યોગ્ય બને એ જરૂરી નથી. ખરી રીતે તો બુક વેલ્યુ કંપનીની એસેટના ખર્ચ અને તેના ઘસારાને આધીન હોય છે અને તે ભૂતકાળની બાબત પણ બની ગઈ હોય છે, કંપનીના શૅરના વર્તમાન ભાવ સાથે તેને દર વખતે સંબંધ હોય એમ જરૂરી નથી. કંપનીની શકિત સમજવા માટે આ એક મહત્ત્વનું પરિબળ ખરું, કિંતુ જુદા જુદા ઉધોગ મુજબ તેનાં સમીકરણ પણ બદલાતાં રહે છે. વાસ્તે આ બાબત દરેક શૅર સાથે સરખી રીતે લાગુ પડી શકે નહીં.

પી/ઈ નીચો હોય તો સ્ટૉક સસ્તો ગણાય

શૅરબજારમાં વ્યક્તિગત શૅર માટે આ શબ્દ બહુ જ કૉમન છે. પી/ઈ એટલે કે પ્રાઈસ અર્નિંગ્સ. જો શૅરનો પી/ઈ (ભાવ સામે તેના અર્નિંગ) રેશિયો નીચો હોય તો એ શૅરને સસ્તો માનવામાં આવે છે. અર્નિંગને શૅર દીઠ કમાણી કહેવામાં આવે છે. અર્થાત્ એક શૅર નફામાંથી કેટલી કમાણી કરે છે, પરંતુ આ પી/ઈ ને કંપનીનાં જોખમી પરિબળો, ભાવિ કમાણીની સંભાવના, કામગીરી અને વિકાસની સંભાવના પણ લાગુ પડે છે, જેને ધ્યાનમાં લેવાં જરૂરી હોય છે. વાસ્તવમાં કંપનીના જ નહીં, તે જે સેક્ટરની હોય, તેના પ્રાઈસ અર્નિંગ્સને પણ ધ્યાનમાં લેવાં જોઈએ. આમ દરેક સેક્ટર પ્રમાણે પણ પી/ઈ બદલાઈ શકે છે. જેથી આવા ભ્રમમાં આવી જઈને શૅર સસ્તો માની ખરીદી લેનાર માટે એ શૅર આગળ જતાં મોંઘો સાબિત થઈ શકે છે.

સતત ડિવિડંડ આપતી કંપનીનો શૅર સારો આમ દર વખતે સાચું હોતું નથી કે પડતું નથી. કંપની ભલે દર વરસે સારું ડિવિડંડ આપે, પણ તેના પ્રમાણમાં શૅરનો ભાવ ન પણ વધે, કારણ કે મોટે ભાગે રોકાણકારો શૅરમાં ડિવિડંડ કરતાં ભાવવૃદ્ધિ માટે (વેલ્યુ એપ્રીસિએશન) માટે રોકાણ કરે છે. ઘણી વાર તો કંપની ડિવિડંડ પેટે રોકાણકારોને નફો વહેંચી દે તેને બદલે પોતાની પાસે જમા કરે અને તેનું બિઝનેસમાં પુન:રોકાણ કરે એમાં વધુ સાર હોય છે. ડિવિડંડ કરતાં મહત્ત્વનું છે યિલ્ડ (એટલે ખરું વળતર) દાખલા તરીકે કોઈ કંપની ૧૦૦ ટકા ડિવિડંડ આપે છે તો તેના રૂપિયા દસના શૅર પર રૂપિયા દસની ચુકવણી ડિવિડંડ પેટે થાય, જો આ શૅરનો ભાવ બજારમાં રૂપિયા ૮૦૦ ચાલતો હોય તો શૅરધારકનું વળતર (યિલ્ડ) માંડ એક ટકા જેવું થયું ગણાય. એ કરતાં કંપનીના બિઝનેસના વિકાસને લીધે શૅરનો ભાવ વધે તો શૅરધારક વધુ સારું - શ્રેષ્ઠ વળતર મેળવી શકે છે.

પેની સ્ટૉક્સમાં કમાવાની ભવ્ય તક હોય શેરબજારમાં પેની સ્ટૉક્સ એ બહુ ફૅન્સી શબ્દ છે, તેથી આકર્ષક પણ ખરો. આમ પણ સસ્તી વસ્તુ આપણને તરત જ આકર્ષે છે, તેમ પેની સ્ટૉક્સ પહેલેથી જ સસ્તા એટલે કે નીચા ભાવે બોલાતા હોય છે, વાસ્તવમાં તેને સસ્તા માની લેવા નહીં, તેમનું નામ જ પેની એ માટે પડયું છે કે તે પેની જેવા ભાવે મળે છે. પરિણામે તેમાં એકંદર જોખમ પણ ઓછું લાગે છે, રૂ. ૨.૨૫ પૈસામાં મળતો શૅર તમે લો ત્યારે તમને શું થાય? બહુ બહુ તો આ શૅરનો ભાવ દસ પૈસા થઈ જશે કે શૂન્ય થઈ જશે, તો તમારું મહત્તમ રિસ્ક સવા બે રૂપિયા જેટલું જ છે, પણ આમ વિચારી લોકો તેમાં હજારો કે લાખની સંખ્યામાં શૅર લઈ લેતા હોય છે, પણ ઘણી વાર આ શૅરોના ભાવ કયારેય ઊંચા આવતા નથી. આ જ રીતે નાના રોકાણકારોમાં આવી માન્યતા કાયમી રહે છે કે રૂપિયા ૧૦૦ થી કે ૫૦થી નીચેવાળો શૅર સસ્તો ગણાય, પણ હકીકતમાં શૅરવાળી કંપની નબળી હોય તો એ શૅરનો ભાવ નીચો હોય તોપણ સસ્તો ન કહેવાય. જ્યારે એને બદલે સારી કંપનીના શૅરનો ભાવ ઊંચો હોય તોપણ કંપનીના વિકાસની સંભાવનાને ધ્યાનમાં રાખતાં શૅર ખરીદવાલાયક કહી શકાય. દાખલા તરીકે કોઈ નબળી બૅન્કનો શૅર ૪૫ રૂપિયામાં મળતો હોય અને કોઈ સારી – વિકાસલક્ષી બૅન્કનો શૅર રૂપિયા ૧૦૦૦થી વધુ ભાવે મળતો હોય તો એ બેમાંથી તુલનાત્મક દૃષ્ટિએ સારી બૅન્કનો હજાર રૂપિયાવાળો શૅર વધુ સારો ગણાય.

શૅરબજારનો બૂરો સમય પૂરો થયો

સમયની દૃષ્ટિએ બજારને કોઈ પારખી કે તેની આગાહી કરી શકતું નથી, તેમ છતાં ઘણી વાર આવું કહેવાતું હોય છે કે બજારનો ખરાબ સમય પૂરો થયો, વાસ્તે હવે ખરીદીનો સમય શરૂ થયો ગણાય. જ્યોતિષીઓ સહિત ટેરોટ કાર્ડ વાંચનારા તરફથી પણ આવી આગાહી કરાતી રહેતી હોય છે. સેન્સેક્સ ફેબ્રુઆરી ૨૦૦૬માં દસ હજાર હતો એ પછી તે જાન્યુઆરી ૨૦૦૮માં ૨૧ હજાર સુધી પહોંચશે એવી આગાહી કોઈએ કરી નહોતી, એ જ સેન્સેક્સ પાછો માર્ચ ૨૦૦૯માં ૯,૦૦૦ સુધી નીચે પટકાશે એવું પણ કોઈ કહી શક્યું નહોતું. શૅરબજાર એટલા બધા વૈવિધ્યસભર પરિબળોથી અસર પામતું રહેતું હોય છે કે કોઈ એક બે પરિબળને આધારે તેની ભાવિ ચાલને માપી શકાતું નથી, હા, આપણે ચોક્કસ સંજોગોમાં તેના વિશે બહુ બહુ તો ધારણા બાંધી શકીએ, પરંતુ એમ જ થશે એવું ખાતરીપૂર્વક કહી શકાય નહીં.

પ્રકરણ ૧૫
બજારના ઘટાડામાં જ સારા શૅરો નીચા ભાવે મળે !

શૅર બ્રૉકરનો ટ્રેક રેકર્ડ અને સર્વિસીસને જાણી લો

જ્યારે લોકો ગભરાય ત્યારે હિંમત કરો અને લોકો લાલચ કરે ત્યારે ગભરાઈ જાવ

શૅરબજાર સંબંધી અંગ્રેજીમાં એક વિધાન છે, જેનો ભાવાર્થ કંઈક આવો છે, જ્યારે લોકો આ બજારમાં લાલચમાં પડી જાય ત્યારે તમે ગભરાઈ જાવ અને જ્યારે લોકો ગભરાઈ જાય ત્યારે તમે લાલચમાં પડી જાવ. આ જ વાતને આપણી સાદી ભાષામાં કહીએ તો જ્યારે ગામ શૅરો લેવા દોટ મૂકે ત્યારે તમે વેચીને બહાર નીકળી જાવ અને જ્યારે લોકો વેચવા દોટ મૂકે ત્યારે તમે ખરીદવા તૈયાર થઈ જાવ. અમેરિકા અને યુરોપના સંજોગો કે આર્થિક ભીંસને લીધે ભારતીય માર્કેટ પર ઘટાડાનું મોટું રૉલર ફરી રહ્યું હોય ત્યારે જો આપણી ઇકૉનૉમી મજબૂત સ્થિતિમાં હોય તો આપણા માટે એ ખરીદીનો સમય ગણાય. જોકે આમ કરતી વખતે અન્ય પરિબળો પણ જોઈ લેવાં સારાં. ગ્લોબલ પરિબળની હવે ઉપેક્ષા થઈ શકે એમ નથી.

રોકાણ નિર્ણય લેવામાં સ્વતંત્ર બનીએ

આપણે શૅરબજારમાં પણ આપણા સ્વતંત્ર અભિગમને મહત્ત્વ આપીએ. આપણે ગામથી કે ટોળાંથી વિપરીત દિશામાં રહેવાની વાત કરી તે અનુસાર શૅરબજારમાં આપણી ઉપર સતત વિવિધ માધ્યમો મારફત અભિપ્રાયો-સૂચનો-ભલામણો-ચેતવણીઓ વગેરેનો વરસાદ વરસતો જ રહે છે, જેમાં આપણને ડરાવવામાં આવે કે પછી લલચાવવામાં આવે એમ પણ બને છે. પાડોશી, મિત્રો, ટ્રેનના મુસાફરોથી માંડી કથિત નિષ્ણાતો સુધી સૌ કયા શૅરો લેવા, કયા વેચવાની સલાહ આપે રાખે છે. જે વાતોમાં આવીને આપણે આડેધડ નિર્ણય પણ લઈ લેતાં હોઇએ છીએ. જેમાં પાછળથી આપણે પસ્તાવાનો સમય આવે એવી પરિસ્થિતિ પણ સર્જાય છે. રોકાણકારે કોઈની પણ વાતમાં આવી જઈને નિર્ણય લઈ લેવાને બદલે આ બાબતમાં પણ પોતાના અભ્યાસ અને વિવેકબુદ્ધિ સાથે સ્વતંત્રપણે નિર્ણય લેવો જોઈએ. યાદ રહે, શૅરબજારને સમજવા માટે અર્થશાસ્ત્ર કરતાં બજારનું માનસશાસ્ત્ર સમજવું વધુ જરૂરી અને મહત્ત્વનું છે.

પ્રકરણ ૧૬
શૅરબજાર આગાહીઓ કે અભિપ્રાયો પર ચાલતું નથી!

માત્ર રજિસ્ટર્ડ શૅર, બ્રૉકર મારફત જ સોદા કરો

વધઘટ ને બદલે ફંડામેન્ટલ્સ અને લાંબા ગાળાની દિશાનું વધુ મહત્ત્વ દેશના એક અગ્રણી આર્થિક દૈનિકે એક દિવસ પોતાના પ્રથમ પાને લીડ ન્યૂસ તરીકે એવા સમાચાર છાપેલા કે શૅરબજારમાં હજી ૧૩ ટકા જેટલો ઘટાડો સંભવ છે, અર્થાત્ સેન્સેક્સ જો એ વખતે ૧૬ હજારના લેવલે હોય તો તેમાં ૧૩ ટકાના હિસાબે અંદાજે બીજા બે હજાર પોઈન્ટનો ઘટાડો થઈ શકે છે. વૈશ્વિક તેમ જ અન્ય સંજોગોને ધ્યાનમાં રાખી દસ જેટલા ફંડ મૅનેજરો તથા બ્રૉકરોના અભિપ્રાયોને આધારે આ ઉપર્યુક્ત અંદાજ મુકાયો હતો. આમ સેન્સેક્સ હવે પછીના ટૂંકા ગાળામાં ૧૪ હજાર સુધી પણ જઈ શકે એવું કહેવાયું હતું.

આમ તો એ દિવસે આવા સમાચાર વાંચીને બજારમાં કડાકો બોલાવો જોઈતો હતો, પરંતુ મજાની વાત એ બની કે એ દિવસે સેન્સેક્સ બસો પોઈન્ટ વધીને બંધ રહ્યો હતો. બીજે દિવસે સેન્સેક્સ ફરી વધીને ૧૫૦ પોઈન્ટ ઉપર ગયો હતો, જોકે પછીના બે દિવસમાં એ સુધારો ધોવાઈ ગયો હતો અને સેન્સેક્સ ૧૬ હજારની આસપાસ રહ્યો એ જુદી વાત છે. આટલું કહેવાનો આશય એ છે કે કોઈના પણ અભિપ્રાય પર કે આગાહીને આધારે બજાર પોતાની ચાલ નક્કી કરતું નથી. અમે અહીં એમ કહેવા નથી માગતા કે આવુ હંમેશા બને. કિંતુ બજાર જ્યારે પણ વધુ પ્રમાણમાં નીચે જાય છે ત્યારે તે ભાવિ માટે લાંબા ગાળાની તકોનું સર્જન કરતું હોય છે.

ભારતના લાભને પણ સમજવા જોઈએ

એ જાણીતી વાત છે અથવા સાદો નિયમ છે કે જ્યારે લોકો વેચતા હોય ત્યારે આપણે ખરીદી શરૂ કરી દેવી અને જ્યારે લોકો ખરીદતા હોય ત્યારે આપણે વેચાણનો આરંભ કરવો. જોકે આ નિયમ સામે એક દલીલ એવી પણ થઈ શકે કે જ્યારે વિશ્વ બજારો તૂટી રહ્યાં હોય, અમેરિકા જેવો દેશ ક્રાઈસિસમાં મુકાયો હોય, યુરોપિયન દેશોમાં પણ આર્થિક સંકટ પ્રવર્તતાં હોય અને સર્વત્ર અનિશ્ચિતતાનું વાતાવરણ ચાલી રહ્યું હોય ત્યારે આ સાદા નિયમનો ઝાઝો અર્થ રહેતો નથી. તેમ છતાં ભારતીય માર્કેટ કે અર્થતંત્ર માટે પોતાના વિકાસનું મહત્ત્વ વિશેષ રહે છે.

ડરાવો અને સસ્તામાં શૅરો પડાવો

કહેવાય છે કે શૅરબજારના ઘટાડા તરફી ટ્રેન્ડનું એક કારણ સેન્ટિમેન્ટ પણ હોય છે. બજાર ખરેખર ઘટે એ કરતાં વધુ ઘટશે એવા ભયને ફેલાવવામાં આવે છે, આવું કોઈ એકલદોકલ વ્યક્તિ નહીં, બલકે બજારનું સેન્ટિમેન્ટ કરે છે, જે લોકમાનસ ગણાય છે. જેમ કે ઈન્ડેક્સ હવે ૮,૦૦૦ થઈ જશે કે ૧૨ હજાર પર પહોંચી જશે જેવાં વિધાનો, આગાહીઓ, ધારણાઓ ફેલાવનારા જાણતાં કે અજાણતાં આર્થિક રીતે સક્ષમ લોકો માટે નીચા ભાવે શૅરો ખરીદવાની તક ઊભી કરી આપે છે. લોકો બજાર વધુ ઘટશે

એવા ભયથી વેચતા જાય અને પોતાને નીચા ભાવે શૅરો જમા કરવાનો મોકો મળતો જાય એ ઇરાદા સાથે સ્થાપિત હિતો, પાવરફૂલ ઑપરેટરો અને કંઇક અંશે વિદેશી રોકાણકારો – ફંડો વગેરે સારી સ્ક્રિપ્સ સસ્તામાં પડાવી લેવા માટે આવો દાવ વરસોથી અજમાવતા હોવાનું કહેવાય છે, અલબત્ત, બજાર ખરેખર ઘટે પણ છે, પરંતુ એ સમયે જો આ ડર ફેલાવવામાં ન આવે તો કદાચ શૅરધારકો શૅરો પેનિકમાં વેચી દે નહીં અને સંયમ-ધીરજ સાથે જાળવી રાખે અથવા આવા સમયમાં નીચા ભાવે ખરીદવાની હિંમત કરી શકે તો રીકવરી બાદ તેનો મહત્તમ લાભ મેળવી શકે, જે અન્યથા લોકોને ડરાવીને શૅરો પડાવી લેનારા લઈ જાય છે.

પ્રકરણ ૧૭
શૅરબજારમાં સર્જાતા બ્લાસ્ટ (કડાકા) સામે સુરક્ષિત રહેવાના ઉપાય

રોકડ વ્યવહારને બદલે બૅન્કિંગ વ્યવહાર કરો

રિઝર્વ બૅન્કની ત્રિમાસિક નાણાં નીતિ જાહેર થઈ અને એક વાર રિઝર્વ બૅન્કના ચોક્કસ નિર્ણયોને પગલે શૅરબજારમાં સાડા ત્રણસો પોઈન્ટનો કડાકો અર્થાત્ એક બ્લાસ્ટ (ધડાકો) થયો, જે અપેક્ષિત પણ હતો, તેમ છતાં શૅરબજારમાં તો આવા નાના-મોટા બ્લાસ્ટ ગમે ત્યારે થતા રહે છે અને કેટલી પણ સિક્યોરિટી રાખો એ ધડાકાને રોકી પણ શકાતા નથી. ઘણી વાર આ બ્લાસ્ટ ધારણા હોય ને થાય, તો ક્યારેક સાવ જ ધારણાની બહાર અચાનક પણ થઈ જાય. શહેરમાં થતા બૉમ્બ બ્લાસ્ટથી બચવા કેટલી પણ સલામતીનાં પગલાં ભરો તોય એ થઈ જાય એમ બને છે અને દર વખતે સત્તાવાળાઓ નવા એલર્ટ કે સતર્કતાનાં પગલાં ભરે છે, પરંતુ એ પછી પણ લોકો તેનાથી કાયમ માટે સુરક્ષિત જ રહેશે એવી કોઈ ખાતરી હોતી નથી, કિંતુ શૅરબજારમાં બ્લાસ્ટથી બચી રહેવાના કે સુરક્ષિત રહેવાના ઉપાયો છે. જોકે આમાં સુરક્ષાના પગલાં અગમચેતી રૂપે આપણે જ ભરવાં પડે.

સમાચારો, સંકેતો અને અસરોને સમજો

બૉમ્બ બ્લાસ્ટની જેમ શૅરબજારમાં પણ ક્યારેક ચેતવણી મળતી હોય છે, તો વળી કયારેક સમાચારોમાંથી સીધા સંકેત પણ મળે છે. દા.ત. રિઝર્વ બૅન્કની નાણાં નીતિ જાહેર થવાની વાત સમાચારમાં આવે છે ત્યારથી તેના સંકેત આવવાના શરૂ થઈ જાય છે, ફુગાવાની સ્થિતિને ધ્યાનમાં રાખી રિઝર્વ બૅન્ક આકરા પગલાં લેતી હોય છે અને એના સંકેતો પણ મળતા હોય છે, આવા સમયમાં ઈન્વેસ્ટરો તેમ જ ટ્રેડરો બજારમાં ઘટાડો આવી શકે એવી ધારણા રાખે તો એ સાચી પડવાની સંભાવના વધી જાય છે. આ જ રીતે કૌભાંડોના કિસ્સામાં, વિદેશી આર્થિક કટોકટીના મામલામાં, સ્થાનિક આર્થિક પરિબળો વિપરીત જવાના સંજોગોમાં બજારમાં કડાકાના નિર્દેશો મળે જ છે, પરિણામે પૉઝિશન લેતી વખતે ટ્રેડરો અને રોકાણ કરતી વખતે ઈન્વેસ્ટરો આ બાબતને ધ્યાનમાં રાખી આગળ વધે તો પોતાને સંભિવત આફત ઉર્ફે બ્લાસ્ટથી બચાવી શકે.

બ્લાસ્ટ બાદ પેનિકમાં નહીં આવો

શૅરબજારમાં થતા અમુક કડાકા કે બ્લાસ્ટ મોટે ભાગે કામચલાઉ હોય છે, તેની અસરો પણ બે-ચાર દિવસની હોય છે, ક્યારેક તો બીજે દિવસે જ બજાર ટર્ન લઈ લે છે અથવા સુધારો બતાવી દે છે, પરંતુ જો બ્લાસ્ટ - કડાકાને દિવસે જ જેઓ પેનિકમાં આવી જાય છે તેઓ મોટા નુકસાનમાં પડી જાય એવું પણ બને છે. રોકાણકારો - ટ્રેડરો પેનિકને બદલે પેશન્સ રાખીને ચાલે તો નુકસાનીને ટાળી શકે અથવા કમસે કમ ઓછી કરી શકે છે. જેમ બૉમ્બ બ્લાસ્ટ બાદ બધું રાબેતા મુજબ થઈ જતું હોય છે તેમ અમુક કડાકા બાદ બજાર સાવ જ નોર્મલ થઈ જાય છે. તેમ છતાં થોડા દિવસ સાવચેતી રાખવી પણ સારી.

લાંબા ગાળાના રોકાણકારોએ તો સ્થિતપ્રજ્ઞ જ રહેવું

શૅરબજારમાં કડાકા કે ઉછાળા એ તો નિયમિત ચાલતા ટ્રેન્ડ અને બજારનો સ્વભાવ છે, બસો-ત્રણસો પૉઈન્ટ ઉપર કે નીચે તો સહજ ગણાય, આમ પણ ટકાવારી ટર્મમાં જોઈએ તો એ બહુ મોટું પણ કહેવાય નહીં, તેમ છતાં પૉઈન્ટસના સંદર્ભમાં એ મોટું લાગે. ખૈર, લૉંગ ટર્મ રોકાણકારોએ આવા બ્લાસ્ટની ઉપેક્ષા કરવી બહેતર છે, કારણ કે તેમણે પોતાના શૅરો વરસો સુધી રાખી મૂકવાના હોય છે, પણ હા, કોઈ એકલદોકલ કંપનીમાં કોઇ ગરબડ ઉર્ફે બ્લાસ્ટ થયો હોય તો વાત જુદી છે , જેમ કે સત્યમમાં બનેલું. બાકી બજારના ચઢાવ-ઉતાર તો ચાલે રાખે, જેઓ આમાં ટકી રહે એ જ લોકો માટે સંપત્તિ સર્જન સંભવ બની શકે છે.

બ્લાસ્ટને તક બનાવી શકાય

શૅરબજારમાં જ્યારે પણ મોટો કડાકો આવે અને બજાર મોટે પાયે તૂટે ત્યારે વિવિધ ઈન્ડેક્સ સહિતના શૅરોના ભાવો પણ તૂટે છે અને નીચે આવે છે. આ કડાકો જો કામચલાઉ જણાય કે એકાદ ઘટનાની અસર રૂપે - સમાચારની અસર રૂપે (દા.ત. રિઝર્વ બૅન્કની પૉલિસીની જાહેરાત) આવ્યો હોય તો એ વખતે સારા શૅરોના ગબડી ગયેલા ભાવો ખરીદવા માટેની તક બની જઈ શકે છે, કેમ કે અસર ભૂંસાયા બાદ એ શૅરો પુનઃ વધી પણ જાય છે. જેથી કામચલાઉ ઘટેલા આવા શૅરો તરત જ બેસ્ટ બાય બની જાય છે. ઘણી વાર સ્પેસિફિક શૅરોમાં પણ ચોક્કસ ઘટના કે સમાચારને લીધે આવો ટેમ્પરરી ઘટાડો નોંધાય છે અને એ સમયે જો શૅર ખરેખર મજબૂત કંપનીનો હોય તો ખરીદવાની તક બની રહે છે. કારણકે આ સંજોગોવશાત્ ઘટેલો શૅર પાછો અવશ્ય વધે જ છે. આમ એ ટૂંકા ગાળા કે મધ્યમ ગાળા માટેની રોકાણ તક બની જાય છે.

બ્લાસ્ટની અસર સતત ચાલુ રહે તો હેજિંગ કરો

જો બજાર સતત કડાકાસભર રહે કે પછી સતત ઘટાડાતરફી બની રહે તેમ જ સંજોગો એ મુજબના જ સંકેતો આપે તો ઈક્વિટીની સામે ગૉલ્ડ જેવા અન્ય સાધનમાં હેજિંગ કરો. જ્યારે પણ શૅરો તૂટે છે, વૈશ્વિક સંજોગો ધૂંધળા બને છે કે પછી અનિશ્ચિતતા વધતી જાય છે ત્યારે સોનું ચાલવા માંડે છે. કમ સે કમ શૅરોના ઘટાડાને સરભરતો કરી આપે છે. આવા સમયમાં તમે જો એસઆઈપી (સિસ્ટેમેટિક ઈન્વેસ્ટમેન્ટ પ્લાન)માં રોકાણ કરી રાખ્યું હોય તો એ ખરા અર્થમાં તમારા લાભમાં કામ કરે છે, કેમ કે બજારના ઘટાડાના સમયમાં જ તમારા આ પ્લાનમાં યુનિટ્સ વધુ જમા થતાં હોય છે. આમ આ ઘટાડો એસઆઈપી ધારકો માટે તો આશીર્વાદ સમાન પણ બની રહે છે. અલબત્ત, રોકાણકારોએ ગભરાટમાં એસઆઈપીનું રોકાણ બંધ ન કર્યું હોવું જોઈએ. આમ બજારના કેટલાક બ્લાસ્ટ લાભદાયી પણ બની રહે છે. અલબત્ત, આ માટે રોકાણકારોએ પોતાના દિમાગનું બેલેન્સ જાળવી રાખવું જરૂરી બને છે.

પ્રકરણ ૧૮
શૅરોના કડાકામાં અડગ રહેવાના અદ્ભુત ફળો

કૉન્ટ્રેક્ટ નોટ મેળવી લેવાનો આગ્રહ રાખો

કડાકામાં જે નુકસાન થાય, તે પછી રિકવરીમાં અનેકગણાં વ્યાજ સાથે વસૂલ થઈ જાય છે!

શૅરબજારમાં કરેક્શન (કડાકા) આવે છે ત્યારે ભાવો ઘટે છે અને ભાવો ઘટે છે ત્યારે બજારના રોકાણકારોમાં નિરાશા પણ ફરી વળે છે, પરંતુ જો રોકાણકારો આ ઘટાડા તથા નિરાશાને લીધે બજારથી દૂર થઈ જાય તો તેમણે વધુ નિરાશાનો સામનો કરવાનો આવી શકે છે, કારણકે કરેક્શન અર્થાત્ ઘટાડાના કે મંદીના માહોલમાં બજારથી દૂર થઈ જનારા એ સમયે નીચા ભાવે મળી રહેલા સારા શૅરોથી વંચિત રહી જાય છે. બીજું કે કરેક્શનનો ગાળો પૂર્ણ થયા બાદ રિકવરીનો જે સમય શરૂ થાય છે ત્યારે જે અગાઉ ગુમાવ્યું હોય તેના કરતાં પણ અનેકગણું વધુ કમાવાનો અવસર મળી રહે છે.

આ હકીકતને સાબિત કરતા એક રસપ્રદ અભ્યાસને જોઈએ. જેમાં આપણે ઈન્ડેક્સની સાથે-સાથે કેટલીક અગ્રણી કંપનીઓના શૅરોની સ્થિતિ પણ જોઈએ. જો તમે આ શૅરોના ધારકો હશો અથવા આ કરેક્શનથી રિકવરી તરફના બદલાતી સાઈકલના સમયગાળામાં જેઓ સાહસ કરીને સારા શૅરો નીચા ભાવે જમા કરતાં જાય છે તેમના વળતરમાં કેવા સુખદ અનુભવ થાય છે તે જોવાસમજવા જેવા છે.

૧૯૯૯થી ૨૦૦૧ અને ૨૦૦૧થી ૨૦૦૮

સૌપ્રથમ આપણે ૧૯૯૯થી ૨૦૦૧નો સ્કેમ બાદનો સમયગાળો જોઈએ. જ્યારે સેન્સેકસ ઊંચામાં ૫૯૩૩ હતો અને નીચામાં ૨૬૦૦ સુધી ગર્યો હતો. આમ એ સમયમાં સેન્સેકસનું વળતર માઈનસ ૫૬ ટકા રહ્યું. જ્યારે સ્ક્રિપવાસ જોઈએ તો એસીસીમાં ભાવ ઊંચામાં ૨૮૩ સુધી જઈ નીચામાં ૯૯ થયો, આ જ રીતે અનુક્રમે એક્સિસ બૅન્ક ૪૯થી ૨૨ રહ્યો, ભેલ ૧૬૮થી ૫૩, હીરો હોન્ડા ૩૦૦થી ૧૧૬, હિન્દાલકો ૯૨થી ૪૨, આઈસીઆઈસીઆઈ બૅન્ક ૨૬૮થી ૬૮, ઈન્ફોસિસ ૧૬૦૮થી ૨૭૨, લાર્સન ૨૪૫થી ૫૭, આરઆઈએલ ૩૬૮થી ૧૬૦, એસબીઆઈ ૨૭૩થી ૧૩૩, તાતા સ્ટીલ ૧૦૭થી ૩૯ રહ્યો હતો. આ તમામ શૅરોનો તખ્તો જોઈએ તો, રિકવરીના ૨૦૦૧થી ૨૦૦૮ સુધીની સાઈકલના સમયગાળામાં સેન્સેકસ ૨૬૦૦ સામે વધીને ૨૦,૮૭૩, એસીસી ૯૯થી વધીને ૧૨૯૦, એક્સિસ બૅન્ક ૨૨થી ૧૨૬૫, ભેલ ૫૩થી ૨૮૭૦, હીરો હોન્ડા ૧૧૬થી ૯૨૨, હિન્દાલ્કો ૪૨થી ૧૯૯, આઈસીઆઈસીઆઈ બૅન્ક ૬૮થી ૧૪૩૫, ઈન્ફોસિસ ૨૭૨થી ૨૩૮૨, લાર્સન ૫૭થી ૨૨૫૩, આરઆઈએલ ૧૬૦થી ૧૬૧૦, એસબીઆઈ ૧૩૩થી ૨૩૨૫, તાતા સ્ટીલ ૩૯થી ૯૩૫ સુધી ગયો હતો. આમ ૧૯૯૯થી ૨૦૦૧ના સમયગાળામાં ૫૫થી ૯૦ ટકા સુધી ભાવોમાં કરેક્શન જોવા મળ્યું હતું, જેને પચાવી જનાર રોકાણકારોએ એ પછીનાં આઠ વરસમાં આ શૅરોમાં ૫૦૦૦થી ૯૦૦૦ ટકા સુધીનું વળતર પ્રાપ્ત કર્યું હતું.

૨૦૦૮થી ૨૦૦૯ અને ૨૦૦૯થી ૨૦૧૧

હવે આવો જ બીજો દાખલો જોઈએ. જેમાં ૨૦૦૮થી ૨૦૦૯નો સમયગાળો આવી જાય

છે. આ સમયમાં લિમેન (લેહમેન) બ્રધર્સની નાદારી આવી ગઈ, સબ પ્રાઈમની અસરો આવી ગઈ અને સત્યમનું કૌભાંડ પણ કવર થઈ ગયું. જેને પરિણામે સેન્સેક્સ તેની ૨૦૮૭૩ની ઊંચી સપાટી પરથી ઘટીને ૮૧૬૦ સુધી નીચે ગયો હતો. આ જ સમયમાં ઉપર જણાવેલા લાર્જ કેપ શૅરોની સ્થિતિ જોઈએ તો ભેલ ૨૮૭૦થી ઘટીને નીચામાં ૧૦૭૮ સુધી ગયો, હીરો હોન્ડા ૯૨૨ ઊંચામાં અને ૫૯૨ સુધી નીચામાં ગયો, ઈન્ફોસિસ ૨૩૮૨ ઊંચાથી ૧૧૦૨ નીચામાં, આરઆઈએલ ઊંચામાં ૧૬૧૦થી નીચામાં ૫૦૯ ગયો, તાતા પાવર ૧૬૨૯ થી ૪૯૨ સુધી નીચે આવી ગયો હતો. આમ એકંદરે ૨૦૦૮માં સબ પ્રાઈમ ક્રાઇસિસને લીધે આવેલા કરેક્શનમાં શૅરોના ભાવોમાં ૫૦થી ૯૦ ટકા સુધી ઘસારો થયો. ત્યાર બાદ ફરી નવી સાઈકલ રિકવરીની શરૂ થઈ, જેમાં દેશમાં ચૂંટણીના પરિણામ બાદ સંજોગો બદલાયા અને ૨૦૦૯થી ૨૦૧૧ના તા. ૩ જૂન સુધીના સમયમાં સેન્સેક્સ ૮૧૬૦ના નીચા સ્તરથી વધીને ઊંચામાં ૧૮૩૭૬ સુધી ગયો. ફરી એ જ સ્ટૉક્સ પર નજર કરીએ તો એસીસી નીચામાં ૩૯૭થી ઊંચામાં ૧૦૨૮ થયો, એ જ રીતે અનુક્રમે એક્સિસ બૅન્ક ૨૮૧થી ૧૨૪૨, ભેલ ૧૦૭૯થી ૧૯૧૧, હીરો હોન્ડા ૫૨થી ૧૮૬૧, હિન્દાલકો ૩૭થી ૧૮૯, આઈસીઆઈસીઆઈ બૅન્ક ૨૬૨ થી ૧૦૪૭, ઈન્ફોસિસ ૧૧૦૨થી ૨૮૧૬, લાર્સન ૫૨થી ૧૭૧૨, આરઆઈએલ ૫૦૯ થી ૯૩૪, એસબીઆઈ ૮૯૫થી ૨૩૧૨, તાતા મોટર્સ ૧૨૬થી ૧૦૨૩, તાતા પાવર ૪૯૨થી ૧૨૪૯ અને તાતા સ્ટીલ ૧૪૮થી ૫૭૩ સુધી પહોંચી ગયેલો જોવા મળ્યો. આમ રિકવરીની બે વરસની સાઈકલમાં ૨૫૦ થી ૭૦૦ ટકા સુધીનું વળતર પ્રાપ્ત થયું. ફરી એ જ વાતને દોહરાવીએ તો કરેક્શન જે લૉસ કરાવે છે તેના કરતાં રિકવરી વધુ અને ઘણું સારું વળતર અપાવી દે છે. આ અને આવી વિવિધ સ્ક્રિપ્સના ભાવ તમે ૨૦૧૭ અને ૨૦૧૮માં પણ જોયા હશે. હવે અંદાજ લગાવી જુઓ. બજારમાં ટકી રહેવાના યા લાંબા ગાળાનો અભિગમ રાખવાના લાભ કેવા હોય છે.

પ્રકરણ ૧૯
શૅરબજારમાં કોન બનતા હૈ કરોડપતિ?

‘ટિપ્સ સાંભળો, પરંતુ તેનું આંધળું અનુકરણ નહીં કરો

કેબીસીમાંથી પણ શીખવા મળે છે સ્ટૉક માર્કેટની એબીસી

મેગા સ્ટાર અમિતાભ બચ્ચનના રિઆલિટી ગૅમ શૉ કૌન બનેગા કરોડપતિ (કેબીસી) નામના ટી.વી. કાર્યક્રમમાં વિવિધ સવાલોના જવાબો આપી આમઆદમીને પણ લાખોપતિ કે કરોડપતિ બનવાની તક મળતી હોવાનું આપણે જોયું છે, જેમાં કરોડપતિ ભલે બહુ જૂજ કે નહીંવત્ લોકો બને, પરંતુ લખપતિ તો તેની હૉટ સીટ પર આવીને ઘણા બન્યા છે. એ જ રીતે શૅરબજારમાં ભલે કરોડપતિ બહુ ઓછા લોકો બની શકે, કિંતુ લાખોપતિ બનવાની સંભાવના ઊંચી રહે છે, અલબત્ત, આ માટે કૌન બનેગા કરોડપતિ ગૅમના રૂલ્સની જેમ શૅરબજારના પણ કેટલાક નિયમો સમજી લેવા પડે. આ બંને આમ તો એક એવા મંચ છે, જ્યાં બુદ્ધિ, સમજદારી અને અભ્યાસ જરૂરી છે. આપણે અહીં કેબીસીમાંથી શીખવા મળતી શૅરબજારની એબીસી જાણવા-સમજવાના પ્રયાસ કરીએ.

વિકલ્પો, લાઈફ લાઈન

કેબીસીમાં દરેક સવાલ માટે ચાર વિકલ્પો (ઑપ્શન) મળે છે અને તે પછી પણ જવાબ ન આવડે તો ચાર લાઈફ લાઈનની મદદ મળે છે, જેમાં વ્યક્તિને તેના જોડીદારની, શૉમાં હાજર પ્રેક્ષકોની અને નિષ્ણાતની મદદ મળી શકે છે અને એક ઑપ્શન ફિફ્ટી-ફિફ્ટીનો પણ મળે છે. જોકે આ સહાય એક જ વાર મળે છે અને એક સમયે એક જણની જ મળે છે, જ્યારે શૅરબજારમાં આ મદદ જેટલી વાર અને જેની પણ જોઈએ તેની મળી શકે છે. આપણે આપણા નિકટના જાણકાર મિત્રને, નિષ્ણાતને પૂછી શકીએ છીએ તેમ જ ઑડિયન્સ પોલ તરીકે આપણે જાહેર જનતાના પ્રવાહને પણ જોઈ શકીએ છીએ. બજારમાં વિકલ્પોમાં શૅરો મળે, ઈટીએફ (એક્સચેંજ ટ્રેડેડ ફંડ) ઈન્ડેક્સ મળે, મ્યુ.ફંડની ઇક્વિટી યોજનાઓ પણ આમ તો શૅરબજારનો જ ભાગ ગણાય, એ જ રીતે ડેરિવેટિવ્ઝમાં ફ્યુચર્સ અને ઑપ્શન્સ જેવાં સટ્ટાકીય સાધનો પણ મળે. ઈન શૉર્ટ, બજારમાં રોકાણ કરતી વખતે માત્ર શૅરો જ ખરીદવા જરૂરી નથી, બલકે વૃદ્ધિની સંભાવના ધરાવતાં અન્ય સાધનો પણ અજમાવી શકાય અને આ બધા માટે વિવિધ માધ્યમો મારફત સાદી સલાહથી માંડી એક્સપર્ટ ઍડવાઈસ સદા મળતી રહે છે.

મનગમતો પડાવ અને ક્વિટ-પ્રૉફિટ બુકિંગ

કરોડપતિ ગૅમ શૉમાં હોટ સીટ પર બેસનારને સૌપ્રથમ રમત શરૂ થતાં પહેલાં તો વિવિધ લેવલ પરનો પોતાનો પડાવ જણાવવામાં આવે છે, આમાં એક ચોક્કસ લેવલ પર પહાંચ્યા બાદ તેનો મિનિમમ લાભ પણ નિશ્ચિત બની જાય છે, એ જ રીતે શૅરબજારમાં પણ રોકાણકારો પોતે સોદા કરતી વખતે પોતાનું પ્રૉફિટ લેવલ નક્કી રાખી એ લેવલે તેને બુક કરી શકે છે, આ જ રીતે પોતાને લૉસ થતી હોય તો સ્ટૉપ-લૉસનું લેવલ પણ નિયત કરી શકે છે, જેથી તેની ખોટ પણ અમર્યાદિત વધી ન જાય. કેટલીક

વાર ગૅમ શૉનો સ્પર્ધક ચોક્કસ તબકકે પોતાને જવાબ ન આવડતો હોય તો એ સમયે જેટલી જીત થઈ છે તે રકમ સ્વીકારી લઈને ગૅમ ક્વિટ કરે છે તેમ શૅરબજારમાં રોકાણકાર કે ટ્રેડર પોતાનો નફો લઈને એ સ્ક્રિપ્સમાંથી એક્ઝિટ લઈ શકે છે. લાલચ બૂરી ચીજ હૈ એવો સંદેશ કેબીસીની ગૅમ પણ આપે જ છે.

ફાસ્ટેસ્ટ ફિંગર, વહેલો તે પહેલો

કૌન બનેગા કરોડપતિ ગૅમ શામાં હોટ સીટ પર બેસવા માટે સૌપ્રથમ એકસાથે દસ જણાએ એક સવાલનો જવાબ આપવાનો હોય છે, જેમાં જે કોઈ સાચો જ નહીં, પરંતુ સૌથી પહેલો જવાબ આપે તેની પસંદગી થાય છે, તેમ શૅરબજારમાં પણ વહેલો પ્રવેશ કરનાર લાભમાં રહે છે, આ વહેલાના જુદા જુદા અર્થ થઈ શકે. એક જ્યારે બજારમાં ભાવો ખૂબ નીચા હોય ત્યારે, એટલે કે તેજી વેગ પકડે એ પહેલાં અને બીજો અર્થ એ કે નાની ઉંમરે શૅરો ખરીદીને જમા કરતાં જવું. આમ અહીં ગામ કરતાં વહેલો માર્કેટમાં એન્ટ્રી લઈ લેનારના સફળ થવાના ચાન્સ મોટે ભાગે ઊજળા રહે છે.

થોડી તૈયારી, અભ્યાસ પણ જરૂરી

કૌન બનેગા કરોડપતિના ગૅમ શૉમાં ભાગ લેતી વખતે જેમ સ્પર્ધકે તૈયારી કરવી પડે, અભ્યાસ કરવો પડે, ટૂંકા સમયમાં નિર્ણય લેવાની કળા કે આવડત કેળવવી પડે તેમ શૅરબજારમાં પણ બજારને સમજવાની તૈયારી અને અભ્યાસ કરવા જરૂરી છે. બજારમાં કયારે એન્ટ્રી લેવી કે સમયસર એક્ઝિટ લેવી એ સમજ કેળવવી આવશ્યક છે.

લૉંગ ટર્મ, વહેલાસર તથા નિયમિત રોકાણનો જોટુ

જો ઉપર મુજબ કેબીસી અને શૅરબજાર સમજાય તો સફળતા નિશ્ચિત બની શકે. આ શૅરબજારમાં વહેલાસર કે નાની ઉંમરે સારી કંપનીઓના શૅરો જમા કરતા રહીએ તો લાંબે ગાળે અવશ્ય સારું વળતર મળે, બીજું, શૅરબજારમાં સીધી એન્ટ્રી ન લેવી હોય તો મ્યુ.ફંડના માધ્યમથી એસઆઈપી, ઈટીએફ જેવા સાધનોમાં નાની-નાની મૂડીનું નિયમિત રોકાણ કરતાં રહીએ તોપણ લાંબે ગાળે એ રોકાણ લાખોમાં પરિવર્તીત થઈ શકે છે. દા.ત. દર મહિને પાંચ હજોર રૂપિયાની એસઆઈપી કરો તોપણ દસ વરસે તમે લખપતિ બની શકો છો, માત્ર આ રોકાણનું ટોટલ કરશો તો દસ વરસે છ લાખ રૂપિયાની મૂડી આમ પણ થઈ જશે. કિંતુ વળતર સાથે આ મૂડી ખાસ્સી મોટી થઈ શકે છે, જે મેળવીને તમે પોતાને લાખોપતિ ફીલ કરો એમ બની શકે. વિપ્રો, ઈન્ફોસિસ, રિલાયન્સ, લાર્સન, તાતા મોટર્સ, તાતા સ્ટીલ, હિંદુસ્તાન લીવર, કોલગેટ સહિત અનેક એવી કંપનીઓ છે જેમાં લૉંગ ટર્મ રોકાણ ધરાવીને લોકો લાખોપતિ-કરોડપતિ થયા છે. સંખ્યાબંધ સ્ક્રિપ્સ છે, જેમાં માત્ર નિયમિત ઈન્વેસ્ટમેન્ટ કરીને રોકાણકાર કંઈ પણ ખોટું કર્યા વિના, કંઈ પણ ગરબડ-ગોટાળા કર્યા વિના સંપત્તિવાન બની શકે છે. છેલ્લે અમે પણ આદરણીય બચ્ચનસાહેબની જેમ કહીએ છીએ કે આપકા ઈસ મંચ પર (સ્ટૉક માર્કેટ મેં) સ્વાગત હૈ, ઔર આપ યહાંસે બહોત સારી ધનરાશિ જીત કર જોયે યે ઉમ્મીદ હમ કરતે હૈ..

પ્રકરણ ૨૦
મંદીના સમયમાં ટૂંકું નહીં, લાંબું વિચારો!

> તમારા કોઈ મિત્ર કે સગાંએ શૅરબજારમાં સારી કમાણી કરી એટલે તમને પણ કમાણી થશે જ એવો ભ્રમ ન પાળો

ક્યારેક સ્ટૉક માર્કેટ નિષ્ણાતો કે ગુરુઓ પણ બજાર માટે નેગેટિવ વાતો કરતા હોય છે, જેમના મત સાંભળીને બહુબધા લોકો નિરાશ પણ થતા હોય છે, હવે તો અમુક સમય સુધી બજાર તરફ જોવું જ નહીં, કે પછી કોઈ શૅર હાલ ખરીદવા જ નહી, હવે તો સેન્સેક્સ અમુક લેવલે પહાંચે પછી જ વાત કરવી કે વિચારવું વગેરે જેવી ધારણાઓમાં ઊતરી જનારા બહુમતીમાં હોઈ શકે છે, કારણકે આપણે નિરાશાના અથવા નેગેટિવ ન્યૂસ તેમ જ અભિપ્રાયોને તરત પકડી લઈએ છીએ. જોકે આ નિષ્ણાતોની વાતોમાંથી પકડવા જેવી સારી બાબતો પર પણ ખાસ નજર કરવા જેવી હોય છે. સવાલ માત્ર નિષ્ણાતોના અભિપ્રાયનો નથી, બલકે સમગ્ર સાઈકૉલૉજીનો છે.

મોટા ઘટાડાને ખરીદીની તક પણ બનાવી શકાય

બજારની સૌથી મોટી આશા કહો કે હકીકત, બજાર લાંબા ગાળા માટે સારું હોય છે, અર્થાત્, લૉંગ ટર્મ માટે પ્લાનિંગ કરી રહેલા કે તેમાં વિશ્વાસ ધરાવતા રોકાણકારો માટે પછીના સમયમાં ફેન્ટાસ્ટિક તક આવતી હોય છે, જો ખરેખર બજાર ચોક્કસ સ્તર સુધી નીચે જોય તો તમને કેવી-કેવી લગડી સ્ક્રિપ્સ કેવા આકર્ષક ભાવે ઉપલબ્ધ થશે એ પણ સમજવાનું હોય છે. અલબત્ત, આવા શૅરો ધરાવનારા રોકાણકારોનું મૂડીધોવાણ કેવું થઈ જશે એ પણ વિચારવું રહ્યું. કિંતુ અહીં સમજવાનું એ છે કે આવા સમયમાં ઘટના બને તે પૂર્વે નફો બુક કરી લેવાય, પણ ઘટના બની ગયા બાદ પેનિકમાં આવીને વેચવા દોડાય નહીં. હા, ત્યાર બાદ નીચા ભાવે ખરીદી ચોક્કસ કરાય. જેઓ લાંબા ગાળા માટે રોકાણ કરતા હોય છે તેઓ પાંચથી સાત વરસનો ગાળો ગણીને ચાલતા હોય છે, જેથી તેઓને મોટા કડાકાનો ભય લાગતો નથી, તેમની માટે આ બજારની એક સાઈકલ ગણાય છે. કારણકે તેમના શૅરોના ભાવોનો ઘટાડો આખરે તો કાગળ પર જ હોય છે. આમ બજાર ઘટવાની વાતો કે એવા મતના મેસેજને રોકાણકારો ખરીદીની એક તક પણ ગણીને ચાલી શકે છે.

ભાવોની એવરેજનો લાભ લઈ શકાય

હવે વધુ એક સાદી સમજ લઈએ તો જો શૅરબજાર આગામી સમયમાં ઘટવાનું હોય તો કોઈ એક ચોક્કસ સમયે ખરીદી કરવાને બદલે નિયમિત ધોરણે દર મહિને ખરીદી થતી રહે એ વધુ બહેતર છે, કેમ કે એમાં ખરીદી ટુકડે ટુકડે પણ થાય અને દરેક વખતે ભાવોની એવરેજનો લાભ પણ મળે. ઈન શાર્ટ માર્કેટના દરેક સ્તરે રોકાણની તક લાંબે ગાળે લાભમાં રહેવાની સ્ટ્રેટજી છે. આ બાબતનો સરળ અર્થ એ થાય કે રોકાણકારો એકસાથે મોટું જોખમ ન લઈ શકે એમ હોય અથવા તેમની પાસે મોટી મૂડી ન હોય તો સિસ્ટેમેટિક ઈન્વેસ્ટમેન્ટ પ્લાન, ખાસ કરીને મન્થલી એસઆઈપી, એસટીપી, વીઆઈપી (વેલ્યુ એવરેજિંગ ઈન્વેસ્ટમેન્ટ પ્લાન) તથા એક્સચેંજ ટ્રેડેડ ફંડ, ઈન્ડેક્સ ફંડ વગેરે જેવાં સાધનો મારફત આ કાર્ય કરી શકે છે.

મંદીના સમયમાં મજબૂત શૅરો શોધતાં રહો

શૅરબજાર સામેનાં જોખમો કે નકારાત્મક પરિબળો સમજી લેવાં પણ જરૂરી છે. ક્યારેક બજાર પાસે દિશા કે સારા સેન્ટિમેન્ટ ન હોય એવું પણ બને, ઊંચે જવા માટેના કોઈ ટ્રિગર ન હોય, પરિબળો ન હોય, કારણો ન હોય. ઉપરથી ઊંચો ફુગાવો, વધતા વ્યાજ દરો, રાજકીય મોરચે ભરપૂર તંગદિલી જેવી સ્થિતિ, યુરોપના દેશોની કટોકટી, મોરેશિયસ સહિતના દેશો સાથેના કરવેરાના ઇસ્યૂઝ, વિદેશી સંસ્થાકીય ઈન્વેસ્ટરોનો ઘટતો પ્રવાહ વગેરે જેવી સ્થિતિ હોય ત્યારે એ બાબતોને સ્પષ્ટ થવા દેવા સૌએ બજારના સુધારાની રાહ જોવી બહેતર ગણાય. આપણે આવા સમયમાં સમીક્ષા અને પ્રતીક્ષા કરવી જરૂરી હોય છે, જેમાં સારા-મજબૂત શૅરો શોધવા લાગી જવું જોઈએ. આમ પણ જ્યારે માર્કેટ નબળું હોય ત્યારે રોકાણકારોએ સિલેGટવ સ્ક્રિપ્સ પર ધ્યાન આપવું વધુ બહેતર હોય છે. બજારની અનિશ્ચિતતા વચ્ચે સ્ક્રિપ્સની પસંદગી લાંબે ગાળે વધુ ફળદાયી સાબિત થઈ શકે.

પ્રકરણ ૨૧
શાર્ટ ટર્મ અને લૉંગ ટર્મની વ્યાખ્યા બદલાઈ રહી છે!

કોઈ પણ કંપનીના શૅર ખરીદતાં પહેલાં તેનાં ફંડામેન્ટલ્સ સમજી લો

થોડો વખત પહેલાં એક ઈન્વેસ્ટર સેમિનારમાં નવી પેઢીના કેટલાક રોકાણકારો સાથે વાતચીત કરવાની થઈ, જેમાં અમે તેમને પૂછયું કે તમે શાર્ટ ટર્મ રોકાણ કોને ગણો છો, તેમનો જવાબ હતો, એક દિવસને. મીડિયમ ટર્મ? તો ઉત્તર હતો, એક સપ્તાહને અને લૉંગ ટર્મ રોકાણ કોને ગણો છો? તો કહેવા લાગ્યા કે એક મહિના માટે જેને જાળવી રાખીએ તે લૉંગ ટર્મ રોકાણ કહેવાય. સમય અને સંજોગ સાથે રોકાણની પરિભાષા તેમ જ સમયની અવધિની મર્યાદા તેમ જ વ્યાખ્યા બદલાઈ રહ્યાં છે. રોકાણકારોને શૅરબજારમાં જ નહીં, દરેક કે મોટા ભાગના રોકાણમાં ઝટપટ કમાણી, નફો, ડબલ મની જોઈએ છે, જેમાં આખરે તેઓ ફસાય છે, કાં તો ખોટા નિર્ણયો લઈ બેસે છે. આવું માત્ર શૅરબજારમાં જ થાય છે એમ નથી, બલકે મ્યુચ્યુઅલ ફંડની યોજનાઓમાં તેમ જ ગૉલ્ડ ઈન્વેસ્ટમેન્ટની સ્કીમમાં કે અન્ય સ્કીમમાં પણ બને છે.

અનિશ્ચિતતા વધતી રહી છે

શાર્ટ ટર્મ કે લૉંગ ટર્મની બદલાતી વ્યાખ્યાનાં કારણો એ છે કે તાજેતરનાં વરસોમાં માર્કેટમાં સતત અનિશ્ચિતતા વધતી રહી છે, ગ્લોબલ માર્કેટ કે સંજોગોની અસરો પણ સતત પડતી રહે છે, જેને લીધે એવું બનતું જોવા મળે છે કે ચોક્કસ શૅરોના ભાવ ટૂંકા સમયગાળામાં સારા એવા વધી જાય, તેમ છતાં રોકાણકારો તેને વેચીને નફો બુક ન કરે, કેમ કે તેમણે એ શૅરો લાંબા સમય માટે રાખી મૂકવાનો ઇરાદો સેવ્યો હોય, એ પછી એવું બને કે એ જ શૅરો જુદા જુદા સમયે આવેલા કડાકામાં એવા ઘટી જાય કે તેના પરિણામે નફો બુક ન કરનાર વ્યક્તિએ પસ્તાવાની ફરજ પડે. કારણકે એ શૅરો પછી લાંબા સમય બાદ પણ ઊંચા ન આવે અથવા ફરી એ નવી ઊંચાઈનું લેવલ ન બનાવે એવું પણ જોવા મળે છે. આવા કિસ્સા જોઈ રોકાણકારોના મનમાં લૉંગ ટર્મ કે શાર્ટ ટર્મની વ્યાખ્યા ન બદલાય તો જ નવાઈ. છેલ્લાં અમુક વરસોમાં આવા અનેક કિસ્સા શૅરબજારમાં નાંધાયા છે.

ભાગતા ભૂતની ચોટલી પકડી લો

હવેના સમયમાં શૅરબજારની ચાલ કે ગતિવિધિ જોઈ નફો બુક કરી લેવાનું ચલણ વધી રહ્યું છે, આમ કરવાનું ચૂકી જનારે મોટે ભાગે પસ્તાવાનું આવે છે. સિવાય કે એ રોકાણકાર ખરેખર હોલ્ડંગ કૅપેસિટી ધરાવતો હોય અને પાંચ-સાત કે દસ વરસ જેવા લાંબા સમય માટે શૅરો જાળવી શકતો હોય તો વાત જુદી છે. જેમ કહેવાય છે કે ભાગતા ભૂતની ચોટલી પકડી લેવી સારી, નફો એ ભૂત જેવો હોય છે, પકડી લો તો જ સાર્થક છે, અન્યથા માત્ર દેખાય તો એ માત્ર કલ્પના કે ખયાલ બની રહે છે. આમ શૅરબજારમાં ચોક્કસ સંજોગોમાં તો પ્રાફિટ બુક કરી લેવામાં જ સાર રહે છે. કારણકે વધી ગયેલા મોટા ભાગના શૅરોમાં થોડા સમયમાં જ ઘટાડો આવે છે અને ત્યારે તેમાં ફરી ખરીદીની તક સર્જાય છે.

એસઆઈપી માટે લૉંગ ટર્મ જ બેટર

જોકે શૉર્ટ ટર્મની આ વ્યાખ્યા એસઆઈપીને પણ લાગુ પડે એવું સમજવાની ભૂલ નહીં કરતા, કેમ કે એસઆઈપી વાસ્તવમાં લૉંગ ટર્મ માટે જ હોય છે. શૅરોના ભાવોમાં વૉલેટિલિટીને લીધે વચ્ચે નફો બુક કરવાની તક આવે ને જાય, કિંતુ એસઆઈપીમાં તો કોઈ પણ હિસાબે લૉંગ ટર્મમાં જ કમાઈ શકાય. એટ લિસ્ટ, પાંચ વરસ તો ખરું જ. જોકે મંદીમાં લોકો એસઆઈપીના ભાવ એટલે કે નાવ (નેટ એસેટ વેલ્યૂ-એનએવી) જોઈને પોતે ખોટમાં હોવાનો ગભરાટ અનુભવી એસઆઈપી બંધ કરાવી નાખવાની ભૂલ કરે છે. જ્યારે કે આ સમયમાં તો બની શકે તો એસઆઈપી વધારી દેવી જોઈએ. અર્થાત્ એસઆઈપીની વાત આવે છે ત્યાં રોકાણકારોના માઈન્ડમાં લૉંગ ટર્મનો જ ફંડા હોવો જરૂરી છે.

આંકડાઓની હકીકત અને માયાજાળ સમજો

શૅરબજાર અમુક સમયગાળામાં કેટલું વધ્યું કે ઘટ્યું, ચોક્કસ શૅરો કેટલા વધ્યા કે ઘટ્યા તથા સોના કે ચાંદીમાં કેવી ભાવવૃદ્ધિ થઈ વગેરે બાબતોના આંકડા હવે નિયમિત સ્વરૂપે જાહેર થતા રહે છે, જેને લીધે રોકાણકારોના માનસમાં એવું ઘર થવા લાગ્યું છે કે ચોક્કસ સમયમાં ચોક્કસ વધારો થાય જ છે અથવા થવો જ જોઈએ. જોકે ખરેખર તો જે થઈ ગયું હોય તે ભવિષ્યમાં સમાન સ્વરૂપે કે માત્રામાં થશે જ તેની ખાતરી ન હોય કે એવી ખાતરી કોઈ આપી પણ ન શકે અને આવું માની લેવાની ભૂલ પણ ન કરાય. કિંતુ આવા આંકડાઓ રોકાણકારોને આકર્ષવા અથવા ગેરમાર્ગે દોરવા નિયમિત ઉપયોગમાં લેવાતાં રહે છે. જેના આધારે રોકાણકારો શાર્ટ ટર્મ કે લૉંગ ટર્મની અપેક્ષા પણ બાંધતા થઈ જાય છે. આ બધા આંકડા ખોટા હોય છે એમ કહેવાનો આશય નથી, પરંતુ રોકાણકારોએ પોતે એ રોકાણ ક્યારે કર્યું અને ક્યારે ઉપાડી લીધું એ જોવું મહત્ત્વનું છે. કોઈ પણ ઈન્વેસ્ટમેન્ટમાં રોકાણકારની એન્ટ્રી અને એક્ઝિટ વધુ મહત્ત્વનાં બની રહે છે.

અલ્ટીમેટલી લૉંગ ટર્મ બેસ્ટ

ઇક્વિટી જેવાં રોકાણ સાધનો માટે મિનિમમ સાત વરસનો ગાળો આદર્શ રોકાણ ગણાય છે. લૉંગ ટર્મની માર્કેટની સાચી વ્યાખ્યામાં આ વાત આવે છે. વોરેન બફેટ જેવા ગ્લોબલ ઈન્વેસ્ટમેન્ટ ગુરુ તો ત્યાં સુધી કહે છે કે તમે શૅરબજારમાં નાણાં રોકો એ પછી બીજો દિવસથી અમુક વરસ માટે શૅરબજારને તાળું લાગી જવાનું છે એમ ગણીને ચાલો. આ બધી વાતો કયારેક શેખચલ્લીના ખયાલો જેવી લાગી શકે, પરંતુ વાસ્તવમાં ઇક્વિટી શૅરોમાં રોકાણ કરતી વખતે સમયગાળાનું ખાસ્સું મહત્ત્વ હોય છે, જો આપણે સારી કે સાચી સ્ક્રિપ્સ પસંદ કરી હોય તો મોટે ભાગે સારું વળતર મળે જ છે, અલબત્ત, સત્યમ કૉમ્પ્યુટર જેવા કિસ્સા પણ બને છે, જોકે તે અપવાદ રૂપ વધુ ગણાય. અલ્ટીમેટલી, ઇક્વિટીમાં રોકાણ માટે લૉંગ ટર્મ જ આદર્શ છે, કિંતુ સમય- સંજોગ અનુસાર રોકાણકારે પોતાની વ્યવહારુ અને વિવેકબુદ્ધિનો ઉપયોગ કરી લેવામાં સાર હોય છે. કારણકે અંતે તો શૅરબજારમાં શાર્ટ ટર્મ કે લૉંગ ટર્મ હોય, નફો કરીને કે કમાણી કરીને બહાર આવનાર રોકાણકાર સફળ અને સ્માર્ટ ઈન્વેસ્ટર સાબિત થાય છે.

પ્રકરણ ૨૨
શૅરોમાં મંદી હોય ત્યારે સોના-ચાંદીમાં તેજી

રાતોરાત લખપતિ બની જવાની ઇચ્છા સાથે શૅરસોદા કરશો તો રાતોરાત લાખો ગુમાવવાની તૈયારી પણ રાખવી પડશે

એક દિવસ કેટલાક સીધાસાદા રોકાણકાર વાચકોના ફોન આવ્યા, અમે સાંભળ્યું-વાંચ્યું છે કે ચાંદીનો ભાવ રૂપિયા એક લાખ થઈ જવાનો છે, તો અમે હાલ ચાંદી જે ભાવે મળતી હોય તે ભાવે ખરીદી લઈએ? મેં તેમને કહ્યું, ચાંદીનો ભાવ રૂપિયા એક લાખ થવાનો છે એ મેં પણ વાંચ્યું અને સાંભળ્યું છે, પણ એ થશે જ, ક્યાં સુધીમાં થશે કે નહીં જ થાય એવું હું કહી શકું એમ નથી. ચાંદીમાં તેજી થવાનાં કારણો છે, કિંતુ સાથે સાથે તેમાં સટ્ટાનો અતિરેક પણ થઈ રહ્યો છે, જેથી હાલની સ્થિતિમાં કંઈ પણ કહેવું કઠિન છે એવું હું નિખાલસપણે સ્વીકારી લઉં તો સારું. એકાદ દિવસ પછી એ જ વાચકનો ફોન આવ્યો, સારું થયું મેં ચાંદી લેવાની ઉતાવળ ન કરી, જુઓને એક જ દિવસમાં ભાવ પાંચ હજાર રૂપિયા તૂટી ગયો...હવે શું કરું, સોનું લઈ લઉં? કેટલા અઘરા-અઘરા સવાલોના લોકોને કેટલા સહેલા અને તાત્કાલિક જવાબો જોઇતા હોય છે.

સોનામાં સલામતીનો ભાવ

સાદો નિયમ એવો છે કે જ્યારે શૅરબજાર અનિશ્ચિતતાના વાતાવરણમાં કે ઘટાડાના માર્ગે હોય ત્યારે સોનામાં વધારો જોવા મળે, કેમ કે લોકો જોખમી સાધનો કરતાં સોના જેવું સલામત સાધન પસંદ કરે (કોઈ પણ ઊંચા ભાવે સોનું સલામત છે એવું માની લેવાની ભૂલ ન કરવી, અર્થાત્ એ ઘટે તો નુકસાન પણ થઈ શકે). આ વાત વ્યક્તિગત રોકાણકારથી લઈ રાષ્ટ્રને પણ લાગુ પડે છે, કેમ કે સોનામાં સરકાર એટલે કે રિઝર્વ બૅન્ક પણ રોકાણ કરતી હોય છે. શૅરોની દશા અને દિશા અનિશ્ચિત જણાય અને વિશ્વના વિવિધ દેશોમાં એક યા બીજો કારણસર ક્રાઈસિસ ચાલી રહી હોય ત્યારે સોનામાં ઈન્વેસ્ટમેન્ટ વધે એ સ્વાભાવિક છે.

નાના રોકાણકારોની મોટી ભૂલ

આપણી કરુણતા એ છે કે નાના-રિટેઈલ ઈન્વેસ્ટરો જ્યારે ભાવો ખરેખર વધી ગયા હોય અને તેજી થઈ ગઈ હોય એ પછી જ બજારમાં પ્રવેશવાનો વિચાર, હિંમત કે નિર્ણય કરે છે, ત્યાં સુધી વધતા ભાવોને શંકાની નજરે જોયા કરે છે.

શૅર હોય કે સોના-ચાંદી, કોઈ પણ સાધન હોય જો તમે ઊંચા ભાવે પ્રવેશો તો નૅચરલી તમને વધુ નફો ન જ મળે અને કયારેક તો નુકસાની પણ ખમવી પડે. આ સંજોગોમાં તે સાધન ખોટું નથી હોતું, પણ આપણો તેને ખરીદવાનો સમય ખોટો હોઈ શકે છે. તેથી જ કેટલીક આઈટમ મંદીમાં અને કેટલીક તેજી શરૂ થાય ત્યારે જ ખરીદી લેવામાં સાર હોય છે અથવા નાના-નાના જથ્થામાં પણ આવી ખરીદી થઈ શકે. રિટેઈલ રોકાણકારો માટે થોડો વખત પહેલાં તો ચાંદી એ રોકાણનું પણ સાધન હોય એવી પણ પૂરતી સમજ

નહોતી. આ ઉપરાંત ચાંદીમાં રોકાણ માટે વિવિધ વિકલ્પ પણ નહોતા. જોકે છેલ્લા અમુક સમયથી ચાંદી ડિમેટ સ્વરૂપે મળતી થઈ છે એટલું જ નહીં, નાના જથ્થામાં પણ મળે છે. ઈ-સિલ્વર સ્વરૂપે ચાંદી, સોનું જ નહીં બલકે વિવિધ કામોડિટીઝ મળવા લાગી છે. જોકે હજી તેનું ઈટીએફ (એક્સચેંજ ટ્રેડેડ ફંડ)નું સ્વરૂપ ખૂટે છે. જેમ સોના માટે ગૉલ્ડ ઈટીએફ છે તેમ. વિશ્વના અન્ય દેશોમાં સિલ્વર ઈટીએફ હોય છે અને તેમાં અઢળક કામકાજ પણ થાય છે, પરંતુ ભારતમાં હજી સિલ્વર ઈટીઅફ ઉપલબ્ધ થયાં નથી. ખૈર, ચાંદીમાં રોકાણ કરવા માટે ફિઝિકલ ચાંદી તો મળે જ છે. આ વિશેની ઈન્વેસ્ટમેન્ટ અવેરનેસ હવે વધી રહી છે. હવે પછી રોકાણકારો પોતાના ઈન્વેસ્ટમેન્ટ પૉર્ટફોલિયોમાં સોના-ચાંદીને યોગ્ય સ્થાન આપે એ જરૂરી છે.

પ્રકરણ ૨૩
શૅરબજારમાં સામાન્ય બચતકાર પણ કરોડપતિ બની શકે!

> શૅરબજારને જુગાર સમજશો તો એ તમને જુગારી જ બનાવશે, પરંતુ સિસ્ટેમેટિક ઈન્વેસ્ટમેન્ટ સમજશો તો શૅરબજાર તમને સફળ ઈન્વેસ્ટર બનાવશે

શૅરબજારમાં રોકાણ કરીને તમે કરોડપતિ બની શકો છો એમ કોઈ કહે તો તમને મજાક લાગે અથવા એમ કહેનાર તમને ગેરમાર્ગે દોરીને પોતાનું કામ કઢાવી લેવા માગતો હશે એવો વિચાર પણ તમને આવી શકે. સ્વાભાવિક છે એ. કેમ કે તમારી પાસે ન તો એવી મૂડી છે કે ન તો નાણાંની એવી છૂટ છે, જેના દ્વારા તમે મોટે પાયે રોકાણ કરી શૅરબજારમાં મોટી કમાણી કરવાનો ચાન્સ લઈ શકો. તમને થાય કે સામાન્ય આવક સાથે કરોડપતિ કઈ રીતે બની શકાય? પણ હા, આ કલ્પના હકીકત બની શકે એવી છે. શૅરબજારમાં સિસ્ટેમેટિક ધોરણે રોકાણ કરીને આમ થઈ શકે છે.

આ માર્ગનું નામ છે સિસ્ટેમેટિક ઈન્વેસ્ટમેન્ટ પ્લાન (એસઆઈપી). આમ તો આ નામ હવે જાણીતું છે, તેમ છતાં વાસ્તવમાં હજી તેનો જેટલો વિસ્તાર થવો જોઈએ તેટલો થયો નથી. અમારા મતે એસઆઈપી એ દરેક ઘરમાં જેટલા સભ્ય હોય તેટલા હોવા જોઈએ. શૅરબજારમાં નહીંવત્ જોખમે શ્રેષ્ઠ વળતરનો આ માર્ગ દરેક માટે છે. સાવ જ સામાન્ય વ્યક્તિ પણ તેમાં સહભાગી થઈ શકે છે, શૅરબજારમાં તો માત્ર પૈસાદાર માણસ જ રોકાણ કરી શકે એવી માન્યતાને તોડવા ઉપરાંત આ માર્ગ સામાન્ય માણસને પૈસાદાર બનાવી શકવાની ક્ષમતા પણ ધરાવે છે.

એક સાવ સીધો દાખલો જોઈએ. ધારો કે એક વ્યક્તિ દર મહિને રૂપિયા એક હજાર એસઆઈપીમાં ૩૦ વર્ષ સુધી જમા કરે છે તો એ વ્યક્તિને ૩૦ વર્ષ બાદ આશરે રૂપિયા એક કરોડ જેટલી રકમ મળી શકે છે. આ આંકડો જો તમને અચંબામાં મૂકી દે તો એ અચંબા સાથે પણ તેને સ્વીકારવા જેવો ગણાય. આ ૩૦ વર્ષમાં શૅરબજારમાં અનેક પ્રકારની સમસ્યા આવી જાય છે, દા.ત. સ્કૅમ, સુનામી, રાજકીય ઊથલપાથલ, ચૂંટણી, ગ્લોબલથી લઈ લૉકલ ક્રાઈસિસ, ભૂકંપ, વાવાઝોડું કે અન્ય કુદરતી આફત, વગેરે, જેને પરિણામે બજારમાં પણ અનેકવાર નાની મોટી વધઘટ થઈ હોય. તેમ છતાં આટલા લાંબા સમયમાં એસઆઇપીમાં સરેરાશ ૧૬થી ૧૮ ટકા રિટર્ન છૂટે તો પણ ૩૦ વરસે આ રકમ એક કરોડ જેટલી મોટી થઈ જાય છે. આપણે આનો સંકુચિત અંદાજ લઈ આ રકમ રૂપિયા પચાસ લાખ થવાની ધારણા મૂકીએ તોપણ દર મહિને માત્ર એક હજાર સામે ૩૦ વરસે મળતી આ રકમ ખાસ્સી મોટી ગણાય.

આ કોઈ ચમત્કાર નથી, બલકે બજારની વાસ્તવિકતા છે, પણ એ ખાસ યાદ રાખવું જરૂરી છે કે એસઆઈપી ટૂંકા ગાળામાં નુકસાન પણ કરાવી શકે છે, અર્થાત્ ક્યારેક પ્રથમ એક, બે કે ત્રણ વરસમાં એસઆઈપી નેગેટિવ અથવા નજીવું વળતર આપે એમ બની શકે, પરંતુ લાંબે ગાળે તે અવશ્ય સારું વળતર આપે જ છે. અત્યાર સુધીના

અભ્યાસ મુજબ જેનું સૌથી ખરાબ પરફૉર્મન્સ રહ્યું હોય એવી એસઆઈપીમાં પણ લાંબે ગાળે અન્ય સલામત કહેવાતાં બચત સાધનોની તુલનાએ સારું વળતર છૂટ્યું છે.

સામાન્ય રીતે લોકો ૩૬ મહિનાની એસઆઈપી લે છે અથવા ૩૬ મહિના સુધી જ એસઆઈપીમાં નાણાં રોકે છે. ત્યાં સુધીમાં સારું વળતર ન મળ્યું હોય તો દુ:ખી થઈને એસઆઈપી બંધ કરી નાખે છે, જે તેમની સૌથી મોટી ભૂલ હોય છે. ખરેખર તો ઇક્વિટી રોકાણ મિનિમમ સાત વરસના ગાળા માટે હોવામાં જ તેની સાર્થકતા છે, તેમ એસઆઈપી પણ લાંબા ગાળાની જ હોવાનો અર્થ છે. જેટલો સમયગાળો વધુ તેટલો લાભ થવાનો અવકાશ વધુ. સમયગાળો ઓછો તેમ લાભની સંભાવના ઓછી.

તમે પણ એસઆઈપી બનાવી શકો

જો તમને કોઈ મ્યુચ્યુઅલ ફંડની એસઆઈપીમાં રસ ન હોય તો તમે પોતે પણ એસઆઈપી રચી શકો છો. વાત સરળ છે, તમારે જો શૅરની એસઆઈપી કરવી છે, તો તમે તમારો ફેવરિટ શૅર , જેમાં તમને ભરપૂર વિશ્વાસ હોય, એ દર મહિને ખરીદવાનો નિયમ કરી નાખો, તમને એ યાદ રાખવું ન હોય તો બ્રૉકરને કહી રાખો કે તમારા માટે દર મહિને એ શૅર ચોક્કસ સંખ્યામાં લઈ લે. આ સંખ્યા તમે તમારા બજેટ મુજબ નકકી કરી શકો છો. દા.ત. તમને લાર્સનનો શૅર ફેવરિટ લાગે છે અને તમારું બજેટ મહિને પાંચ હજોરનું છે તો દર મહિને બે લાર્સન તમારા ડિમેટ ખાતામાં જમા થઈ જવા જોઈએ. એક શૅર પણ હવે ખરીદવાનું સંભવ હોવાથી તમે કોઈ એક શૅર પણ જમા કરી શકો છો, આનું ખરું મૂલ્ય તમને લાંબે ગાળે સમજાશે, પણ આ કામ વહેલી તકે કરવા જેવું ખરું. તમને આમ કરવામાં પણ ડાઈવર્સિફિકેશન જોઈતું હોય તો દર મહિને બેસ્ટ બાય તરીકે જુદી જુદી સ્ક્રિપ્સ ખરીદો અને જમા કરો.

ઈન્ડેક્સમાં પણ એસઆઈપી થઈ શકે

આ પ્રકારે તમે ઈન્ડેક્સની એસઆઈપી પણ કરી શકો. જેમાં તમે દર મહિને વિવિધ ઈન્ડેક્સ આધારિત ઈટીએફ (એક્સચેંજ ટ્રેડેડ ફંડ)નાં યુનિટસ ખરીદી શકો છો. દા.ત. નિફ્ટી આધારિત ઈટીએફનાં પાંચ યુનિટ દર મહિને જમા કરો કે સેન્સેકસ આધારિત ઈટીએફના યુનિટસ જમા કરો. આ કામ તમે તમારા મહિનાના બજેટ એટલે ઇન્વેસ્ટબલ ફંડને આધારે કરી શકો છો, તેમાં બજારની સ્થિતિને આધારે ફેરફાર પણ કરી શકો છો.

એક મુવી એટલે એસઆઈપીનો એક હપ્તો

એક હજોરની રકમ એટલે શહેરોમાં રહેતા પરિવારો માટે તો આ રકમ એવી છે કે જો એક પરિવાર તેના ચાર સભ્યો સાથે નવા થિયેટરમાં મુવી જોવા જોય અને બહાર જમવાનો કાર્યક્રમ રાખે તો તેના એક જ પ્રસંગના હજોર રૂપિયાથી વધુનો ખર્ચ થઈ જોય. ઈન શાર્ટ, એક મુવીનો કાર્યક્રમ એટલે એસઆઈપીનો એક હપ્તો.

અમે લઘુ કે સરકારી બચતોની ખિલાફ નથી, કિંતુ જો આ નવા જમાના મુજબ જીવવું છે તો બચત પણ એવાં સાધનોમાં કરવી જોઇશે, જયાં તમને વળતર પણ તુલનાત્મક રીતે નવા જમાનાને અનુરૂપ મળી શકે. આ વળતર લઘુ કે સરકારી બચતો ન આપી શકે, પણ શૅરબજારમાં કરાયેલી એસઆઈપી આપી શકે, અફકોર્સ, આ માટે કોઈ પણ હિસાબે લૉંગ ટર્મ એપ્રોચ આવશ્યક છે.

કયા એસઆઈપી લેવા?

હવે તમને સવાલ થઈ શકે કે કઈ એસઆઈપીમાં રોકાણ કરવું? સેંકડો એસઆઈપી

ઉપલબ્ધ છે. સંખ્યાબંધ મ્યુચ્યુઅલ ફંડ સિસ્ટેમેટિક ઈન્વેસ્ટમેન્ટ પ્લાન ઑફર કરે છે. તમારા ઈન્વેસ્ટમેન્ટ અૅડવાઈઝર પાસેથી તે વિશેની જરૂરી વિગત મેળવી લો અને જુદી-જુદી એસઆઈપીમાંથી ટ્રેક રેકર્ડ જોઈને અને તેમનો પાર્ટફોલિયો ધ્યાનમાં રાખી પ્લાન પસંદ કરો. કઈ એસઆઈપીએ છેલ્લાં કેટલાં વરસોમાં કેવું વળતર આપ્યું છે તેનો રેકર્ડ મેળવી શકાય છે, વાસ્તે આ કામ શૅર પસંદ કરવા જેવું અઘરું નથી. કેમ કે વ્યક્તિગત શૅરમાં ચોક્કસ જોખમ હોઈ શકે અથવા ઊભું થઈ શકે, જ્યારે એસઆઈપી તો પહેલેથી ડાઈવર્સિફાઈડ પાર્ટફોલિયો ધરાવતી યોજના હોય છે.

નાની ઉંમરે વહેલી શરૂઆત કરો

શૅરબજારમાં સિસ્ટેમેટિક માર્ગે ધીમે ધીમે પણ પૈસાદાર બનવું હોય તો વહેલી તકે નાની ઉંમરે, તમે મોટા થઈ ગયા હો તો સંતાનોના નામે કે તેમના લક્ષ્ય માટે પણ એસઆઈપી શરૂ કરી દો...મ્યુચ્યુઅલ ફંડના એજન્ટોથી માંડી વિવિધ વેબસાઈટ પરથી હવે એસઆઈપીની કામગીરીના આંકડા અને અન્ય વિગતો સહેલાઈથી મળી જોય છે અને ન મળે તો થોડી મહેનત કરો, પૈસાદાર બનવા માટે આટલી મહેનત પણ નહીં કરો? બી હેલ્ધી અૅન્ડ બી વેલ્ધી...

પ્રકરણ ૨૪
દિશાવિહીન શૅરબજારમાં એસઆઈપીનો માર્ગ ઉત્તમ

શૅરબજાર સેન્સટિવ હોય છે, તેની સંવેદનશીલતાના જોખમને સમજો

નાના રોકાણકારો અને નાની મૂડી સાથે સંપત્તિસર્જનનો સિસ્ટેમેટિક પ્લાન

શૅરબજારમાં ઓછા જોખમી અને સારા વળતરદાયી સાધન તરીકે એસઆઈપીની અગાઉ આપણે ચર્ચા કરી હતી અને આ માર્ગ રોકાણકારો માટે શા કારણે ઓછો જોખમી અને વધુ વળતરદાયી છે તેની સમજ પણ આપી હતી, કિંતુ આ વખતે તેને નવા સંદર્ભમાં જોઈએ.

જ્યારે પણ શૅરબજારમાં કંઈ ન સૂઝે ત્યારે તેમ જ રોકાણ માટે મોટી રકમ પણ હાથમાં ન રહેતી હોય એવા સામાન્ય વર્ગ માટે એસઆઈપીનો માર્ગ ઉત્તમ માર્ગ બની રહે છે. આમ તો આ માર્ગ દરેક સંજોગોમાં ઉત્તમ છે, પણ ખાસ કરીને બજારની દિશા ન પકડાતી હોય ત્યારે એસઆઈપી વધુ શ્રેષ્ઠ સાધન બની જોય છે.

ઘણી વાર તો રોકાણકારો મંદી આવે કે બજાર ઘટવા લાગે ત્યારે એસઆઈપી બંધ કરી નાખવાની ભૂલ કરતા હોય છે, જ્યારે કે હકીકતમાં આ જ તો ખરો સમય છે, જેમાં એસઆઈપીમાં તેમને વધુ લાભ થવાનો હોય છે. એસઆઇપીના કિસ્સામાં જોવા મળયું છે કે બજારના ખરાબ સમયમાં પણ તેને જાળવી રાખો તો ૧૫ વરસમાં જે વળતર તમને પીપીએફ (પબ્લિક પ્રાવિડન્ટ ફંડ) આપે છે તેના કરતાં એસઆઈપી વધુ વળતર આપે છે.

એસઆઈપીમાં ટાગ ્રેટ સાથે રોકાણ કરો

એસઆઈપીને તમારાં લક્ષ્યો સાથે પ્લાન કરો, કેમ કે આમ કરવાથી તમને એ સ્પષ્ટતા રહેશે કે તમે કેટલા સમય માટે આ રોકાણ ધરાવી રાખવા માગો છો.

જો તમે સંતાનના ઉચ્ચ શિક્ષણ માટે એસઆઈપીમાં રોકાણ કરવાનું શરૂ કર્યું હોય તો એ કમ સે કમ ૧૦થી ૧૫ વરસનું હોવું જોઈએ. તમે પાંચ વરસ બાદ વિદેશ ટૂર પ્લાન કરી રહ્યા હો તો એ મુજબ ઈન્વેસ્ટમેન્ટનું આયોજન કરો. તમારા સંતાનના લગ્ન પ્રસંગ માટે આયોજન કરતા હો તો એ મુજબ લાંબા ગાળાનું પ્લાનિંગ કરો.

અહીં એક વાત એ પણ નાંધી રાખો કે આવાં તમામ પ્લાનિંગ તમારે વહેલાસર કરી રાખવાં જોઇશે. આમ પણ આ બધા પ્રસંગો માટે તમારે નાની રકમથી કામ નહીં ચાલે, પણ મોટી રકમ એકસાથે જોઇશે. જોકે એસઆઈપી તમે નાની રકમ સાથે પણ વહેલાસર શરૂ કરી દીધી હશે તો એ રકમ સમય જતાં મોટી થઈને તમને મળશે. વાસ્તે, એ ખાસ યાદ રાખો કે એસઆઈપી નાની ઉંમરથી જ શરૂ થઈ જોય. એસઆઈપીની ખાસિયત એ છે કે તે આપણને શૅરબજારના વળતરનો લાભ આપે છે, પરંતુ શૅરબજારના જોખમથી મહદંશે દૂર રાખે છે. વધુમાં એ પણ સમજો કે, એસઆઈપી

માત્ર ઇક્વિટી શૅરોમાં જ થાય એવું જરૂરી નથી, કિંતુ ડેટ સાધનોમાં પણ એસઆઈપી થઈ શકે છે, જે સિનિયર સિટિઝન્સ માટે વધુ અનુકુળ રહે છે, કારણકે તેનું જોખમ વધુ સીમિત બની જોય છે. એસઆઈપી મારફત આપણે આપણાં રોકાણમાં એવરેજ પણ કરી શકીએ છીએ, જે ઘણી વાર વ્યક્તિગત શૅરોમાં માંઘું પડી જતું હોય છે. પુનરાવર્તન ભલે થાય, પણ દોસ્તો, એસઆઈપીની અનોખી વિશિષ્ટતા જોણી લો કે આ એક એવું સાધન કે યોજના છે જેમાં રોકાણકારો શૅરબજારની તેજી કે મંદી બંને સ્થિતિમાં વિન-વિન સિચ્યુએશનમાં રહે છે. અર્થાત્ શૅરબજારમાં મંદી હોય તો તમારી એસઆઈપીમાં યુનિટ્સની સંખ્યા વધે અને તેજી હોય ત્યારે તમારા યુનિટની નાવ (નેટ એસેટ વેલ્યુ) વધે છે. આમ રોકાણકારના બંને હાથમાં લાડવા રહી શકે છે.

પ્રકરણ ૨૫

શું લાગે છે બજાર?

રોકાણ એ કળા છે, તમને ન સમજોય તો પ્રાફેશનલ પાસેથી સલાહ મેળવો, કિંતુ સાથે-સાથે તમારી સમજને વિકસાવવાનું ચાલુ રાખો

શૅરબજારમાં હવે પછી બીજોઓને સવાલો પૂછવા કરતાં જોતને પૂછવાનું શરૂ કરો

શૅરબજારમાં આ સવાલ આપણો દરેક માટે હોય છે. શા માટે આપણે બીજોને આવું પૂછીએ છીએ? કોઈને શું લાગે તેનાથી શું? પોતાનો રોકાણ નિર્ણય આપણે લેવાનો છે. બજારમાં શું લાગે છે તે વિશે તો દરેકનો જુદો જુદો મત હોઈ શકે, દૃષ્ટિ હોઈ શકે. આ જુદા જુદા અભિપ્રાય આપણને ગેરમાર્ગે દોરી શકે છે. સૌથી મહત્ત્વની વાત એ કે જયાં સુધી બીજોને બજાર શું લાગે છે એ પૂછતાં રહીશું ત્યાં સુધી આપણને શું લાગે છે એ વિચાર આવશે નહીં અને આપણે એ દિશામાં વિચારવાનું શીખીશું પણ નહીં.

હાલના ભાવે લેવાય?
શૅર લેવાના છે તમારે, જથ્થો તમે નક્કી કરવાના છો, કેટલો સમય માટે શૅર લેવા છે એ તમને ખબર હશે, તો પછી હાલના ભાવે લેવાય? એવું બીજો કોઈને પૂછવાનો અર્થ ખરો? આ કલેરિટી તમારી પાસે જ હોવી જોઈએ, કોઈ શૅર તમે માત્ર ત્રણ-છ મહિના માટે લેવાના હો તો અને કોઈ શૅર ૩ કે ૫ વરસ માટે લેવાના હો તો આ જ સવાલના જવાબ જુદા જુદા પણ હોઈ શકે. ત્રણ-છ મહિના માટે ન લેવા જેવો શૅર ૩-૫ વરસ માટે સારું રોકાણ પણ હોઈ શકે. વાસ્તવમાં ખરીદી ક્યારે કરો છો એ કરતાં કેટલા સમય માટે કરો છો એ બાબત વધુ મહત્ત્વની બની રહે છે.

કયા શૅર લેવા જેવા છે ?

દરેકના મનમા સતત રમતો અને ઊછળીને બહાર આવી જતો આ સવાલ સૌને પ્રિય પણ હોય છે. બજારમાં જેને ટિપ્સ કલ્ચર કહે છે તે એટલું સહજ થઈ ગયું છે કે તેજીમાં તો બધા જ એકબીજોને ટિપ્સ આપવા માંડે છે. આ કલ્ચરમાં માનતા રોકાણકારો એક જ વાત કરતા રહે છે, બીજું બધું સમજોવવાનું છોડો, કયા શૅર લેવા એ જ કહી દો ને! જો આવી સલાહ ખાતરીપૂર્વક આપી શકાતી હોત અથવા ટિપ્સ આપનાર દરેક વખતે સાચા જ પડતા હોત તો એ લોકો પોતે જ શૅર લઈને કમાઈ જોત નહીં! આ પણ ભિન્ન અભિપ્રાય ધરાવતા ટિપિકલ સવાલ છે, જેના જવાબો સમય સાથે સતત બદલાતા રહે છે. જો આપ આને શરણે થઈ જશો તો પોતે કયારેય અભ્યાસ કરીને શૅરો ખરીદવાનું વિચારશો નહીં. અલબત્ત, રેડીમેઈડ ટિપ્સ કયારેક ચાલી જોય છે ખરી, કિંતુ મોટે ભાગે તેમાં લોકો ભેરવાઈ જોય છે. ટિપ્સવાળી સ્ક્રિપ્સના ભાવ વધે છે ત્યારે રોકાણકારો કયારે નીકળી જવું એ નકકી કરવામાં રહી જોય છે. વાસ્તે આવા સવાલ પૂછવા કરતાં તમે પોતે રોકાણલાયક શૅર શોધવાનું રાખો તો વધુ બહેતર છે અને ટિપ્સ મેળવવાનું થાય તો પણ સૂનના સબકી ,લેકિન કરના અપને મન કી જેવો તાલ રાખજો.

હજી વધશે કે હજી ઘટશે ?

આપણે મોટે ભાગે શૅરબજારમાં આ બે બિંદુ પર અટવાયેલા રહીએ છીએ. એક જ્યારે ખરીદવાની વાત આવે ત્યારે બજાર હજી ઘટશે એવી ધારણાએ ખરીદવાનું ટાળીએ છીએ અને બજાર વધતું હોય ત્યારે હજી વધશેની આશાએ વેચવાનું મુલતવી રાખી દઈએ છીએ. પરિણામે આપણે બંનેતરફી તક ગુમાવીએ છીએ, કેમ કે બજારની બાટમ અને ટાપ કોઈ કહી શકતું નથી. અર્થાત્, આ બંને સવાલોમાં અટવાવા કરતાં સમયસર ખરીદી અને સમયસર વેચાણ કરી દેવાં સારાં. ખરીદતી વખતે તમારે એ ભાવે શૅર લેવાની તમારી તૈયારી છે કે નહીં અને વેચતી વખતે એ ભાવે પ્રાફિટ મળે તો તમને સંતોષ છે કે નહીં એ જોવાનું છે. બજાર તો તેની ચાલ મુજબ ચાલતું રહેશે. ખરીદવાનો નિર્ણય લેવામાં મોડું થાય ને ભાવ વધી જોય અથવા વેચવામાં વિલંબ કરો ને ભાવ ઘટી જોય એવું બની શકે.

ઈન્ડેક્સમ કેટલો થશે?

સામાન્ય રીતે રોકાણકારો ઈન્ડેક્સમને એ રીતે જોતા રહે છે કે તેમની માટે ઈન્ડેક્સમ જ સમગ્ર માર્કેટ છે. જ્યારે કે ઈન્ડેક્સમ તેની અંદર સમાવાયેલી સ્ક્રિપ્સની વધઘટનો સંકેત છે. ઈન્ડેક્સમ વધ્યો હોય, પરંતુ ઘણી વાર તેની બહારની સંખ્યાબંધ સ્ક્રિપ્સ ઘટી હોય અથવા વાઈસ એ વર્સા (તેનાથી ઊલટું) પણ બની શકે. ઈન્ડેક્સમ વધશે, ચોક્કસ સમયમાં વધશે અને ૨૫૦૦૦ થશે કે ૫૦૦૦૦ થશે એવી ધારણા કે વાતોને સમયના પરિપ્રેક્ષ્યમાં બાંધી શકાતાં નથી. આપણે મુખ્યત્વે જેમાં રોકાણ કર્યું હોય છે એ સ્ક્રિપ્સને જ જોવી જોઈએ અને તેનાં ફંડામેન્ટલ્સને ધ્યાનમાં રાખવાં જોઈએ.

જોતઅનુભવ જ સાચો અને બહેતર માર્ગદર્શક

ઉપર મુજબના પાંચ સવાલો રોકાણકારોના મનમાં કાયમી ધોરણે રમતા હોય છે અને તેનો ઉત્તર તેઓ બીજોઓ પાસેથી શોધવા મથતા હોય છે. જો તેમની પોતાની એ વિશે કોઈ ધારણા હોય તો તેઓ એ ધારણાનું સમર્થન બીજોના જવાબોમાંથી મેળવવાનો પ્રયાસ પણ જોણતાં કે અજોણતાં કરતાં રહે છે.

રોકાણકારોના મનમાં જોગતા આ સવાલો તેમણે પોતાને જ પૂછવા જોઈએ, જેમાંથી તેમને ખરા કે વ્યવહારુ ઉત્તર મળશે. કોઈ પ્રાફેશનલ-નિષ્ણાતની સલાહ લેવા આવા સવાલો પુછાય એ જુદી વાત છે,

પરંતુ આખા ગામને કે જે મળે તેને આવા સવાલો પૂછવામાં ગેરમાર્ગે દોરાઈ જવાની શકયતા વધુ રહે છે. આ જૂના ટિપિકલ સવાલોને ત્યાગી નવી જોગૃતિ તથા નવા અભિગમને મજબૂત બનાવવાનું નકકી કરીએ. જોતઅનુભવ જ એક બહેતર શિક્ષક-માર્ગદર્શક બની શકે છે.

પ્રકરણ ૨૬
શૅરબજારનું વળતર લાંબે ગાળે એકંદરે સારું

પાંચ રૂપિયાથી ૫૦૦ રૂ. સુધીની ચીજવસ્તુ લેતી વખતે ભાવ, તાલ, Gવાલિટી જુઓ છો તો હજોરો રૂ.ના શૅર લેતી વખતે કંપનીની Gવાલિટી જુઓ છો ખરા?

માનો યા ન માનો, પરંતુ શૅરબજાર લાંબા ગાળે સારું વળતર આપે જ છે, બજારની મંદીની સ્થિતિ જોઈ ચિંતામાં મુકાઈ જતા રોકાણકારોને આ વાત ગળે ન ઊતરે એમ બની શકે, પણ હકીકત એ છે કે છેલ્લા ત્રણ દાયકાના આંકડા જોઈએ તો સેન્સેGસના શૅરોમાં વીતેલાં ૩૨ વરસોમાં કેવળ આઠ વખત સેન્સેક્સે નેગેટિવ વળતર આપ્યું છે. તેમાં પણ જ્યારે જ્યારે તેણે ઉપરાઉપરી બે વર્ષ નેગેટિવ રિટર્ન આપ્યું હોય ત્યારે પછીનાં ૬થી ૭ વરસોમાં સેન્સેક્સે અસાધારણ વળતર આપી દીધું છે. વાસ્તવમાં છેલ્લાં ૩૨ વરસોમાં સેન્સેક્સ શૅરોમાં કમ્પાઉન્ડિંગ એન્યુઅલ ગ્રોથ રેટ (વાર્ષિક વૃદ્ધિ દર) ૧૬.૮૦ ટકા રહ્યો છે. ઈન શાર્ટ, ૩૨ વરસમાં રોકાણકારના રૂપિયા દસ લાખ ૧૪૦ ગણા વધીને રૂપિયા ૧૪ કરોડ થયા છે. જોકે આવા ૩૨ વરસ સુધી શૅરો જોળવી રાખનાર રોકાણકારો કેટલા હશે એ મસમોટો સવાલ છે, પરંતુ કહેવાનું તાત્પર્ય એ કે લાંબા ગાળા સુધી સારા શૅરો જોળવી રાખનાર મોટે ભાગે સારું વળતર પામે છે, વાસ્તે વચ્ચેના સમયગાળામાં બજારની નબળી સ્થિતિમાં પેનિકમાં આવી શૅરો વેચી દેવાની ભૂલ ટાળવા જેવી છે.

૧૯૮૦થી ૨૦૧૧સુધીની સ્થિતિ

૧૯૮૦થી આ આંકડાકીય ચિત્ર જોઈએ, ૧૯૮૦માં સેન્સેક્સ શૅરોમાં ૨૮.૮૬ ટકા, ૧૯૮૧માં ૪૯.૫૬ ટકા, ૧૯૮૨માં ૩.૫૬ ટકા, ૧૯૮૩માં ૭.૨૦ ટકા, ૧૯૮૪માં ૮.૧૫ ટકા અને ૧૯૮૫માં ૧૦૦.૯૫ ટકા રિટર્ન છૂટયું હતું. ત્યાર બાદ ૧૯૮૬ અને ૧૯૮૭માં અનુક્રમે ૧.૩૪ ટકા અને ૧૮.૪૩ ટકા નેગેટિવ વળતર છૂટયું હતું. એ પછી ૧૯૮૮માં ફરી સુધારા સાથે ૪૯.૬૦ ટકા, ૧૯૮૯માં ૧૮.૮૫ ટકા, ૧૯૯૦માં ૨૭.૫૬ ટકા, ૧૯૯૧માં ૯૫.૮૮ ટકા, ૧૯૯૨માં ૩૩.૬૨ ટકા, ૧૯૯૩માં ૨૭.૯૪ ટકા, ૧૯૯૪માં ૧૭.૫૧ ટકા રિટર્ન છૂટયાં બાદ પુન: ૧૯૯૫માં ૨૦.૪૫ ટકા નેગેટિવ રિટર્ન જોવાયું હતું, ૧૯૯૬ અને ૧૯૯૭માં અનુક્રમે ૪.૨૪ ટકા અને ૧૩.૩૧ ટકા પોઝિટિવ વળતર જોવાયું હતું, ૧૯૯૮નું વર્ષ ૧૭.૧૭ ટકાના નેગેટિવ વળતર સાથે પૂરું થયું, પણ ૧૯૯૯માં ફરી ૬૩.૫૭ ટકા ફેન્ટાસ્ટક વળતર જોવા મળ્યું. ૨૦૦૦ અને ૨૦૦૧માં જોકે અનુક્રમે ૨૦ અને ૧૭ ટકા રિટર્ન નેગેટિવ થઈ ગયું. ૨૦૦૨માં ૪.૪૪ ટકા જેવું નજીવું વળતર રહ્યું, પણ ૨૦૦૩માં ૭૪ ટકા જેવું ઊંચું વળતર જોવાયું. ૨૦૦૪માં ફરી માત્ર ૧૧ ટકા જેવું સામાન્ય વળતર અને ૨૦૦૫,૦૬,૦૭માં અનુક્રમે ૪૨, ૪૮ અને ૪૫ ટકા જેવું સારું વળતર ઊપજ્યું હતું. જોકે ૨૦૦૮ ગ્લોબલ ક્રાઈસિસને લીધે ૫૧ ટકા નેગેટિવ વળતરવાળું રહ્યું, પણ પછી ૨૦૦૯માં જબરજસ્ત સુધારો જોવા અને વળતર ૭૬ ટકા જેવું ઊંચું થયું. ૨૦૧૦માં જે માત્ર ૧૭ ટકા જેવું રહ્યું અને ૨૦૧૧માં તે ૧૭ ટકાથી વધુ નેગેટિવ થઈ ગયું.

૩૨ વરસમાં ૧૦ લાખના થયા ૧૪ કરોડ

આમ ૩૨ વરસના આ ઇતિહાસને જોઈએ તો સેન્સેક્સ શૅરોમાં રોકાણ કરનારને જો

તેમણે શૅરો જાળવી રાખ્યા હોય તો ૨૫ ટકા સમય નેગેટિવ રિટર્ન મળ્યું છે, જ્યારે ૭૫ ટકા સમયે પોઝિટિવ વળતર પ્રાપ્ત થયું છે, મજાની વાત એ છે કે જે બે વરસ સતત મંદીના ગયા હોય તે પછીના છ-સાત વરસમાં એ જ શૅરીએ ૫૦૦થી ૭૦૦ ટકાથી પણ વધુ વળતર આપી દીધું હોવાનું પણ નોંધાયું છે. જેમ અગાઉ કહ્યું તેમ આ સેન્સેક્સ શૅરોમાં દસ લાખ રૂપિયા રોકીને જાળવી રાખનારને એ ૩૨ વરસોમાં રૂપિયા ૧૪ કરોડ ઊપજ્યા ગણાય. આ દસ લાખની રકમ જો રોકાણકારે બૅન્કની ફિક્સ્ડ ડિપોઝિટમાં રોકી હોત તો એ ૩૨ વરસમાં રૂપિયા બે કરોડ ઉપર જ પહોંચી હોત.

માત્ર સેન્સેક્સના શૅરોની વાત

જોકે અત્રે એ યાદ રાખવું અને નોંધવું આવશ્યક છે કે આપણે જે આંકડાઓની ચર્ચા કરી છે તે સેન્સેક્સમાં સ્થાન ધરાવતા શૅરોની જ છે, આ આંકડા સમગ્ર બજારનું ચિત્ર કે સ્વરૂપ રજૂ કરતા નથી. અન્ય શૅરોમાં આનાથી વધુ સારી સ્થિતિ અથવા વધુ ખરાબ સ્થિતિ પણ હોઈ શકે. ઇન શૉર્ટ, સાવ જુદી સ્થિતિ હોઈ શકે. વાસ્તે એક બોધ એ પણ લઈ શકાય કે લાંબા ગાળાનું રોકાણ લાંબે ગાળે ફળે જ છે, પણ એ સારી -ફંડામેન્ટલી મજબૂત કંપનીના શૅરમાં હોવું અનિવાર્ય છે. સેન્સેક્સ હોય કે નિફ્ટી, સામાન્ય રીતે આ બેન્ચમાર્ક ઇન્ડેક્સમાં શ્રેષ્ઠતમ કંપનીઓ જ હોય છે, જેમાં સંજોગોવશાત્ ભાવમાં ચઢ-ઊતર થાય એ જુદી વાત છે.

પ્રકરણ ૨૭
વધઘટ તો થયા જ કરવાની, તમે શૅરબજારની ચાલના ગુલામ નહીં બનો

તેજી એ ખરેખર ખરીદવાનો ઓછો અને વેચવાનો વધુ સમય છે, જ્યારે મંદી એ વેચવાનો જરાય નહીં, પરંતુ ખરીદવાનો ખરો સમય છે

ભારતનો આઝાદી દિવસ પંદરમી ઑગસ્ટ દર વરસે ઊજવાય છે. જેમાં વિકાસની અને રાષ્ટ્રનિર્માણની ચર્ચા થાય છે. આગામી લક્ષ્યોની વાતો થાય છે, પરંતુ હજી આપણી ગુલામી પૂરેપૂરી ગઈ નથી. એક યા બીજા પ્રકારે આપણે હજી ગુલામ છીએ, દેશ પણ. ખૈર, હજી દેશમાં ક્યાંક ગુલામી છે તો તે માટે સંયુક્ત રીતે આપણે પણ જવાબદાર છીએ. જોકે આપણે અહીં દેશની નહીં, બલકે શૅરબજારમાં રોકાણ પ્રત્યેની આપણી ગુલામી અને આઝાદીની વાત કરીશું.

બજારની ચાલની ગુલામી

પહેલી વાત તો શૅરબજારમાં રોકાણ કરવાની બાબતમાં આપણે બજારની ચાલના અને વિદેશી રોકાણકારોના વધુપડતા ગુલામ રહીએ છીએ, કેમ કે આપણું માનસ જ હજી શૅરમાં રોકાણ કરતી વખતે શંકાશીલ અને ચંચળ છે. બજાર ઉપર જાય તો આપણે તેજીના ગુલામ અને બજાર નીચે જાય તો મંદીના ગુલામ. આપણી પાસે સ્થિર વિચારધારા શૅરબજારની બાબતમાં છે ખરી? કયારેક ચોમાસાના અભાવે બજાર ઘટાડા તરફી ટ્રેન્ડમાં આવી જાય, તો કયારેક વિશ્વનાં બજારોમાં કડાકો આવતાં આપણું બજાર પણ ખાસ્સું તૂટી જાય. બજારની ચાલ તો એક યા બીજા કારણસર બદલાતી રહેતી હોય છે, તેથી જ રોકાણકારે પોતાની ચાલને પકડી રાખવી જોઈએ. અમે એમ નથી કહેવા માગતા કે બજારની કયારેય ચિંતા કરવી નહીં, કિંતુ પેનિકમાં આવવાને બદલે બૅલેન્સ થવાની જરૂર હોય છે. હા, ટ્રેડિંગ કરતા હો તો સાચવો, મોટા ખેલાથી દૂર રહો અને લૉંગ ટર્મ માટે રોકાણ કરતા હો તો હજી ઘટશે - હજી ઘટશેની માત્ર રાહ જોવાને બદલે લગડી શૅરો ઘટેલા ભાવે થોડી-થોડી માત્રામાં ભેગા કરવાનું વિચારવું જોઇએ. વરસાદ કુદરતના હાથમાં હોય છે તેના પર કોઈનો અંકુશ હોતો નથી, પરિણામે ધીરજ અને સંયમ જરૂરી બને છે.

વિદેશી રોકાણકારોની બાબતમાં હજી પણ મોટે ભાગે આપણાં શૅરબજારો ગુલામીમાં ખરાં, કેમ કે બજારને ઉપર તેઓ લઈ જાય છે, બજાર નીચે પણ તેમને કારણે આવે છે. આપણા દેશનો પોતાનો ઈન્વેસ્ટર બેઝ બધી રીતે ખૂબ મર્યાદિત છે, પરિણામે બજાર પર એફઆઈઆઈનું વર્ચસ મોટું છે અને આપણી આઝાદી હજી ખૂબ દૂર છે. તેમાં વળી હેજ ફંડોનો હાઉ પણ કાયમ ઊભો હોય છે, જેનો ભરોસો તો વિશ્વનાં બજારો પણ કરતાં નથી.

વૈશ્વિક સંજોગોની ગુલામી

આપણી બજારે એફઆઈઆઈ ઉપરાંત સતત વૈશ્વિક સંજોગોનું પણ નિરીક્ષણ કરતા રહેવું પડે છે. વૈશ્વિકવિદેશી બજારના હાલ પણ આપણી બજારને બેહાલ કરવામાં નિમિત્ત બનતા હોય છે. આપણે જોયું છે કે સબપ્રાઈમ અને ગ્લોબલ ક્રાઈસિસે આપણી

બજારની વગર વાંકે કેવી દશા કરી હતી. ફરી અહીં એ જ મુદ્દો ઉપસ્થિત થાય છે કે આપણા ઈન્વેસ્ટરોનો પાયો હજી કાચો, નાનો, અપરિપક્વ અને વિશ્વાસ અધૂરો છે. આપણા દેશની ઘરગથ્થુ બચતોનું પ્રમાણ ઊંચું છે, પરંતુ આમાંથી બહુ અલ્પ પ્રમાણમાં શૅરબજારમાં રોકાણ આવે છે, પરિણામે આપણી બજાર આપણે નહીં, વિદેશી ઈન્વેસ્ટર્સ વધુ ચલાવે છે એમ માનવું પડે. શૅરબજારમાં સીધું રોકાણ જોખમી લાગતું હોય તો મ્યુચ્યુઅલ ફંડનો માર્ગ અપનાવીને પણ ઈનવેસ્ટરો પોતાનો પાયો વિસ્તારી શકે છે. આ માર્ગ વર્તમાન સંજોગોમાં જરૂરી પણ બનતો જાય છે. જોકે છેલ્લાં અમુક વરસથી ભારતીય મ્યુચ્યુઅલ ફંડ્સનો હિસ્સો શૅરબજારમાં વધતો રહ્યો છે.

ઈન્વેસ્ટર નિર્ણય લેવામાં આઝાદ બને

આ બધાં મોટાં પરિબળો વચ્ચે સામાન્ય રોકાણકારોની ટોળાને અનુસરવાની, ટિપ્સ કલ્ચરમાં ફસાઈ જવાની, ઝટપટ પૈસા કમાવાની માનસિક ગુલામી તો છે જ. આ ગુલામીમાંથી ઈન્વેસ્ટરોને તેમના પોતાના સિવાય કોઈ આઝાદ કરી શકે નહીં. આ આઝાદી જ તેમને સંપત્તિના સર્જન તરફ લઈ જઈ શકે છે. રોકાણકાર પોતાના નિર્ણયમાં (બીજાની સલાહ-સૂચનો ભલે લે). આઝાદી રાખશે તો એ પરિપક્વ રોકાણકાર બની શકશે. આ માટે શરૂમાં ક્યાંક તેને નુકસાની પણ થઈ શકે, પરંતુ આ કામ ટોળાને અનુસરવા કરતાં ઓછું નુકસાન કરાવશે અને ઈન્વેસ્ટર નાની-નાની રકમના ઈન્વેસ્ટમેન્ટથી પોતાની આ આઝાદી માણી શકે છે. આ અનુભવ તેમને ખરા અર્થમાં સ્માર્ટ ઈન્વેસ્ટર બનાવશે.

પ્રકરણ ૨૮
આગાહીને પકડીને નહીં ચાલો, તેના સંકેતને જાણો

રોકાણ અને સટ્ટાના ફરકને સમજીને આગળ વધો

આગાહીનો આધાર સમાન કારણોને સમજો. આ બજાર બહુ જ સ્વતંત્ર અને મિજાજી છે તેને માત્ર પોતાની ચાલે કે મૂડ પ્રમાણે ચાલવું જ ફાવે છે, જેઓ આ સત્ય નથી સમજતા તેઓ ગમે ત્યારે ગબડી પડે છે.

શું તમારે ફટાફટ ભરપૂર રૂપિયા કમાવા છે? તો આવો શૅરબજારમાં. શું તમારે ફટાફટ રૂપિયા કેવી રીતે ગુમાવાય છે એ જોવું છે? તો આ શૅરબજારમાં. આટલું વાંચ્યા બાદ આપને મારી વાતમાં જબરજસ્ત વિરોધાભાસ લાગશે, પરંતુ આ વિરોધાભાસ સત્ય અને હકીકત આધારિત છે. શૅરબજારમાં ઉપરની બન્ને વાત સંભવ બને છે. કમાવાની અને ગુમાવવાની પણ. અહીં ફટાફટ શબ્દનો અર્થ ખાસ સમજી લેવો જોઈએ, કારણકે ફટાફટ આ બન્ને બાબતોમાં જોવા મળે છે અને ફટાફટ એ જ સૌથી મોટી સમસ્યા છે.

આ બજારમાં મોટે ભાગે સૌની ઝડપી-ફટાફટ નાણાં બનાવવાની ઇચ્છા રહે છે. અહીં ધીરજની માત્ર સૈદ્ધાંતિક વાતો થાય છે, બાકી લોકો શૅર ખરીદે એ જ ઘડીથી તેના ભાવોને જોતા થઈ જાય છે, એટલું જ નહીં, બીજા દિવસથી એ ભાવો સતત જોતાં રહેવું એ તેમનો નિયમ બની જાય છે. આ બજારના રોકાણકાર-ખેલાડીઓ પરમાત્માને પણ પ્રાર્થના કરે તો કહે છે કે, હે પ્રભુ, મને ખૂબ ધીરજ આપજે, પણ જરા જલદી કરજે.

શૅરબજાર સ્વભાવે તો ચંચળ છે, પરંતુ તે ચંચળતાને જન્મ આપનારા એ લોકો જ છે, જેમને શૅરબજારમાં ડબલ મની બનાવવામાં જ રસ છે, પછી ભલે તે ટ્રબલ મની બની જાય. કિંતુ વારંવારના બોધ બાદ પણ લોકોને આ સત્ય સમજાતું નથી.

સમાચારોની હેડલાઈન્સ જુઓ

જ્યારે પણ ગ્લોબલ ક્રાઈસિસની અસર આપણને જોવા મળે છે ત્યારે એકએક દિવસમાં બજાર ક્યાંથી ક્યાં ટર્ન લઈ લે છે. તમે શૅરબજારના અહેવાલો કે સમાચારોની હેડલાઈન્સ વાંચશો તો એવું જોવા મળશે કે યુરોપિયન આર્થિક કટોકટીને લીધે ભારતીય બજારમાં મોટું ગાબડું વાળું હેડિંગ અને બરાબર બીજે કે ત્રીજે દિવસે યુરોપિયન બજારના સુધારાને પગલે ભારતીય શૅરબજારમાં જબ્બર ઉછાળો એવું હેડિંગ જોવા મળે છે. અહીં આપણને એ સવાલ થવો જોઈએ કે શું આ બે દિવસમાં પેલા દેશની કટોકટી ઉકેલાઈ ગઈ? એવું તે શું થઈ ગયું કે બજાર ઘટવાનું બંધ થઈ ઉછાળા મારવા લાગ્યું? અલબત્ત, બજારની ભાષામાં આને સેન્ટિમેન્ટ કહે છે, જે ક્યારેક બજારમાં ઉત્સાહ ભરી દે છે તો ક્વચિત્ પેનિક ફેલાવી દે છે. આ પ્રકારના માહોલમાં જો તમે સમાચારો કે અખબારોની હેડલાઈન્સ કે એક્સપર્ટ કૉમેન્ટ્સને આધારે રોકાણ નિર્ણય લેતા રહેશો કે બદલતા રહેશો તો કાયમ મૂંઝવણમાં રહેશો અને બજારમાં આવે

કે ન આવે તમારી અંદર સ્ટેબિલિટી ક્યારેય નહીં આવે. જો તેમ ટ્રેડર છો તો વાત જુદી છે, અન્યથા રોકાણકાર તરીકે સંયમ અને સ્થિરતા જાળવી રાખો. આવે વખતે પણ તમે બજાર કરતાં તમારા શૅરો પર ધ્યાન રાખો. એ મજબૂત હશે તો ઘટીને પણ પાછા વધશે. જેથી સમાચારોને પગલે બજારથી દોરવાઈ જવાનું ટાળો.

આગાહીથી આઘા રહો..

શૅરબજારમાં અને શૅરબજાર માટે છાશવારે, રોજનાં ધોરણે કે પછી કલાકોના ધોરણે પણ આગાહી થતી રહે છે. સાચા-ખોટા નિષ્ણાતો કે એનાલિસ્ટો બજારમાં હવે કરેક્શન આવશે, બજાર ૧૦ ટકા સુધી નીચે જઈ શકે, બજાર અમુક લેવલ પર બૉટમ બનાવશે અથવા બજારમાં હવે રિકવરી શરૂ થશે, બજાર ત્રણ મહિનામાં ચોક્કસ સપાટી વટાવશે, વગેરે જેવી આગાહીઓનો દોર બજાર માટે, તેના બેન્ચમાર્ક ઇન્ડેક્સ માટે ચાલતો રહે છે, માર્ચ ૨૦૧૧ સુધીમાં સેન્સેક્સ ૨૦ હજાર થઈ જશે એવી આગાહી જૂન ૨૦૧૦માં થઈ હોય ત્યારે માર્ચ ૨૦૧૧માં એવું બને જ એ જરૂરી નથી અને એ વખતે કોઈને યાદ પણ નથી હોતું કે જૂન ૨૦૧૦માં આવી આગાહી થઈ હતી, પરંતુ આગાહી થઈ હોય છે ત્યારે લોકો તેનાથી ક્યાંક દોરવાઈ જાય છે, પછી એ બજાર વધવાની કે ઘટવાની આગાહી હોય. અલબત્ત, આવી આગાહી કોણે કરી છે, તેનો કેટલો પ્રચાર થયો છે એના પર મોટો આધાર રહે છે. આગાહી શૅરદીઠ કે કંપનીદીઠ તેમ જ સેક્ટરદીઠ પણ થતી હોય છે. અહીં એ નોંધવું પણ જરૂરી છે કે આગાહી કરનારા એટલી મોટી સંખ્યામાં તેમ જ વિભિન્ન વર્ગમાંથી હોય છે કે ઘણી વાર એક જ બાબત માટે જુદી-જુદી વ્યક્તિ તરફથી જુદી જુદી આગાહી, અર્થાત્ વિરોધાભાસી આગાહી પણ થાય છે, એટલે કે એક આગાહીમાં બજાર કે શૅર નીચે જવાની વાત હોય અને બીજાની આગાહીમાં શૅર કે બજાર ઊંચે જવાનું કહેવાયું હોય.

આમાં પણ વળી કેટલાક મંદીની તો કેટલાક તેજીની આગાહી કરનારા હોય છે. આમ કરવામાં તેમનું ક્યાંક પોતાનું હિત પણ હોઈ શકે છે. ઇન શૉર્ટ, રોકાણકારો આગાહીથી આઘા રહે એ જ સલાહભર્યું છે. હા, આગાહીને એક સંકેત કે ધારણા તરીકે જોવામાં ખોટું નથી. આગાહી જેના આધારે થઈ છે તે કારણો મૂલવવાં જોઈએ અને એ પછી જજમેન્ટ લેવું જોઈએ. બાકી આગાહી કરનારા પવનની દિશાને આધારે પોતાની આગાહીની દિશા પણ બદલી નાખતાં હોય છે.

પ્રકરણ ૨૯
શેરબજારને કાં રોજ જુઓ, અન્યથા અમુક વર્ષે જ જુઓ!

તમારી બધી જ મૂડી શૅરબજારમાં લગાવી દેવાને બદલે ૨૫ ટકાથી શરૂઆત કરો

વિશ્વવિખ્યાત ઈન્વેસ્ટમેન્ટ ગુરુ વોરેન બફેટ કહે છે કે શૅરબજારમાં રોકાણ કરો એ પછી આ બજારને પાંચ વરસ માટે તાળું લાગી ગયું છે અને હવે તે પાંચ વરસ પછી જ ખૂલશે એમ સમજીને ચાલો. અર્થાત્, શૅરબજારમાં રોકાણ કરી એ પછી તેને ત્રણથી પાંચ વરસ જુઓ જ નહીં. જુઓ નહીં એટલે લિટરલી જુઓ નહીં. ભાવ- તાલ, ટ્રેન્ડ, અફવા, વાતો, વિવાદો, વધઘટ વગેરે કંઈ જ નહીં જુઓ. જો રોજ જોવાનું રાખશો તો સમયસર પ્રૉફિટ બુક કરવાનો અભિગમ પણ પકડી રાખવો પડશે અને ઉછાળે વેચવાનું તેમ જ ઘટાડે ખરીદવાનું વલણ પણ જાળવી રાખવું જોઈશે. આ બાબતને ચૂકી જવી જોઈએ નહીં. કારણકે આમ નહીં કરો તો તમે કમાવાની તક ગુમાવતા જશો અને દર વખતે અફસોસ પણ કરતા રહેશો. પણ હા, દર વખતે વિવેકબુદ્ધિનો ઉપયોગ જરૂરી છે, જેથી પેનિકમાં આવી જવાય નહીં.

કિંતુ જો કોઈ કારણસર રોજ બજારને જોવાનું માફક નથી આવતું તો બહેતર રહેશે કે ત્રણ કે પાંચ વરસ સુધી બજારને જોવાનું રાખો નહીં. આમ કરવું ખૂબ જ કઠિન છે, તેથી આમ કરવામાં જીવ ન ચાલે છથી બાર મહિનામાં એકવાર તમારા શૅરોને જોવાનું રાખો, તેની સમીક્ષા કરો અને કોઈ ભૂલ જણાય તો તેને સુધારી લો અને કોઈ નવી તક દેખાય તો ઉપાડી લો. યાદ રાખો, જો તમે લૉંગ ટર્મ માટે રોકાણ કર્યું છે અને શૉર્ટ ટર્મની બજારની વધઘટને જોયા કરશો તો તમારા બ્લડપ્રેશરમાં પણ વધઘટ થયા કરશે અને તેને લીધે તમે ખોટા અથવા કસમયના નિર્ણયો લઈ લો એવું બની શકે.

નૉર્મલ પ્રૉફિટ કે સુપર પ્રૉફિટ જોઈએ છે?

જો બજારને રોજેરોજ જોશો અને સાથે ચાલશો તો સતત એલર્ટ રહેવું પડશે. તમે રોકાણકાર ઓછા અને ટ્રેડર કે સ્પેક્યુલેટર વધુ બની જશો. ખૈર, એમાં કશું ખોટું નથી, પરંતુ તમારે રોકાણકાર બનવું કે પછી સ્પેક્યુલેટર એ પહેલાં નકકી કરી લો. મારે પુનરાવર્તન સાથે એ જ કહેવું છે કે જો લાંબા ગાળાના રોકાણકાર હો તો લાંબા ગાળા પર જ દૃષ્ટિ રાખો. ઈન શૉર્ટ, ચર્ચગેટ જવું છે તો શાંતિથી મરીન લાઈન્સ સુધી બેસી રહો, દરેક સ્ટેશને ઊતર-ચઢ કર્યા કરશો તો વારંવાર ટ્રેન ચૂકી જાવ એમ બની શકે. આમ જો બજારને રોજે રોજ જોઈ લે-વેચ કર્યા કરશો તો શૉર્ટ ટર્મમાં નૉર્મલ પ્રૉફિટ કે લૉસ બંનેમાંથી કંઈ પણ થઈ શકે.

જ્યારે લૉંગ ટર્મમાં પ્રૉફિટની અને ખાસ કરીને સુપર પ્રૉફિટની સંભાવના ઊંચી રહે છે. તેમ છતાં પ્રૉફિટ કરી જ લેવો હોય તો ઊંચામાં કરી લો, પણ પછી નીચામાં ખરીદવાનું રાખો, ત્યાર બાદ હજી ઘટશે-હજી ઘટશેની રાહમાં રહી ન જાવ એનું ધ્યાન રહે.

બજારને નહીં, તમારા શૅરોને જુઓ

શૅરબજારને વિવિધ કારણોની અસર થયા વિના રહેતી નથી, પરંતુ કંપની જો મજબૂત અને વિકાસલક્ષી છે તો તેમાં કરાયેલું રોકાણ વળતરદાયી બને જ છે, અલબત્ત, તેને

સમય આપવો પડે. તમે એ જોઈ લો કે તમે જે શૅરોમાં રોકાણ કર્યું છે તે કંપની કેવી છે. એક વાત સ્પષ્ટ સમજી લો કે શૅરબજારમાં લાંબે ગાળે બજાર વધે જ છે. જ્યારે સેન્સેક્સ ૮ હજારથી ૧૨ હજાર અને ૧૨ હજારથી ૧૫ અને ૧૭ હજાર થયો અને છેવટે ૨૦-૨૧ હજાર પણ થયો હતો, ત્યાં સુધીમાં તેણે ઘણા આંચકા ઝીલ્યા, વધઘટ બતાવી, લોકોનાં પૉર્ટફોલિયોમાં ધરખમ ફેરફાર થયા. આ જ રીતે સેન્સેક્સ ૩૮ હજાર સુધી પહોંચતી વખતની યાત્રામાં પણ આવા જ આંચકા કે વધઘટ આવતા રહ્યા હતા. આવા સમયમાં જરૂરી હોય છે શૅરો પસંદ કરવાની સમજ અને તેને જાળવી રાખવાની ધીરજ.

બજાર ઘટે ત્યારે ખરીદીનો ઉત્તમ સમય ગણાય !

આપણાં શૅરબજારોને બદલે વૈશ્વિક-વિદેશી શૅરબજારોને જોવાનું ચલણ વધી રહ્યું છે, ત્યાં જે થશે તેની અસર આપણી બજારો પર અવશ્ય થશે, ફરક માત્ર અસરની માત્રાનો રહેશે. સેન્સેક્સ અને નિફ્ટી કરતાં અમેરિકા, લંડન, યુરોપના એક્સચેંજીસના ઈન્ડેક્સની વધુ ચિંતા થવા લાગી છે. સમયના ફરકને લીધે પણ ત્યાંના નિર્દેશો અહીં પહોંચી જતાં પવન દિશા બદલી નાખતો હોય છે. આપણાં શૅરબજારોની કરુણતા હાલ એ છે કે અહીં મજબૂત અર્થતંત્ર, પર્યાપ્ત પ્રવાહિતા અને વાજબી સેન્ટિમેન્ટ હોવા છતાં ઘણી વાર આપણી બજાર ઘટી જતી જોવા મળે છે.

રોકાણકારોની ભૂલોની પરંપરા

વાત અહીં પૂરી થઈ જતી નથી, આ જ રોકાણકારો પાછા બજારમાં જ્યારે તેજીનો દોર જોશે ત્યારે ફરી પ્રવેશવા ઉત્સુક થઈ જશે. એમ કરતાં પૂર્વે તેઓ પુનઃ એ તેજી સાચી છે કે ખોટી? એ વિશે સવાલ કે શંકા કરશે. ત્યાર બાદ મોડે-મોડે બજારમાં પ્રવેશશે અને જ્યારે બજારમાં કોઈ કારણસર મટાં કરેક્શન આવશે ત્યારે ફરી પેનિકમાં આવીને બહાર નીકળી જશે. વર્ષના અંતે જ્યારે જોશે કે બજારે એકંદરે ૩૦ ટકા વળતર આપ્યું છે તે જોઈ વિચારવા લાગશે કે અરે, પોતે કેમ ૩૦ ટકા નહીં કમાયા? શા માટે પોતે દર વખતે લોસ બુક કરવી પડી? જો સેન્સેક્સે વર્ષમાં સરેરાશ ૩૦ ટકા રીટર્ન આપ્યું છે તો પોતાને કેમ કોઈ લાભ ન થયો ?

વાસ્તવમાં આપણે બજારમાં તો જ સફળ થઈએ જે આપણે શૅરોને હૉલ્ડ કરી રાખીએ, બાકી સમાચારોને આધારે કે અન્ય પરિબળોની અસરોને લીધે વધતા-ઘટતા બજારમાં ખોટા સમયે લે-વેચ કરતાં રહીએ તો મોટે ભાગે હાથમાં કંઈ જ ન આવે અથવા લૉસ સ્વીકારવાની આવે. ૧૦૦માંથી ૯૦ રોકાણકારી આ દિશામાં આવી જતા હોય છે, જેઓ બજારની અંદર-બહાર થયા કરે છે. જોકે આ ટ્રેડરો નથી હોતા, ટ્રેડરો તો રોજે-રોજ લે-વેચ કરતા હોય છે, પરંતુ અમે જેની વાત કરી છે એ રોકાણકારો છે, જેમની ભૂલોની પરંપરા ચાલુ રહે છે.

પ્રકરણ ૩૦
રોકાણકારો મૂર્ખતા અને પ્રલોભનોની ગુલામીમાંથી આઝાદ થશે ?

લાલચ લપસણી હોય છે, નફો ઘરમાં લઈ જવાનું લક્ષ્ય રાખો અને સ્ટૉપલૉસનો નિયમ સમજી ખોટને વધતી અટકાવો

શૅરબજારમાં શૅરોની સાથે રમત કે ગોલમાલ થાય જ છે, પરંતુ સૌથી વધુ રમત રોકાણકારોની સાઈકૉલૉજી સાથે થાય છે. આ સાઈકૉલૉજીનો ઉપયોગ કરી અનેક ઑપરેટરો કે સટોડિયાઓ કે સ્થાપિત હિતો પોતાનું કામ આસાનીથી પાર પાડી લે છે. કેટલીક વાર આ મૂર્ખ બનાવનારાઓ પોતે રોકાણકારોના ઘરે આવીને અથવા તેમને ફોન કરીને કે પછી અખબારોમાં લખીને કે અન્ય મિડીયા મારફત પ્રૉફેશનલ ઢબે મૂર્ખ બનાવે છે તો વળી કયારેક મૂર્ખાઓના ટોળાં તેમની પાસે સામે ચાલીને આવે છે અને કહે છે, આવો અમને મૂર્ખ બનાવો. આ મૂર્ખ બનવાનાં અને બનાવવાનાં કામકાજ મફત સલાહોના નામે કયાં-કયાં માધ્યમોથી થાય છે એ વિશે ચર્ચા કરીએ. આમાં અપવાદ હોઈ શકે, પરંતુ મહદંશે તો લોકો કોઈ ચોક્કસ વર્ગના શિકાર જ બનતા હોય છે. વરસોથી રોકાણકારોની રક્ષાની અને જાગૃતિની વાતો તેમ જ પ્રયાસો થાય છે, જોકે મૂર્ખતાનો ઇલાજ કદાચ હજી થઈ શકે, પરંતુ લોભિયાઓને બચાવવાનું મુશ્કેલ બને છે.

એસએમએસ પર સલાહોના વરસાદ

આજકાલ રોકાણકારોને એસએમએસ યા વોટ્સ-એપ કે ઈ-મેઈલ પર ટિપ્સ અને સલાહ આપવાનો ટ્રેન્ડ શરૂ થયો છે. જેમાં કયા શૅરો લેવા, કયા વેચવા, શું સ્ટૉપ લૉસ રાખવો વગેરેથી માંડી ડબલ મની સ્કીમ, અવનવી ગૅરન્ટીઓ સાથેની ઈન્વેસ્ટમેન્ટ સ્કીમ, ઈનામી યોજનાઓ, ડિસ્કાઉન્ટ સ્કીમ, એક્સચેંજ સ્કીમ જેવા પ્રયોગો ચાલતા રહે છે. બજારનો ટ્રેન્ડ સતત જણાવીને રોકાણકાર વર્ગને માહિતગાર પણ રાખવામાં આવે છે, બચ્ચુ આજે નહીં તો કાલે જાળમાં આવશે એવા ઇરાદા સાથે રોકાણકારો પર આ સલાહોનો વરસાદ ચાલુ રાખવામાં આવે છે.

રોકાણકારોએ અહીં એ ધ્યાનમાં રાખવું જરૂરી છે કે આવા માધ્યમ કોઈ પણ રીતે રિલાયેબલ ગણાય નહીં. આમાં મોટે ભાગે છેતરામણી વાતો જ હોય છે, જેમાં તમે છેતરાઈ જાવ તોપણ છેતરનારને જવાબદાર ન ઠરાવી શકો એવી ચાલાકીથી આ કામ થાય છે.

વેબસાઈટ અને ઈ-મેઈલ મારફ્ત સલાહ

ઈન્ફૉર્મેશન ટેકનૉલૉજીનો યુગ હોવાથી હવે લોકો સુધી પહોંચવા માટે વેબસાઈટ અને ઈ-મેઈલનું માધ્યમ સૌથી અસરકારક પુરવાર થયું છે. રોકાણકારોને સલાહ-સૂચન આપતી વેબસાઈટ્સ હોલસેલમાં ખૂલી છે અને ખૂલતી જાય છે, જેમાં મોટે ભાગે રોકાણકારો મફત સલાહ-સેવાના નામે આકર્ષાય છે, આવી મોટા ભાગની વેબસાઈટ પર શૅરોની લે વેચ, સટ્ટાકીય પ્રવૃત્તિ, ડેરિવેટિવ્ઝ કૉન્ટ્રેક્ટ, ડે ટ્રેડિંગ કે ઈન્ટ્રા ડે કામકાજ વગેરે વિશે સલાહ અને ટિપ્સ આપવામાં આવે છે. જેમાં મૂળ તો ઝટપટ પૈસા કમાવાના

કીમિયા અપાય છે, ત્રણથી છ મહિનામાં શૅરોના ભાવો ક્યાંથી ક્યાં પહોંચશે એવા સંકેતો અપાય છે. કહેવાય છે કે આ બધાને કોઈ આધાર કે સત્તાવાર સમર્થન હોતું નથી. બલકે ઑપરેટરોની આ ગોઠવાયેલી બાજી કે જાળ હોય છે, જેમાં જે પ્રવેશ્યા તે ફસાયા. આવી વેબસાઈટ પર એવા આંકડા અપાય છે, જેમાં શૅરોના ભાવો વધ્યા હોવાના કિસ્સા જોવા મળે છે. આ આકંડા જોઈને ભલભલા રોકાણકારો લલચાઈ જાય એવું બની શકે છે.

હવે તો વળી બ્લોગ કલ્ચર પણ શરૂ થયું છે, જ્યાં સાચા-ખોટા નિષ્ણાતોનાં સલાહ-સૂચન અપાતાં રહે છે. ઘણી વાર તો આવી તમામ માહિતીમાં કહેતા ભી દીવાના, સૂનતા ભી દીવાના જેવો ઘાટ હોય છે. પરંતુ નાના અને સામાન્ય રોકાણકારો માટે તેમને સમજવું કઠિન હોવાથી તેઓ એક યા બીજી રીતે તેમની જાળમાં આવતાં રહે છે. ઈન શૉર્ટ, આ તમામ માધ્યમોમાં સલાહ અને માર્ગદર્શન મફત અપાતાં હોવાથી સૌને તેના પર ધ્યાન આપવાનું મન થાય છે. અને આ કામ એટલી આધુનિકતાપૂર્વક થાય છે કે તે લોકોને આંજી નાખવામાં પણ સફળ થઈ જાય છે. અમુક શૅરમાં કે ઑવરઓલ બજારમાં તેજી કે મંદી ફેલાવવામાં પણ ચૅનલો પરોક્ષ ભૂમિકા ભજવતી હોય છે.

પ્રકરણ ૩૧
શૅરબજારની ટ્રેનમાં પ્રવેશ્યા બાદ ક્યાં ઊતરવું છે અંધેરી, બાંદ્રા, દાદર કે ચર્ચગેટ ?

માણસોને માત્ર પૈસાદાર થવું હોતું નથી, તેમને બીજા કરતાં વધુ પૈસાદાર થવું હોય છે.

આપ બોરીવલીથી પીક અવર્સમાં ટ્રેન પકડો અને આપને અંધેરી ઊતરવાનું હોય તો આપ શું કરો? નૅચરલી દરવાજાથી થોડું નજીક ખૂણામાં ઊભા રહી જવાનું પસંદ કરો, પરંતુ બાંદ્રા ઊતરવાના હો તો? સંભવ છે કે આપ દરવાજાથી દૂર રહેશો. દાદર ઊતરવાનું હશે તો તો આપ અંદર જઈને બેસી પણ જશો, કિંતુ બાંદ્રા બાદ તુરંત ઊભા થઈ જશો અને છેલ્લે ચર્ચગેટ ઊતરવાનું હશે તો? અરે, પીક અવર્સમાં બોરીવલીથી તમે કદાચ દોડીને ટ્રેન પકડવાનો અથવા કાંદિવલીથી રીટર્ન થઈ વિન્ડો સીટ મળી જાય એવો પ્રયાસ પણ કરશો અને અંદર પ્રવેશી ગયા બાદ સીટ ન પણ મળી તોય એકંદરે રીલેક્સ હશો, કેમ કે ઊતરવાને વાર છે. છેલ્લા સ્ટેશને ઊતરવાનું છે, પરંતુ જો વચ્ચે અંધેરી, બાંદ્રા, દાદર ઊતરવાનું હશે તો શરૂથી જ થોડા ભારેખમ રહેશો, જેટલું જલદી ઊતરવાનું હશે તેટલો તનાવ વધુ રહેશે, કારણકે ભીડ છે અને ભીડ ન હોય તોપણ માનસિકતાની દૃષ્ટિએ આખરનાં સ્ટેશનો પર ઊતરવાનું હોય ત્યારે રીલેક્સ રહેવાય છે.

શૅરબજારને પણ આ નિયમ લાગુ પડે છે. શૅરબજારને જીવનની રોજબરોજની બાબતોથી પણ સમજી શકાય છે, કારણકે કેટલીક બાબતમાં સાઈકૉલૉજી કામ કરતી હોય છે. શૅરોમાં જેઓ ટૂંકા ગાળાનું રોકાણ કરતા હોય છે તેમની હાલત અંધેરી ઊતરવા જેવી હોય છે. બાંદ્રા-દાદર ઊતરનારા જેવી દશા મધ્યમ ગાળા માટે રોકાણ કરનારાઓની હોય છે, જ્યારે કે આખરી સ્ટેશનો પર ઊતરનાર લાંબા ગાળાના ઈન્વેસ્ટરોની જેમ રીલેક્સ હોય છે.

જોકે ઘણી વાર આ ત્રણેય પ્રકારના રોકાણકારો મૂંઝવણમાં મુકાઈ જાય એવા સંજોગો પણ સર્જાતા હોય છે, જ્યારે શૅરબજારની ગાડીનું સ્ટેશન કે ગતિ બંને નક્કી થઈ શકતાં નથી. ઈન્વેસ્ટરો પણ જુદા-જુદા મત વ્યક્ત કરતા હોય છે. કોઈ ઈન્વેસ્ટર કહે છે, ‘હું તો લૉંગ ટર્મ માટે જ રોકાણ કરું છું તેથી મને આ બજારની ચાલની કોઈ ચિંતા નથી’. તો વળી અમુક રોકાણકારની કથની એવી હોય છે કે તેમણે ઈન્વેસ્ટમેન્ટ જ કરવાનો ઇરાદો રાખ્યો હતો, પરંતુ તેમનો પ્રવેશ સેન્સેક્સની સર્વોચ્ચ સપાટી વખતે થયો હતો તેથી હવે તેમણે એ કરેલું રોકાણ ખોટમાં પરિણમી ગયું હોવાનું દેખાય છે. વાત તો સાચી છે, પરંતુ ટ્રેનમાં વચ્ચેથી ચઢ્યા હશે તો ગિરદી નડવાની જ છે અને આ તો વળી એવી ટ્રેન બની ગઈ કે તુરંત અમુક સ્ટેશન બાદ જ ટ્રેનમાં પાવર ફેઈલ થતાં આગળ જ ન વધી, તેથી મુસાફરોએ ઊતરીને નવી ટ્રેન પકડવી પડે.

શૅરબજારમાં આપ કયા સ્તરે પ્રવેશો છો એનું પણ મહત્ત્વ છે અને પછી ચોક્કસ તબક્કે નીકળી જવાનું સુદ્ધાં મહત્ત્વ હોય છે. જો એ નીકળવાનું ચૂકી ગયા તો પછી બની શકે કે વધુ સમય રાહ જોવી પડે. ત્રીજા પ્રકારના ઈન્વેસ્ટર એવી આપવીતી જણાવે છે કે તેણે

બરાબર ૧૬ હજારના સેન્સેક્સના સ્તરે પ્રવેશ કર્યો હતો અને ૨૦-૨૧ હજાર વખતે તેને ૪૦થી ૫૦ ટકા જેવું એકંદર વળતર મળી રહ્યું હતું, પરંતુ તેણે પ્રૉફિટ બુક કરવાનું જતું કરી રોકાણ પકડી રાખ્યું, જ્યારે કે હવે ભરપૂર પસ્તાઈ રહ્યા છે, તેમનો પૉર્ટફોલિયો મસ્ત મજાના પ્રૉફિટમાંથી લૉસમાં આવી ગયો છે. અહીં આશ્વાસન માત્ર એટલું જ છે કે તેમને આજની તારીખે નાણાંની એવી કોઈ તાતી જરૂર પડી નથી કે તેમણે લૉસ બુક કરી શૅરો વેચવાની નોબત આવે. હવે આ ભાઈ નવેસરથી તેજી આવે ત્યાં સુધીમાં ભાવો એવરેજ કરવા અથવા વધુ રાહ જોવાની ધીરજ રાખી બેઠા છે.

અમારા ધ્યાનમાં આવેલા ચોથા પ્રકારના ઈન્વેસ્ટર જણાવે છે કે તેઓએ ઈન્વેસ્ટમેન્ટ કરવાનું માંડી વાળી હવે ઈન્ટ્રા-ડે કરવા માંડ્યું છે, તેમને આશા છે કે રોકાણ કરીને થયેલી ખોટ ઈન્ટ્રા-ડે મારફત રીકવર થશે, જ્યારે અનેક નવા નિશાળિયાઓને એફ એન્ડ ઓનો ચસકો લાગ્યો છે, તેઓ સીધા ફ્યુચર્સ કૉન્ટ્રેક્ટ કરી રહ્યા છે. કમાય પણ છે અને ગુમાવે પણ છે. એફ એન્ડ ઓનું આ ઊંચું વૉલ્યુમ આવી માનસિકતાને આભારી છે, ગ્લોબલ ઈન્વેસ્ટમેન્ટ ગુરુ વોરેન બફેટે જેને મહાવિનાશક શસ્ત્રો (ફાઈનાન્સિયલ સેક્ટરના) કહ્યાં છે તે એફ એન્ડ ઓ આંતરરાષ્ટ્રીય સ્તરે પણ કેસીનો સમાન જ સાબિત થયાં છે. અહીં નવાઈની વાત એ છે કે જેમને સમજ નથી એવો બહુ મોટો વર્ગ આમાં પ્રવેશી ચૂક્યો છે. ખૈર, આ તો પીક અવર્સમાં ચર્ચગેટથી વિરાર ટ્રેન પકડી અંધેરી ઊતરવા જેવા જોખમની વાત છે, તેમ છતાં ‘બહાદુરો’ને દુ:સાહસ કરવાનો શોખ હોય છે.

જોકે અમને સૌથી રસપ્રદ પાંચમા પ્રકારના ઈન્વેસ્ટરની વાત લાગે છે, જે હજી સુધી બજારમાં પ્રવેશ્યો નથી અને કારમાં કડાકાથી મુક્ત રહ્યો છે. આ ઈન્વેસ્ટરે ૨૧ હજાર વખતે ૨૫ હજારની આશાએ પ્રવેશવાની તૈયારી કરી હતી, પણ બરાબર એ જ સમયે બજારે યુ ટર્ન લઈ લેતાં તે ભાઈ અટકી ગયા અને પછી તો બજારની દશા બગડતી જોઈ તેમણે વિચાર જ માંડી વાળ્યો અને અત્યારે પણ આ ઈનવેસ્ટર વિચારે છે કે હવે શું કરું? હવે પ્રવેશું? ૨૧ હજાર વખતે તેને ૨૫ હજારની આશા હતી અને ૮-૯ હજારના સેન્સેક્સ વખતે આ ઈન્વેસ્ટરને ૬-૭ હજારનો ભય દેખાયો. હવે, પ્રવેશવું છે, પણ હિંમત સાથ નથી આપતી ત્યારે અમને આશ્ચર્ય એ વાતનું થઈ રહ્યું છે કે જે રોકાણકારો ૨૦-૨૧ હજારના લેવલે શૅર ખરીદવા તૈયાર હતા, તેમને હવે ૮-૯ હજારના લેવલે કેમ પ્રશ્ન થાય છે, શેનો ભય લાગે છે?

ખરેખર તો ખરીદવાના સમયે જ લોકો બજારની બહાર કે દૂર થઈ જાય છે. જેઓએ લોસ કરી છે તેઓ દૂર થાય એ સહજ છે પણ જેમણે લોસ નથી કરી કે જેમણે મામુલી લોસ કરી છે અથવા હજી પ્રવેશ જ નથી કર્યો તેમની માટે સમય ખરો ન કહેવાય?

શૅરબજાર પણ ઘણી વાર જેઠાલાલની પત્ની દયા જેવું વર્તન કરે ત્યારે ઈન્વેસ્ટરો પણ આંચકો પામીને બોલી ઊઠતા હશે, ‘હે મા, માતાજી’

એક ગુજરાતી – શ્રોતા તરીકે તમને લેખક ‘તારક મહેતાનાં ઊંધાં ચશ્માં’ પર આધારિત હિંદીમાં આવતી ટી.વી. સીરિયલ ‘તારક મહેતા કા ઉલ્ટા ચશ્માં’ અવશ્ય ગમતી હશે અને તેમાં પણ ખાસ કરીને જેઠાલાલ તેમ જ તેની પત્ની દયાનું પાત્ર તો તમને ચોક્કસ

હસાવીને હળવા કરી નાખતું હશે, બોલો ખરું ને?

શૅરબજારની વાતમાં વળી આ જેઠાલાલ અને દયાની વાત ક્યાંથી આવે એવા આશ્ચર્ય સાથે સવાલ ઉઠાવો તે પહેલાં જ સ્પષ્ટતા કરી દઉં કે શૅરબજાર આ 'દયા' જેવું હોય છે. શૅરબજાર પાસે ડહાપણની બહુ આશા રાખવી નહીં. તે તમારી ધારણા પ્રમાણે નહીં તેના પોતાના સ્વભાવ પ્રમાણે વર્તન કરે છે.

આમ પણ શૅરબજાર ક્યારેય રૅશનલ હોતું નથી, તેની પાસેથી રૅશનાલિટીની (ડહાપણની) અપેક્ષા પણ રાખવી નહીં. ક્યારેક વિદેશનાં બજારો વધે એટલે આપણી બજાર વધે, એફઆઈઆઈની લેવાલી બજાર ચલાવે તો કવચિત્ અમેરિકાની બૅન્કોની નાદારી અહીં બજારને તોડી નાખે, ક્યારેક આતંકવાદ, ક્યારેક આર્થિક પરિબળો તો અમુક વાર રાજકીય પરિબળો, આ બજારને ક્યારે, કયું પરિબળ કેટલું અસર કરશે તેના વિશે કોઈ ધારણા બાંધી શકાય નહીં. અહીં કંઈ પણ ચાલી જાય છે કે ચલાવાય છે, સત્ય ખરેખર બહાર આવે છે કે નહીં એ સવાલ છે. ભલે લોકો 'દયા'ની જેમ બોલે 'એસા થોડા હોતા હૈ', પરંતુ શૅરબજારનું આવું જ છે. અહીં બજાર બહુ તૂટી જાય કે બહુ વધી જાય ત્યારે જ ઈન્વેસ્ટરોને આંચકો લાગે છે અને તેઓ બોલી ઊઠે છે, 'હે મા, માતાજી'.

આવે સમયે જેઠાલાલ દયાને કહે છે તેમ બજાર પણ તમને કહેશે, **'નોન-સેન્સ'.**

પ્રકરણ ૩૨
શૅરબજારમાં પણ સચ કા સામના માટે તૈયાર રહેવું જોઈએ

જ્યારે તમે શું કરી રહ્યા છો તેની તમને ખબર નથી હોતી ત્યારે જોખમ ઊભું થાય છે.

ટી.વી. પરના એક સમયના રિઆલિટી શૉ - સચ કા સામના વિશે ચર્ચા જોરશોરમાં થઈ હતી, વાત સંસદ સુધી પણ પહોંચી હતી અને આ શૉને બંધ કરાવી દેવાની માગણી પણ ઊઠી હતી. સત્ય આમ પણ સાંભળવું, બોલવું કે પચાવવું મુશ્કેલ હોય છે, તે પણ પાછું સમગ્ર સમાજ સામે, એમાં તો વળી કેટલાય અર્થો અને અનર્થો ભળી જતાં હોય છે. અલબત્ત, સત્યનું સ્વરૂપ અને તે કયા વિષયમાં છે એના પર પણ મોટો આધાર રહેતો હોય છે. લોકો મોટે ભાગે સત્ય સામે આખ મિંચામણાં કરી લેતા હોય છે અથવા મૌન ધરી દેતા હોય છે. ટૂંકમાં સત્યનો સામનો સરળ હોતો નથી.

આપણે અહીં ટેલિવિઝનના શૉ સચ કા સામના ની વાતો કરવી નથી, બલકે આપણે શૅરબજારના સત્યની વાત તેમ જ રોકાણકારો આ સત્યને સમજવામાં મોટે ભાગે જે ભૂલો કરે છે તેની વાતો કરવી છે. ઈન્વેસ્ટરો કાં તો સત્યને સમજતા નથી અથવા સત્યનો સામનો કરવાને બદલે ધારણાઓમાં રાચતાં રહે છે અને તેમાં ખોટા પડે ત્યારે દોષ શૅરબજારને આપતાં રહે છે. શૅરબજારમાં રોકાણકારો સત્યનો સામનો કરવાથી દૂર રહે છે ત્યારે કદાચ ટૂંકા ગાળામાં તેમને ભલે લાભ થાય, પરંતુ લાંબે ગાળે સહન કરવાનું પણ આવતું હોય છે. જોકે અહીં એ નોંધવું જરૂરી છે કે શૅરબજારનું સત્ય સમજવું ખૂબ અઘરું હોય છે, કેમ કે તેનું સ્વરૂપ સતત બદલાતું રહે છે અને તેના પર જૂઠના રંગબેરંગી પડદા નાખી દઈ લોકોને ગેરમાર્ગે દોરવાની રમતો પણ રમાતી રહેતી હોય છે.

ચૂંટણીનું, તેના પરિણામનું અને બજેટનું સત્ય.

૨૦૦૮ના સમયગાળાની વાત કરીએ તો શૅરબજારમાં તેજીનો ટ્રેન્ડ ચાલી રહ્યો હોય ત્યારે એ તેજી કેટલી સાચી એ જાણ્યા-સમજ્યા વિના તેજીની ગંગામાં સ્નાન કરવા લોકો નીકળી પડતા હોય છે. તેજી પહેલાંની સ્થિતિ પર નજર કરીએ તો છેલ્લે ઑક્ટોબર ૨૦૦૮માં બજારે નીચલી સપાટી બનાવી ત્યારે ચૂંટણીમાં કોઈ એક પક્ષને બહુમતી નહી મળે એવી ધારણાને લીધે બજારમાં કોઈ ઉત્સાહ નહોતો, બજાર નિમ્નતમ સપાટીએ હોવા છતાં કોઈને ખરીદવાનો અભરખો તો શું, શૅરબજાર તરફ જોવામાં પણ રસ નહોતો, પરંતુ ચૂંટણીના પરિણામોના સત્યથી બજારે જબરજસ્ત વળાંક લીધો અને સેન્સેક્સે મોટા ઉછાળા મારી નવો ઉત્સાહ જગાવી દીધો. ત્યાર બાદ ડાબેરીઓ વિનાની સરકારનું બજેટ બજારને નવું જોમ આપશે એવી ધારણા તેમ જ વધુપડતી અપેક્ષાઓ સેવાવા લાગી, કિંતુ બજેટનું સત્ય સાવ જુદું સ્વરૂપ લઈને આવ્યું. જેથી ફરી કડાકા શરૂ થયા અને સેન્સેક્સ ફરી ધબાય નમ:. લોકો બજેટના સત્યને સમજી શકયા નહિ કે પચાવી શકયા નહિ કે પછી નાણાપ્રધાન અર્થતંત્રનું સત્ય લોકોને બરાબર સમજાવી શકયા નહિ, જે પણ કોઈ કારણ હોય બજારને પોતાનું સત્ય સમજાયું નહિ હોવાથી ભાવો તૂટી ગયા, આમ આ પણ એક સત્યનો સામનો નહિ કરી શકવાની સ્થિતિ બની રહી, જેનું ભાન ગણતરીના દિવસોમાં સરકાર તેમજ રોકાણકારખેલાડીઓને થયું કે

તુરંત જ બજારે ફરી વળાંક લીધો અને સરકારે બજેટમાં ન કરેલી વાતોનો દોર શરૂ થતાં બજારને બજેટનું તથા બજેટ બાદનું સત્ય પણ સમજાવા લાગ્યું.

બજાર શા માટે સત્ય સમજી શકતું નથી?

એક તાર્કિક દલીલ એવી થઇ શકે કે બજાર સત્ય પર નહી, ધારણાઓ અને અપેક્ષાઓ પર ચાલે છે, વધે છે કે ઘટે છે, પરંતુ આની સામે એક મજબૂત દલીલ એ પણ થઈ શકે કે આખરે તેમાં પણ સત્ય જ ટકે છે. ધારણા અને અપેક્ષા સત્યના આધાર વિનાની હોય તો માત્ર આવીને પસાર થઈ જાય છે અને બજારને નુકસાન પણ કરાવી જાય છે, જેનો પરચો બજેટ પાસે સેવાયેલી અપેક્ષા નહી સંતોષાતાં જોવામાં આવ્યો હતો, પણ પાંચ દિવસમાં બીજા સ્વરૂપમાં સત્ય સમજાયું ત્યારે બજારે તેજી તરફ ફરી નવો વળાંક લીધો. હવે આ તેજી કેટલી સાચી છે? બજાર કયાં સુધી જશે? શું ખરેખર ડિસેમ્બર સુધીમાં સેન્સેકસ ૧૮ કે ૨૦ હજાર સુધી પહોંચી જશે? તો શું આ ભાવોએ ખરીદી શરૂ કરી દેવી જોઈએ? કે પાછા કડાકાની ચહ જોવી જોઈએ? વગેરે જેવા સવાલો લઈને લોકો ઊભા રહે છે. આ બધા સવાલો વચ્ચે લોકોએ બજારની વોલેટિલિટીના સત્યને સ્વીકારીને ચાલવુ જોઈશે.

શૅરબજારનું સાદું સત્ય એ છે કે

શૅરબજારનું સાદુ સત્ય એ જ છે કે દરેક ઘટાડામાં ખરીદી કરતાં રહેવું જોઈએ અને મોટા ઉછાળામાં કમ સે કમ ૫૦ ટકા શૅરોમાં પ્રૉફિટ બુક કરી લેવાનો અભિગમ રાખવો જોઈએ. બજારની નીચી સપાટી એ ખરીદવાનો ઉત્તમ સમય છે એ સત્ય લોકો વર્ષોથી સમજી શકતા નથી કે પછી તેનો સામનો કરી શકતા નથી અને એટલે જ તેઓ ખરીદવાના કે વેચવાના ખરા સમયની તકો ચૂકી જાય છે. સેન્સેકસની ૭ હજારથી ૨૧ હજારની અને ૨૧ હજારથી ફરી ૮ હજાર સુધીની સફર સૌએ જોઈ છે.

પ્રકરણ ૩૩
તમારા શૅરોની પસંદગીનો આધાર શું હોય છે ?
તમે નકકી કરો છો કે કોઈ તમને પધરાવી દે છે ?

હું શૅરબજારમાં નાણાં કમાવાનો કયારેય પ્રયાસ કરતો નથી, હું તો એ ધારીને શૅર ખરીદું છું કે તેઓ આવતી કાલે બજાર બંધ કરી દેશે અને પાંચ વરસ બાદ પુનઃ ખોલશે - વોરેન બફેટ

એક માણસ જમવા માટે રેસ્ટોરન્ટમાં આવે છે અને એકસાથે ગુજરાતી, રાજસ્થાની, પંજાબી એમ ત્રણ ચાર થાળી મગાવે છે, આ સાથે તે એક ખાલી થાળી પણ મગાવે છે. વેઈટર એ બધી થાળી લઈને આવે છે એટલે પેલા ભાઈ તે દરેક થાળીમાંથી પોતાને જોઈતી આઇટમો લઈને ખાલી થાળી ભરી નાખે છે અને વેઈટરને કહે છે હવે આ બાકીનું બધું પાછું લઈ જાવ, એમ કરી તે ભાઈ ટેસ્ટથી જમવાનું શરૂ કરે છે... આ એક જાણીતી ચૅનલ્સ સર્વિસની ટી.વી. પર એક સમયે બતાવાતી જાહેરખબર હતી, જેમાં છેવટે એ મેસેજ એ છે કે ઘણાબધામાંથી આપણી પોતાની જ પસંદનું અને પોતાને માફક આવે એ જ લેવું જોઈએ. ખૈર, તમે કહેશો કે, પણ આ વાતનું અહીં શૅરબજારની વાતમાં શું કામ? યસ દોસ્તો, આ વાત શૅરબજારને પણ બરાબર લાગુ પડે છે, ચાલો જોઈએ..

શૅરની પસંદગીનો તમારો આધાર શું હોય છે?

સામાન્ય રીતે મોટા ભાગનો રોકાણકાર વર્ગ બજારમાં ચાલતી ચર્ચાને આધારે શૅરની પસંદગી કરી લેતાં હોય છે અથવા મીડિયામાં આવતા સમાચારો કે એનાલિસીસને ધ્યાનમાં રાખી શૅરો ખરીદતા હોય છે. એક વાર મને એક જૂના મિત્ર મળી ગયા, તેમનું કહેવું હતું કે મને હાલ ફાર્મા સેક્ટર સારું લાગે છે, મેં તેમને પૂછ્યું કે શા માટે? તો જવાબમાં તેમણે કહ્યું કે એ તો બજારમાં આજકાલ ફાર્મામાં તેજી થવાની વાતો ચાલે છે એટલે. આમ એ ભાઈ પાસે ફાર્મા માટે પોતાનો કોઈ નક્કર અભ્યાસ કે મત નહોતો. આ જ રીતે મોટા ભાગના રોકાણકારો આઈ.ટી., બૅન્કિંગ, ઑટો સેક્ટર વગેરે જેવી પસંદગીઓ બનાવીને રોકાણના નિર્ણય લેતા હોય છે. જ્યારે કે માત્ર કોઈ એક સેક્ટરને આધારે રોકાણ કરવું જોખમી બની શકે છે, કેતન પારેખની તેજી વખતે ટેકનૉલૉજી શૅરોની પાછળ પડી ગયેલા સૌએ પછીથી તેમાં જ સૌથી વધુ લૉસ કરી હતી. વાસ્તવમાં પૉર્ટફોલિયોમાં દરેક મહત્ત્વનાં સેક્ટરમાંથી પસંદ કરાયેલી સ્ક્રિપ્સ હોવી જોઈએ.

શૅરબજારમાં હજારો થાળીઓ-સ્ક્રિપ્સ

શૅરબજારમાં ૬૦૦૦થી વધુ સ્ક્રિપ્સ ઉપલબ્ધ છે, તેમાં પણ વળી સંખ્યાબંધ કૅટેગરી કે ગ્રુપ છે. નાની, મોટી, મધ્યમ કંપનીઓ, સેન્સેકસ, નિફટી કે અન્ય ઈન્ડેકસમાં સમાવેશ પામેલી કંપનીઓ, સેક્ટરને આધારે વિભાજિત કરાયેલી કંપનીઓ વગેરેની જેમ એથી લઈ ઝેડ કૅટેગરી (એ, બી, ટી, એસ, ઝેડ ગ્રુપ વગેરે) છે. આ તમામ ગ્રુપમાં કંપનીના શૅરનું હોવું પણ ચોક્કસ ધોરણોને આધીન હોય છે, જેમ કે હોટેલોની કે રેસ્ટોરન્ટની કૅટેગરી, થિયેટર્સની કૅટેગરી, દુકાન-શૉપિંગ સેન્ટરોની -મૉલ્સની

કૅટેગરી.. જેમાં આપણે આપણી પસંદગી તથા બજેટના આધારે જતાં હોઈએ છીએ. તેમ શૅરબજારમાંથી પણ આપણે બધા શૅરો લઈ શકતા હોતા નથી કે લેવાય પણ નહીં. આપણે ચોઈસ કરવી જરૂરી બને છે. જેને શૅરબજારની ભાષામાં સ્ટૉક સ્પેસિફિક અથવા સિલેક્ટિવ સ્ટૉક કહેવાય છે. આમ કર્યા બાદ જો આપણી પસંદગી બરાબર જ હોય તો બજારની વધુ ચિંતા કરવી પડતી નથી, અલબત્ત, બજારની ચાલને લીધે આપણા સિલેક્ટિવ સ્ટૉકમાં પણ વધઘટ થતી રહે છે. તેમ છતાં, આપણે આપણા પસંદગીના શૅરોની એવી અલગ થાળી તો બનાવવી જ જોઈએ, જેમાં આપણું આર્થિક સ્વાસ્થ્ય જળવાય એ જરૂરી છે.

માર્કેટ એટલે મેળો - ભાત ભાત કે લોગ

શૅરબજારમાં સોદા કે રોકાણ કરનારાઓમાં કાયમ શૉર્ટ ટર્મ, મિડિયમ ટર્મ, લૉંગ ટર્મ, નાનાથી મટા, સંસ્થાકીય રોકાણકારો, ડે ટ્રેડર્સથી લઈ સટોડિયાઓનું કૉમ્બિનેશન હોય છે. આ સૌનું બજારમાંથી કમાણી કિરવાનું લક્ષ્ય હોય છે. સ્પષ્ટ શબ્દોમાં કહીએ તો આ બધા જ પ્રકારના ખેલાડીઓનું કૉમ્બિનેશન જ બજાર ગણાય છે, વાસ્તે દરેક રોકાણકારે આ મેળા જેવી માર્કેટમાંથી પોતાની પસંદગીની જગ્યા કે પ્રવૃતિ અર્થાત્ સ્ક્રિપ્સ શોધી લેવાની રહે છે. અલબત્ત, આ સ્ક્રિપ્સ એટલે એવા શૅરો જેમાંથી રોકાણકારને શ્રેષ્ઠ વળતર મળે અને કમ સે કમ તેઓ આ મેળામાં ખોવાઈ ન જાય, એટલે કે પોતાનાં નાણાં ગુમાવી ન બેસે એનું ધ્યાન પણ દરેકે પોતે પણ રાખવાનું હોય છે.

પ્રકરણ ૩૪
શૅરબજાર કોના આધારે ચાલે છે ? ફંડામેન્ટલ્સના કે ઑપરેટરોના ?

હું ક્યારેય કોઈને પૂછતો નથી કે બજાર આગામી સમયમાં વધશે કે ઘટશે, કારણકે મને ખબર છે, આ કહી શકે એવું કોઈ જ નથી.

દોસ્તો, ઘણીવાર શૅરો ચાલતા નથી હોતા, ચલાવાતા હોય છે! તમે ફસાઈ ન જાય તેનું ધ્યાન તમારે પણ રાખવું પડે..

થોડા દિવસો પહેલાં શૅરબજારમાં અમુક શૅરોના ભાવો ઊંચા જતાં જોઈને બજારમાં એવી વાતો ચાલતી હતી કે આ તો ઈકૉનૉમીનાં ફંડામેન્ટલ્સ સુધરી રહ્યાં છે તેથી આ કંપનીઓના શૅરોના ભાવો વધી રહ્યા છે, ત્યાર બાદ હાઉસિંગ લોન સ્કેમ બહાર આવ્યું તેમ જ પ્રમોટરો અને ઑપરેટરો દ્વારા ચાલતી ભાની રમતનો પર્દાફાશ થયો ત્યારે એ સત્ય બહાર આવ્યું કે એ શૅરો ફંડામેન્ટલ્સને લીધે નહીં, બલકે ઑપરેટરોને લીધે વધતા હતા! ..બિચારા કેટલાય ભલાભોળા ઈન્વેસ્ટરો ત્યાં સુધીમાં આ શૅરોમાં રોકાણ કરીને બેસી ગયા હતા, કેમ કે તેમને આ શૅરોમાં હજી ભાવ વધવાની ભરપૂર આશા હતી, જ્યારે કે તેમાં પ્રાઈસ મેનિપ્યુલેશનનું સ્કેમ નીકળતાં ભાવો વધવાની વાત તો બાજુએ રહી કડડભૂસ થઈ ગયા.

બજારની વાતો અને વાતોનાં વતેસર

શૅરબજારમાં સામાન્ય રીતે જાત જાતની વાતો, ખાસ કરીને અફવાઓ અથવા આધાર વિનાની વાતો સતત ચાલતી રહેતી હોય છે. મોટા ભાગના રોકાણકારો તેમાં દોરવાઈ જતા હોય છે. પરિણામે તેમાં નુકસાન થઈ જાય કે પછી ખોટા શૅરોમાં ભરાઈ જવાય એમ બની શકે છે. રોકાણકારોએ આવી વાતો ભલે સંભળાય અને ચાલતી રહે, પરંતુ તેમાં દોરવાઈ જવાને બદલે તેમાંથી સંકેતો મેળવી લેવાના હોય છે. ઑપરેટરો જે સ્ક્રિપ્સ ચલાવવા માગતા હોય તે મુજબની તેમાં વાતો ફેલાવતાં હોય છે. આ તેમની વ્યુહરચના હોય છે, જેમાં રોકાણકારો ફસાઈ જાય એટલે તેમનો (ઑપરેટરોનો) હેતુ કવર થઈ જાય. આમ એક યા બીજી સ્ક્રિપ્સમાં ચાલતું જ રહે છે, એટલે જ કોઈ પણ સ્ક્રિપ્સ અચાનક ઊંચી જવા માંડે કે પછી વધુપડતી વધી જાય ત્યારે રોકાણકારોએ વધુ એલર્ટ થઈ જવું જોઈએ અને પહેલાં તેના વધવાનાં ખરાં કારણ સમજી લેવાં જોઈએ. તે ફંડામેન્ટલ્સથી વધ્યા છે કે ઑપરેટરોની ચાલથી, એ સમજ્યા બાદ આગળ વધવામાં જ સાર રહેશે. બાકી બજારમાં ફેલાવાતી વાતોમાં મોટે ભાગે રોકાણકારોને પોતાની જાળમાં લેવાના જ કારસા રચાતા હોય છે. ત્રણ મહિનામાં ડબલ કે છ મહિનામાં ચોક્કસ ગણા થઈ જવાની કરાતી વાતો લોભામણી અને આકર્ષક તો હોય જ છે, કિંતુ સાથે સાથે તેને ફેલાવવા માટે ટીવીથી લઈ અખબારો કે વેબસાઈટથી માંડી એસએમએસ વગેરેનાં માધ્યમોનો ઉપયોગ હવે ભરપૂર થવા લાગ્યો છે.

શૅરબજારનાં ત્રણ પાયાના પરિબળો

શૅરબજાર વિવિધ પરિબળોને આધારે પોતાની ચાલ બનાવતું હોય છે, જેમાં સૌથી

મહત્ત્વનું પરિબળ ફંડામેન્ટલ્સ છે, ખાસ કરીને દેશનાં ઇકૉનૉમિક ફંડામેન્ટલ્સ. અર્થાત્ દેશની અર્થતંત્રની વ્યવસ્થા બરાબર ચાલી રહી હોય તો રોકાણકારોએ ખાસ ચિંતા કરવાની રહેતી નથી. બીજી બાબત છે લિક્વિડિટી (પ્રવાહિતા), જો બજારમાં પ્રવાહિતા પર્યાપ્ત હોય તોપણ બજારમાં ઊંચા ભાવે શૅરો ખપી જતા હોય છે, જેમ માણસના ખિસ્સાંમાં પૈસા ખૂબ હોય તો એ વસ્તુ ખરીદવા માટે બહુ ભાવતાલ કરતો નથી અને ઝડપથી તે ખરીદી લે છે, તેમ લોકો પાસે નાણાંની છૂટ હોય ત્યારે શૅરો ખરીદવામાં તેઓ ભાવો પર બહુ ધ્યાન આપતા નથી. જ્યારે ત્રીજી બાબતમાં આવે છે સેન્ટિમેન્ટ, જેમાં માર્કેટનો અને લોકોનો મૂડ મહત્ત્વનો બની જાય છે. વસ્તુ સારી હોય, ભાવો પરવડતા હોય પણ મૂડ ન હોય તો માણસ ખરીદવાનું ટાળી દે એવું બની શકે છે. આમ આ ત્રણ પરિબળો પાયાનાં છે. બજારમાં ઘણી વાર આ ત્રણેયની હાજરી હોય છે તો કયારેક તેમાંથી બે જ હાજર હોય એવું પણ બને.

આખરી મહત્ત્વ રહે છે ફંડામેન્ટલ્સનું જ

થોડો વખત પહેલાં હાઉસિંગ લોન સ્કેમમાં જેનું નામ બહુ ચગ્યું તે કંપની મની મેટર્સના શૅરનો ભાવ ૨૦૦૭માં રૂપિયા ચાર હતો એ જ ભાવ નવેમ્બર ૨૦૧૦માં સ્કેમ બહાર આવતાં પહેલાં રૂપિયા ૭૦૦ આસપાસ પહોંચી ગયો હતો. હવે વિચારો, આમાં કયાં ફંડામેન્ટલ્સ આવી ગયાં? અર્થતંત્રનો એવો તે કેવો વિકાસ થઈ ગયો? કંપનીની કામગીરીમાં એવા તે કેવા સુધારા થઈ ગયા? તેમ છતાં આ શૅરનો ભાવ આટલી હદ સુધી ઊંચે ગયો એને શું સમજવું? એવો સવાલ જેમને થાય તેઓ આવી સ્ક્રિપમાંથી બચી જાય છે, બાકી જેઓ આવી સ્ક્રિપના માત્ર વધતા ભાવોને જોઈ તેની પાછળ ખેંચાઈ જાય તેમને બચાવવા મુશ્કેલ જ નહીં, અસંભવ પણ બની જાય. એ જ રીતે હાઉસિંગ લોન સ્કેમમાં જેનુ નામ વિવાદમાં ચર્ચાયું એ એલઆઈસી હાઉસિંગ ફાઈનાન્સ કંપનીના શૅરનો ભાવ તૂટીને પાછો વધી ગયો હતો, કારણ કે હકીકત એ છે કે સ્કેમ બાદ પણ આ કંપનીનાં ફંડામેન્ટલ્સ મજબૂત જ રહ્યાં હતાં, તેમાં કોઈ ગંભીર ફરક પડી ગયો નહોતો.જેથી આવો શૅર એ ચોક્કસ સમયમાં ઘટી પણ જાય તો એ ખરીદવાની તક બની રહે છે, અલબત્ત, છેલ્લે તો ફંડામેન્ટલ્સ કામ કરતાં હોય છે, જે લાંબે ગાળે તેનું પરિણામ આપે છે. એટલે જ રોકાણકારોએ મૂળભૂત રીતે કંપનીનાં ફંડામેન્ટલ્સને જ વધુ મહત્ત્વ આપવું જોઈએ.

આપણી પોતાની જવાબદારી પણ ખરી !

ઈન શૉર્ટ, બજારમાં કોઈ પણ શૅરનો ભાવ અચાનક કે વધુપડતો વધી કે ઘટી જાય ત્યારે તેમાં માત્ર બજારની વાતો કે કારણોની ચર્ચાથી દોરવાઈ જવાને બદલે થોડી વિવેકબુદ્ધિનો ઉપયોગ કરી લેશો તો તમે પોતે જ તમને છેતરાઈ જતાં બચાવી શકશો. કેમ કે અન્યથા આવી જાળમાં ફસાતા તમને પહેલેથી કોઈ બચાવી શકશે નહીં. હા, સત્તાવાળાઓ પછીથી તમને સલાહ આપશે અને કહેશે કે એ તો સ્કેમ હતું. પણ એ બધું તમારી નુકસાનીને પાછું લાવી શકશે નહીં, વાસ્તે દોસ્તો, આપણા રોકાણની રક્ષા કરવાની જવાબદારી આપણી પોતાની પણ છે અને કદાચ વધુ છે

પ્રકરણ ૩૫
શૅરબજાર સાથે પણ પ્રેમ કરો, તેને સમજો, સફળતા જરૂર મળશે !

બજારમાં જ્યારે લોકો બહું જાય ત્યારે ખરીદો અને લોકો બહુ આશાવાદી બની જાય ત્યારે વેચો.

વેલેન્ટાઈન ડે આવે ત્યારે બધા પ્રેમની વાતો કરવા લાગે છે, આપણે રોકાણકારોની ભાષામાં પ્રેમની વાતો કરીશું, શૅરબજારમાં સફળ થવા માટે રોકાણકારે તેને અવશ્ય પ્રેમ કરવો જોઈએ, એના લૉજિકલ કારણો પણ અમે આપીશું. તો ચાલો, સીધા શૅરબજારના પ્રેમની વાત પર આવી જઇએ.

શા માટે શૅરબજારને પ્રેમ કરવો જરૂરી છે?

આજના મોંઘવારી (આમ તો મોંઘવારી કાયમી હોય છે)ના યુગમાં સામાન્ય બચતો રોકાણકારોને કેટલું વળતર આપી શકે? કે જેમાં તેઓ કમ્ફર્ટેબલ લાઈફ જીવી શકે ! ખાસ કરીને વર્તમાન લાઈફ સ્ટાઈલ મુજબ જીવવા માટે કે ભાવિ પડકારને પહોંચી વળવા માટે પણ સતત ઊંચું વળતર મળે એવું લાંબા ગાળાનું આયોજન આવશ્યક છે. માત્ર બૅન્કની કે કંપનીઓની એફડીમાં, રાષ્ટ્રિય બચતોમાં કેટલું વળતર મળે? જેના આધારે વ્યક્તિ કારમી મોંઘવારીનો સામનો કરી શકે. પરિણામે રોકાણકારે એવાં સાધનો પસંદ કરવા પડે, જ્યાં તેમને ઊંચું વળતર મળવાની સંભાવના કે આશા રહે. આ માટે વરસોથી ઈક્વિટી શૅર જેવાં રોકાણ સાધનો શ્રેષ્ઠ રહ્યાં છે. અલબત્ત, તેની યોગ્ય પસંદગી કરવી જરૂરી હોય છે. અહીં વાત પ્રેમની છે તો શૅરની પસંદગીને પણ પ્રેમની દૃષ્ટિએ જોઈએ.

લગ્ન માટે કન્યાની પસંદગીનાં ધોરણો શૅરને લાગુ પાડો

લગ્ન સંબંધી તમારે પોતાની માટે અથવા તમારા સંતાન માટે કન્યા પસંદ કરવી હોય તો તમે શું ધ્યાનમાં રાખો છો? કન્યા દેખાવમાં કેવી છે? કેટલું ભણેલી છે? ચરિત્ર અને સ્વભાવ કેવાં છે? માતા-પિતા, તેમના સ્વભાવ, પરિવારનો ટ્રેક રેકર્ડ વગેરે, તેમના સગાં-સંબંધી કેવા છે, કન્યા ક્યાં રહે છે? તમારી અને પરિવાર સાથે ભળી જાય એવી છે કે નહીં? વગેરે. એ જ રીતે શૅરબજારમાં શૅર પસંદ કરો ત્યારે એ કંપનીના પ્રમોટરો-સંચાલકો, તેમનો ટ્રેક રેકર્ડ, ગ્રુપની કામગીરી, ભાવિ યોજનાઓ, તમને સારું વળતર આપશે કે નહીં, કંપની કયા ઉધોગની છે? એ ઉધોગમાં કેવી સ્થિતિ છે વગેરે બાબતો ધ્યાનમાં લઈ રોકાણ કરવું જોઈએ. ટૂંકમાં જેની સાથે રહેવાથી તમારા જીવનમાંઆનંદ અને શાંતિ રહે એવી જ કન્યા પસંદ કરો, તેમ શૅર પણ એવો જ પસંદ કરો, જે તમને અને પરિવારને આનંદ આપે, સંપત્તિનું સર્જન કરે અને શાંતિ પણ આપે.

પરંતુ શૅર સાથે લગ્ન ન થઈ શકે !

આ વાત ભલે લગ્ન માટેનો દાખલો આપીને કરાઈ, પરંતુ અમારા મતે શૅર સાથે લગ્ન ન કરાય, કેવળ પ્રેમ કરાય અને પ્રેમથી તેને જીતી લેવાય. કેમ કે શૅરબજારમાં તમે રોકાણ લાંબા ગાળાના લક્ષ્ય સાથે કરો તોપણ આખરે તમારે એ શૅરો વેચીને નફો કરવાનું અંતિમ લક્ષ્ય હોય જ છે. જેથી કોઈ શૅર સાથે તમે છ મહિના પ્રેમ કરો કે કોઈ સાથે છ વર્ષ, પરંતુ આખરે તમારી માટે એ શૅરોનું પ્રૉફિટ બુકિંગ મહત્ત્વનું છે. વાસ્તે, શૅર કે

શૅરબજાર સાથે લગ્નના બંધનમાં બંધાવાને બદલે પ્રેમનો નાત રાખો.

પ્રેમ માટે સુખ-દુઃખમાં ભાગીદાર બનો

શૅરબજાર મોટે ભાગે વધઘટની પ્રક્રિયામાંથી પસાર થતું હોય છે, તેના પર સંખ્યાબંધ અને વૈવિધ્યસભર પરિબળોની અસરો થતી રહેતી હોય છે. તેજી (સુખ) અને મંદી (દુઃખ)ની તેની સાઈકલ કાયમ ફરતી રહેતી હોય છે. તેને પ્રેમ કરવાનો અર્થ એ જ થાય કે તેના દુઃખમાં સહભાગી બનો, સુખમાં સૌ સાથે કે પાસે આવી જાય છે. દુઃખ (મંદીમાં) તેની તરફ કોઈ જોતું પણ નથી. આવા કપરા-એકલતાના સમયમાં શૅરબજાર સાથે રહો. મંદીથી ગભરાયા વિના એ સમયે સારા શૅરો પ્રત્યેનો પ્રેમભાવ વધારી બજારને સમજશો તો અવશ્ય સારું પરિણામ પામશો. જ્યારે અનેક લોકો કે સૌ તેનો સાથ છોડીને ચાલ્યા ગયા છે ત્યારે તમે શૅરબજારને અને શૅરોને સાથ આપશો તો એ તમને વળતર રૂપે ભરપૂર પ્રેમ આપશે. ટૂંકમાં શૅરબજારને સમય આપો એ તમને શ્રેષ્ઠ વળતર આપશે.

શૅરબજારને સમજો, શંકા ન કરો

જેને પ્રેમ કરો છો તેના પર શંકા ન કરો, તેનાથી ગભરાવ નહીં, તેની સામે સ્પષ્ટ, પારદર્શક અને વિવેકબુદ્ધિથી વર્તો. અર્થાત્ મોટે ભાગે લોકો શૅરબજારને સમજ્યા વિના પ્રેમ કરવા એટલે કે તેમાં સોદા કરવા દોડે છે ત્યારે તેમને કડવા અનુભવો થાય છે, જેને લીધે લોકો તેની પર શંકા કરતાં થઈ જાય છે, તેનાથી ગભરાતાં રહે છે અને પછી તેનાથી દૂર થઈ જાય છે. આને બદલે શૅરબજારને પ્રેમ કરતી વખતે બજારના સ્વભાવને સમજવો જોઈએ, તેની વધઘટની મજબૂરી પણ સમજવી જોઈએ. કેટલીક બાબતો બજારના કે જેના શૅર તમે ખરીધા હોય તેના હાથમાં પણ હોતી નથી. ઘણી વાર ગ્લોબલ, લૉકલ, પોલિટિકલ, ઈકૉનૉમિકલ વગેરે જેવાં પરિબળોને લીધે પણ શૅરબજાર અને શૅરો તૂટી જતા હોય છે, જેનો કાયમી દોષ બજારને આપવાને બદલે કે એ માટે હંમેશાં બજાર પર શંકા કરતાં રહેવાને બદલે તેને સમજવાનો પ્રયાસ કરનાર રોકાણકારોએ ધીરજ પણ રાખવી પડે છે, જ્યાં તેમને મોટે ભાગે ધીરજનાં ફળો મીઠાનો અનુભવ થાય છે.

પ્રેમમાં વિશ્વાસ હોવો આવશ્યક

શૅરબજારને પ્રેમ કરો છો તો તેના પર વિશ્વાસ પણ રાખો. આ વિશ્વાસ તમારા નિર્ણયોનો આધાર બનતો હોય છે. શૅરબજારમાં સારી સ્ક્રિપ્સમાં એટલે કે વિકાસલક્ષી, મજબૂત કામગીરીવાળી કંપનીઓમાં કરેલા રોકાણનો નિર્ણય વિશ્વાસ રાખવા જેવો કહેવાય. જે મોટેભાગે તમને નિરાશ નહીં કરે. શૅરબજાર પર વિશ્વાસ એટલે અર્થતંત્ર પર, તેની કામગીરી પર, સંબંધિત કંપનીઓના મૅનેજમેન્ટ પર અને તેના ભાવિ પર વિશ્વાસ મૂકવો પણ કહી શકાય.

લગ્ન કરવા જેવા શૅરો

શૅરો સાથે લગ્ન કરવા એટલે એવા શૅરો ખરીદીને રાખવા જે તમે વારસામાં મૂકી જવાના હો. અર્થાત્ એવી લગડી કંપનીઓના શૅરો જે તમને સતત સારું વળતર આપતા હોય, તેમ છતાં વરસો બાદ પણ તે વેચીને નાણાં છૂટાં કરી લેવાને બદલે તમને એ જીવનસાથી તરીકે જાળવી રાખવાનું મન થાય. સમય સાથે આવા શૅરોની મૂલ્યવૃદ્ધિ ચાલુ જ હોય અને તમે તેને સંતાનોને વારસામાં આપી જવાનું પસંદ કરો, જેની મારફત તમારા સ્વજનો-પરિવારજનોને આર્થિક દૃષ્ટિએ મજબૂત ટેકો મળી રહે.

પ્રકરણ ૩૬
શૅરબજારમાં ઑપરેટરોની રમતને ઓળખવાના સંકેતો

અનેક લોકો વેલ્થ મેળવવા પોતાની હેલ્થ ખર્ચી નાખે છે અને પછી હેલ્થ મેળવવા વેલ્થ ખર્ચવાનો સમય આવે છે.

શૅરબજારમાં પ્રાઈસ રિગિંગ અને પ્રાઈસ મેનિપ્યુલેશનના કિસ્સાઓની ચર્ચા સતત થતી રહેતી હોય છે. આવા કિસ્સામાં સેબી કે એક્સ્ચેંજ દ્વારા તપાસ અને ઍક્શન શરૂ કરાય ત્યારે કેટલાક શૅરોના ભાવોમાં ભયંકર કડાકા પણ જોવામાં આવે છે. પરિણામે ભરપૂર તેજીમાં પણ આવા શૅરોમાં રોકાણ કરનારાઓએ રાતોરાત મોટી નુકસાની ભોગવવાની આવે છે. શૅરોના ભાવની આ રમત ચલાવનાર બજારમાં ઑપરેટરો તરીકે ઓળખાય છે. તેમને ઘણી વાર આ રમતમાં લેભાગુ કંપનીઓના પ્રમોટરોનો પણ સાથ મળી જાય છે. તેજીના સમયમાં આ રમત કરનારા વધી જાય છે અને રમતનું પ્રમાણ પણ. જો તમારે આવી રમતનો ભોગ ન બનવું હોય તો કમસે કમ એનાથી બચવાના કેટલાક સીધા સાદા ઉપાય કે ઇશારા સમજી લેવા જોઈએ.

શૅરના ભાવ વધે ત્યારે તમે શું વિચારો છો ?

શૅરબજારમાં કોઈ શેરના ભાવમાં ઉછાળો આવે ત્યારે તમને શું વિચાર આવે છે? એ જ ને કે આ શૅરમાં તેજી આવી રહી છે અથવા કરન્ટ આવ્યો છે. ત્યાર બાદ આ શૅરનો ભાવ રોજેરોજ વધે તો? આ શૅરમાં હવે તેજી ચાલવાની છે એવું તમે વિચારવા લાગો છો અને એ શૅર ખરીદવાનું મન પણ બનાવી લો છો. આ દરમિયાન કે તે પૂર્વે બજારમાં વાર્તા પ્રસરવાની પણ શરૂ થઈ જાય છે કે ફલાણા શૅરમાં ભાવ વધવાની ધારણા છે, તેનો ભાવ ટૂંક સમયની અંદર વધીને ઢીકણો થઈ જશે. આ બધા વચ્ચે કયારેક આપણને એ વિચાર કે સવાલ થાય છે કે એ શૅર ખરેખર શેના આધારે વધ્યો છે? એ વધારો સાચો છે કે કૃત્રિમ? જોકે આ વિચાર બહુ ઓછા લોકોને આવે છે, મોટા ભાગના લોકો તો આવા વધતા શૅરની પાછળ આંધળી દોટ મૂકી દે છે. એના વિશે ફેલાયેલી કે ફેલાવાયેલી વાતોમાં આવી જાય છે અને આખરે ભાવ ઉછાળાની (પ્રાઈસ રિગિંગ) વાસ્તવિક કે કૃત્રિમ જાળમાં સપડાઈ જાય છે. જયાંસુધી આપણને વધતા ભાવોને જોઈ વાજબી સવાલો નહીં થાય અને આપણે તેના વાજબી જવાબ શોધીશું નહીં ત્યાંસુધી આપણા ફસાઈ જવાની સંભાવના પણ ઊંચી રહેશે.

સવાલો જગાવો - શંકા કરો

આ માટે થોડું શંકાશીલ દિમાગ બનાવવું જરૂરી છે. કોઈ શૅરનો ભાવ વધે ત્યારે પહેલાં એ જુઓ કે તે કેટલા વખત પછી વધ્યો છે? કેટલો વધ્યો છે? શું અચાનક વધ્યો છે? જે દિવસે તે વધ્યો એ દિવસે એમાં શું કારણ બન્યું હતું? કે પછી માત્ર વધતી બજારના જોરે તે વધ્યો છે? જે શૅર વધ્યો છે તે શૅરના સેક્ટરની અન્ય કંપનીઓના શૅરોના ભાવ પણ વધ્યા છે ખરા? બની શકે તો એ પણ જાણો કે એ દિવસે તેમાં કેટલું વૉલ્યુમ થયું હતું? અને તેના ખરીદનારા કોણ હતા? અહીં આટલા બધા સવાલોને જોઈને ગભરાઈ જતા નહીં. શૅરબજારમાં હજારો - લાખોનું રોકાણ કરતાં હોઈએ તો મિનિમમ આટલું દિમાગ તો ચલાવવું જ જોઈએ. જો આમ નહિ કરો તો પ્રાઈસ મેનિપ્યુલેટર્સની જાળમાં કયારે

આવી જશો એ ખબર જ નહીં પડે. ઉપર જણાવેલા સવાલોના જવાબો થોડી મહેનત કરો તો આ માહિતી યુગમાં સરળતાથી મળી જાય એમ છે.

તેજીમાં ધુતારા લૂંટવા અને લોભિયા લૂંટાવા તૈયાર થઈ જાય છે !

શૅરબજારમાં તેજી વખતે ઑપરેટરો ધુતારા બની કાયમ સક્રિય થઈ જતા હોય છે અને લોભિયા છેતરાવા તૈયાર થઈ જતા હોય છે. એટલું જ નહીં, નવા ઑપરેટરો પણ ઊભા થઈ જાય છે. કારણકે તેજીમાં તેમનું કામ સરળ અને કમાણી જબ્બર થઈ જવાની શકયતા વધી જાય છે. શૅરને ચલાવવા માટે બજારની ચાલનો ઢાળ તૈયાર મળી જાય છે. આપણે અગાઉ પણ ચર્ચા કરી હતી કે બજારને નહિ, તમારી સ્ક્રિપને જુઓ. આ સાથે એમ પણ કહેવાયું હતું કે સ્ક્રિપ તેના ફંડામેન્ટલ્સથી ચાલે છે કે ઑપરેટરો ચલાવી રહ્યા છે તે પણ જાણવાનો પ્રયાસ કરો, કેમ કે ઑપરેટરો સક્રિય હશે તો એ રમતના કુંડાળામાં પ્રવેશ્યા બાદ તમારી માટે જોખમ વધી જશે, પણ ફંડામેન્ટલ્સ હશે તો તમારું જોખમ ઘટી જશે.

સ્મોલ-મિડિયમ કેપ શૅરોમાં વધુ રમતા

યાદ રહે, ઑપરેટરો સામાન્યપણે સ્મૉલ કેપ અને મિડકેપ શૅરોમાં પ્રાઈસ મેનિપ્યુલેશનની રમત વધુ રમતા હોય છે. જેમાં તેમને કયાંક પ્રમોટરોનો સહયોગ કે ફાઈનાન્સિયલ સપોર્ટ પણ મળી જતો હોય છે. પ્રમોટરોને એ શૅરોના ભાવ ઊંચા જવાના પ્રત્યક્ષ તેમ જ પરોક્ષ લાભ મળતા હોય છે. તેથી તેઓ ઑપરેટરો સાથે દોસ્તી કરવામાં ખાસ રસ લે છે. આમ પણ અનેક લેભાગુ પ્રમોટરો એવા હોય છે, જેમને પોતાની કંપની કરતાં શૅરના ભાવો ચલાવવામાં વધુ લાભ દેખાય છે. અહીં કરુણતા એ છે કે નાના અને સામાન્ય રોકાણકારોનો મોટો વર્ગ આમાં ફસાઈ જતો હોય છે.

ઑપરેટરો મીડિયાનો ઉપયોગ કરી લે છે !

ઑપરેટરો આ રમત બહુ ગોઠવીને અને ચાલાકીથી કરે છે, રોકાણકાર વર્ગને આકર્ષવા તેઓ પ્રમોટરો સાથે સાઠગાંઠ તો કરે જ છે, પણ સાથે સાથે મીડિયાનો પણ બરાબર ઉપયોગ કરી લે છે. ખાસ કરીને મીડિયાનો વધુ ઉપયોગ કરે છે. ભલાભોળા અનેક રોકાણકારોને ખબર નહિ હોય કે મિડીયામાં શૅરો અંગે કરાતી ભલામણોમાં પચાસ ટકાથી વધુ ભલામણો સ્થાપિત હિતો તરફથી કરાવાતી હોય છે. જો આ ભલાભોળા રોકાણકારોનો એવો દાવો હોય કે તેમને આ ખબર હોય છે તો પછી આ હોશિયાર રોકાણકારોને માટે બીજું વિશેષણ મૂર્ખ કે લાલચુનું લગાડવુ પડે. અલબત્ત, ઘણા આ જાળમાં જાણી જોઈને ગણતરીપૂર્વક પણ પ્રવેશતાં હોય છે. જેમાંથી કેટલાક કમાઈને નીકળી જાય છે અને કેટલાક ભેરવાઈ જાય છે. તમે આમાં કયાં છો એ તમે જ નકકી કરજો.

હર્ષદ , કેપી પહેલાં પણ અને બાદ પણ

અગાઉ હર્ષદ મહેતા આવું કરતા રહ્યા હતા. તેઓ શૅરો અને બજાર બંને ચલાવતા, ત્યાર બાદ કેપી આવ્યા, તેમણે ચોક્કસ સેક્ટર ચલાવવાનો સિલસિલો શરૂ કર્યો. હર્ષદ મહેતા પહેલાં પણ અહીં ઑપરેટરો હતા અને કેપી બાદ પણ નવા નવા ઑપરેટરો આવતા રહ્યા. આમ કોઈ હાઈપ્રોફાઈલ તો કોઈ લૉ પ્રોફાઈલ ઑપરેટરો છે, જેમની ભાવો ચલાવવાની રીતરસમો તો આખરે વધતે-ઓછે અંશે એ જ જૂની છે, પણ નવા નવા રોકાણકારો ઉપરાંત જૂના રોકાણકારો અગાઉના અનુભવોને ભૂલી હોંશે હોંશે તેમાં ફસાતા રહેતા હોય છે, કારણકે તેમને માત્ર શૅરનો વધતો ભાવ જ દેખાયા કરે છે, એ શું કામ વધે છે તેને કોણ વધારી રહ્યું છે એ વિચાર તો કેવળ શૅરબજારની બહાર રહેલા ચિંતકોનો વિષય બની રહે છે.

અત્યારે ખરીદાય? હજી રાખી મુકાય? અને હવે વેચી દેવાય? ત્રણ પ્રશ્નો વચ્ચે કાયમ અટવાઈ રહેતા અનેક રોકાણકારો

'હું સર્વશક્તિમાન છું, હું સર્વજ્ઞાની છું અને મારી હાર થાય જ નહીં' એવી વિચારધારા ધરાવતા શૅરબજારના રોકાણકારો-ખેલાડીઓ દરેક દશેરાના દિવસે પોતાની ભીતર રહેલા આ રાવણરૂપી અહમને ખતમ કરી નાખે એ જરૂરી છે. અભિમાન કોઈનું પણ અને ક્યાંય પણ ચાલતું નથી. શૅરબજારમાં મને બધું જ સમજાય છે, હું ધારું એવું જ થાય, મને ક્યારેય નિષ્ફળતા મળે નહીં એવો ભાવ રાખી સોદા કરનારા તેની ભારે કિંમત ચૂકવતા હોય છે.

શૅરબજારમાં પોતે બધું જ જાણે છે એવી વાત કરનાર વ્યક્તિ આમ કહીને પોતે ખરેખર કશું જ નથી જાણતો એનો જાહેર પુરાવો આપી દે છે.

રોકાણકારો સમક્ષ ત્રણ પ્રશ્નો

અત્યારે શૅદરબજારમાં ખરીદી કરાય? જે છે તે શૅર હજી રાખી મુકાય? અને શું હવે હાથ પરના શૅરો વેચી દેવાય? આ ત્રણ પ્રશ્નો સામાન્ય રોકાણકાર વર્ગમાં એક યા બીજા સમયે ઘૂમરાતા રહેતા હોય છે. આવા સમયમાં સમજવાનું એ છે કે કરેક્શન એ બજારની તંદુરસ્તીની નિશાની છે, જ્યાં અકસ્માત થવાની સંભાવના વધી જાય ત્યાં રસ્તાઓ પર સ્પીડ બ્રેકર નખાતા હોય છે, જ્યાં વાહન ધીમી ગતિએ ચાલે અને બેફામ ન દોડે એવી તકેદારીની જરૂર હોય ત્યાં સ્પીડ બ્રેકર પણ જરૂરી હોય છે. આવો સમય બજારમાં જેમણે મધ્યમ કે લાંબા ગાળા માટે પ્રવેશવું છે તેમની માટે હજી પ્રવેશવાનો સમય હોવાનો સંદેશ આપે છે. અર્થાત્ દરેક કરેક્શન ખરીદવાની તક આપે છે, પરંતુ આ સાથે એ યાદ રાખવું જરૂરી છે કે માત્ર અને માત્ર લગડી શૅરો એટલે કે સેન્સેક્સ-નિફ્ટીના અથવા 'એ' ગ્રુપના શૅરો પર ધ્યાન આપવું. બીજા મોટા ભાગના શૅરોમાં અત્યંત સિલેક્ટિવ બનવું પડે તેમ જ સાવધ પણ રહેવું પડે.

-તો ૫૦ ટકા પ્રૉફિટ બુક કરી લો

બીજો પ્રશ્ન છે, હજી શૅરો રાખી મૂકું? જેનો જવાબ એવો મેળવી શકાય કે બહુ જ સારો નફો મળતો હોય તો પ્રૉફિટ બુક કરી લો, કમ સે કમ સ્ક્રિપ વાઈસ ૫૦ ટકા હોલ્ડિંગમાં પ્રૉફિટ બુક કરો, જ્યારે બાકીના શૅરો લૉંગ ટર્મ માટે રાખી મૂકો. તેમ છતાં આ પ્રૉફિટનાં નાણાં આવશે તો ક્યાં રોકવા એવો સવાલ સતાવતો હોય અને તમે ધરાવતા હો એ સ્ક્રિપ્સ મજબૂત કંપનીઓની હોય તો હજી જાળવી રાખો, આના કરતાં પણ બેટર પ્રાઈસ મળી શકે છે, પરંતુ રાહ જોવાની તૈયારી રાખવી પડશે. વ્યવહારુ વાત તો એ છે કે ઘણી સ્ક્રિપ્સમાં ૫૦ ટકાથી વધુ નફો મળી રહ્યો હોય તો પહેલાં નફો લઈ લો અને ઘટાડામાં સારી સ્ક્રિપ્સ ફરી ખરીદતા રહો.

સમજો તો ઈશારો કાફી : ચવણરૂપી લેભાગુ પ્રમોટરોની સૂચનાથી સુપર્ણખારૂપી ઑપરેટરો ઉપલી સર્કિટરૂપે સોનાનાં હરણ બતાવી ભાવો ખેંચતા હોય છે અને મર્યાદાપુરુષોત્તમ જેવા સામાન્ય રોકાણકારો તેમની સર્ક્યુલર ટ્રેડિંગરૂપી જાળમાં ફસાઈ જતા હોય છે અને બીજી બાજુ લક્ષ્મણ ભાઈની ફરજ રૂપે રામને શોધવા સીતાને એટલે કે રોકાણકારોને પ્રમોટરો – ઑપરેટરો એટલે કે રાવણો માટે છોડીને નીકળી જાય છે ત્યારે શૅરોના ભાવોમાં પૂરજોશમાં રમત ચાલે છે. આ સમયમાં રોકાણકારોએ વધુ ને વધુ સાવધ રહેવાનું હોય છે.

પ્રકરણ ૩૭
શૅર અને સેક્ટર ન સૂઝે ત્યારે...શૅરબજારમાં રોકાણનાં અન્ય સાધનો અજમાવો

રાતોરાત લાખોપતિ બનવાની ઇચ્છા સાથે શૅરસોદા કરશો તો રાતોરાત લાખો ગુમાવવાની તૈયારી પણ રાખવી પડશે.

શૅરબજારમાં ઘણી વાર એવો સમય પણ આવે, જ્યારે કયા શૅરો ખરીદવા એ જ સૂઝે નહીં. ભાવો એ સીમાએ હોય કે ક્યાંક એવું લાગે હવે ઘટશે ત્યારે ખરીદીશું અને હાલ ખરીદશું તો બહુ વધારો જોવા નહીં મળે. આમ તો ક્યારેક રોકાણકારો સ્ટૉક સ્પેસિફિક અથવા સેક્ટર સ્પેસિફિક બની જતા હોય છે, જેમાં સાર પણ છે, પરંતુ ઘણી વાર કયા શૅરો કે સેક્ટરમાં સ્પેસિફિક બનવું તેનો પણ સ્પષ્ટ અંદાજ બાંધી શકાતો ન હોય એવું પણ બને. તો વળી ક્યારેક રોકાણકાર પાસે એકસાથે મોટી મૂડી ન હોય પણ ટુકડે-ટુકડે થોડું-થોડું નિયમિત રોકાણ કરવાની સુવિધા હોય.

ખૈર, શૅર કે સેક્ટર ન સૂઝે અને મોટી મૂડી પણ ન હોય ત્યારે શૅરબજારમાં શું કરી શકાય, અન્ય ક્યાં રોકાણ સાધનોમાં રોકાણ કરી શકાય એવી ચર્ચા કરીએ. આપણી જ બજારોમાં ઉપલબ્ધ અન્ય રોકાણ સાધનો પર નજર કરીએ, જે શૅરબજારની તેજીનો લાભ પણ ઑફર કરે છે અને પ્રમાણમાં સલામતી પણ વધુ આપે છે. કયારેક આપણને ઈન્ફ્રાસ્ટ્રક્ચર સેક્ટર સારું લાગે તો કયારેક ટેલિકોમ આકર્ષક લાગે છે. કવચિત્ આપણને રિલાયન્સ ગમે છે તો કયારેક સ્ટેટ બૅન્ક લઈ લેવાનું દિલ થાય છે. અને ઘણી વાર આપણને ઊંચા ભાવો કે અનિશ્ચિતતાને લીધે કોઈ ચોક્કસ સેક્ટર કે શૅરો સૂઝતા નથી.

કયા શૅરો ખરીદવા એવી મૂંઝવણ હોય ત્યારે

કોઈ શૅર ખરીદવાનું ન સૂઝે તે સંજોગોમાં અને સામાન્ય સ્થિતિમાં પણ શ્રેષ્ઠ સાધન છે ઈટીએફ, અર્થાત્ એક્સચેન્જ ટ્રેડેડ ફંડ. બીજા શબ્દોમાં કહીએ તો શૅરો કયા લેવા તેનો ખ્યાલ ન આવતો હોય તો ઈન્ડેક્સમાં રોકાણ કરો, પરંતુ અહીં ઈન્ડેક્સ ફંડની વાત નથી, બલકે ઈન્ડેક્સ આધારિત એક્સચેન્જ ટ્રેડેડ ફંડની વાત છે. જેનું શૅરની જેમ બજાર પર લિસ્ટિંગ થાય છે અને સદા પણ થાય છે, જ્યારે કે તેનું એક્સપોઝર તે ઈન્ડેક્સમાં સમાવિષ્ટ શૅરોમાં વહેંચાઈ જતું હોવાથી આ ઈટીએફ ડાઈવર્સિફાઈડ પૉર્ટફોલિયો સમાન બની જાય છે, કેમ કે તમે સેન્સેક્સ આધારિત ઈટીએફ ખરીદો તો તમારું રોકાણ આપોઆપ સેન્સેક્સની મજબૂત ૩૦ સ્ક્રિપ્સમાં થઈ જાય છે અને નિફ્ટી આધારિત ઈટીએફમાં રોકાણ કરે તો નિફ્ટીની ફિફ્ટી (૫૦) સ્ક્રિપ્સમાં ઈન્વેસ્ટમેન્ટ થઈ જાય છે. આમ બ્લુચિપ કંપનીઓમાં એકસાથે રોકાણ થઈ જતું હોવાથી રિસ્ક પણ ઘટી જાય છે. વધુમાં આ ઈટીએફ હોવાથી તેમાં શૅરોની જેમ લે-વેચ થઈ શકે છે. દા.ત. નિફ્ટી હાલ ૧૦,૨૦૦ ચાલતો હોય તો તમે તેમાં એક યુનિટ પણ ખરીદી શકો છો, જેનો રૂ. ૧૦૨૦ પ્લસ આસપાસ ભાવ બોલાતો હોય. આ જ રીતે સેન્સેક્સ આધારિત ઈટીએફમાં સેન્સેક્સ ૩૫,૫૦૦ હોય તો તેનું એક યુનિટ રૂ. ૩૫૫૦ પ્લસ આસપાસના ભાવે ક્વૉટ થાય છે. નિફ્ટી જુનિયર કે બૅન્ડેક્સ નામના ઈટીએફમાં પણ ઈન્વેસ્ટમેન્ટ થઈ શકે છે.

ગૉલ્ડ ઈટીએફ પણ છે જ

શૅરોના આ ઈન્ડેક્સ ઉપરાંત રિસ્ક મૅનેજમેન્ટ માટે અને ડાઈવર્સિફિકેશન માટે ગૉલ્ડ ઈટીએફ પણ શૅરબજાર પર ઉપલબ્ધ થાય છે , જે રિલાયન્સ, યુટીઆઈ, કોટક વગેરે નામે ગૉલ્ડ ઈટીએફ તરીકે શૅરબજાર પર મળે છે અને તેમાં ભરપૂર કામકાજ પણ થાય છે. આ તમામ પ્રકારના ઈટીએફ ડીમેટ સ્વરૂપે હોવાથી શૅરોના ડીમેટ ઍકાઉન્ટમાં તે રહી શકે છે અને તેમાં શૅરોની જેમ સરળતાથી સોદા પણ થાય છે, જ્યારે કે સલામતી અને વૉલેટિલિટીમાં આ પ્રોડક્ટ એકંદરે રોકાણકારોને ઓછા જોખમે મળે છે. ગૉલ્ડ ઈટીએફમાં તો ફિઝિકલ ગૉલ્ડની સરખામણીએ અનેકવિધ બીજા લાભો પણ છે.

તમામ ઈટીએફ બીએસઈ પર પણ

અહીં એ નોંધવું પણ મહત્ત્વનું છે કે અમેરિકાની બજારમાં ઈટીએફનો ખયાલ ખૂબ પ્રચલિત હોવાથી ત્યાં ૧૦૦૦થી વધુ ઈટીએફ છે, જ્યારે ભારતીય બજારમાં આજની તારીખમાં માંડ ૨૦ જેટલા ઈટીએફ છે. આનો એક અર્થ એ થાય કે ભવિષ્યમાં અહીં ઈટીએફની બજાર ખૂબ જ મોટી થવાનો અવકાશ છે. વધુમાં ઈટીએફ જ્યારે લૉન્ચ થયા ત્યારે માત્ર નેશનલ સ્ટૉક એક્સચેન્જ પર ઉપલબ્ધ હતા, હવે આ તમામ ઈટીએફમાં મુંબઈ શૅરબજાર પર પણ કામકાજ થાય છે. નોંધનીય કે મજાની વાત તો એ છે કે એનએસઈના બેન્ચમાર્ક ઈન્ડેક્સ નિફ્ટી આધારિત ઈટીએફના સોદા બીએસઈ પર પણ થઈ શકે છે. તેમ જ જુનિયર નિફ્ટી કે તમામ ગૉલ્ડ ઈટીએફ પણ બીએસઈ પર સોદા માટે ઉપલબ્ધ છે.

એસઆઈપી કે વીઆઈપી અજમાવો

આમ રોકાણકારો માટે ઈટીએફ ઉપરાંતની પ્રોડક્ટ્સમાં નાની મૂડી સાથે નિયમિત રોકાણ કરવા માટે સંખ્યાબંધ એસઆઈપી (સિસ્ટેમેટિક ઈન્વેસ્ટમેન્ટ પ્લાન) છે. એમાં પણ વધુ ઈનોવેશન સાથે વીઆઈપી (વેલ્યુ એવરેજિંગ પ્લાન) પણ છે. આ સિસ્ટેમેટિક ઈન્વેસ્ટમેન્ટ પ્લાનમાં રોકાણકાર મહિને રૂ. ૫૦૦ જેટલી નજીવી રકમ સાથે પણ ભાગ લઈ શકે છે અને લાંબે ગાળે શૅરબજારની તેજીનો લાભ ઉઠાવી શકે છે. શૅરબજારમાં વધતી જતી સ્પર્ધા સાથે ઈનોવેશન વધી રહ્યાં છે. નવી નવી પ્રોડક્ટસ આવતી રહે છે. નાના મધ્યમ કે મોટા તમામ પ્રકારના રોકાણકારોને તેમની જોખમ ઉઠાવવાની ક્ષમતાને આધારે પ્રોડક્ટ્સ મળે છે.

પ્રકરણ ૩૮
શૅરબજારમાં કયારે પ્રવેશાય ? અનુભવમાંથી શીખો !

જીવનમાં માણસે બે સમયે સટ્ટો કરવો જોઈએ નહીં, એક જ્યારે તેને સટ્ટો પોષાતો ન હોય અને બીજો જ્યારે તેને સટ્ટો પોષાતો હોય.

જો કોઈ માણસ પોતાના અનુભવમાંથી પણ ન શીખે તો એ માણસની બસ દયા ખાવી રહી

મોટે ભાગે આ એક સવાલ લોકોના મનમાં કાયમ ફરતો રહેતો હોય છે. આ લેવલે બજારમાં એન્ટર થવાય? (જે સમયે જે લેવલ હોય તે), હવે પછી બજારનું શું થઈ શકે ? કરેકશનની રાહ જોવી કે પછી ખરી દી શરૂ કરી દેવી ? કારણકે કરેકશન આવશે, આવશે ને આવશે જ એવી ધારણા સેન્સેકસના ચોક્કસ લેવલે રખાતી હતી, પણ વચ્ચે વચ્ચે કરેક્શને આવીને બજાર જે લેવલ બનાવે છે ત્યારે કરેક્શનની રાહમાં રહી ગયેલા લોકો પસ્તાય છે.

પહેલી વાત, જ્યારે સોને શૅરોના વેલ્યુએશન મોંઘાં લાગે છે, ત્યારે આમ કહેનારા લોકોને અગાઉ (૨૦૦૮માં) આ જ શૅરો કેટલા સસ્તા મળી રહ્યા હતા, તોપણ કેમ ખરીદવાનું ન સૂઝયું ? જેમણે એ વખતે ખરીદવાની હિંમત કરી હશે તેને એ પછી કેવી મૂડી વૃદ્ધિનો લાભ થયો હશે તેની કલ્પના થઈ શકે છે.

અહીં એક વાત ખાસ યાદ રાખો, મંદી જ શૅરો ખરીદવાનો ઉત્તમ સમય હોય છે અને આપણી વિટંબણા એ છે કે આપણે તો આવા સમયમાં મ્યુચ્યુઅલ ફંડની એસઆઈપી (સિસ્ટેમેટિક ઈન્વેસ્ટમેન્ટ પ્લાન) પણ અધૂરા છોડી દઈએ છીએ, જ્યારે કે એસઆઈપી માટે તો આ ઈન્વેસ્ટમેન્ટ જાળવી રાખવાનો શ્રેષ્ઠ તબક્કો ગણાય. હવે આવી સરળ વાત પણ જેઓ ન સમજી શકે અને પછી શૅરબજારમાં નુકસાન કરી બજારને કે એસઆઈપીને વખોડે તેમાં વાંક તેનો પોતાનો જ છે. ૨૦૦૮થી ૨૦૦૯ના અમુક સમયગાળામાં આવેલા ઘટાડાને સમજી-સ્વીકારી લીધો હોત તો મોટા નુકસાનથી બચી શકાયું હોત. ઈન શૉર્ટ, શૅર સસ્તા હોય ત્યારે તેને ઓળખી લો. બીજું કે જ્યારે ભાવ વધુ ઊંચા લાગતા હોય તોપણ સારા શૅરો લાંબા ગાળા માટે ભેગા કરવામાં સંકોચ કે ભયની જરૂર નથી. ઈકૉનૉમીનાં ફંડામેન્ટલ્સ મજબૂત હોય ત્યારે, બજાર સમયાંતરે ઘટે તોપણ એ ઘટાડે ખરીદવાની તક ગણાય છે.

બીજી વાત, સારા શૅરો વેચવાની ઉતાવળ નહીં કરો. તેમ છતાં કયાંક કોઈ સંદેહ હોય તો બધા શૅરો વેચવાને બદલે અમુક સંખ્યામાં શૅરો રાખી મૂકી બાકીનામાં પ્રૉફિટ બુક કરી લો. જેથી પછીથી અફસોસ ન રહી જાય અને હા, આ જ શૅરો ઘટાડામાં ફરી ખરીદી પણ શકાય.

ત્રીજી વાત, કોઈના કહેવાથી કોઈ પણ શૅર ખરીદી લેવાની ઉતાવળ નહીં કરો. સમજીને અને વિચારીને એ શૅરને, એટલે કે કંપનીનાં ફંડામેન્ટલ્સને જોઈ તેમાં રોકાણ કરો.

ઈકૉનૉમીના ગ્રોથ સાથે બજાર અને ચોક્કસ કંપનીઓ ચાલશે જ. કયા સેક્ટરમાં વિકાસની વધુ સંભાવના છે અને તે સેક્ટરમાં કઈ કંપનીઓ આ વિકાસનો લાભ લઈ શકવા સમર્થ છે તે સમજીને શૅર ખરીદનાર જબ્બર કમાણી કરે છે એ કહેવામાં અતિશયોકિત નથી. આવા સેક્ટરની બેસ્ટ કંપનીઓ જાણી કે ઓળખી લો અને તેમાં ફિક્સ્ડ ડિપોઝિટની જેમ ચૂપચાપ રોકાણ મૂકી સમયની પ્રતીક્ષા કરો.

ચોથી વાત, લોકોથી વિરુદ્ધ દિશામાં ચાલવાની હિંમત કરો. લોકોમાં જાત જાતની વાતો અને અફવાઓ કે ગૉસિપ ચાલતી રહેતી હોય છે. ગ્લોબલ ભય કે શંકાઓ બતાવી ડરાવનારા તમારી પાસેથી સારા શૅરો નીચા ભાવોએ પડાવી લે એવું બની શકે છે. બજારનું લેવલ ઊંચું હોવાથી તમને ભય લાગે એ પણ સ્વાભાવિક છે, પરંતુ લૉંગ ટર્મનો અભિગમ હોય તો એ ડરને ગોળી મારો. બજાર ઘટશે તો પાછું વધશે પણ ખરું, તેમ છતાં અગાઉ કહ્યું તેમ આંશિક નફો ઘરમાં લેવો હોય તો જરૂર લઈ લો અને એનું જ ઘટાડામાં સાચ શૅરોમાં પુન: રોકાણ કરો અથવા અન્ય સારાં સાધનોમાં તમારી જરૂરિયાત મુજબ રોકાણ કરો.

પાંચમી વાત, બજારને સમયના બંધનમાં નહીં બાંધો. કેટલા સમયમાં સેન્સેકસ ૪૦ કે ૪૫ હજાર થશે કે પછી ૨૫ હજાર થશે એવી ચર્ચામાં ખોવાઈ જવાને બદલે તમારા ઈન્વેસ્ટમેન્ટ પર ધ્યાન આપો, શૅરબજારમાં લાંબા ગાળાના અભિગમ સાથે જ પ્રવેશો, ટૂંકા ગાળામાં વધઘટ કે વૉલેટિલિટીથી ચિંતામુકત રહેવાનો અથવા ભયમુકત રહેવાનો આ જ ઉત્તમ માર્ગ છે. સંજોગોમાં લૉકલ કે ગ્લોબલ સ્તરે કંઈપણ અજુગતું બને તો એ પણ લાંબા ગાળાનું કંઈ બગાડી શકશે નહીં.

પ્રકરણ ૩૯

રોકાણ નિર્ણય માટે ફંડામેન્ટલ્સ વધુ મહત્ત્વનાં

શૅરબજારમાં આગાહી કરનારા બે પ્રકારના હોય છે, એકે એ જેઓ જાણતા નથી અને બીજા એ, જેઓ એ નથી જાણતા કે તેઓ જાણતા નથી.

ગ્લોબલ ઈન્વેસ્ટમેન્ટ ગુરુ વોરેન બફેટના રોકાણ અને જીવનના સિદ્ધાંતોમાંથી મેળવવા જેવા સંદેશ

દુનિયા જેને ઈન્વેસ્ટમેન્ટ ગુરુ કહે છે, જે વિશ્વમાં સૌથી ધનવાનોની ટોચની યાદીમાં સ્થાન ધરાવે છે, જેના દરેક વિધાનને ઈન્વેસ્ટમેન્ટ જગત ખૂબ જ મહત્ત્વ આપે છે, જેના શબ્દોમાં સમૃદ્ધિની સાથે સાથે સત્ય, સાદગી અને સમર્પણનું સામર્થ્ય છે એવા વોરેન બફેટ ભારતની મુલાકાતે આવ્યા હતા ત્યારે તેમણે આમ તો સંપત્તિના સદુપયોગ, દાન, જરૂરતમંદ સુધી તેને પહોંચતી કરવા, એટલે કે આર્ટ ઓફ ગિવિંગ વિશે ઘણી વાતો કરી, આ સાથે બિઝનેસ અને પોતાની રોકાણ યોજના તથા ઈન્વેસ્ટમેન્ટ ફિલસૂફી અંગે પણ સ્પષ્ટ અને નિખાલસ ભાવોથી વિચારો વ્યકત કર્યા હતા. જેમાંથી કેટલીક વાતોને ઈન્વેસ્ટમેન્ટની દૃષ્ટિએ જોઈએ અને સમજીએ, કેમ કે આ વાર્તા આપણા અર્થતંત્ર પ્રત્યેનો વિશ્વાસ વધારવામાં સહાયરૂપ થશે, જેને પરિણામે આપણે લાંબા ગાળાના તેમ જ સારા રોકાણ તરફ આગળ વધીશું.

ભારતીય બજાર વિશાળ છે

વોરેન બફેટનું એક વિધાન એવું છે કે ભારતને ઈમર્જિંગ (ઊભરતી) માર્કેટ કહેવાને બદલે વિશાળ માર્કેટ કહેવી જોઈએ. બફેટ પોતે પણ ભારતીય અર્થતંત્ર અને બજારના વિકાસને ધ્યાનમાં રાખી અહીં ઈન્વેસ્ટમેન્ટ કરી રહ્યા છે અને અહીંની કંપનીઓ હસ્તગત કરી રહ્યા છે. બફેટસાહેબ માને છે કે ભારતમાં ભરપૂર રોકાણ તકો છે. હવે જો વિશ્વની ટોચની સંપત્તિવાન હસ્તી અને ઈન્વેસ્ટમેન્ટ ગુરુ આવું કહેતા હોય તો ભારતીય રોકાણકારે પણ તેનું મહત્ત્વ આપોઆપ સમજી લેવાનું રહે છે કે અહીં કેવી અને કેટલી સંભાવના છે. બફેટસાહેબની કંપની બર્કશાઈર હેથવેનું ૮૫થી ૯૦ ટકા રોકાણ અત્યાર સુધી માત્ર યુ.એસ.એ.માં થયું છે. ભારત તેઓ પ્રથમ વાર આવ્યા ત્યારે તેઓએ કહ્યું હતું કે તે એવી કોઈ કંપનીમાં ઈન્વેસ્ટમેન્ટ નહીં કરે જેના ભાવિ વિશે તે ચોક્કસ ધારણા બાંધી શકે એમ નહીં હોય. અર્થાત્ પોતાને ખયાલ ન હોય એવી કોઈ કંપનીમાં તેમને રસ નથી અને આવી કંપનીમાં રોકાણ કરવામાં પણ તેઓ માનતા નથી.

બફેટનું મોટું રોકાણ હાલ કઈ કંપનીઓમાં ?

સૌથી વધુ રોકાણ અમેરિકન કંપનીઓમાં ધરાવતા બફેટ સાહેબનું રોકાણ વિશ્વની જે ટોચની કંપનીઓમાં છે તેમાં કોકા કોલા, અમેરિકન એક્સપ્રેસ, ટેસ્કો, પ્રૉક્ટર ઍન્ડ ગેમ્બલ, પોસ્કો, વોલ-માર્ટ, યુએસ બેંકોર્પ, ક્રાફટ, વેલ્સ ફારગો, કોન્કો ફિલિપ્સ, વગેરેનો સમાવેશ થાય છે. તેઓ ઝડપથી બદલાતાં સેક્ટર પસંદ કરતા નથી. કેમ કે આવા સેક્ટરમાં બહુ ઓછા લોકોને લાભ થતો હોય છે. તેમને સરળ રોકાણમાં વધુ રસ પડે છે.

વોરેન બફેટ વિશેની રસપ્રદ અને પ્રેરણાદાયી દસ વાતો

૧. વોરેન બફેટે ૧૧ વરસની ઉંમરે પ્રથમ શૅરની ખરીદી કરી હતી, તેઓ માને છે કે એ પણ મોડું કહેવાય - તેઓનું કહેવું છે કે શૅરબજારમાં વહેલાસર જ રોકાણ શરૂ કરી દેવું જોઈએ, જ્યારે શૅરો સસ્તા મળતા હોય ત્યારે શૅરો ખરીદવાનો આરંભ કરી દેવામાં સાર છે.

૨. અખબારો વેચીને થયેલી બચતમાંથી તેમણે ૧૪ વરસની ઉંમરે નાનું ખેતર ખરીધું હતું, તેમનું કહેવું છે કે તમારાં સંતાનોને કોઈ પણ નાનો સરખો બિઝનેસ શરૂ કરવા પ્રોત્સાહન આપો.

૩. બફેટસાહેબ કહે છે કે તમને ખરેખર જેટલી જરૂર છે તેનાથી વધુ ખરીદી કરો નહીં અને તમારાં સંતાનોને પણ એ જ શીખવો.

૪. તેમની બર્કશાઈર કંપની ૬૦થી વધુ કંપનીઓ ધરાવે છે, તેઓ વરસમાં પોતાના સીઈઓને માત્ર એક પત્ર લખે છે અને તેમને વરસ માટેનાં લક્ષ્ય આપે છે.

૫. તેમણે પોતાના સીઈઓને બે જ નિયમો શીખવ્યા છે, નિયમ-૧ તમારા શૅરધારકોના પૈસા ન ગુમાવો અને નિયમ -૨ પહેલો નિયમ ભૂલશો નહીં.

૬. વોરેન બફેટ કહે છે કે જીવનમાં કૃત્રિમ દેખાવ - (શૉ ઑફ) નહીં કરો, તમે જે છો એ રહો અને તમને જેમાં આનંદ મળે છે એ કરો.

૭. વિશ્વની આ ધનવાન હસ્તી કહે છે કે ક્રેડિટ કાર્ડથી કે બૅન્ક લોનથી દૂર રહો અને તમારી જાતમાં ઈન્વેસ્ટમેન્ટ કરો. પૈસા માણસોનું સર્જન નથી કરતા, માણસ પૈસાનું સર્જન કરે છે, તમારું જીવન સંભવ હોય તેટલું સરળ રાખો, બીજાઓ કહે છે તેમ નહીં કરો, માત્ર તેમને સાંભળો, પરંતુ કરો એ જે તમને ગમે છે.

૮. તમારા ધનનો બિનજરૂરી વસ્તુઓ પાછળ બગાડ ન કરો, તેને બદલે જેમને ખરેખર જરૂર છે તેમની માટે એ વાપરો.

૯. આ તમારી જિંદગી છે, તો શા માટે બીજાને તેના પર હાવી થવાનો મોકો આ છો?

૧૦. રોકાણકારોને તેઓ કહે છે કે કંપનીમાં રોકાણ કરો ત્યારે તેના બિઝનેસને પણ સમજો, માત્ર ગ્રોથ ન જુઓ, બલકે ફંડામેન્ટલ્સ પર વધુ ધ્યાન આપો.

રોકાણ નિર્ણય કયા આધારે લેવાવો જોઈએ ?

ભારતમાં પોતાની રોકાણ યોજના વિશે વોરેન બફેટ કહે છે કે અમે વિકાસ કે વૃદ્ધિ જોતા નથી, વિકાસ જરૂરી છે, હોવો પણ જોઈએ, કિંતુ અમે ધીમા વિકાસમાં માનીએ છીએ, અમે ગ્રોથને ધ્યાનમાં રાખીને રોકાણ નિર્ણય લેતા નથી, એ કરતાં કોમ્પિટિટીવ ઍડવાન્ટેજ (સ્પર્ધાત્મક લાભ) સારો ગણાય અને પ્રામાણિક મૅનેજમેન્ટ તેમ જ વ્યવહારુ ભાવ લક્ષ્યમાં લેવો જોઈએ. આ સાથે કંપની આગામી પાંચ-દસ કે વીસ વરસમાં ક્યાં પહોંચશે એ જોઈ શકવાની ક્ષમતા આવશ્યક છે. અમારો રોકાણ નિર્ણય આ બાબતોને

આધારે લેવાય છે. અમે ઉદ્યોગોને કે કંપનીઓને તેના ગ્રોથને આધારે રેન્ક આપતા નથી, ઊલટાનું અમે તો એવા બિઝ નેસને જોઈએ છીએ, જે ભલે જરાય ગ્રોથ પામ્યા નથી, પરંતુ એ સારા છે, ફંડામેન્ટલ્સની દૃષ્ટિએ મજબૂત છે. બફેટ સાહેબની આ ફિલસૂફી દરેક રોકાણકારે જાણવા-સમજવા જેવી છે. જેમ ભારતીય ઈન્વેસ્ટમેન્ટ ગુરુ રાકેશ ઝુનઝુનવાલા કહે છે કે હીરો (ડાયમંડ) જ્યારે કોલસાની અવસ્થામાં હોય ત્યારે તેને ઓળખી લેવો જોઈએ, એમ કરી શકનાર લાંબે ગાળે સંપત્તિ સર્જન કરી શકે છે.

પ્રકરણ ૪૦
રોકાણ માટે આપણે તેજીની રાહ જોઈએ છીએ

આ બજારમાં સટ્ટો એ એક એવો પ્રયાસ છે, જે કદાચ તમારી નાની મૂડીને અઢળક સંપત્તિમાં રૂપાંતર કરવામાં નિષ્ફળ જાય છે, જ્યારે ઈન્વેસ્ટમેન્ટ એ એવો પ્રયાસ છે, જે તમારી સંપત્તિને નાની મૂડી બની જતાં રોકવામાં સફળ રહે છે.

આપણી સર્વ સામાન્ય માનસિકતા કે સાઈકૉલૉજી એ છે કે આપણે બજારમાં રોકાણ કરવા માટે તેજીની રાહ જોઈએ છીએ. ખરેખર તો બજારમાં મંદી હોય ત્યારે ખરીદી કરવા નીકળી પડવું જોઈએ અને સારી કંપનીઓના શૅરો જમા કરતાં જવું જોઈએ. જ્યારે કે મંદીના માહોલમાં તો આપણે શૅરબજાર તરફ કે શૅરબજાર વિશે વાંચવાનું કે ચર્ચા કરવાનું સુદ્ધાં બંધ કરી દઈએ છીએ. રોકાણ કરવા માટે આપણને વધતા ભાવો, રોજેરોજ ઊછળતા શૅરો કે ઈન્ડેકસ, સતત સારા સમાચારો વગેરે વાતાવરણની અપેક્ષા હોય છે. બધા શૅરબજારની વાતો કરતા હોય, રોજ છાપામાં શૅરબજારની તેજીના ન્યૂસ આવતા હોય, હવે પછી તો બજાર નવા ઊંચા સ્તરે પહોંચી જવાનું છે, ખૂબ વિદેશી રોકાણ બજારમાં આવવાનું છે, સરકાર તરફથી સારી એવી પ્રોત્સાહનની જાહેરાત થવાની છે વગેરે જેવી સાચી-ખોટી વાતો સાંભળીને જ આપણને શૅરો લેવાનું મન થાય છે અને પછી પણ આપણે તેનો અમલ કરીએ તે પહેલાં તો ભાવો ઓર વધી ગયા હોય એમ પણ બને, તેમ છતાં આ સમયે આપણો વિશ્વાસ મજબૂત હોવાથી આપણે એ સમયે આડેધડ ખરીદી કરવા લાગીએ છીએ. આમ આખરે આપણે મોટે ભાગે ઊંચા ભાવોએ પ્રવેશ કરી બેસીએ છીએ અને ત્યાર બાદ જો માર્કેટ તૂટે કે ઘટે તો તરત દુખી થઈને શૅરો વેચવા દોડી જઈએ છીએ. આ પણ તેજીની બજારને સમજવાની ભૂલ ગણાય.બજારમાં પ્રવેશ્યા બાદ નીકળતાં ન આવડ્યું તોપણ તમે ફસાઈ જઈ શકો છો. આખરે આપણે એ જ નિષ્કર્ષ પર આવીએ છીએ કે બજાર તેજીમાં હતું તોય આપણે ભાગે ખોટ આવી. બજાર તો વધ્યું, પણ આપણે કમાયા નહીં...

પ્રકરણ ૪૧

વેલ્યુ ઈન્વેસ્ટિંગ અને ગ્રોથ ઈન્વેસ્ટિંગ શું છે ?

આલ્બર્ટ આઈન્સ્ટાઈન કહે છે, માનવજાતની સૌથી મહાન શોધમાં કમ્પાઉન્ડિંગ ઈન્ટરેસ્ટ (વ્યાજ પર વ્યાજથી મૂલ્યવૃદ્ધિ) નો પણ સમાવેશ થાય છે.

શૅરબજારમાં રોકાણ કરવા બાબત ધીમી ગતિએ રોકાણકારોમાં આવી રહેલી જાગૃતિના પરિણામે બે નવા ફંડા સમજવા જેવા છે. એક વેલ્યુ ઈન્વેસ્ટિંગ અને બીજો ગ્રોથ ઈન્વેસ્ટિંગ. .

કઈ રીતે ઓળખવા આ શૅરોને ?

મજબૂત ફંડામેન્ટલ્સ ધરાવતી કંપનીઓના શૅરો જો તેની ઈન્ટ્રિન્સિક વેલ્યુ કરતાં ઓછા ભાવે મળતા હોય તો એ વેલ્યુ ઈન્વેસ્ટિંગની વ્યાખ્યામાં આવે છે. ઈન્ટ્રિન્સિક વેલ્યુનો અર્થ એ થાય છે કે કંપનીની આંતરિક શકિત કે મૂલ્ય મજબૂત છે. શૅરબજારમાં ભલે તેના ભાવોની બોલબાલા ન હોય કે તે સ્ટૉક બહુ પૉપ્યુલર પણ ન હોય, તેમ છતાં આવો મજબૂત શૅર પસંદ કરવા જેવો ગણાય. આ માટે રોકાણકારે તે શૅરના પ્રાઈસ અર્નિંગ રેશિયો (પીઈ) અને પ્રાઈસ ટુ બુક વેલ્યુ (પીબી) અને ડિવિડંડ વળતરને પણ જોઈ લેવું જોઈએ. આ પ્રકારના શૅરો ઘણી વાર નબળાં નાણાંકીય પરિણામ ધરાવતાં પણ હોઈ શકે, કયારેક કોઈ કાનૂની વિવાદમાં તે કંપની અટવાયેલી હોય, તેમાં નેતૃત્વ બદલાયું હોય કે પછી એક યા બીજા કારણસર તેની નેગેટિવ પબ્લિસિટી ચાલી રહી હોય, પરંતુ આવું માત્ર કામચલાઉ હોઈ શકે, જેમાંથી બહાર આવીને કંપની નવી ઊંચાઈએ પહોંચવાની હોઈ શકે, પણ એ સમયે તેની ઈન્ટરનલ સ્ટ્રેન્થને ઓળખવી મહત્ત્વની બની રહે છે. યાદ કરો, હાઉસિંગ લોન સ્કેમ વખતે એલઆઈસી હાઉસિંગ ફાઈનાન્સના શૅરના ભાવને શું થયું હતું, જે સ્કેમને કારણે ઘટર્યો હતો, પણ તેની આંતરિક મજબૂતી અકબંધ હતી.

આવા શૅરમાં પછી કરન્ટ કયારે આવે ?

ઉપરની વાત પછી તમને આ સવાલ થાય એ સ્વાભાવિક છે. પહેલાં તો એ સમજી કે જાણી લેજો કે કંપની ભલે ટાઈમ બીઈંગ (કામચલાઉ) કોઈ પ્રૉબ્લેમમાં હોય અને તે પ્રૉબ્લેમને કારણે તેના શૅરનો ભાવ નીચો રહેતો હોય, પણ તેની ઈન્ટરનલ સ્ટ્રેન્થ ઊંચી હોવી જરૂરી છે. કારણકે આવી કંપનીમાં જેવા પોઝિટિવ ટ્રિગર કે પરિબળો દાખલ થાય, વેચાણ અને નફાશકિત ઊંચાં જાય, કોઈ મર્જર કે જોડાણ આવે અથવા બાય બેક જેવી ઑફર આવે કે તેના ભાવમાં કરન્ટ આવી જાય છે. સારા મૅનેજમેન્ટવાળી, ડિવિડંડ રેકર્ડ અને મજબૂત બિઝનેસ ફંડામેન્ટલ્સ ધરાવતી આવી કંપનીઓના સસ્તા વેલ્યુએશનનો લાભ પછી રોકાણકારોને મળે છે. અલબત્ત, આ માટે રોકાણકારો પાસે ભરપૂર ધીરજ હોવી પણ આવશ્યક બની રહે છે.

વેલ્યુ ઈન્વેસ્ટિંગ એટલે શું ?

સૌ પ્રથમ એક નાની ઘટના પરથી વેલ્યુ ઈન્વેસ્ટિંગને જોઈએ. એક વ્યક્તિ પોતાના મિત્ર માટે તેના જન્મદિન નિમિત્તે ભેટ લેવા મોટા મૉલમાં જાય છે, જ્યાં તેને પોતાના

મિત્ર માટે જે ભેટ એકદમ ગમી જાય છે તે ખૂબ જ મોંઘી લાગે છે, જે તેના બજેટની બહાર હોવાથી તે વ્યક્તિ ત્યાંથી નિરાશ થઈને નીકળી જાય છે. બીજે દિવસે તે વ્યક્તિ પોતાના નાના શહેરમાં આવે છે, જયાં તેને એક દુકાનમાં પેલી ગમી ગયેલી ભેટ મૉલ કરતાં સાવ જ ઓછા ભાવે મળે છે, પરંતુ તેને એ ભેટની ગુણવત્તા અંગે શંકા જાય છે તેથી એ તેની પૂર્ણ ચકાસણી કરે છે, કિંતુ ભેટ તો એવી જ હોય છે, જે તેને મૉલમાં ગમેલી અને રાજી રાજી થઈ તે એ ભેટ લઈ લે છે. શૅરબજારમાં આવા સ્ટૉકને ખરીદવાની બાબતને વેલ્યુ ઈન્વેસ્ટિંગ કહે છે. શૅરબજારમાં હજારો શૅરો છે, પરંતુ રોકાણ માટે ખરા અર્થમાં સસ્તો અને સારો ક્યો છે તે સમજવું વધુ જરૂરી છે.

હવે ગ્રોથ ઈન્વેસ્ટિંગ શૅરોની વાત

આ રોકાણ એવી કંપનીઓમાં કરવામાં આવે છે, જેની વિકાસ કે વૃદ્ધિની ઉજ્જવળ સંભાવના છે. આ કંપનીનો શૅર બજાર કરતાં પણ ઊંચું વળતર આપવાની શક્યતા ધરાવતો હોય છે. આ પ્રકારની કંપનીઓના શૅરોના ભાવો ઊંચી ભાવિ કમાણીની આશાએ પહેલેથી ઊંચા હોય એવું બની શકે, આ ગ્રોથ કંપનીઓમાં પણ બે પ્રકારે ગ્રોથ થતો હોય છે, એક તેનો બિઝનેસ ઊભરતો બિઝનેસ હોઈ શકે અને બીજો સાતત્યપૂર્ણ બિઝનેસ ગ્રોથ હોય છે. આ સાતત્યપૂર્ણ ગ્રોથ ધરાવતી કંપનીઓનો વિકાસ લાંબા ગાળાનો હોય છે. જેમ કે હાઉસિંગ ફાઈનાન્સ, ઑટો વગેરે. જ્યારે કે ઈમર્જિંગ બિઝનેસમાં સનરાઈઝ ઉધોગો આવે છે, જે નવા હોય છે, ઝડપી પણ હોય અને તેનું ભવિષ્યમાં મહત્ત્વ ખૂબ વધી જવાની આશા હોય છે. ગ્રોથ ઈન્વેસ્ટરોએ પણ લાંબા ગાળાની તૈયારી રાખવી પડે છે. જેમાં તેમને ઘણી વાર અસાધારણ વળતર મળે છે અથવા ઈમર્જિંગ બિઝનેસ ગ્રોથવાળી કંપનીઓમાં પણ જબરદસ્ત નફો થાય છે. જોકે તેમાં બબલ થઈ જવાનો ભય પણ રહે છે, વાસ્તે રોકાણકારે ચોક્કસ સમયે કે વેલ્યુએશન પર નફો ઘરમાં લઈ લેવાની કુશળતા પણ કેળવવી પડે છે. વધુમાં ગ્રોથ ઈન્વેસ્ટરે કંપનીના ભાવિ વિશે જજમેન્ટ લેવાનું હોવાથી તેનો યોગ્ય અભ્યાસ, સમજ તેમ જ ભાવિ દૃષ્ટિકોણની વિશેષ જરૂર પડે છે.

શિસ્તબદ્ધ રોકાણકારો માટે સારું શું ?

તેમ છતાં વેલ્યુ ઈન્વેસ્ટિંગ ગ્રોથ કરતાં વધુ સલામત, સારું અને યોગ્ય ગણાય, કેમ કે વેલ્યુ ઈન્વેસ્ટિંગમાં ડાઉનસાઈડ રિસ્ક ઓછું રહે છે, કેમ કે તેમાં નીચા ભાવે ખરીદી થઈ હોય છે, જ્યારે ગ્રોથમાં ખરીદી જ ઊંચા ભાવે થઈ હોવાનું બને છે, પરિણામે તેમાં સલામતી ઓછી રહે છે. બજારના ડાઉન ટર્નમાં પણ એકંદરે વેલ્યુ ઈન્વેસ્ટિંગ સારા અથવા ઓછા જોખમી રહે છે, જ્યારે પડતી બજારમાં ગ્રોથ શૅરોમાં કડાકા બોલાઈ જાય તો નવાઈ નહીં. ઈન શૉર્ટ, શિસ્તબદ્ધ રોકાણકારો માટે વેલ્યુ ઈન્વેસ્ટિંગ વધુ બહેતર છે, કેમ કે જોખમ ઓછું અને વળતર એકંદરે સારું રહે છે.

વેલ્યુ અને ગ્રોથ ઈન્વેસ્ટિંગ વચ્ચે ફરક શું ?

આ બંને પ્રકારના ઈનવેસ્ટમેન્ટમાં બેસ્ટ વળતરની અપેક્ષા રહે છે, પરંતુ વેલ્યુ ઈન્વેસ્ટિંગમાં શૅરોના ભાવો જ્યારે નીચા હોય છે એટલે કે મંદ કે ડાઉન માર્કેટમાં રોકાણકારે નિર્ણય લેવાનો આવે છે, પણ ગ્રોથ ઈન્વેસ્ટિંગમાં રોકાણકારે તેજીના સમયમાં નિર્ણય લેવો પડે છે, ભાવો પહેલેથી ઊંચા હોઈ શકે અને હવે પછી તેમાં નોંધપાત્ર વૃદ્ધિની ધારણા મુકાઈ હોય છે. આ સંજોગોમાં બેસ્ટ વ્યૂહરચના એ ગણાય કે રોકાણકાર વાજબી ભાવે ગ્રોથ શૅરોને પકડી પાડે કે ઓળખી લે. અર્થાત્ વેલ્યુ અને

ગ્રોથ ઈન્વેસ્ટિંગનું મિશ્રણ કરવામાં આવે.

પ્રકરણ ૪૨
ટ્રાફિક નડશે એમ ગણીને ચાલનારા સમયસર પહોંચે છે

શૅર બ્રૉકરનો ટ્રેક રેકર્ડ અને સર્વિસીસને જાણી લો

મુંબઈમાં આપણે રોડમાર્ગે ક્યાંક પહોંચવું હોય તો એ પહોંચવાનો રસ્તો એક કલાકનો હોય તોપણ આપણે કમ સે કમ અડધો કલાક વધારે લાગશે એમ માનીને દોઢ કલાકની મુસાફરી સમજીને પ્રવાસ શરૂ કરીએ છીએ. જેને ત્યાં પહોંચવાનું હોય છે તેને પણ કહી દઈએ છીએ કે દોઢ કલાક લાગશે. સામેવાળી વ્યક્તિ વળી દોઢ કલાક કીધા પછી પણ આપણે ક્યાંથી આવી રહ્યા છીએ એને લો આધારે પંદરેક મિનિટ પોતાની ઉમેરીને સમજી લે છે કે આપણને પહોંચતા દોઢપોણા બે કલાક લાગશે. આ બધાનું એક જ મુખ્ય કારણ છે ટ્રાફિક. મુંબઈમાં તમે રોડમાર્ગે ક્યાંય પણ જાઓ ટ્રાફિક તો નડશે જ એમ ગણીને જ ચાલવું પડે છે.

એઝેક્ટલી એ જ રીતે શૅરબજારમાં પણ ટ્રાફિક તો નડશે જ અર્થાત્ શૅરબજારમાં રોકાણ કરી ત્યારે મંદીની ઘટનાઓ, કૌભાંડો, ગોલમાલ, વૉલેટિલિટી, તોફાની વધ-ઘટ જેવી સમસ્યારૂપી ટ્રાફિક તો આવે જ છે, જેને ધ્યાનમાં રાખીને જ ચાલવું પડે.

પ્રકરણ ૪૩
દીકરા માટે કન્યા શોધતા હો એ રીતે શૅરબજારમાં સ્ક્રિપ શોધવી

માત્ર રજિસ્ટર્ડ શૅર બ્રૉકેર મારફત જ સોદા કરો

તમારા પરિવારમાં યુવાન દીકરો હોય અને તે યોગ્ય શિક્ષણની પદવી લઈ સારી નોકરી મેળવી સ્વનિર્ભર થઈ જાય એટલે પરિવારના વડીલો તેના માટે સારી કન્યા શોધવાનું શરૂ કરે એ સ્વાભાવિક છે. સારી કન્યાને પસંદ કરવા માટે વડીલો કેવા વિચાર કરે? તેમના માપદંડ કેવા હોય? એકદમ સરળ અને સ્પષ્ટ ભાષામાં કહીએ તો તેમને નૅચરલી સવાલ થાય કે દીકરા માટે પસંદ કરીએ તે યુવતી દેખાવમાં, સ્વભાવમાં, સંસ્કારમાં કેવી છે? તેનો પરિવાર કે છે? કેટલું ભણેલી છે? દીકરા સાથે ઘરમાં સુખ-શાંતિ જાળવી રાખે એવી છે કે નહીં? પરિવારના વડીલો એના સંતોષકારક ઉત્તરો મેળવ્યા બાદ જ કન્યાને પસંદ કરવાનો નિર્ણય લે છે. જોકે યુવાન દીકરો પણ આ બધી બાબતોને આધારે જ નિર્ણય લે છે.

તમને થશે કે અહીં વળી લગ્ન અને યુવતીની પસંદગીના માપદંડોની આઉટ ઑફ સ્ટૉક માર્કેટ જેવા સબ્જેક્ટની વાતો ક્યાંથી આવી ગઈ? પરંતુ દોસ્તો, જો આપની પાસે પરિવારના દીકરા માટે સારી વહુ પસંદ કરવાના માપદંડો છે તો એ માપદંડોને શૅરબજારમાંથી સારી સ્ક્રિપ્સ પસંદ કરવામાં પણ ઉપયોગમાં લઈ શકો છો. જેમ દીકરાના લગ્ન માટે સારી કન્યા શોધો છો એમ શૅરબજારમાં સ્ક્રિપ્સ શોધો, જે તમારા ઘરમાં સુખ-સમૃદ્ધિ લાવે અને શાંતિ પણ. આ બાબતોમાં કંપનીનો ટ્રેક રેકર્ડ, પ્રમોટરોનો ટ્રેક રેકર્ડ, તેની ઉદ્યોગમાં સ્થિતિ, સ્પર્ધામાં ટકી રહેવાની ક્ષમતા, ભાવિના સંજોગો વગેરેનો સમાવેશ થાય છે.

શૅરબજારમાં રોકાણની વ્યૂહરચનાને જીવનની અનેક બાબતો સાથે જોડીને સમજી શકાય છે. રોકાણકારે એવી સ્ક્રિપ પસંદ કરવાનું લક્ષ્ય રાખવું જોઈએ જે તેની લાઈફ પાર્ટનર બની શકે, પરંતુ વાસ્તવમાં કોઈ સ્ક્રિપ જિંદગીભર જાળવી રાખવાની નથી હોતી. ચોક્કસ સ્તરે નફો બુક કરી લેવાનો હોય છે. જો કે અહીં એક કરતાં વધુ લાઈફ પાર્ટનર રાખવા બહેતર છે. એક સમય એવો હતો જ્યારે શૅરધારકો પોતાનાં સંતાનોને વારસામાં શૅરો આપી શકે એ રીતે શૅરો ખરીદીને જાળવી રાખતા હતા, પરંતુ હવે સમય બદલાયો છે. આર્થિક પરિવર્તનો ઝડપથી આકાર લેતા રહે છે અને એમાં કંપનીઓના આઉટલુક પણ ઝડપથી બદલાતાં રહે છે. એક સમયના બ્લુચિપ શૅરોમાંથી આજે અમુક તો માત્ર ચીપ શૅરો રહી ગયા છે.

પ્રકરણ ૪૪
આઈપીઓ આવે એટલે રોકાણ કરવું જ એવું જરૂરી છે ?

રોકડ વ્યવહારને બદલે બૅન્કિંગ વ્યવહાર કરો

ઘરની બાજુમાં કિડનીની નવી હૉસ્પિટલ શરૂ થાય એટલે ત્યાં ડાયાલિસીસ કરાવવા દોડી જવાય નહીં

કંપનીઓનો આઈપીઓ (ઈનિશિયલ પબ્લિક ઑફરિંગ) આવી રહ્યો હોય કે કોઈ મ્યુ. ફંડની નવી ઑફર અર્થાત્ એનએફઓ આવી રહી હોય ત્યારે રોકાણકારોમાં તેના પ્રત્યે એક અલગ જ આકર્ષણ ઊભું થઈ જતું હોય છે. કંઈક નવું હોવાની લાગણી તેમને રોકાણ કરવા પણ પ્રેરે છે અને લોકો નવી કે પહેલી ઑફર છે તેથી તેમાં ઈન્વેસ્ટમેન્ટ કરવું જોઈએ એવા ખયાલ સાથે રોકાણ કરવા તૈયાર થઈ જાય છે. કંપનીઓ પણ એ સમયમાં રોકાણકારોને પોતાની તરફ ખેંચવા મોટા દાવા સાથે આકર્ષક પ્રચારઝુંબેશ પણ ચલાવતી હોય છે. અમારા મિત્ર અને મ્યુ.ફંડ નિષ્ણાત અમિત ત્રિવેદી લોકોની આ પ્રકારની સાઈકૉલૉજીને ટાંકીને ઘણી વાર વક્તવ્યમાં કહેતા હોય છે કે આપણા ઘરની પાસે કિડનીની નવી હૉસ્પિટલ બને એટલે આપણે ત્યાં ડાયાલિસીસ કરાવવા પહોંચી જતા નથી, કેમકે આપણને ડાયાલિસીસની જરૂર નથી, તો પછી નવી ફંડ ઑફર કે આઈપીઓમાં, આપણે તે રોકાણ કરવાની જરૂર છે કે કેમ અથવા તેમાં રોકાણ કરવું જોઈએ કે નહીં એ વિશે વિચાર્યા કે સમજયા વિના શા માટે ઈન્વેસ્ટમેન્ટ કરવા દોડી જઈએ છીએ?

જ્યારે શૅરબજારની તેજીને ધ્યાનમાં રાખી એકસાથે ઢગલાબંધ આઈપીઓ આવવા લાગે ત્યારે આવો સવાલ દરેક ઇન્વેસ્ટરને થવો આવશ્યક છે. તેથી આપણે અહીં આઈપીઓમાં રોકાણ કરતી વખતે શું ધ્યાનમાં રાખવું જોઈએ એ વિશે સરળ ચર્ચા કરીએ.

ઈસ્યુઅર કંપનીનો ટ્રેક રેકર્ડ જાણી લો

આઈપીઓ લાવનાર કંપનીના મૅનેજમેન્ટનો ટ્રેક રેકર્ડ જાણી લેવો સૌથી મહત્ત્વનો છે. આ મૅનેજમેન્ટ અગાઉ પ્રમોટ કરેલી અન્ય કંપનીઓનો હાલ કેવી તાલ છે એ જાણી લેવું જોઈએ. કંપની કયા ઉધોગમાં છે, આ ઉધોગમાં અન્ય કંપનીઓ કેવી છે, તેમની વચ્ચે કેવી હરીફાઈ છે, સ્કૉપ કેવો છે, એ જ ઉધોગની અન્ય કંપનીઓના શૅરના ભાવોનો ટ્રેન્ડ શું છે? તેમાં કેવી વધઘટ થાય છે વગેરે જેવી બાબતો જાણી લો. આઈપીઓ લાવનાર કંપની સ્પર્ધામાં આગળ વધવા કેટલી સક્ષમ છે તે સમજવાનો પ્રયાસ કરવો જોઈએ. આ બધી વિગત કંપનીના પ્રૉસ્પેક્ટસમાં જણાવેલી હોય છે. આટલું સમજવા માટે કોઈ અસાધારણ બુદ્ધિની જરૂર પડતી નથી. આ સાથે એ પણ જાણી લો કે તેમાં કંપની સામેના સંભવિત જોખમો પણ આપેલાં હોય છે. તેમ છતાં મૅનેજમેન્ટનો ટ્રેક રેકર્ડ સૌથી મુખ્ય બાબત છે.

સેક્ટરની તેજીથી દોરવાઈ જવું નહીં

કોઈ ચોક્કસ સેક્ટરમાં હાલ તેજી છે તેથી તે સેક્ટરની કંપનીઓ આઈપીઓ સાથે નીકળી પડે છે. એક વાર આઈટી સેક્ટરની તેજીમાં આઈટી ઉર્ફે સૉફટવેર કંપનીઓની વણજાર નીકળી હતી, જે ડૉટકૉમ કંપનીના નામે પણ જાણીતી થઈ હતી. ઘણી વાર તો

કંપનીઓ સેક્ટરની તેજી જોઈ પોતાનું નામ પણ બદલાવી નાખે છે અને જે તે સેક્ટરની કંપની દેખાવા માટે એ મુજબનું નામ રાખી લે છે. આવું અગાઉ ખૂબ બનતું હતું તેથી સેબીએ એવો નિયમ બનાવ્યો કે કંપની જે નામ ધરાવે તે બિઝનેસમાં તેનો ચોક્કસ (આશરે ૫૦ ટકા) હિસ્સો હોવો જરૂરી રહેશે. આઈપીઓની માર્કેટમાં આપણે ત્યાં લોકોની ઝટપટ કમાઈ લેવાની મનોવૃત્તિ કામ પર લાગી જાય છે. જેને લીધે કંપનીઓ રોકાણકારોને ગેરમાર્ગે દોરવામાં કે ફસાવી દેવામાં સરળતાથી સફળ થઈ જાય છે.

અગાઉના કડવા અનુભવોને યાદ કરો

એક જાણીતી પાવર કંપનીના આઈપીઓનો દાખલો મોટા ભાગના લોકોને યાદ જ હશે. જેમાં પાવર સેક્ટરની અને માર્કેટિંગની બોલબાલાને લીધે અરજીઓ કરવા માટે કતાર લાગી હતી અને ઇસ્યૂ પણ અનેક ગણો છલકાઈ ગયો હતો, પરંતુ આખરે બજારમાં આંચકા આવ્યા બાદ આ શૅરનો જ પાવર કટ થઈ ગયો હતો અને લોકોને ભારે નુકસાનીનો શક લાગ્યો હતો. કેમ કે એ ઈસ્યૂનો ઑફર ભાવ વધુપડતો ઊંચો હતો એ સત્ય શરૂમાં લોકોને સમજાયું નહોતું.

ગ્રેડિંગ જાણવાનું મહત્ત્વ સમજો

રોકાણકારોને કંપનીના આઈપીઓ વિશે માર્ગદર્શન મળે એ માટે સેબીએ ગ્રેડિંગ ફરજિયાત બનાવ્યું છે. આ ગ્રેડિંગ શૅરના ભાવ સિવાયની બાબતોનો અભ્યાસ કરીને અપાયું હોય છે, જેમાં કંપની ફંડામેન્ટલ્સની દૃષ્ટિએ કેટલી મજબૂત છે તેનો નિર્દેશ કરાય છે. જોકે આમાં ઘણી વાર એવું જોવા મળતું હોય છે કે ઊંચા ગ્રેડિંગવાળી કંપનીના શૅરનો ભાવ પડી જાય છે અને નીચા ગ્રેડિંગવાળી કંપનીના શૅરનો ભાવ ચાલી જાય છે, પરંતુ વાસ્તવમાં રોકાણકારોએ લાંબા ગાળાનું રોકાણ કરવું હોય તો કંપનીનું ગ્રેડિંગ ઊંચું છે કે નહીં તે જાણી લેવું જોઈએ. બાકી લિસ્ટિંગ બાદ શૅરનો ભાવ ઊંચો ખૂલે કે વધે એ માટે ઑપરેટરો રમત ગોઠવીને એ કામ કરી લેતા હોય છે. સારા ગ્રેડિંગવાળી કંપનીના શૅરનો ભાવ લિસ્ટિંગ બાદ ઘટી જાય તો પણ પેનિકમાં આવી જવું જોઈએ નહીં, ઊલટાનું એ વખતે એ શૅર વધુ ખરીદીને રાખી મૂકી શકાય, કારણકે ફંડામેન્ટલ સાચું છે તો ભવિષ્યમાં આ શૅરનો ભાવ ઊંચો જશે.

લોકોએ કંપનીના નામે અને પાવરને નામે છલાંગ લગાવી હતી, જેમાં લિસ્ટિંગ બાદ ખૂલેલા નીચા ભાવે ડૂબવાની નોબત આવી હતી. જોકે કંપનીએ ત્યાર બાદ બૉનસ જાહેર કરીને શૅરધારકોને રાહત આપવાની કોશિશ કરી હતી. અલબત્ત, જેમણે લિસ્ટિંગ બાદ આ શૅર લીધા હશે તેમને કયાંક લાભ થયો હોઈ શકે. અહીં બોધ એ મળ્યો કે જે બહુ ગાજે તે બહુ વરસે એવું ન પણ બને અને ઘણી વાર લિસ્ટિંગ બાદ શૅર ખરીદવામાં વધુ સાર રહે છે. એટલે કે આઈપીઓમાં જ રોકાણ કરવું જરૂરી નથી. આવો જ હાઈફાઈ કિસ્સો વરસો પૂર્વે મોર્ગન સ્ટેનલીની ઑફરમાં અને માસ્ટર ગેઈનમાં પણ બન્યો હતો. ટૂંકમાં જેનો અતિપ્રચાર થાય ત્યાં અને જ્યાં લોકો બહુ ઘેલા થાય ત્યાં પણ ચેતી જવું સારું

જસ્ટ ફોર યોર ઈન્ફોર્મેશન

- એક અભ્યાસ કહે છે કે ૨૦૦૭થી ૨૦૧૦ (સપ્ટેમ્બર સુધી) દરમિયાન આવેલા ૧૧૬ જેટલા ઈસ્યૂઓમાંથી ૬૦ ટકા શૅરો તેના ઈસ્યૂ ભાવોથી નીચા બોલાયા હતા

- ૧૯૮૫-૮૬થી લઈ ૧૯૯૨-૯૩ દરમિયાન આવેલા અનેક ઈસ્યૂઓમાં લાખો રોકાણકારોના કરોડો રૂપિયા ડૂબી ગયા, જેના નામનું રોકાણકારોએ કાયમનું નાહી નાખવું પડ્યું હતું.

- પબ્લિક ઇસ્યૂ લાવનારી સંખ્યાબંધ કંપનીઓના પ્રમોટરો પછીથી ગાયબ થઈ જતા, હવે આવી કંપનીઓ વેનિશિંગ કંપનીઓ ગણાય છે, જેનો કોઈ પત્તો નથી અને જેમનો પત્તો છે તેમની પાસે હવે પૈસા નથી

પ્રકરણ ૪૫
આઈપીઓમાં રોકાણ કરનારાઓ દૃષ્ટિ અને અભિગમ બદલે

કૉન્ટ્રેક્ટ નોટ મેળવી લેવાનો આગ્રહ રાખો

લિસ્ટિંગ સમયે ભાવ ન વધે એવા શૅરોને પણ ખરીદીની તક બનાવી શકાય : બજારના મૂડ કરતાં કંપનીની મજબૂતી વધુ મહત્ત્વની

ધત્ તેરી, એબીસીનું લિસ્ટિંગ પણ નબળું થયું, ફલાણી પાવર કંપનીએ આશા પર પાણી ફેરવી દીધું, એ પછી એબીસી કંપની પર મીટ મંડાઈ હતી કે તેના લિસ્ટિંગમાં પ્રૉફિટ બુક કરવા મળશે, હવે પછી આવનારા ઈસ્યૂઓ કેટલા પણ સારા હોય, કિંતુ લિસ્ટિંગમાં કમાવા ન મળે તો શું ફાયદો? આમાં કઈ રીતે રસ પડે?

આવા સંવાદો કે આ વિચારો માત્ર રોકાણકારોના જ નથી હોતા, પરંતુ ઈસ્યૂ માટે ફાઈનાન્સ કરતી કંપનીઓ, બ્રૉકરો, મર્ચન્ટ બૅન્કર્સ સહિત કદાચ કંપનીઓના પ્રમોટરોના પણ હોય છે.

મોટા ભાગની માનસિક્તા

નવા પબ્લિક ઈસ્યૂમાં અરજી કરતી વખતે આપણા મોટા ભાગના લોકોની માનસિક્તા એ જ હોય છે કે લિસ્ટિંગ સમયે એ શૅરનો ભાવ ઊંચો ખૂલવો જોઈએ, જેથી તુરંત જ નફો મળી જાય એટલે એ શૅરમાંથી બહાર નીકળી જવું. આ શૅરો જાળવી રાખનારાઓનું પણ મન તો એમ જ હોય છે કે લિસ્ટિંગ બાદ ભાવ ઊંચો ખૂલવો જોઈએ અને ઊંચો જળવાઈ રહેવો જોઈએ. ખેર, આ એક માનસિક્તા થઈ, જે મનુષ્યસહજ છે. ભાવ ન વધે એવો શૅર આપણને સારો હોય તો ય નબળો લાગવા માંડે છે. આપણે કોઈ શૅર ખરીદીએ એ મિનિટથી જ તેના ભાવ વધવા શરૂ થઈ જવા જોઈએ, એ પ્રકારની અપેક્ષા કેટલી વાજબી ગણાય?

ઑફરભાવ અને બજારભાવ બે જુદી બાબતો

વાસ્તવમાં ઈમ્યૂનો ઑફરભાવ અને બજારભાવ બે જુદી બાબતો છે. તેને એક જ દૃષ્ટિએ જોઈ શકાય નહીં. અગાઉ આવેલા અનેક ઈસ્યૂઓના ઑફરભાવ શું હતા અને આજે શું છે તેનો અભ્યાસ કરતાં સ્પષ્ટ સમજાય છે કે સંખ્યાબંધ ઈમ્યૂના ભાવ નોંધપાત્ર ઘટી ગયેલા જોવા મળે છે અને એવા પણ ઈસ્યૂઓ હોય છે જેના ભાવ ઊંચા જ રહ્યા હોય છે, તો ઘણા ઘટીને પાછા વધ્યા હોય છે અથવા તેમાં વધઘટ થતી રહી હોય છે. આ ભાવોની તમામ વધઘટ બજારનાં પરિબળોને, તેમ જ માર્કેટ સેન્ટિમેન્ટના આધારે હોય છે. જ્યારે કે ઈક્યૂમાં અરજી કરનારે કંપનીના ફંડામેન્ટલ્સને ધ્યાનમાં રાખી રોકાણ કરવાનું હોય છે, કિંતુ કમનસીબે છેલ્લાં કેટલાંક વર્ષોથી નવા ઈસ્યૂઓમાં પણ શૉર્ટ ટર્મ ઈન્વેસ્ટમેન્ટનો ટ્રેન્ડ શરૂ થયો છે. ગુજરાતનાં અમુક શહેરોમાં તો નવા ઈસ્યૂઓની એક બિન-સત્તાવાર બજાર નિયમિત ચાલે છે જ્યાં ઈસ્યૂનાં પ્રીમિયમ કે ડિસ્કાઉન્ટ પહેલેથી બોલાતાં રહે છે, તેના સોદા થાય છે, જે સત્તાવાર બજારને પણ ઈસ્યૂના ભાવો કેવા રહી શકે તેના સંકેત આપે છે. આ માહોલને ધ્યાનમાં રાખી શૉર્ટ ટર્મ ઈન્વેસ્ટમેન્ટ કરનાર આખરે તો જોખમ જ લઈ રહ્યા હોય છે. તેમની શૉર્ટ ટર્મ ગૅમમાં ભાવ ન વધે તો તેમણે લૉસ બુક કરી લેવી પડે છે, કેમ કે આ ઈન્વેસ્ટરોએ ફાઈનાન્સ (ઉધાર લઈને) મેળવીને

આ રોકાણ કર્યું હોય છે, તેમને વ્યાજનું મીટર લાગુ થઈ ગયું હોય છે. વધુ સમય શૅરો રાખી મૂકે ને ભાવ ન વધે તો તેમને વ્યાજબોજ વધતો જાય છે. જોકે કંપનીના શૅરનો ભાવ લિસ્ટિંગ સમયે ઊંચો ન ખૂલે તો એ કંપની નબળી છે એવું માની લેવાની જરૂર નથી, બલકે તમારી શૉર્ટ ટર્મની ધારણા ખોટી પડી ગણાય.

ઊંચું ગ્રેડિંગ એટલે વોલેટિલિટી ઓછી

દેશની નંબર વન ક્રેડિટ રેટિંગ કંપની ક્રિસીલના એક અભ્યાસ મુજબ જે આઈપીઓને ઊંચું ગ્રેડિંગ અપાયું હોય છે તે કંપનીના શૅરના ભાવમાં વૉલેટિલિટી ઓછી રહે છે. અર્થાત્ જે મજબૂત કંપની છે તે સતત બજારના મૂડ સાથે વધઘટ પામતી નથી, અહીં એ નોંધવું જરૂરી છે કે ગ્રેડિંગ આપતી વખતે કંપનીનાં ફંડામેન્ટલ્સને ધ્યાનમાં રખાય છે, જે સારા – મજબૂત જણાય તો તેને ઊંચું ગ્રેડિંગ અપાય છે. આને શૅરના બજાર ભાવ સાથે સીધો કોઈ સંબંધ હોતો નથી, પણ તેમાં મોટે ભાગે રોકાણકારોએ પસ્તાવાનો વારો આવતો નથી. જોકે રોકાણકારે એ શૅર પછીથી બજારમાં કયા ભાવે ખરીધો છે તે જોવું પણ મહત્ત્વનું હોય છે.

પ્રકરણ ૪૬

ગણપતિ બાપ્પા મોર્યા

'ટિપ્સ સાંભળો, પરંતુ તેનું આંધળું અનુકરણ નહીં કરો

શૅરબજારમાં સફળતા માટે ગણપતિ બાપ્પાના ગુણો કામ આવી શકે !

આપણા સમાજમાં, ખાસ કરીને મહારાષ્ટ્રમાં અને મુંબઈમાં ગણેશોત્સવ ઊજવવાની પરંપરા વરસોથી ચાલતી આવી છે. આપણે ગણપતિ બાપ્પાને બહુ ટિપ્સ સાંભળો, માનીએ છીએ. દરેક શુભ કાર્ય તેમનાં નામ-સ્મરણ સાથે જ શરૂ થાય એવી આપણી શ્રદ્ધા પણ છે. ગણપતિ બાપ્પાની જીવનકથા કે તેમના ગુણો પરથી આપણે શૅરબજારમાં વ્યવહાર કરીએ તો તેમાં પણ આપણને ઘણું માર્ગદર્શન મળી શકે છે. કઈ રીતે ? અહીં આ સત્યને સમજવાનો પ્રયાસ કરીએ.

શૅરબજારમાં શ્રીગણેશ ક્યારે કરાય?

શ્રી ગણેશજીનાં નામ સાથે આપણે જેમ દરેક શુભ કાર્યનો આરંભ કરીએ છીએ તેમ શૅરબજારમાં રોકાણનો પ્રારંભ કોઈ પણ સમયે થઈ શકે છે, અલબત્ત, આપણો આ અભિગમ લાંબા ગાળાનો હોવો જોઈએ. શૅરબજારમાં પ્રવેશવાનો કોઈ સમય ખરો છે કે નહીં એ તેણે જ વિચારવાનું હોય છે, જેને ટૂંકા ગાળા માટે રોકાણ કરવું હોય છે. એટલે જ મોટે ભાગે લોકો જ્યારે પણ કોઈ શુભ કાર્ય માટે શુભ મુહૂર્ત ન મળતું હોય ત્યારે શ્રી ગણેશજીના નામ સાથે કે તેમની પ્રથમ પૂજા કરી પોતાની શરૂઆતને શુભ માનવાની આસ્થા ધરાવે છે તેમ શૅરબજારમાં લાંબા ગાળા માટે પ્રવેશવાનો દરેક સમય શુભ છે.

ગણેશની પ્રદક્ષિણા પ્રમાણે પૉર્ટફોલિયો બનાવો

ગણપતિ બાપ્પાની કથા મુજબ જ્યારે તેમને પોતાના ભાઈ કાર્તિક સાથે પૃથ્વીની પ્રદક્ષિણાની સ્પર્ધામાં ઊતરવાનું કહેવામાં આવ્યું ત્યારે કાર્તિક તો પોતાના અવકાશ યાનમાં બેસી પૃથ્વીની પ્રદક્ષિણા માટે નીકળી પડયા, પરંતુ ગણપતિજીએ માતા પાર્વતી અને પિતા શંકર ભગવાનની આસપાસ પ્રદક્ષિણા કરી લીધી અને સમગ્ર વિશ્વને એક જબરદસ્ત સંદેશ આપી દીધો કે માતા-પિતામાં જ સમગ્ર પૃથ્વી કે જગત આવી જાય છે. અહીં રોકાણકારો માટે સંદેશ એ છે કે તેમણે આખા બજાર પાછળ દોડવાને બદલે પસંદગીની ચોક્કસ મર્યાદિત સ્ક્રિપ્સ આસપાસ જ રહેવું જોઈએ. માત્ર કોઈ પણ કહે એટલે જુદા-જુદા શૅરો જમા કરતાં જવાને અને રોકાણનો પૉર્ટફોલિયો અનેક સ્ક્રિપ્સથી મોટો કરતાં જવાને બદલે મર્યાદિત રાખવો સલાહભર્યું છે. પૉર્ટફોલિયોમાં મહત્તમ દસ જેટલી સ્ક્રિપ્સ રાખવી આદર્શ છે. સંખ્યા ઓછી હશે તેમ તેના અભ્યાસ કે રિવ્યુ કરવાનું કામ સરળ અને ધ્યાનપૂર્વકનું બનશે. પચાસ સ્ક્રિપ્સ ભેગી કરીને અમુકમાં કમાવાનું અને અમુકમાં ગુમાવવાનુ રાખી છેવટે કે સરવાળે કંઈ ખાસ પામવાનું જ ન રહે એ સ્થિતિનું સર્જન કરવાને સ્થાને માત્ર શ્રેષ્ઠ સ્ક્રિપ્સનો સ્ટૉક વધારવો વધુ બહેતર છે. અર્થાત્ તમને જે સ્ક્રિપ વધુ લાભદાયી કે વૃદ્ધિલક્ષી લાગે તો તેને એક-એક બે-બે ની સંખ્યામાં પણ જમા કરી શકાય અથવા જમા કરવી જોઈએ. કેટલાક લોકો શૅરના ભાવોને જોઈ ને શૅર ખરીદવાનું નક્કી કરે છે, એટલે કે શૅર રૂપિયા ૫૦ની અંદરના ભાવે

મળતો હોય તો લોકોને એ શૅર સસ્તો અને સારો લાગે છે અને કોઈ શૅરનો ભાવ રૂપિયા ૫૦૦થી ૧૦૦૦ આસપાસ કે વધુ બોલાતો હોય તો લોકોને તે મોંઘો લાગે છે, પરિણામે લોકો તેનાથી દૂર રહે છે. હકીકતમાં પેલો રૂપિયા ૫૦નો શૅર ભવિષ્યમાં ૪૦ કે ૩૦ રૂપિયા થઈ જાય એમ બની શકે અને રૂપિયા ૧૦૦૦ના ભાવવાળો શૅર રૂપિયા ૧૨૦૦ કે ૧૫૦૦ થઈ જાય એવું બની શકે છે. તો પછી ખરીદવા માટે લાયક શૅર કયો કહેવાય ? ઈન શૉર્ટ, સારી-મજબૂત સ્ક્રિપ્સ એક-બેની સંખ્યામાં જમા કરતાં જવામાં પણ શાણપણ હોય છે.

શૅરબજારમાં નાના-મોટાનો ભેદ ન રાખો

મને તો શૅરબજારમાં બધી જ ખબર પડે, હું ધારું છું એમ જ અહીં થાય છે, હું તો ખોટો પડું જ નહીં વગેરે જેવા ભ્રમમાં કે અભિમાનમાં રહેનારા માટે ગણપતિ બાપ્પાનો સંદેશ એ જ છે કે તમારી વિવેકબુદ્ધિથી વ્યવહાર કરો. કોઈ પણ કામ જ્યારે શુભ હેતુથી થતું હોય ત્યારે તે નાનું કે મોટું હોતું નથી, તે શ્રેષ્ઠ જ ગણાય છે. એટલે જ ગણપતિ બાપ્પા પોતે જ વ્યાસમુનિ પાસે બેસી મહાભારતના લહિયા બની ગયા હતા. તેમણે ઉંદર જેવા નાનકડા જીવને પણ અનોખું સ્થાન આપ્યું. તેથી જયાં પણ ગણપતિજીની હાજરી હોય ત્યાં મૂષકની હાજરી હોય જ છે. મીઠાઈ તરીકે બાપ્પાએ મોદકને પણ અનોખી ઓળખ આપી છે. આમ ફરી મેસેજ એ જ છે કે શૅરબજારમાં શીખવા સમજવા માટે દરેક નાની નાની કે નવી બાબતો પણ મહત્ત્વની હોય છે.

લાડુ ખાતાં કે - પ્રૉફિટ બુકિંગ કરતાં પણ શીખો

ગણપતિ બાપ્પાને લાડુ કેટલા વહાલા છે તે જાહેર છે, શૅરબજારમાં લાડુ ખાઈ લેવાનો અર્થ પ્રૉફિટ ઘરમાં લઈ લેવાનો થાય છે. શૅરબજારમાં સમયાંતરે તેજી કે મંદી આવતી રહે છે. રોકાણકારે ચોક્કસ સમયે સારો નફો મળતો હોય તો એ લઈ લેવો જોઈએ. અર્થાત્ વળતર બાબત સંતોષ રાખી શકાય તો નફો લઈ લેવામાં સાર છે. એ પછી પણ નફો વધે એવા સંજોગો ઊભા થઈ શકે, કિંતુ પછી પણ વધુ લાડુના થાળ કે મોકા આવતા રહી શકે, એ પહેલાં થોડા લાડુ ખાઈ લેવામાં ડહાપણ છે.

માત્ર બજારમાં પડ્યા ન રહો, વિસર્જન પણ જરૂરી

શૅરબજારમાં રોકાણ કરવુ એટલે બજાર પર જ ધ્યાન રાખવું પડે, પણ કાયમ બજારના જ વિચાર કરતાં રહેવું પડે એ સ્થિતિ આદર્શ ન ગણાય કે સતત બજારમાં લે-વેચ કરતાં રહેવી પડે એ પણ સારી નિશાની નથી. ગણપતિ બાપ્પા વરસમાં એક જ વાર આવે છે અને વ્યક્તિગત કે સાર્વજનિક ઉત્સવોમાં દોઢથી લઈ મહત્તમ દસ દિવસ રહે છે, ત્યાર બાદ પુઢચ્યા વરસી લૌકર યા કહેવામાં આવે છે. આમ ગણપતિ બાપ્પા આપણા જીવનમાં ભલે સદા રહે, પરંતુ ઉત્સવ તરીકે દસ દિવસ માટે જ પધારે છે અને હા, તેઓ જયાંસુધી હોય છે ત્યાં સુધી તેમની સેવા-કાળજી બરાબર લેવાની હોય છે. અર્થાત્ રોકાણકાર આનો સંકેત એવો લઈ શકે કે, તેઓ બજારમાં સતત ચોંટી ન રહે. બજારમાં લાંબા ગાળાનો અભિગમ રાખે અને સમયાંતરે આવે, તેની સમીક્ષા કરે. બજારમાં સતત લે-વેચ કરી સટ્ટાના કલ્ચરને વિકસવા દેવા કરતાં ઈન્વેસ્ટમેન્ટ કલ્ચર ફેલાવા દેવું વધુ યોગ્ય છે તેમ જ પોતાની સ્ક્રિપ્સ પર બરાબર ધ્યાન આપવું અને યોગ્ય સમયે બજારમાંથી વિસર્જિત થઈ જવું પણ જરૂરી હોય છે.

બજારમાં દોરવાઈ કે ગભરાઈ જવું નહીં

ગણપતિજીની કથા કહે છે કે જ્યારે માતા પાર્વતી ઘરમાં નહાવા જાય છે ત્યારે બહાર પુત્ર ગણપતિને ઊભા રહી ચોકી કરવાનું કહે છે અને કોઈને અંદર નહીં આવવા દેવાની સૂચના આપે છે. એ સમયે ભગવાન શંકર ત્યાં આવે છે તો ગણપતિ તેમને પણ ભીતર

જવાની ના ફરમાવે છે અને એ વખતે ભગવાન શંકર પોતાના આ પુત્ર વિશે અજાણ હોવાથી ક્રોધમાં આવી ગણપતિનું માથું ધડથી અલગ કરી દે છે. ત્યાર બાદ માતા પાર્વતીને આ વાતની જાણ થતાં ભગવાન શંકર અને માતા પાર્વતી વચ્ચે વાર્તાલાપ થાય છે અને ભગવાન શંકર પહેલા જે માર્ગમાં મળે તેનું માથું લઈ આવી ગણપતિના ધડ પર બેસાડવાની પ્રતિજ્ઞા કરે છે, જેમાં સૌપ્રથમ તેમને રસ્તામાં હાથી મળે છે તેથી ભગવાન શંકર હાથીનું માથું કાપી લઈ ગણપતિના ધડ પર મૂકે છે. આ કથાનો સંદેશ શૅરબજારમાં એ રીતે લઈ શકાય કે રોકાણકારમાં શૅરો કે સંજોગો પ્રત્યે કન્વિક્શન હોવું જરૂરી છે અને તે આવે છે અભ્યાસ તેમ જ વિશ્વાસ પરથી. જો આપણે સિલેક્ટ કરેલા શૅરોમાં વિશ્વાસ ધરાવતાં હોઈશું તો આપણા નિર્ણયને વળગી રહી શકીશું, અન્યથા કોઈ પણ વ્યક્તિ કે વલણ-વહેણ આપણા નિર્ણયને બદલાવી નાખે કે આપણને ડરાવી નાખે એવી પરિસ્થિતિ પણ ઊભી થઈ શકે છે. આમ રોકાણકારે લાંબા ગાળાના રોકાણ નિર્ણય વખતે કે પછી સારી કામગીરીવાળી કંપની પસંદ કરતી વખતે પેનિકમાં આવી જવું જોઈએ નહીં. બજારમાં આપણને ગેરમાર્ગે દોરનારા કે ગભરાવનારા વર્ગ રહેવાના જ છે. સાચી સ્ક્રિપ્સ જાળવી રાખી હશે તો મોટે ભાગે ચિંતા કરવાની જરૂર રહેશે નહીં.

ગણપતિ બાપ્પા મોર્યા..

પ્રકરણ ૪૭
શૅરબજારમાં સફળ થવા માટે હનુમાનજીને અનુસરો

તમારા કોઈ મિત્ર કે સગાંએ શૅરબજારમાં સારી કમાણી કરી એટલે તમને પણ કમાણી થશે જ એવો ભ્રમ ન પાળો

કયા બે-ચાર શૅરોમાં રોકણ કરવું એવું ન સૂઝે તો આખું બજાર લઈ લેવામાં સાર

રામાયણની કથામાં યુદ્ધ દરમિયાન ઘાયલ-મૂર્છિત લક્ષ્મણના ઇલાજ માટે એક ચોક્કસ જડીબુટ્ટીનું નામ વૈદ સૂચવે છે ત્યારે એક પર્વત પર મળતી એ જડીબુટ્ટી લેવા માટે હનુમાનજીને મોકલવામાં આવે છે. કથા કહે છે કે હનુમાનજી એ ચોક્કસ જડીબુટ્ટી શોધી ન શકતા આખો પર્વત જ ઊંચકીને લઈ આવે છે, કેમ કે જડીબુટ્ટી શોધવામાં સમય વહી જવાનું અને કદાચ ખોટી જડીબુટ્ટી આવી જવાનું જોખમ જણાતાં સીધાસાદા હનુમાનદાદા આખો પર્વત જ ઊંચકીને લઈ આવે છે ! શૅરબજારમાં સામાન્ય રોકાણકારોએ જ્યારે કંઈ ન સૂઝે ત્યારે અને સમય વહી જાય એને બદલે આવું કામ કરવા જેવું છે. શૅરબજારમાં જ્યારે વૉલેટિલિટી અને ભાવોની આડેધડ ઊથલપાથલ જોવા મળે ત્યારે એક-બે કે ચાર જુદા-જુદા શૅરોની ખરીદી કરવા કરતાં આખું બજાર લઈ લેવામાં સારું રહે છે. બે-ચાર સ્ક્રિપ્સ લેવામાં ખોટી સ્ક્રિપ્સ આવી જવાનું જોખમ અને વિચારતા રહેવામાં સમય વહી જવાનું જોખમ હોય છે એટલે બજરંગબલીને અનુસરીને આખું બજાર લઈ લેવામાં સમજદારી અને સલામતી છે.

આખું બજાર એટલે આખો પર્વત

આ સલામત માર્ગનું નામ છે ઈટીએફ, એટલે કે એક્સચેન્જ ટ્રેડેડ ફંડ. આ ઈટીએફ ઈન્ડેક્સ આધારિત હોવાથી તે ખરીદીને સમગ્ર બજારને ખરીદવાનો લાભ લઈ શકાય છે. દાખલા તરીકે રોકાણકાર સેન્સેક્સ આધારિત ઈટીએફ ખરીદીને એનું રોકાણ સેન્સેક્સમાં કરી શકે, જેમાં બજારનો મોટો હિસ્સો આવી જાય છે અથવા નિફ્ટી ખરીદીને પણ આખું બજાર ખરીદવા જેવું થઈ શકે છે. સેન્સેક્સ એટલે ૩૦ ટોચની સ્ક્રિપ્સ અને નિફ્ટી એટલે ૫૦ બેસ્ટ સ્ક્રિપ્સ. બજાર વધે કે ઘટે ત્યારે ખરેખર તો સેન્સેક્સ અને નિફ્ટી વધ્યા કે ઘટ્યા હોય છે. આમ એ આખી બજારનું જાણે પ્રતિનિધિત્વ કરે છે.

જોખમ વહેંચાઈ જાય છે

આ ઈટીએફ એક યુનિટ તરીકે પણ મળે છે અને એમાં એક યુનિટની લે-વેચ પણ થઈ શકે છે. એના ભાવ જે-તે ઈન્ડેક્સના પૉઈન્ટના દસમા ભાગ જેટલા બોલાય છે એટલે કે સેન્સેક્સ ૩૭,૦૦૦ હોય તો સેન્સેક્સ આધારિત ઈટીએફના એક યુનિટનો ભાવ ૩૭૦૦ રૂપિયા પ્લસ આસપાસ ગણાય અને નિફ્ટી ૧૧,૫૦૦ હોય તો એના આધારિત ઈટીએફનો ભાવ એક યુનિટદીઠ ૧૧૫૦ રૂપિયા પ્લસ આસપાસ ગણાય છે. મજાની વાત એ છે કે રોકાણકારો આવા ઈટીએફમાં રોકાણ કરીને એકસાથે સમગ્ર બજારમાં રોકાણ કર્યાનો સંતોષ તેમ જ સલામતીનો અહેસાસ મેળવી શકે છે, કારણકે લાંબા ગાળે

સેન્સેક્સ કે નિફ્ટી વધે જ છે. એ ચોક્કસ છે કે સેન્સેક્સ કે નિફ્ટીમાં રોકાણ કરવાથી જોખમ વહેંચાઈ જાય છે, કેમ કે આ ઈન્ડેક્સમાંનું રોકાણ એક મજબૂત ડાઇવર્સિફાઇડ પોર્ટફોલિયો સમાન ગણાય છે.

અમેરિકામાં ૧૦૦૦થી વધુ ઈટીએફ

યાદ રહે, અમેરિકા જેવા બજારમાં ૭૦ ટકા સામાન્ય રોકાણકારોનાં નાણાં ઈટીએફમાં રોકાય છે અને અમેરિકન બજાર પર ૧૦૦૦થી વધુ ઈટીએફ લિસ્ટેડ છે. ભારતમાં આ વિશેની વધતી જાગૃતિ સાથે ઈટીએફનો નવો જમાનો આવશે, કેમ કે બે-ચાર શૅરો પર ભરોસો કરવા કરતાં આખા બજાર પર વિશ્વાસ કરવાનું વધુ વાજબી રહેશે.

માત્ર ઈન્ડેક્સ ફંડ પણ હોય છે

એક અન્ય વિકલ્પ તરીકે આખું બજાર ખરીદી લેવા માટે ઈન્ડેક્સ ફંડ પણ હોય છે, જે પ્યોર મ્યુચ્યુઅલ ફંડ સ્વરૂપે હોય છે. એમાં ફંડ મૅનેજર સંબંધિત ઈન્ડેક્સમાં સમાવિષ્ટ શૅરોની ખરીદી કરે છે, પરંતુ આ ફંડના સોદા ઈટીએફની જેમ થતા નથી. એમાં એક યુનિટ ખરીદવા-વેચવાની સુવિધા પણ હોતી નથી. આમ એ ફંડ ઈટીએફની તુલનાએ ઓછું ઍક્ટિવ હોય છે.

સેન્સેક્સ ઊંચે જવાનો વિશ્વાસ હોય તો...

હવે આપણે એક મસ્ત મજાનો દાખલો જોઈએ. ધારો કે રોકાણકારો માર્ચ મહિનામાં જ્યારે સેન્સેક્સ ૮૦૦૦ની આસપાસ હતો ત્યારે સેન્સેક્સ ઈટીએફ ખરીદે છે અને ઑક્ટોબરમાં એ જ સેન્સેક્સ ઈટીએફ ૧૫,૦૦૦ના લેવલે વેચે છે. તો તેમને યુનિટદીઠ ૭૦૦ રૂપિયાનો નફો થાય છે. અર્થાત્ છ મહિનામાં જ ડબલ સમાન લાભ. આ તો અપવાદ છે. આને બદલે રોકાણકારો કોઈ શૅર ખરીદે છે તોપણ આવો લાભ થઈ શકે છે, પરંતુ સામે એ શૅર ઘટી જવાનું મોટું જોખમ પણ રહે છે, જ્યારે ઈન્ડેક્સ મહદંશે લાંબે ગાળે વધે જ છે, એટલે એમાં જોખમની માત્રા આપોઆપ ઓછી રહે છે. ઈટીએફ એ આખા બજાર જેવું છે. એમાંથી સલામતીની જડીબુટ્ટી મળી જાય છે. કમ સે કમ ખોટી જડીબુટ્ટીના જોખમથી તો બચી શકાય છે.

પ્રકરણ ૪૮
દરેક બચતકારને રોકાણકાર બનાવવાનું લક્ષ્ય

કોઈ પણ કંપનીના શૅર ખરીદતાં પહેલાં તેનાં ફંડામેન્ટલ્સ સમજી લો

લાંબે ગાળે શૅરબજારમાં તેજી રહેવાની છે અને વધવાની છે એ માટેનાં ફંડામેન્ટલ, ટેક્નિકલ કે અન્ય કોઈ પણ કારણો ઉપરાંત એક સૌથી મોટું કારણ અમને એ દેખાતું રહે છે કે હજી બહુ મોટો બચતકાર વર્ગ શૅરબજારમાં આવવાનો બાકી છે, જે હવે પછી સતત આવતો રહેશે એવી આશા છે. હજી તો માંડ-માંડ દેશનો એક-દોઢ ટકા વર્ગ શૅરોમાં સીધું રોકાણ કરતો થયો છે, જસ્ટ વિચારો, આ ટકાવારી પાંચ ટકા થશે તોપણ બજારમાં કેવી ધમાલ થશે અને સારા શૅરો ખરીદવા તેમ જ સાચવી રાખવા કેવી તૈયારી થશે. વિકસિત દેશોમાં શૅરોમાં રોકાણ કરતા વર્ગની ટકાવારી ૨૫ ટકા ઉપર રહેતી હોવાનો અંદાજ છે. જ્યારે કે જગતમાં સૌથી વધુ બચત કરવાનો યશ ભારતને નામે લખાયો છે. અહી ઘરગથ્થુ બચતોનું પ્રમાણ વિશ્વમાં ટોચના સ્થાને આવે છે, પરંતુ આ બચતમાંથી ખૂબ જ ઓછો હિસ્સો શૅરબજારમાં આવે છે.

અહીં એ નોંધવુ મહત્ત્વનું છે કે સરકાર પોતે બચતકારને રોકાણકાર બનાવવા ઉત્સુક છે. દેશમાં ઈક્વિટી કલ્ટનો વ્યાપ વધતો રહે એ દેશના વિકાસ માટે પણ જરૂરી છે.

કંપનીઓમાં શિસ્ત વધારવાનું અભિયાન

વધુને વધુ રોકાણકારો શૅરોમાં રોકાણ કરતા થાય એવું સરકાર ઇચ્છે છે, પરંતુ આ સાથે હવે સરકાર એ વાત પર પણ ભાર આપવા લાગી છે કે આ રોકાણકારો પોતાની મહામોલી, મહેનતની કમાણી સમજી-વિચારીને બજારમાં રોકે, તેથી હવે સરકાર વતી કંપની બાબતોના મંત્રાલયે રોકાણકારોને એલર્ટ કરવા ઉપચંત કંપનીઓને પણ શિસ્તમાં લાવવાના સક્રિય પગલાં લેવાનાં શરૂ કરી દીધાં છે અને તે પણ નિયમિત. કંપનીમાં રોકાણ કરતી વખતે તેના ફંડામેન્ટલ્સનું મહત્ત્વ વિશેષ હોય છે, તેથી મિનિસ્ટ્રી ઑફ કંપની અફેર્સ તરફથી કંપનીઓની બૅલેન્સશિટ, હિસાબ-કિતાબ ચોખ્ખા સ્વરૂપે અને વધુ ને વધુ પારદર્શક સ્વરૂપે બહાર આવે એવી સિસ્ટમ બનાવાઈ છે. આ ઉપચંત કૉર્પોરેટ ક્ષેત્રના આંકડાઓ વ્યાપક રીતે અને સરળ રીતે ઉપલબ્ધ બને એવી વ્યવસ્થા કરાઈ છે, જેથી ઈન્વેસ્ટરો તેના આધારે રોકાણ નિર્ણય લઈ શકે.

કંપની અફેર્સ મંત્રાલયે આ વિષયમાં ચાર જુદી-જુદી વેબસાઈટ રચી છે અને તેના પર રોકાણકારોને માહિતી, માર્ગદર્શન અને શિક્ષણ મળે એવી ભરપૂર જોગવાઈઓ કરી છે. વધુમાં મિનિસ્ટ્રીએ ઈન્વેસ્ટર એજ્યુકેશન ઍન્ડ પ્રૉટેક્શન ફંડની સ્થાપના કરી છે, જેમાંથી મિનિસ્ટ્રી આ ક્ષેત્રે કામ કરતી સ્વૈચ્છિક સંસ્થાઓને નાણાકીય તેમ જ ટેનિકલ સહાય પણ કરે છે.

સરકારનું લક્ષ્ય એ જ છે કે રોકાણકારો જાગૃત, માહિતગાર અને એલર્ટ તેમ જ આ વિષયમાં શિક્ષિત બને. જ્યારે કે કંપનીઓમાં કૉર્પોરેટ ગવર્નન્સનું ધોરણ વધુ સારું અને શિસ્તબદ્ધ બને, મિનિસ્ટ્રી આ તમામ સાધનો કે માધ્યમ મારફત રોકાણકારોને જોખમ

અને વળતર, તેમના અધિકારો-જવાબદારીઓ પ્રત્યે જાગૃત કરે છે, જેના આધારે રોકાણકારો સમજીને ઈનવેસ્ટમેન્ટ નિર્ણયો લઈ શકે.

આ ચાર વેબસાઈટ પર ધ્યાન આપો

રોકાણકારોનાં હિતોની રક્ષા તથા જાળવણી માટે મિનિસ્ટ્રી ઑફ કંપની અફેર્સ દ્વારા જે ચાર વેબસાઈટ ઉપલબ્ધ બનાવાઈ છે તેમાં એમસીએ.જીઓવી.ઈન કંપનીઓ વિશે વ્યાપક માહિતી પૂરી પાડે છે. ઈન્વેસ્ટરહેલ્પલાઈન. ઈન ઑનલાઈન ધોરણે રોકાણકારોની ફરિયાદોનો ઉકેલ લાવવાની કામગીરી બજાવે છે, જ્યારે આઈ ઈપીએફ. જીઓવી.ઈન રોકાણકારોને જાગૃત બનાવવા માટેનું વિવિધ સાહિત્યમાર્ગદર્શન ઉપલબ્ધ બનાવે છે અને ચોથી વેબસાઈટ વૉચઆઉટઈનવેસ્ટર.કોમ ડીફોલ્ટિંગ-નિષ્ફળ, ગરબડવાળી કંપનીઓ અને ડિરેક્ટરોની માહિતી ઉપલબ્ધ બનાવે છે. રોકાણકારોનાં હિતોની રક્ષા તથા જાળવણી માટે મિનિસ્ટ્રી ઑફ કંપની અફેર્સ દ્વારા જે ચાર વેબસાઈટ ઉપલબ્ધ બનાવાઈ છે તેમાં એમસીએ. જીઓવી.ઈન કંપનીઓ વિશે વ્યાપક માહિતી પૂરી પાડે છે. ઈન્વેસ્ટરહેલ્પલાઈન.ઈન ઑનલાઈન ધોરણે રોકાણકારોની ફરિયાદોનો ઉકેલ લાવવાની કામગીરી બજાવે છે, જ્યારે આઈઈપીએફ.જીઓવી.ઈન રોકાણકારોને જાગૃત બનાવવા માટેનું વિવિધ સાહિત્ય-માર્ગદર્શન ઉપલબ્ધ બનાવે છે અને ચોથી વેબસાઈટ વૉચઆઉટઈન્વેસ્ટર.કોમ ડીફોલ્ટિંગ-નિષ્ફળ, ગરબડવાળી કંપનીઓ અને ડિરેક્ટરોની માહિતી ઉપલબ્ધ બનાવે છે.

વિવિધ ભાષામાં જ્ઞાન આપવું જરૂરી

સરકારે ઈન્વેસ્ટર એજ્યુકેશનના સક્રિય બનાવેલા પ્રયાસોને બિરદાવીએ, પરંતુ આ સાથે એમ કહેવું પણ જરૂરી છે કે સરકારે આ પ્રયાસોને શહેરી પૂરતા કે એકાદ-બે ભાષા પૂરતા મર્યાદિત રાખવાને બદલે વિવિધ પ્રાદેશિક ભાષામાં પણ કરવા જોઈએ અને તેને આ ભાષાના માધ્યમથી ગ્રામ્ય સ્તરે પણ લઈ જવા જોઈએ, જેથી અંગ્રેજી ભાષા સાવ કે બરાબર નહીં સમજી શકનાર વ્યાપક વર્ગ સુધી પણ સહેલાઈથી અને અસરકારક રીતે પહોંચી શકાય. એજ્યુકેશનનો મામલો હોય ત્યાં કૉમ્યુનિકેશનનું મહત્ત્વ ખાસ વધી જાય છે અને આ કૉમ્યુનિકેશન સરળ અને સ્પષ્ટ ભાષામાં હોવું ખૂબ જ આવશ્યક હોય છે. હાલ તો મુંબઈ શૅરબજાર પ્રથમ એક્સચેંજ છે જે તેની વેબસાઈટ અંગ્રેજી ઉપરાંતની ત્રણ ભાષામાં - ગુજરાતી, હિંદી અને મરાઠીમાં ઉપલબ્ધ કરાવી રોકાણકારોને મૂડીબજાર વિશે શિક્ષિત, જાગૃત અને માહિતગાર બનાવી માર્ગદર્શન આપવાની મહત્ત્વની ભૂમિકા ભજવી રહ્યું છે.

પ્રકરણ ૪૯

સોનું ખરીદો શૅરબજારમાં

રાતોરાત લખપતિ બની જવાની ઇચ્છા સાથે શૅરસોદા કરશો તો રાતોરાત લાખો ગુમાવવાની તૈયારી પણ રાખવી પડશે

શૅરબજારમાં લગડી શેરોની લે-વેચ તો થાય જ છે, પરંતુ સ્ટોક માર્કેટમાંથી સોનું ખરીદીને ડિમેટ ઍકાઉન્ટમાં રાખવાનો અને ટીપે-ટીપે સોનું ભેગું કરીને સમૃદ્ધ બનવાનો માર્ગ પણ અપનાવવા જેવો છે

'શૅરબજારમાં સોનું પણ ખરીદવું જોઈએ' એવું શીર્ષક વાંચીને સૌપ્રથમ તો આપને આશ્ચર્ય થયું હશે અને કદાચ તમને એવું લાગ્યું હશે કે અમે તમને સોના જેવી સ્ક્રિપ્સ ખરીદવાનું કહેવા માગતા હોઈશું. આમ પણ બજારમાં બ્લુચિપ કંપનીઓના શૅરને લગડી કહેવામાં આવે છે અને લગડી શબ્દને પહેલો સંબંધ સોના સાથે છે, પણ અમારે તમને અહીં ખરેખર શૅરબજારમાં સોનાની ખરીદી કરવાની જ વાત કરવી છે. સ્ટૉક એક્સચેન્જ પર ગૉલ્ડ ખરીદવા અને વેચવાનું આમ તો ક્યારનું શરૂ થઈ ગયું છે, પરંતુ હજી આ વિષયમાં પૂરતી જાગૃતિ કે માહિતી પ્રસરી નથી, બાકી આ સોના જેવી વાત સમજવા જેવી છે.

મૂળ મુદ્દા પર આવીએ તો, શૅરબજારમાં સોનાની ખરીદી કે વેચાણ કરવાનો અર્થ વાસ્તવિક કે ફિઝિકલ સોનું નહીં, બલકે ડિમેટ સ્વરૂપે સોનાની લે-વેચ, જેનું માર્કેટ સ્વરૂપ ગૉલ્ડ એક્સચેન્જ ટ્રેડેડ ફંડ (ગૉલ્ડ ઈટીએફ) છે. આ ફંડમાં ગૉલ્ડના યુનિટ્સ હોય છે, જેમ મ્યુચ્યુઅલ ફંડમાં યુનિટ્સ હોય છે અને એની 'નાવ' (નેટ એસેટ વેલ્યુ) હોય છે તેમ ગૉલ્ડ ઈટીએફમાં ગૉલ્ડ યુનિટ્સની લે-વેચ કરાય છે.

ગૉલ્ડ ઈટીએફનું શૅરબજાર પર લિસ્ટિંગ થાય છે. બજારમાં વિવિધ કંપનીઓના ગૉલ્ડ ઈટીએફ ઉપલબ્ધ છે અને બીજા વધુ આવશે, જેના યુનિટ્સની લે-વેચ થઈ શકે છે. જ્યારે તમે રોકાણના હેતુસર સોનું ખરીદવા ઇચ્છો છો ત્યારે શું કરો છો? સામાન્યપણે તમે ઝવેરીની દુકાનમાં જઈ લગડી કે બિસ્કિટ સ્વરૂપે સોનું ખરીદો છો અને ઘરની તિજોરીમાં કે બૅન્ક લોકરમાં એ મૂકી રાખો છો, પરંતુ આમ કરવા માટે તમારી પાસે મોટી રકમ હોવી જરૂરી છે, કિંતુ તમારે જો નાની રકમના રોકાણ સાથે સોનું ખરીદવું હોય, તમારી યથાશક્તિ થોડું-થોડું સોનું ખરીદવું હોય તો?

સામાન્ય પરિવાર દીકરી માટે સોનું એકઠું કરી શકે

ચાલો, થોડા ઈમોશનલ થઈને આ વાતને જોઈએ. એક નીચલા મધ્યમ વર્ગનો કે મધ્યમ વર્ગનો પિતા પોતાની હાલ ૧૨ વર્ષની દીકરીના લગ્ન માટે અત્યારથી ચિંતામાં છે અને એને દીકરી માટે સોનું ખરીદવાની ઇચ્છા છે તો એ શું કરે? કદાચ સમયાંતરે સગવડ મુજબ એક-બે ગ્રામનું સોનું ખરીદતો જાય અને સાચવીને રાખે અથવા પછી પ્રસંગ આવે ત્યારે કરજ કરી સોનું ખરીદે, પણ જો આ જ વ્યક્તિ શૅરબજારના બ્રૉકર મારફત પોતાની સગવડ પ્રમાણે સમયાંતરે ગૉલ્ડ ઈટીએફનાં યુનિટ્સ ખરીદતો જઈ જમા કરતો રહે તો

કેવું? ૧૦-૧૨ વર્ષ બાદ દીકરી લગ્નની ઉંમરની થાય ત્યાં સુધીમાં તો એની પાસે સંખ્યાબંધ યુનિટ્સ જમા થઈ જાય અને જ્યારે પ્રસંગ નજીક આવે ત્યારે એ સમયે સોનાના ચાલતા ભાવે યુનિટ્સ વેચીને ફિઝિકલ સોનું ખરીદી લે એવું બની શકે છે. ૧-૨ ગ્રામ સોનું દુકાનમાં ખરીદતી વખતે એને સંકોચ થઈ શકે છે. ઘરમાં આમ જમાં કરેલું સોનું ચોરાઈ જવાનો ભય પણ કાયમ રહે છે અને એ સોનાને ઝવેરી ઘસારો લગાવી નાણાં કાપશે એ પણ નક્કી હોય છે. એને બદલે ગૉલ્ડ યુનિટ્સમાં એક-બે યુનિટ્સની વારંવાર ખરીદી કરીને પણ એ ટીપે-ટીપે સરોવરની જેમ જમા થઈ શકે છે. ચોરાવાનો કે ગુમ થવાનો અથવા ઘસારાનો ભય નહીં. કેમ કે આ સોનું ફિઝિકલ નથી, બલકે ડિમેટ સ્વરૂપે છે, જે શૅરોની જેમ તમારા ડિમેટ ખાતામાં જમા રહી શકે છે.

ભારતમાં સોનાનું આકર્ષણ

ભારતની પ્રજામાં સોનાનું વળગણ અને સોના પ્રત્યેનું આકર્ષણ જાણીતું છે. ગરીબમાં ગરીબ માણસ પણ સોનું ખરીદવાની, પહેરવાની ઇચ્છા રાખે છે. સોનું ભારતમાં જ નહીં, વિશ્વમાં પણ અડધી રાત્રે કામ આવે એવી મિલકત ગણાય છે. વિશ્વમાં સોનાની આયાતમાં અને વપરાશમાં પણ ભારત મોખરે છે. એક સમયે અહીં સોનાની દાણચોરી પણ મોટે પાયે થતી હતી. આપણી અગાઉની ફિલ્મોમાં પણ કાયમ વિલનને સોનાની દાણચોરી કરતો બતાવાતો હતો, પરંતુ સરકારે એની આયાત ઉદાર બનાવી ત્યારથી સોનું અહીં સુલભ બની ગયું અને સેબીની મંજૂરી બાદ સોનાની લે-વેચ કરતાં ઈટીએફ઼ે પણ કાર્યરત છે, જ્યાં તમે લઘુતમ એક ગ્રામના ભાવે એક યુનિટ પણ ખરીદી શકો છો.

ફિઝિકલ ગૉલ્ડનો મોહ ઘટાડવાની જરૂર

ગૉલ્ડ ઈટીએફ આમ તો એક પ્રકારનું મ્યુચ્યુઅલ ફંડ જ છે, જેમાં અંડરલાઈંગ એસેટ સોનું છે. એટલે કે આ ફંડમાંથી માત્ર સોનું ખરીદાય છે અને સોનાની ફિઝિકલ માર્કેટમાં ભાવની વધઘટની એના પર અસર જોવા મળે છે. સામાન્ય રીતે ડિમેટ સોના અર્થાત્ ઈટીએફના યુનિટ્સના ભાવ અને સોનાની ફિઝિકલ માર્કેટના ભાવ એકસરખા રહે છે.

ભારતીય પ્રજાની માનસિકતા એવી રહી છે કે સોનું તો ફિઝિકલ સ્વરૂપે એમની પાસે જ રહેવું જોઈએ. આને સોના પ્રત્યેનો મોહ અને પઝેસિવ મેન્ટાલિટી કહી શકાય, જેમ એક સમયે લોકોને ફિઝિકલ શૅરો પ્રત્યે લગાવ હતો અને ડિમેટ સામે વાંધો અને વિરોધ હતો, પરંતુ બદલાતા સમય સાથે ડિમેટના લાભ સમજાતાં હવે એવો વખત આવ્યો છે કે લોકો ફિઝિકલ શૅરને હાથ લગાડવા તૈયાર નથી અને માત્ર ડિમેટ શૅરમાં જ કામકાજ થાય છે. સોના માટે પણ જેમ-જેમ લોકોને એના ફિઝિકલ ઉપરાંત ઈલેક્ટ્રૉનિક સ્વરૂપનાં પણ મહત્ત્વ અને લાભ સમજાતાં જશે તેમ-તેમ લોકપ્રવાહ આ તરફ વળશે. સૌથી વધુ ચોરી-લૂંટ પણ ફિઝિકલ ઝવેરાત અને સોનાની થતી હોય છે, જેથી જમાનાને ધ્યાનમાં રાખીને પણ લોકોએ સોનાનો નવા સ્વરૂપમાં સંગ્રહ કરવો વધુ બહેતર છે.

ભારતમાં પ્રથમ ગૉલ્ડ ઈટીએફ ૨૦૦૪માં બહાર પડાયું હતું, જે બેન્ચમાર્ક એસેટ મૅનેજમેન્ટ કંપની લાવ્યું હતું. એનું નામ ગૉલ્ડ બીઝ હતું. આ ગૉલ્ડ ઈટીએફમાં રોકાણકારી ગૉલ્ડ યુનિટ્સની ખરીદી કરે છે, જેનો ભાવ સોનાની વાસ્તવિક બજારને આધારે નક્કી થાય છે. આ યોજના હેઠળ ગૉલ્ડ ઈટીએફ લાવનાર કંપની એના અધિકૃત

બ્રૉકરોની નિમણૂક કરે છે. તેઓ વાસ્તવિક સોનું જમા કરાવી એના એ પ્રમાણસર યુનિટ્સ ખરીદે છે અને પછી એ યુનિટ્સની સેકન્ડરી એટલે કે શૅર માર્કેટમાં લે-વેચ થાય છે. અહીં ઈન્વેસ્ટર શૅરની જેમ ગૉલ્ડ યુનિટ્સની લે-વેચ કરી શકે છે.

પ્રચાર અને પ્રસારની જરૂર

ભારતમાં હજી ગૉલ્ડ ઈટીએફનો વ્યવસ્થિત પ્રચાર અને પ્રસાર થયો નથી, પરંતુ જાણકારો કહે છે કે એક સમય એવો આવશે, જ્યારે વડીલો પોતાના પુત્રો-પૌત્રોને વારસામાં ગૉલ્ડ ઈટીએફ આપશે અને જેમ અંગ્રેજીમાં સંપત્તિવાનના ઘરમાં જન્મ લેનાર બાળક માટે 'બૉર્ન વિથ ધ સિલ્વર સ્પૂન' જેવી કહેવત છે તેમ 'બૉર્ન વિથ એ ગૉલ્ડ ઈટીએફ' બોલાતું થઈ જાય તો નવાઈ નહીં.

સંપત્તિવાનોની વાત જુદી છે, પરંતુ સામાન્ય માતા-પિતા પણ પોતાનાં સંતાનોને નામે ગૉલ્ડ ઈટીએફ મારફત સોનું જમા કરતાં થઈ શકે છે. સોનું ફુગાવા સામે પણ રક્ષણ આપી શકે છે. સોનું એવું સાધન છે, જે શૅર-સિક્યુરિટીઝ, કરન્સી, બોન્ડ્ઝ વગેરેથી જુદું પડે છે અને બીજી બધી એસેટ્સમાં જે કંઈપણ ઊથલપાથલ થાય, સોનું લાંબે ગાળે સલામત રોકાણ-સાધન બની રહે છે. શૅરમાં એવું બની શકે કે નબળી કે લેભાગુ કંપનીઓના શૅર ખરીદી લેવાયા હોય તો ટૂંકે કે લાંબે ગાળે કાગળિયાં બની જાય છે અથવા એના ભાવો પાછા ઊંચા ન આવે અને આખરે ખોટ સ્વીકારી લેવી પડે એવું બની શકે, પણ સોનામાં તેજી-મંદીની સાઈકલ બાદ પણ ક્યારેય એ ઈન્વેસ્ટમેન્ટ 'કાગળિયાં' બની જતું નથી. લાંબે ગાળે સોનું સારું વળતર આપે જ છે. જોકે સમય સાથે આ સત્યમાં ફેરફારને અવકાશ રહે છે. પરિણામે સોનામાં વધુ પડતું રોકાણ કરાય નહીં. કુલ ઈન્વેસ્ટમેન્ટના પાંચથી દસ ટકા સોનામાં રાખી શકાય. અલબત્ત, આ બાબત કેસ ટુ કેસ ધોરણે લાગુ પડે.

જોખમ સામે રક્ષણ

રોકાણકારોએ પોતાનું ઈન્વેસ્ટમેન્ટ વિવિધ એસેટ્સમાં જાળવી રાખવાના હેતુથી પણ અમુક રોકાણ સોનામાં કરવું જ જોઈએ, જેમાં એમના જોખમને પણ વહેંચીને ઘટાડી શકાય છે અથવા એમાં રિસ્ક મૅનેજમેન્ટ પણ આપોઆપ થઈ જાય છે. સોનું રોકાણમાં વૈવિધ્યતાની સાથે પ્રવાહિતા પણ પૂરી પાડે છે. સોના સામે ધિરાણ મેળવવાનું પણ આસાન હોય છે. તમને યાદ હશે, એક સમયે (ચંદ્રશેખર વડા પ્રધાન હતા ત્યારે) ભારતે પોતાની આર્થિક મંદી કે તંગીને ધ્યાનમાં રાખીને વિશ્વ બૅન્ક પાસે દેશનું સોનું ગિરવી મૂકેલું અને આ એ જ દેશ છે જ્યાં એક સમયે 'જહાં ડાલ ડાલ પે સોને કી ચીડિયા કરતી હૈ બસેચ'નાં ગીતો ગવાતાં હતાં.

જોકે ખેદજનક બાબત એ છે કે ભારતમાં જે ચિક્કાર સોનું છે તે મહદંશે એક ડેડ એસેટ અથવા 'નિષ્ક્રિય મિલકત'ની જેમ પડી રહેલું છે. તેનો કોઈ રચનાત્મક કે ઉત્પાદકીય ઉપયોગ થતો નથી. આને બદલે જો ભારતીય પ્રજા યુનિટ સ્વરૂપે ડિમેટ ગૉલ્ડમાં રોકાણ વધારતી જાય તો એ એમને માટે વધુ વળતરદાયી બની શકે છે. ફિઝિકલ સોનું આમ જ ઘરની તિજોરી કે બૅન્ક લૉકરમાં પડ્યું રહે છે, જેને સાચવવામાં અનેક જોખમ છે. ઉપરથી બૅન્કને લૉકરનો ચાર્જ ભરવો પડે છે. આવી સ્થિતિમાં હવે પરિવર્તન લાવવાની જરૂર છે. જો લોકો ફિઝિકલ સોનામાં રોકાણ કરવાને બદલે ઈટીએફ મારફત રોકાણ કરે તો એકંદરે વધુ લાભમાં રહેશે.

ગૉલ્ડ ઈટીએફમાં રોકાણ કઈ રીતે ?

મ્યુચ્યુઅલ ફંડના એનએફઓ (ન્યુ ફંડ ઑફર)ની જેમ રોકાણનો એક માર્ગ ગૉલ્ડ ઈટીએફની ઑફર ખૂલે ત્યારે હોય છે અને બીજો માર્ગ એ ઈટીએફ જે શૅરબજાર પર લિસ્ટેડ થાય ત્યાં એના અધિકૃત ડીલરોબ્રૉકરો મારફત ઈટીએફના યુનિટ્સની લે-વેચનો છે. લિસ્ટિંગ બાદ ખરીદી વધુ સરળ છે, બજારમાંથી સીધાં યુનિટ્સ ખરીદતી વખત કોઈ લોડ હોતો નથી, પરંતુ બ્રૉકરેજ જરૂર લાગુ થાય છે.

આઈપીઓ બાદ જેમ શૅરનું લિસ્ટિંગ થાય છે અને મ્યુચ્યુઅલ ફંડના એનએફઓ પછીથી યુનિટ્સની પણ લે-વેચ થાય છે તેમ ગૉલ્ડ ઈટીએફની ઑફર બાદ લિસ્ટિંગને પગલે લે-વેચ સંભવ બને છે.

ગૉલ્ડ ઈટીએફના યુનિટ્સની ગણતરી એક ગ્રામ એટલે એક યુનિટ મુજબ થાય છે. એટલે કે એક ગ્રામનો ભાવ રૂ. ૩૦૦૦ હોય તો એક યુનિટ પણ રૂ. ૩૦૦૦નું ગણાય. ફિઝિકલ ગૉલ્ડ કોઈ વ્યક્તિ કેટલું ખરીદ ? ક્યાં સાચવીને રાખે ? કેટલું જોખમ ? એને બદલે ડિમેટ ગૉલ્ડ વ્યક્તિ કોઈ પણ માત્રામાં ખરીદીને પોતાના ડિમેટ ઍકાઉન્ટમાં સાચવી શકે છે. બીજું, ડિમેટ ગૉલ્ડમાં સોનાની ગુણવત્તા કે શુદ્ધતાનો પ્રશ્ન રહેતો નથી. જ્યારે સામાન્ય રીતે ઝવેરીને સોનું વેચતી વખતે ભાવનો માર પડતો હોય છે અને ઘસારાને નામે એનું વાસ્તવિક મૂલ્ય ઓછું થઈ જતું હોય છે.

વિશ્વમાં અને ભારતમાં શૅરબજારમાં કડાકો બોલાયો ત્યારે સોનાના ભાવ નવી ઊંચાઈએ પહોંચી ગયા હતા. યાદ રહે કે જ્યારે પણ ક્રૂડના ભાવો ખૂબ વધી જાય ત્યારે પણ સોનું ઊંચે જાય છે. યુદ્ધ ફાટી નીકળે કે કુદરતી આફત આવી પડે, અન્ય કોઈ સાધન કામ આવે કે ન આવે, સોનું સદા કામ આવી જાય છે. આ સોનાને સલામતી સાથે ડિમેટ સ્વરૂપે સમજવામાં અને સાચવવામાં શાણપણ છે. ગૉલ્ડ ઈટીએફ એનો સુવર્ણમાર્ગ છે અને હા, ઝવેરીઓ, બુલિયન ટ્રેડરો વગેરે વર્ગ પણ સોનાના ભાવોની વધઘટ સામે ગૉલ્ડ ઈટીએફનો ઢાલ તરીકે ઉપયોગ કરી શકે છે.

ગૉલ્ડ ઈટીએફના સુવર્ણમય લાભો

- એક રિટેઈલ ઈન્વેસ્ટર ન્યુ ફંડ ઑફર (એનએફઓ)માં અરજી કરી શકે છે અથવા તો સેકન્ડરી માર્કેટમાંથી જીઈટીએફના યુનિટ પ્રાપ્ત કરી શકે છે. એનએફઓમાં યુનિટ ખરીદવા માટે અમુક લઘુતમ નિર્ધારિત સંખ્યામાં યુનિટ માટે અરજી કરવાની રહે છે, જ્યારે સેકન્ડરી માર્કેટમાંથી તમે એક યુનિટ (એક ગ્રામ સોનું) પણ ખરીદી શકો છો.

- નાના રોકાણકાર માટે ઈટીએફનું મહત્ત્વ એ છે કે રોકાણકારી યુનિટ ધરાવી રાખી શકે છે અને ગમે ત્યારે એનું વેચાણ કરી શકે છે. જે યુનિટના ભાવ વેચાણ સમયે પ્રવર્તમાન સોનાના ભાવની આસપાસ હોય છે. આ યોજના ફિઝિકલ જથ્થો ધરાવવાથી એની જાળવણી (સ્ટોરેજ), પ્રવાહિતા અને શુદ્ધતાની ખાતરી વગેરે જેવી નડતી મુશ્કેલી-અડચણો દૂર કરે છે. ગૉલ્ડ ઈટીએફ સંપત્તિવેરામાંથી મુક્ત છે, પરંતુ એના પર કૅપિટલ ગેઈન્ટ ટૅક્સ ભરવો પડે છે.

ફિઝિકલ ગૉલ્ડ સામે પેપર ગૉલ્ડ (ગૉલ્ડ ઈટીએફ)

સોનામાં જેટલું વળતર મળે છે તેટલું જ કે એના કરતાં સહેજ વધુ વળતર ગૉલ્ડ

ઈટીએફમાં મળે છે, કારણકે આમાં ઘડામણ કે અન્ય રકમ કાપી લેવામાં આવતી નથી. માત્ર દલાલી, સર્વિસ ટૅકસ જ ભરવા પડે છે.

- V ભેળસેળની ચિંતા નહીં : ફિઝિકલ ગૉલ્ડ ખરીદવામાં સોનાની ગુણવત્તા, ભેળસેળ વગેરેની ચિંતા રહેતી હોય છે. જ્યારે ગૉલ્ડ ઈટીએફમાં એવી કોઈ ચિંતા રહેતી નથી.

- V ઓછી રકમનું રોકાણ : ગૉલ્ડ ઈટીએફમાં તમે એક ગ્રામના એક યુનિટ પણ ખરીદી શકો છો (સેકન્ડરી માર્કેટમાંથી), જ્યારે વાસ્તવિક સોનું એક ગ્રામ ખરીદવાનું મોંઘુ પડે છે.

- V સંગ્રહઃ ગૉલ્ડ ઈટીએફ ડિમેટ સ્વરૂપે હોય છે. જ્યારે સોનાની તમારે જાળવણી કરવી પડે છે અને સાચવવામાં પણ કાળજી રાખવી પડે છે. એના પર કોઈનું નામ પણ હોતું નથી, જ્યારે ગૉલ્ડ ઈટીએફ તમારા નામે મળે છે.

ગોલ્ડમાં પણ ‘એસઆઈપી કરી શકાય

મ્યુચ્યુઅલ ફંડમાં જેમ ‘એસઆઈપી’ (સિસ્ટેમેટિક ઈન્વેસ્ટમેન્ટ પ્લાન) છે તેમ સોનામાં પણ થઈ શકે છે. બૅન્કમાં રિકરિંગ ખાતાની જેમ દર મહિને તમે સ્વયંભૂ એક કે બે યુનિટ (એક યુનિટ એક ગ્રામ) તમારા ડિમેટ ઍકાઉન્ટમાં જમા કરતા જાઓ. આમ દર વર્ષે તમારા ખાતામાં યુનિટ્સ વધતા જશે અને બજારભાવ પ્રમાણે એ યુનિટની નેટ એસેટ વેલ્યુ (નાવ) બદલાતી રહેશે. સામાન્ય-મધ્યમ વર્ગ માટે આમ સોનું જમા કરવાનો આ શ્રેષ્ઠ માર્ગ બની શકે છે.

ગૉલ્ડ ફંડ ઑફ ફંડ શું છે ?

ડિમેટ ગૉલ્ડમાં ઈન્વેસ્ટમેન્ટ કરવા માગતા, પરંતુ ડિમેટ ઍકાઉન્ટ ખોલાવવા ન માગતા રોકાણકારો માટે આ વિકલ્પ ઉપલબ્ધ છે, કારણકે ગૉલ્ડ ફંડ ઑફ ફંડ લાવનાર કંપની તેનું રોકાણ ગૉલ્ડ ઈટીએફમાં કરે છે. આ દ્વારા તે સોનાના ભાવની વૃદ્ધિનો લાભ પોતાના રોકાણકારોને પહોંચાડવાનું લક્ષ્ય રાખે છે. જેને લીધે આ રોકાણકારોએ પોતે ડિમેટ એકાઉન્ટ ખોલાવવાની જરૂર રહેતી નથી. ગૉલ્ડ ઈટીએફમાં કે ફંડ ઑફ ફંડમાં રોકાણ કરવામાં ખર્ચમાં ખાસ ફરક આવતો નથી. જોકે ગૉલ્ડ ઈટીએફમાં કામકાજ તમે પોતે કરો છો, જ્યારે ફંડ ઑફ ફંડમાં ફંડ મેનેજરે આ કાર્ય કરવાનું આવે છે. ફંડ ઑફ ફંડમાં તમે એસઆઈપી (સિસ્ટેમેટિક ઈન્વેસ્ટમેન્ટ પ્લાન) પણ કરી શકો છો. જ્યારે ઈટીએફમાં તમારી માટે આવી કોઈ નિર્દિષ્ટ વ્યવસ્થા નથી. ગૉલ્ડ ઈટીએફમાં સોદા કરતી વખતે બ્રોકરેજ લાગે છે, જ્યારે ફંડ ઑફ ફંડમાં વહેલાસર રિડમ્પશન પર એક્ઝિટ લોડ લાગુ થાય છે. એકંદરે કયાંક ફંડ ઑફ ફંડમાં ખર્ચ સહજ વધુ આવી શકે છે, કિંતુ ડિમેટ એકાઉન્ટની જરૂર રહેતી નથી.

પ્રકરણ ૫૦
સોનાની જેમ ઈક્વિટીને આગવું સ્થાન આપો

શૅરબજારને જુગાર સમજશો તો એ તમને જુગારી જ બનાવશે, પરંતુ સિસ્ટેમેટિક ઈન્વેસ્ટમેન્ટ સમજશો તો શૅરબજાર તમને સફળ ઈન્વેસ્ટર બનાવશે

સોનામાં રોકાણ કરવાનું આ કામ આપણા બચતકારો-રોકાણકાર સદીઓથી કરતા રહ્યા છે. આપણા દેશની સામાન્ય નાગરિક પણ પોતાના ગજામાં રહીને નિયમિત સોનું ખરીદતો રહેતો હોય છે. ખેર, હવે સોના જેવી પરંપરા કે અભિગમ ઈક્વિટી માટે લાગુ કરવાનો સમય છે. સોનું આપણા પૉર્ટફોલિયોમાં કોઈના ન કહેવા પર પણ રહે જ છે અને વધતું પણ હોય છે, જ્યારે ઈક્વિટી હજી લોકો સુધી પહોંચી નથી.

ઈક્વિટીની પસંદગી

શૅરોની પસંદગી માટે સેન્સેક્સની ૩૦ સ્ક્રિપ્સ અથવા નિફ્ટીની ૫૦ સ્ક્રિપ્સમાંથી શૅર પસંદ કરો, જે તમામ કંપનીઓ મજબૂત અને વિકાસલક્ષી છે. તેમ છતાં પસંદગી માટે સંખ્યા ઓછી લાગે તો બીએસઈના એ ગ્રુપમાંથી પસંદગી કરો, અહીં આશરે ૨૦૦-૨૨૫ જેટલી સ્ક્રિપ્સ મળી જાય છે. આ કંપનીઓ પણ એ ગ્રુપમાં હોવાનો અર્થ એ જ કે તે ફંડામેન્ટલી મજબૂત કંપનીઓ છે. તમારા રોકાણનો અભિગમ લાંબા ગાળાનો રાખો, કેમ કે જો તમે સલામતીની સાથે સારું વળતર ઇચ્છતા હો તો તમારે શૅરબજારને સારો એવો સમય આપવો જરૂરી છે.

તમારા શૅરોનો પૉર્ટફોલિયો બહુ મોટો નહીં રાખો, બલકે વધુમાં વધુ ૧૦ કે ૧૫ સ્ક્રિપ્સ જાળવો. જેથી તમે તેની પર યોગ્ય ધ્યાન આપી શકો. આ ૧૦ કે ૧૫ સ્ક્રિપ્સ જુદા જુદા સેક્ટરની રાખો, જેથી તમારો પૉર્ટફોલિયો ડાઈવર્સિફાઈડ રહે, જેને લીધે તમારું જોખમ પણ મર્યાદિત રહે.

એકસાથે મોટી સંખ્યામાં શૅરોની ખરીદી કરી નહીં, પરંતુ ધીમે ધીમે થોડા થોડા શૅરો જમા કરો, જ્યારે જ્યારે બજાર વધુપડતું નીચે જાય ત્યારે ત્યારે એ થોડા થોડા શૅર જમા કરો. તમારા શૅરોના ભાવ અસાધારણ વધી જાય ત્યારે વચ્ચે નફો બુક કરી લેવાનું વલણ રાખો, માત્ર હજી વધશે એવી ધારણા સાથે બેસી ન રહો કે વધુ ભાવની લાલસા ન રાખો. કમ સે કમ તમારા શૅરોમાંથી પચાસ ટકાનું વેચાણ કરીને પણ નફો ઘરમાં લઈ લો, અન્યથા પસ્તાવાનો સમય આવશે, પણ જે આવા શૅરો તમને કમાઈને આપે એ શૅરો જ્યારે નોંધપાત્ર ઘટી જાય ત્યારે તેની પુનઃ ખરીદી કરવાનું ચલણ પણ રાખો. શૅરબજારમાં માત્ર શૅરો જ લેવા કે શૅરોમાં જ કામકાજ કરવું એવી માનસિકતા રાખવાને બદલે ઈટીએફ (એક્સચેંજ ટ્રેડેડ ફંડ) જેવાં સાધનોમાં પણ રોકાણ કરવાનું રાખો. જ્યારે કે મ્યુચ્યુઅલ ફંડના માધ્યમથી એસઆઈપી (સિસ્ટેમેટિક ઈન્વેસ્ટમેન્ટ પ્લાન) જેવાં સાધનોમાં પણ નિયમિત રોકાણ કરતા રહો અને હા, શૅરબજારમાં પણ ઈટીએફ માર્ગે સોનું તો મળે જ છે, વાસ્તે શૅરો અને સોનાનું કૉમ્બિનેશન પણ કરાય.

શૅરબજારમાં એક યા બીજા કારણસર વૉલેટિલિટી, અનિશ્ચિતતા કે અદ્ધરતા જોવા મળતી હોય છે. કયારેક ફુગાવો, ક્રૂડના ભાવો સતાવે, કયારેક ગ્લોબલ ક્રાઈસિસ, વળી કયારેક રાજકારણની અસ્થિરતા તો કવચિત્ સરકારની કઢંગી નીતિઓની સમસ્યા. જેને પરિણામે આપણી બજારમાં કયાંક શૅરો તૂટે ને કયાંક સોનું ઊંચે જાય. આમ તો આ બંને એસેટ વિરુદ્ધ દિશામાં જ ચાલનારી છે, તેમ છતાં કયારેક સાથે સાથે પણ ચાલે, પરંતુ સામાન્ય નિયમ મુજબ શૅરો તૂટે ત્યારે સોનું-ચાંદી વધતાં હોય છે, ફુગાવો વધવાના કે ક્રાઈસિસના સંજોગોમાં પણ સોનામાં રોકાણ વધવા લાગે છે, કારણકે સોનાને વિશ્વભરમાં સેફ હેવન માનવામાં આવે છે. આપણા દેશમાં તો આ ટ્રેન્ડ પહેલેથી છે અને લોકોનું રોકાણ આમાં સદીઓથી થતું રહ્યું છે અને સૌથી ઊંચું પણ રહ્યું છે. જોકે હવે સોના સાથે ઈક્વિટી કે ઈક્વિટી સાથે સોનામાં રોકાણનો ટ્રેન્ડ શરૂ થયો છે, જે આજના સમયની જરૂરિયાત પણ છે.

શૅર-સોનાના કૉમ્બિનેશનવાળી યોજનાઓ

આ હકીકતને ધ્યાનમાં રાખી હવે આપણે ત્યાં ઈક્વિટી અને ગૉલ્ડના કૉમ્બિનેશનવાળી યોજનાઓ બહાર આવવા લાગી છે. કેટલાંક મ્યુચ્યુઅલ ફંડોએ આ દિશામાં ક્યારની પહેલ પણ કરી દીધી છે. જોકે રોકાણકારો હજી આવી યોજનાઓ પ્રત્યે વધુ પ્રમાણમાં ખેંચાયા નથી. જ્યારે કે આ રોકાણ તેમની માટે વધુ સલામત, સાવચેતીભર્યું અને વળતરદાયી બની શકે છે. કમ સે કમ તેમાં રોકાણકારોનું જોખમ એકંદરે તો ઘટે જ છે.

મ્યુચ્યુઅલ ફંડો દ્વારા આ પ્રકારની યોજનાઓમાં રોકાણકારો માટે કંઈક અંશે ડેટ સાધનોનો પણ હિસ્સો રખાય છે. જ્યારે કે ઈક્વિટી, ગૉલ્ડ અને ડેટમાંથી કોનું કેટલું વેઈટેજ રાખવું તેનો વિકલ્પ પણ રોકાણકારોને ઑફર થાય છે, જેથી દરેક રોકાણકાર પોતાની જોખમ લેવાની ક્ષમતા કે વળતર મેળવવાની અપેક્ષાને આધારે નિર્ણય લઈ શકે છે.

તમે પોતે પણ આવી વ્યૂહરચના બનાવી શકો

ગૉલ્ડ અને શૅરના કૉમ્બિનેશનવાળી યોજના મ્યુચ્યુંઅલ ફંડો ઑફર કરે કે અન્ય કંપનીઓ ઑફર કરે, જો તમને એમાં ભાગ લેવાનું અનુકૂળ ન આવતું હોય તો તમે પોતે તમારી રોકાણ વ્યૂહરચનામાં શૅરોની સાથે સોનાને પણ પૂરતું સ્થાન આપો એ જરૂરી છે. માત્ર શૅરો કે માત્ર સોનામાં ઈન્વેસ્ટમેન્ટ કરતાં રહેવાને બદલે આ બંનેનું મિશ્રણ કચય તો એકંદરે જોખમ નીચે આવે છે અને લાંબે ગાળે વળતર ઊંચું જાય છે. તમે પોતે આ માર્ગે ઈટીએફમાં કે સીધા શૅરોમાં રોકાણ કરો એ તમારી વાત છે, પણ હવે સોના ઉપરાંત ચાંદીને પણ ઈન્વેસ્ટમેન્ટમાં સ્થાન આપી શકાય. આમ રોકાણકારો પોતાના જોખમના નિયમન તેમ જ ઊંચા વળતર માટે શૅરો, સોના અને ચાંદીમાં રોકાણને વહેંચી રાખે એ તેના હિતમાં રહે છે.

પ્રકરણ ૫૧
ઈન્વેસ્ટમેન્ટ એજન્ટ કેવો હોવો જોઈએ ?

શૅરબજાર સેન્સિટિવ હોય છે, તેની સંવેદનશીલતાના જોખમને સમજો

ઈન્વે. એજન્ટ કે સલાહકાર સિલેક્ટ કરતી વખતે ધ્યાનમાં રાખવા જેવા સાત મુદ્દાઓ

ઈન્વેસ્ટમેન્ટ એજન્ટો કહો કે મધ્યસ્થીઓ કહો, એ દરેકની રોજીરોટી તેમનું કમિશન કે ફી હોય છે અને એ માટે તેઓ નૅચરલી પોતાનું હિત કેન્દ્રમાં રાખીને ચાલે, પરંતુ રોકાણકારોએ સુદ્ધાં જાગૃત અને સાવધ રહેવું જરૂરી હોય છે. ઘણી વાર રોકાણકારો મફત સલાહ લેવાના પ્રલોભનમાં લેભાગુ એજન્ટોની જાળમાં ફસાઈ જતા હોય છે. તેમને સલાહ તો વિનામૂલ્ય મળી જાય, કિંતુ તેમના રોકાણના મૂલ્યની દશા બગડી જાય એવું બની શકે છે. તેથી અહીં રોકાણકારોએ ઈન્વેસ્ટમેન્ટ એજન્ટની પસંદગી કરતી વખતે શું ધ્યાનમાં રાખવું તેની ચર્ચા કરીએ.

આ વિષયમાં સાત મુખ્ય મુદ્દાઓની ઝલક ધ્યાનમાં રાખીએ, વધુ મુદ્દા તમારા અનુભવને આધારે ઉમેરી શકાય છે.

૧) મૂડીની સલામતી અને વાજબી વળતર

રોકાણકારોએ તેના ઈન્વેસ્ટમેન્ટ એજન્ટ જ્યારે કોઈ સાધન કે સ્કીમ ઑફર કરે ત્યારે એમાં સલામતીનું તત્ત્વ અને વળતરનું સ્તર કેવું છે એ ખાસ ધ્યાનમાં લેવું જોઈએ. જેન્યુઈન એજન્ટ પોતાના ગ્રાહકના રોકાણની સલામતી માટે પહેલી અને ખાસ તકેદારી લે એવો હોવો જોઈએ. અર્થાત્ એજન્ટે ગ્રાહકને વધુ ઊંચું વળતર અપાવવાના મોહમાં ગ્રાહકની મૂડી જોખમમાં મુકાય એવી પરિસ્થિતિ પણ સર્જવી જોઈએ નહીં. વાજબી વળતરની વ્યાખ્યા જુદી-જુદી હોઈ શકે છે. તમારો એજન્ટ રોકાણ કરતી વખતે સલામતી અને વળતર વિશે તમને સ્પષ્ટ જણાવે એવો આગ્રહ રાખો.

૨) તમારા પ્રોફાઈલને આધારે રોકાણ

ઈન્વેસ્ટમેન્ટ સલાહકાર-એજન્ટ એવો હોવો જોઈએ, જે તમારા પ્રોફાઈલ એટલે કે તમારી ટોટલ આવક, ખર્ચ, જવાબદારી, પરિવારની પરિસ્થિતિ, ભાવિ ખર્ચાઓ, જોખમ લેવાની ક્ષમતા વગેરે પરિબળોને ધ્યાનમાં રાખી તમને રોકાણ કરાવે. તમને સલાહ પણ એ જ રીતે આપે. તમારી સમક્ષ રોકાણ સાધનો કે સ્કીમ પણ એ જ પ્રકારની લઈને આવે. એજન્ટ પોતાના કમિશનની ચિંતા કરે, તેની કાળજી ભલે લે, પરંતુ સાથે-સાથે તમારા ઈન્વેસ્ટમેન્ટની મૂડી ધોવાઈ ન જાય કે કાગળિયાં ન થઈ જાય તેની વધુ સાવચેતી રાખે એ જરૂરી છે.

૩) આફ્ટર સેલ સર્વિસ

કોઈ પણ પ્રોડક્ટ હોય કે સર્વિસ એના વેચાણ બાદની સેવાનું પણ આગવું મહત્ત્વ હોય છે. રોકાણકાર એજન્ટ તમને રોકાણ કરાવીને પોતાનું કમિશન મેળવી લે એટલે

મુક્ત થઈ જાય એવો ન હોવો જોઈએ. એજન્ટે એ રોકાણ બાદ પણ તમને એ સંબંધિત સેવા આપવી જોઈએ, જેમ કે એ રોકાણમાં તમને કંઈક પછીથી મૂંઝવણ ઊભી થાય, જેમાં રોકાણ કર્યું છે તેના જરૂરી દસ્તાવેજ તમારા સુધી ન પહોંચે, એ તમારાથી ગુમ થઈ જાય, તમારે એ રોકાણ વેચવાની સ્થિતિ સર્જાય વગેરે બાબતોમાં એજન્ટ તમારી સહાય માટે ઉપલબ્ધ હોવો જોઈએ. 'હવે મને ક્યાં કમિશન મળવાનું છે' એવું વિચારી એજન્ટ આ સેવા આપવાથી છટકી જવા માગતો હોય તો એવા એજન્ટથી દૂર રહો. દા.ત. એજન્ટ તમને મેડિક્લેઈમ લેવડાવે, પરંતુ તમે હૉસ્પિટલમાં દાખલ થાવ ત્યારે તમારો ક્લેઈમ મેળવવામાં તમને સહાય ન કરે એવા એજન્ટનો શું અર્થ ?

૪) નવી રોકાણ તકો પ્રત્યે ધ્યાન દોરે

તમારો ઈન્વેસ્ટમેન્ટ એજન્ટ એવો અપડેટ અને સ્માર્ટ હોવો જોઈએ કે બજારમાં જે પણ કોઈ નવી સ્કીમ કે સાધન આવે તેનાથી તમને તુરંત વાકેફ કરે. એ રોકાણની નવી તક સારી હોય તો તમને ઝડપવાનું કહે અને એ પ્રોડક્ટ કે સ્કીમ છેતરામણી હોય તો તેમને તેનાથી દૂર રહેવાની તાકીદ કરે, કેમ કે એ પોતે ઈન્વેસ્ટમેન્ટ જગતમાં હોઈ વધુ અનુભવી હોય છે. ઇન શૉર્ટ, આમ કરવામાં તમારા એજન્ટને કોઈ કમિશન મળવાનું ન હોય તોપણ તે તમારા હિતમાં સામે ચાલીને આવી સેવા આપતો હોવો જોઈએ. માત્ર પોતાની જ સ્કીમ કે પ્રોડક્ટ વેચવા તમારી પાસે આવતો એજન્ટ સારો હોઈ શકે, કિંતુ આદર્શ નથી.

૫) તમારા રોકાણ પૉર્ટફોલિયોથી અપડેટ રાખે

તમારો ઈન્વેસ્ટમેન્ટ એજન્ટ તો આદર્શ છે, જો તે તમને તમારા ઈન્વેસ્ટમેન્ટનો રેકર્ડ-પૉર્ટફોલિયો બનાવી સમયાંતરે-મહિને કે ત્રણ મહિને-વર્ષે તમને તેના મૂલ્યની વધઘટથી વાકેફ રાખે છે. એજન્ટને જરૂરી લાગે તો તમારા પૉર્ટફોલિયોમાં ફેરફાર પણ કરાવી શકે, જો એમ કરવું તમારા હિતમાં હોય તો, પરંતુ સમય સાથે તમારા રોકાણ મૂલ્યની ગણતરી, રોકાણમાં જણાતા ફેરફારની આવશ્યકતા એ એજન્ટ સંભાળી લે તો એ ઉત્તમ છે.

૬) ટૅક્સ સેવિંગનું પ્લાનિંગ પણ કરાવે

તમારી ઈન્વેસ્ટમેન્ટ ઈન્કમના પ્રોફાઈલથી માહિતગાર એજન્ટ તમને દર વર્ષાન્તની પૂર્વ ટૅક્સ પ્લાનિંગ માટે પણ માર્ગદર્શન આપે અને એવી સારી સ્કીમો લાવીને તમને એ વિશે સમજાવે એનું પણ ખૂબ મહત્ત્વ હોય છે, માત્ર કર બચાવવા જીવન વીમા પૉલિસી લેતા રહો કે દર વખતે પરંપરાગત રોકાણ કરતા રહો એવા અભિગમને બદલે બજારમાં ઉપલબ્ધ કરબચતનાં એવાં સાધનો પણ તમને એજન્ટે બતાવવા જોઈએ, જ્યાં તમારા કર બચતની સાથે વળતરની સંભાવના પણ વધે. અલબત્ત સલામતી પણ જાળવીને.

૭) એજન્ટનું ક્વૉલિફિકેશન પણ મહત્ત્વનું

તમારો ઈન્વેસ્ટમેન્ટ એજન્ટ કે સલાહકાર તમને સલાહ આપે છે, રોકાણ કરાવે છે એ ખરું, પરંતુ તમારે તેનું એ વિશેનું ક્વૉલફિકેશન જાણી લેવું જોઈએ. દા.ત. હવે વીમાથી માંડી મ્યુચ્યુઅલ ફંડ કે સ્ટૉક રોકાણ સુધી દરેક મધ્યસ્થી પોતાના વિષયનું

એજ્યુકેશનલ ક્વૉલિફિકેશન ધરાવતો હોવો જરૂરી છે. તેની પાસે એ વિષયમાં યોગ્ય અનુભવ અને જ્ઞાન હોવાં પણ આવશ્યક છે, જેના પ્રમાણપત્ર માન્ય સંસ્થાઓ પાસેથી પરીક્ષા પાસ કરીને મેળવાતાં હોય છે. જ્યારે કે લેભાગુ અને બની બેઠેલા એજન્ટો તમને ઊંધે રવાડે ચઢાવી શકે છે, ગેરમાર્ગે દોરી કે લલચાવીને ભરમાવી શકે છે. ટૂંકા ગાળામાં નાણાં બમણાં કે ચાર ગણા કરવાની સ્કીમોમાં ફસાવી દઈ શકે છે.

અહીં એ પણ યાદ રાખો કે તમારા એજન્ટો વીમાથી મ્યુચ્યુઅલ ફંડ સુધી સંબંધિત સંસ્થામાં રજિસ્ટર્ડ કે માન્યતા ધરાવતા હોવા પણ જોઈએ, જેથી તેઓ કોઈ સેવા બરાબર ન આપે કે તમારી સાથે છેતરપિંડી કરે તો તમે સંબંધિત સંસ્થામાં ફરિયાદ પણ કરી શકો. બાકી લેભાગુ એજન્ટો - ચલતા પૂર્જા સલાહકારો બંગાલીબાબાની જેમ હાટડી માંડીને બેઠા હોય છે, જેઓ જાત-જાતનાં આકર્ષણો અને પ્રલોભનોથી રોકાણકારોને પોતાની જાળમાં ફસાવી દેતા હોય છે, જેનો પછીથી અનુભવ થાય ત્યારે રોકાણકારોએ મોટે ભાગે મૂડી ખોઈ નાખી હોય છે. વાસ્તે આ વિષયમાં હંમેશા સજાગ રહો. અલબત્ત, ક્વૉલિફાઈડ એજન્ટો સાથે પણ આંખ અને દિમાગ બંધ રાખીને કામ નહીં કરો. તમારી મહેનતની મૂડીની ચિંતા તમારા શિરે છે. એજન્ટ આખરે તો એના કમિશનની ચિંતા કરશે, કારણકે એ તેની પોતાની આવક છે, મૂડી છે.

ફી ચૂકવીને શ્રેષ્ઠ સેવા મેળવો

છેલ્લે એક ખાસ વાત એ પણ યાદ રાખો કે ઈન્વેસ્ટમેન્ટ સલાહકાર-એજન્ટો તમારી પાસેથી વાજબી ફી ચાર્જ કરીને તમને સેવા આપે એ બહેતર છે, જેમાં તેમની જવાબદારી આવી જાય છે. આવી નાણાકીય સેવાઓ વિનામૂલ્ય મેળવવાના મોહમાં તમારી મૂડી જોખમમાં મુકાઈ શકે છે. એજન્ટો-મધ્યસ્થીઓ કંઈ સંત નથી કે તમને વિનામૂલ્ય મૂલ્યવાન બોધ આપતા રહે. તેમને પણ પોતાનું ઘર ચલાવવાનું હોય છે. તમારા હજારો-લાખો રૂપિયાની મૂડી લાગતી હોય ત્યાં ફી ભરીને શ્રેષ્ઠ રોકાણ સલાહ તેમ જ સેવા મેળવવાનો અભિગમ રાખવો વધુ બહેતર છે.

પ્રકરણ ૫૨
શૅરબજારમાં સમયની બદલાતી વ્યાખ્યા

> રોકાણ એ કળા છે, તમને ન સમજાય તો પ્રૉફેશનલ પાસેથી સલાહે મેળવો, કિંત સાથે-સાથે તમારી સમજને વિકસાવવાનું ચાલુ રાખો

શૅરબજારમાં શૉર્ટ ટર્મ, મીડિયમ ટર્મ અને લૉંગ ટર્મ ઈન્વેસ્ટમેન્ટ કોને કહેવાય? એવા સવાલનો જવાબ વ્યંગમાં અપાય ત્યારે એમ કહેવાય છે કે એકાદ સપ્તાહ માટે કરાયેલા રોકાણને શૉર્ટ ટર્મ, એકાદ મહિના માટે કરાયેલા રોકાણને મીડિયમ ટર્મ અને છએક મહિના માટે કરાયેલા રોકાણને લૉંગ ટર્મ ઇન્વેસ્ટમેન્ટ કહેવાય. શૅરબજારમાં લૉંગ ટર્મ માટે જ ઈન્વેસ્ટમેન્ટ કરવું જોઈએ એવું નિષ્ણાતો સતત કહેતા રહ્યા છે, પણ લૉંગ ટર્મની વ્યાખ્યા જ બધા છ મહિનાની કરી નાખે તો શું થાય ? સરકારે પણ ઈન્કમ ટૅકસના હેતુથી લૉંગ ટર્મની વ્યાખ્યા એક વરસની (૧૨ મહિનાની) રાખી છે. અર્થાત્ કોઈ ઘેર ૧૨ મહિના ચખી મૂકીને વેચો તો તેના પર થનાર લાભ લૉંગ ટર્મ કૅપિટલ ગૅઈન ગણાય અને લોકો કમસે કમ એક વરસ શૅરો રાખી મૂકે એ માટે સરકારે લૉંગ ટર્મ કેપિટલ ગેઈનને કરમુકિત પણ આપી હતી, જે હવે કાઢી નાખી છે.

ઈક્વિટી ઈન્વેસ્ટમેન્ટ કલ્ચરવધે અને બચતકારો રોકાણકારો બને એ ઉદ્દેશ સાથે સરકાર શૅર રોકાણ પર કરલાભ આપતી રહી હતી, કિંતુ લોકોને કર લાભ કરતાં મૂડીલાભમાં જ વધુ રસ પડે છે. જેથી અત્યાર સુધી શૅરબજારમાં બહુમતી લોકોની મનોવૃત્તિ ઝડપી લાભ મેળવી લેવાની જ રહી છે. પરિણામે શૅરબજારમાં ઈન્વેસ્ટમેન્ટ કરતાં સ્પેકયુલેટિવ કલ્ચર વધુ વિકસ્યું છે.

> **ટૂંકા ગાળાની અસર**
> ફુગાવાનો દર જાહેર થાય કે ઔદ્યોગિક ઉત્પાદનના આંકડા જાહેર થાય અથવા ઇકૉનૉમી સંબંધિત મહત્ત્વના ડેટા જાહેર થવાના હોય ત્યારે અને તે જાહેર થાય એ પછી બજાર પર એક યા બીજી અસર થતી હોય છે. આ અસર થાય એ સ્વાભાવિક છે, પરંતુ આ અસરો મોટે ભાગે ટૂંકા ગાળાની હોય છે, જેથી રોકાણકારોએ આ અસરને ધ્યાનમાંલેતી વખતે પોતાનો અભિગમ પણ ટૂંકા ગાળાનો જ રાખવો જોઈએ. જોકે લાંબા ગાળાના રોકાણકારે તેનાથી વધુ ચિંતિત થઈ જવાની જરૂર રહેતી નથી. આ ઘટનાઓ ટૂંકાગાળાની હોઈ ડે ટ્રેડર્સ માટે વિશેષ મહત્ત્વની બની રહે છે.

બજારને તેનો સમય આપો

દરેક રોકાણકાર પોતાની નાણાં જરૂરિયાત અને હૉલ્ડિંગ કૅપેસિટીને આધારે શૅર રોકાણ કરી પોતાના સમયની વ્યાખ્યા કરે છે, પરંતુ ખરેખર તો રોકાણકારો લૉંગ ટર્મની વ્યાખ્યામાં કયારેક માર ખાઈ જાય છે. બે-ત્રણ વરસ રાખી મૂકેલા શૅરોને લૉંગ ટર્મ માની શકાય નહીં. બજાર આપણી વ્યાખ્યા મુજબ ચાલતું નથી કે તેનું વળતર આપતું નથી. બજાર પોતાનો સમય લે છે. વાસ્તે બજારને આપણે તેનો સમય આપવો પડે. બજારને જે પૂરતો સમય આપે છે, બજાર તેને મોટે ભાગે સારું વળતર આપે છે.

અલબત્ત, રોકાણકારે તે સમય બજારના કયા શૅરોને આપ્યો છે તે જોવું પણ મહત્ત્વનું રહે છે. મોટે ભાગે લોકો નફો બુક કરી લેવાની મનોવૃત્તિ જ વધુ ધરાવે છે. સમયની રાહ જોવી બહુ ઓછા લોકોને માફક આવે છે.

બજારને તેનો સમય આપો.

દરેક રોકાણકાર પોતાની નાણાં જરૂરિયાત અને હૉલ્ડિંગ કૅપેસિટીને આધારે શૅર રોકાણ કરી પોતાના સમયની વ્યાખ્યા કરે છે, પરંતુ ખરેખર તો રોકાણકારો લૉંગ ટર્મની વ્યાખ્યામાં કયારેક માર ખાઈ જાય છે. બે-ત્રણ વરસ રાખી મૂકેલા શૅરોને લૉંગ ટર્મ માની શકાય નહીં. બજાર આપણી વ્યાખ્યા મુજબ ચાલતું નથી કે તેનું વળતર આપતું નથી. બજાર પોતાનો સમય લે છે. વાસ્તે બજારને આપણે તેનો સમય આપવો પડે. બજારને જે પૂરતો સમય આપે છે, બજાર તેને મોટે ભાગે સારું વળતર આપે છે. અલબત્ત, રોકાણકારે તે સમય બજારના કયા શૅરોને આપ્યો છે તે જોવું પણ મહત્ત્વનું રહે છે. મોટે ભાગે લોકો નફો બુક કરી લેવાની મનોવૃત્તિ જ વધુ ધરાવે છે. સમયની રાહ જોવી બહુ ઓછા લોકોને માફક આવે છે.

તેજી સાથે ચાલનારા તરકટો પ્રત્યે સજાગ રહેજો

તેજી હોય ત્યારે બજારમાં સર્ક્યુલર ટ્રેડિંગ અને પ્રાઇસ મેનિપ્યુલેશન જેવી રોકાણકારોને ફસાવવાની પ્રવૃત્તિઓ વધી જતી હોય છે. વાસ્તે તેજી સમયે રોકાણકારોએ વિશેષ સાવચેત રહેવું જોઈએ.

શૅરબજારમાં આવું બધું ચાલતું રહેવાનું, માત્ર તેનું પ્રમાણ વધે કે ઘટે. અરે ભગવાનના નામે, ધર્મના નામે તીર્થસ્થાનો સહિત બધે જ એક યા બીજા સ્વરૂપે નાણાકીય ગરબડ-ગોટાળા-મેનિપ્યુલેશન થતાં હોય ત્યાં વળી આ તો શૅરબજાર છે, જ્યાં રોજ-રોજ, પળે-પળ અબજો રૂપિયાના સોદા થતા હોય છે ત્યાં લોકોને લલચાવી, આકર્ષી, ગેરમાર્ગે દોરી ફસાવવાની પ્રવૃત્તિ ન થાય એવું માની લેવાનો સવાલ જ ઊભો થતો નથી.

નવા-નાના રોકાણકારો ધ્યાન આપે

અર્થતંત્રની રીકવરી સાથે શૅરબજારમાં તેજી વધતી જતી હોય છે અને શૅરોની તેજી સાથે અર્થતંત્રની રીકવરી પણ ઝડપી બનતી જાય છે. વર્ષ ૨૦૦૩થી ૨૦૦૭ સુધીનાં પાંચ વર્ષમાં તેજી કેવી તોફાની અને ધમાકેદાર રહી એ સૌને આજે પણ યાદ હશે. ત્યાર બાદ વર્ષ ૨૦૦૮ કેટલી હદ સુધી ખરાબ ગયું, તેને લોકો લાંબા સમય સુધી ભૂલી શકશે નહીં, પરંતુ વર્ષ ૨૦૦૯ના છેલ્લા ચાર મહિનાએ તેજીમાં ચાર ચાંદ લગાવી દીધા હતા. રોકાણકારો, બ્રૉકરોથી માંડી કૉર્પોરેટ્સ અને સરકાર સુદ્ધાં રાજી રાજી – રાજી હતા. આમ જ્યારે જ્યારે તેજી આવે તેને પગલે માહોલ બદલાઈ જાય છે. નવો ઉત્સાહ, નવો વિશ્વાસ અને નવું જોમ, નવાં સપનાં, નવાં લક્ષ્યો દરેક સ્તરે આકાર પામતાં રહે છે. સંખ્યાબંધ સારી-પૉઝિટિવ બાબતો બનવા લાગે છે અને હજી બનશે એવી આશા પણ વધતી રહે છે, પરંતુ તેજીની સાથે-સાથે કેટલીક ગોલમાલ, મેનિપ્યુલેશન, સર્ક્યુલર, ટ્રેડિંગ, પ્રાઇસ રિગિંગ, ડબ્બા ટ્રેડિંગ, પેની સ્ટૉક્સમાં ભાવો ઉછાળી રોકાણકારોને ફસાવવા વગેરે જેવી અનેકવિધ ગેરવાજબી-ગેરકાનૂની પ્રવૃત્તિઓ પણ પોતાનો વ્યાપ વધારવા લાગે છે ત્યારે તેજીનો લાભ લેવા તૈયાર થઈ ગયેલા રોકાણકારોએ શૅરબજારમાં વિવિધ રીતે રચાતા કુંડાળામાં ફસાવી કે ભેરવી દેવાની પ્રવૃત્તિઓથી વિશેષ સજાગ રહેવું જરૂરી બની જાય છે.

અહીં આવી કેટલીક ગેરપ્રવૃત્તિઓની ઝલક જોઈએ, જેથી આપ તેને ઓળખી-સમજીને

તેનાથી દૂર રહોસજાગ રહો.

ટિપ્સની બોલબાલા :

તેજી ચાલી રહી હોય છે ત્યારે ટિપ્સની પણ બોલબાલા વધવા લાગે છે, લોકો ફરી ફટાફટ નાણાં બનાવવાની લાલસામાં આડેધડ ટિપ્સ સાંભળીને તેને અનુસરવા લાગે છે. બધા એકસાથે નિષ્ણાત બની જાય છે. સાવ નવા નિશાળિયા જેવા રોકાણકારો આજુબાજુથી મળતી શૅરની ટિપ્સને આધારે રોકાણ પણ કરવા લાગે છે, તેજીમાં બધું ચાલતું હોવાથી ટિપ્સની સ્ક્રિપ્સ પણ ચાલવા લાગે છે, અને અહીં જ લોકોની જાળમાં ફસાવાની શરૂઆત થઈ જાય છે, વાસ્તે ટિપ્સ ભલે સાંભળો, પણ તેનો અમલ સમજી-વિચારીને કરવો.

સર્ક્યુલર ટ્રેડિંગ :

આ પ્રવૃત્તિમાં ઑપરેટરો ચોક્કસ શૅરમાં અંદરો-અંદર લે-વેચ કરીને એવું દર્શાવે છે કે તે શૅરમાં ખૂબ વૉલ્યુમ થાય છે, વધુ પ્રવાહિતા છે, તેમાં ભાવો પણ રોજ-રોજ વધે છે, જ્યારે કે વાસ્તવમાં લેનારા-વેચનારા બધા જ એક સિન્ડિકેટ બનાવીને આમ કરતા હોય છે. જોકે નાના-નવા રોકાણકારોને એનો ખયાલ નહીં હોવાથી આ સર્કલમાં પ્રવેશીને એવા તબક્કે ઊંચા ભાવે ફસાઈ જાય છે જ્યાં પેલા ઑપરેટર્સ પ્રૉફિટ કરીને બહાર નીકળી ગયા હોય છે.

પ્રાઈસ રિગિંગ-પ્રાઈસ મેનિપ્યુલેશન:

આ પ્રવૃત્તિમાં ઑપરેટરો-સટોડિયા ચોક્કસ શૅરોના ભાવોમાં કૃત્રિમ ઉછાળા લાવે છે અને તેને રોજે-રોજ ઊપલી સર્કિટ લગાવી બજારનું તેના તરફ ધ્યાન ખેંચે છે. આમ રોજ ભાવ વધતો જોઈ નાના-નવા રોકાણકારો પ્રલોભનમાં આવે છે અને તેઓ પણ એ શૅરો લેવા દોટ મૂકે છે. આમ વહેલી તકે પ્રવેશનારને ખરેખર ભાવો વધવાનો લાભ પણ મળે છે, પરંતુ પછી ધીમે-ધીમે ગામ તેમાં પ્રવેશતું જાય છે અને પેલા ભાવની રમત રમનારા બહાર નીકળતા જાય છે, જ્યારે કે ચોક્કસ તબક્કે છેલ્લા પ્રવેશનારા એ વખતના ઊંચા ભાવોએ ભરાઈ પડે છે એ પછી તેમને ઊંચો ભાવ મળવો બંધ જ થઈ જાય છે. ઊલટાનું તેમની વેચવાલી સામે બાયર ઘટી જતાં ભાવો નીચે આવતા જાય છે અને છેવટે નીચા ભાવોએ પણ શૅરો વેચવાનું મુશ્કેલ બની જાય છે.

પેની સ્ટૉક્સનાં પરાક્રમ:

જેના ભાવો પૈસામાં કે બે-પાંચ રૂપિયામાં બોલાતા હોય છે તે પેન સ્ટૉક્સ તરીકે ઓળખાય છે. આવા શૅરોમાં પણ તેજી વખતે નવો કરન્ટ જોવા મળે છે. લોકો પૈસામાં મળતા આવા પેની શૅરો હજારોમાં ખરીદે છે અને ઇરાદાપૂર્વક મોટા ખેલા કરે છે, કેમ કે તેમનું સંભવિત નુકસાન ઘણું નાનું હોય છે, પરંતુ સંભવિત લાભ ખાસ્સો મોટો મળી શકે છે. આવા સ્ટોક્સમાં પણ નવા અને નાના ઈન્વેસ્ટરો અધૂરી સમજ સાથે પ્રવેશીને ભેરવાઈ શકે છે, કેમ કે આ રમત ઝડપથી પૂરી થઈ જાય છે અને પછી રોકાણકારોના હાથમાં, જેને આપણે હજી પણ ‘કાગળિયાં’ શૅર કહીએ છીએ એ રહી જાય છે.

દરેક તેજી સમયે શૅરબજારમાં નવો વર્ગ પ્રવેશે છે અને જૂનો કે નવો વર્ગ તેજીના નશામાં ભાન ભૂલે છે તેમ જ ‘ઈઝી મની’ તેમ જ ‘ઝટપટ મની’ની લાલચમાં તણાઈ જાય છે ત્યારે આ લેભાગુઓ-ધુતારા લોભિયાઓને લૂંટવા તૈયાર અને સક્રિય બની બેઠાં જ હોય છે.

શૅરબજારમાં ચાલતી અને ચાલતી જ રહેવાની આવી પ્રવૃત્તિઓને કારણે સમગ્ર બજારને

બૂરું કે ફ્રોડ કહેવાની ભૂલ ન કરવી જોઈએ, ખરેખર તો રોકાણકારોએ પોતે જ સાવધ અને જાગૃત રહેવું જોઈએ. અહીં શિસ્તબદ્ધ અને સિસ્ટેમેટિક ઈન્વેસ્ટમેન્ટ કરનાર મહત્તમ સલામતી અને લાભમાં રહે છે.

કંપનીઓનાં બદલાતાં નામ

નામ બદલીને રોકાણકારોનું ધ્યાન ખેંચવાની કંપનીઓની તરકીબો આમ તો જૂની ને જાણીતી છે, કિંતુ દર વખતે તેજી વખતે રોકાણકારો ભાન ભૂલી જાય છે. યાદ રહે, કંપનીઓનાં નામ બદલાય છે ત્યારે તેમાં નવા પ્રમોટરો આવ્યા હોઈ શકે છે અને/અથવા તેણે નવો બિઝનેસ પણ શરૂ કર્યો હોઈ શકે છે. ઘણી વાર પ્રમોટરો જે ઉદ્યોગ-ક્ષેત્રમાં તેજી ચાલતી હોય છે તે ઉદ્યોગની પોતે પણ ગણાય એવું દર્શાવવા એ ઉદ્યોગની પ્રવૃત્તિઓમાં ઝંપલાવે છે. અગાઉની તેજીઓમાં આવું ખૂબ થતું હતું તેથી સરકારે કંપનીઓનાં નામ બદલવા સામે ચોક્કસ શરતો-ધોરણો રાખ્યાં છે. તેમ છતાં કંપનીઓ છટકબારીઓ શોધી લેવામાં ઉસ્તાદ હોય છે, જેથી કંપનીઓએ નામ ખરેખર શા માટે બદલાવ્યું છે એ સમજીને જ રોકાણકારોએ રોકાણ કરવું જોઈએ, માત્ર નામથી દરવાઈ જવું નહીં.

મીડિયા મારફત ફેલાવાતા સમાચારો અને ભલામણો

તેજીમાં સૌને બહુ સારું-સારું લાગતું હોવાથી કેવી પણ વાત લોકોના ગળે ઝટ ઊતરી જાય છે, જેને માટે પ્રિન્ટ તેમ જ ટી.વી. મીડિયાનો જબ્બર ઉપયોગ થાય છે, જે કંપનીઓના શૅરોમાં ભાવો વધે એવું ઇચ્છનાર ઑપરેટરો (ક્યારેક પ્રમોટરો પણ) મીડિયામાં તે કંપનીઓ વિશે સારા સમાચારો ફેલાવે છે, કહેવાતા એનાલિસીસ પ્રગટ કરાવે છે. બેસ્ટ બાય ની કેટેગરીમાં તે કંપનીઓનાં નામો મુકાવે છે. જોકે હોંશિયાર રોકાણકારોનો વર્ગ હવે તેનાથી એલર્ટ થઈ રહ્યો છે, પરંતુ નવો વર્ગ આમાં ગેરમાર્ગે દોરવાઈ જઈને ફસાય છે. કહેવાતા એનાલિસ્ટ પ્રમોટરો કે ઑપરેટરો સાથે ભળી જઈ પોતાની એનાલિસીસ તૈયાર કરે છે અને નાદાન ઈન્વેસ્ટરો તેમને નિષ્ણાતોની સલાહ માની ભેરવાઈ જાય છે. તેજી દરમિયાન આ પ્રવૃત્તિને ચારેકોરથી જબ્બરવેગ મળે છે. સ્થાપિત હિતો આમાં કાયમ સક્રિય હોય છે.

પ્રકરણ ૫૩
મ્યુચ્યુઅલ ફંડમાંથી બહાર નીકળી જવાના સંકેતો સમજો

પાંચ રૂપિયાથી ૫૦૦રૂ. સુધીની ચીજવસ્તુ લેતી વખતે ભાવ, તાલ, ક્વૉલિટી જુઓ છો તો હજારો રૂ.ના શૅર લેતી વખતે કંપનીની ક્વૉલિટી જુઓ છો ખરા ?

આપણે મ્યુચ્યુઅલ ફંડમાંથી કયારે રોકાણ પાછું ખેંચી લેવું જોઈએ એ વિશે સમજ મેળવીએ.

જેની કામગીરી સતત નબળી તેનો સાથ છોડો

કરમાયેલાં ફૂલોને તો તેનો માળી પણ રાખતો નથી, કેમ કે તેને ખબર છે કે હવે એ ફૂલોને પાણી આપવાથી પણ કંઈ નહીં વળે. એ જ રીતે સતત નબળી કામગીરી દર્શાવતા મ્યુ. ફંડમાંથી બહાર નીકળી જવામાં સાર ગણાય. પણ યાદ રહે, શરૂઆતમાં કે પ્રારંભિક સમયગાળામાં (મહત્તમ એકાદ વરસ) કોઈ ફંડની સ્કીમ અંડર પર્ફોમ (નબળી કામગીરી) રહે તો તુરંત જ તેમાંથી નીકળી જવાની ઉતાવળ ન કરાય, પણ સતત નબળી કામગીરીવાળી સ્કીમમાંથી નીકળી જવામાં ખોટું નથી. જોકે આમ કરતી વખતે બીજા ફંડ સાથે તુલના કરાતી હોય છે, પણ આ તુલના લૉજિકલ હોવી જોઈએ. એ યાદ રાખવું કે એસઆઈપી (સિસ્ટેમેટિક ઈન્વેસ્ટમેન્ટ પ્લાન) કે ગ્રોથલક્ષી સ્કીમમાં વધુ સમય આપવો પડે છે.

ટુંકા ગાળાની અસર

ફુગાવાનો દર જાહેર થાય કે ઔધોગિક ઉત્પાદનના આંકડા જાહેર થાય અથવા ઈકોનોમી સંબંધિત મહત્વના ડેટા જાહેર થવાના હોય ત્યારે અને તે જાહેર થાય એ પછી બજાર પર એક યા બીજી અસર થતી હોય છે. આ અસર થાય એ સ્વાભાવિક છે, પરંતુ આ અસર મોટેભાગે ટૂંકા ગાળાની હોય છે, જેથી રોકાણકારોએ આ અસરને ધ્યાનમાં લેતી વખતે પોતાનો અભિગમ પણ ટૂંકા ગાળાનો જ રાખવો જોઈએ. જો કે લાંબા ગાળાના રોકાણકારે તેનાથી વધુ ચિંતિત થઈ જવાની જરૂર રહેતી નથી. આ ઘટનાઓ ટુંકાગાળાની હોઈ ડે ટ્રેડર્સ માટે વિશેષ મહત્વની બની રહે છે.

ફંડ તેના ઉદ્દેશોની બહાર જાય ત્યારે.. કોઈ પણ ફંડ તેના જે ઉદ્દેશો નિર્ધારિત થયા હોય તેની બહાર જઈ રોકાણ કરવા લાગે તો એ રોકાણકારોને રિટર્ન આપવાની બાબતમાં નિરાશ કરી શકે છે. દાખલા તરીકે મધ્યમ ગાળાનો ઉદ્દેશ ધરાવતી યોજના લાર્જકેપ કંપનીઓમાં રોકાણ કરવા લાગે તો તેના વળતરમાં ફરક પડી શકે છે. અર્થાત્ ફંડ મૅનેજર વારંવાર ભળતી સ્ક્રિપ્સમાં રોકાણ કરવા લાગે ત્યારે રોકાણકાર તે સ્કીમમાંથી નીકળી જવાનું વિચારે એ સલાહભર્યું છે. કેમ કે આ ફંડ પોતાના રોકાણકારોને અપેક્ષિત વળતર આપવામાં નિષ્ફળ જઈ શકે છે. તમારી જોખમ લેવાની તૈયારી મર્યાદિત હોય ને તમારા ફંડ મૅનેજર જોખમી રોકાણ કરવામાં વધુ સક્રિય બનતાં જણાય તો એ તમારું જોખમ પણ વધારી શકે છે

ફંડ મૅનેજર છોડી જાય કે બદલાય

કેટલાંક મ્યુ. ફંડ તેના ફંડ મૅનેજરના નામે જાણીતાં હોય છે. જો કોઈ ફંડનો મૅનેજર બદલાય કે છોડીને જતો રહે તો સ્કીમના પૉર્ટફોલિયો પર તેની અસર થવાની સંભાવના રહે છે, કેટલાક ફંડ મૅનેજર પોતાના ફંડની બ્રાન્ડ જેવા હોય છે. જેને લીધે રોકાણકારો તેમાં રોકાણ કરે છે. મ્યુ. ફંડ ઉધોગમાં તેઓ સ્ટાર ફંડ મૅનેજર તરીકે જાણીતા હોય છે. જો કે ખરેખર તો ફંડ મૅનેજર તમારા રોકાણ કરવા કે ખેંચી લેવા માટેનું કારણ હોવું જોઈએ નહીં. જો આવું થાય તો તમારે નવા ફંડ મૅનેજરને થોડો સમય આપવો જોઈએ અને તે પૉર્ટફોલિયોમાં કેવા ફેરફાર કરે છે, સ્ટૉક સિલેક્શન કઈ રીતે કરે છે, તેની એસેટ એલૉકેશન પૉલિસી કેવી છે વગેરેનું નિરીક્ષણ કરવું જોઈએ, પરંતુ જો ફંડની ચકાણ સ્ટ્રૅટેજી બરાબર છે, જેને લીધે ફંડ મૅનેજર આવે-જાય તેને ફરક પડતો નથી તો તમે રહી જાવ, બાકી માત્ર ફંડ મૅનેજર જ મુખ્ય હોય તો ફંડ મૅનેજરની વિદાય બાદ થોડો સમય નિરીક્ષણ કરીને નીકળી જવું કે કેમ તેનો નિર્ણય લઈ શકાય છે.

પૉર્ટફોલિયો રિબૅલેન્સ કરવા માટે

જ્યારે પણ તમારા પૉર્ટફોલિયોમાં તમને એવું લાગે કે રિસ્કનું પ્રમાણ વધી ગયું છે અથવા એક સરખી સ્કીમ વધી ગઈ છે અને વૈવિધ્યમાં ખૂબ જ કચાશ કે અભાવ છે તો તમારે અમુક સ્કીમમાંથી નીકળી જવાની નોબત આવે છે.

તમારે પણ એસેટ એલૉકેશનનું ધ્યાન રાખવું જરૂરી હોય છે. તમારાં લક્ષ્ય મુજબ પણ તેને બદલવાની ફરજ પડી શકે છે. જેમ જેમ ઉંમર વધતી જાય તેમ તેમ તમારા પૉર્ટફોલિયોમાં પણ ડેટ સાધનો કે ફિક્સ્ડ ઈન્કમનાં સાધનો અને ઉચ્ચ સલામતીનાં સાધનો વધતાં રહે અને જોખમી સાધનો ઘટતાં રહે એ સમયની પણ માગ હોય છે. રોકાણ પાછું ખેંચતી વખતે કરવેરાની અસર પણ સમજી લેવી જોઈએ. દાખલા તરીકે શૉર્ટ ટર્મમાં જ એટલે કે એક વરસની અંદર જ વેચાણ કરી દો તો નફા પર શૉર્ટ ટર્મ કૅપિટલ ગેઈન ટૅક્સ લાગે છે અને ઘણા કિસ્સામાં એક્ઝિટ લોડ પણ આવી શકે છે. વાસ્તે રિબૅલેસિંગ વખતે આ મુદ્દા ધ્યાનમાં રાખશો.

તમારું લક્ષ્ય પૂરું થઈ જાય

કોઈ પણ રોકાણ કરતી વખતે તમે ચોક્કસ વળતર કે વૃદ્ધિ મેળવવાની અપેક્ષા રાખી હોય અને એ ચોક્કસ સમયે પૂરી થઈ જતી હોય તો એ પછી રોકાણ પાછું ખેંચી લેવામાં ડહાપણ છે, એ સમયે વધુ વળતર મેળવવાની લાલસા કે પ્રલોભનમાં પડવું જોઈએ નહીં. એમ કરવા જતાં તમે જોખમમાં મુકાઈ શકો છો. ઈક્વિટીમાં તેજી-મંદીની સાઈકલ ચાલતી રહેતી હોય છે, જેથી તમને તમારા લક્ષ્યની રકમ મળી જાય પછી ભાવ હજી વધે એવી લાલચમાં તેને ચાલુ રાખવામાં મુસીબત ઊભી થઈ શકે છે. આવું શૅરીમાં વારંવાર બનતું હોય છે. જ્યારે રોકાણકારો પ્રૉફિટ બુકિંગ ભૂલી જાય છે અથવા વધુ નફાની આશાએ હૉલ્ડિંગ ચાલુ રાખે છે. જેમાં બજાર વળાંક લે ત્યારે પસ્તાવાનો વારો આવી શકે છે.

પ્રકરણ ૫૪
લિક્વિડ ફંડઃ પૈસાના પાર્કિંગનો સાનુકૂળ માર્ગ

તેજી એ ખરેખર ખરીદવાનો ઓછો અને વેચવાનો વધુ સમય છે, જ્યારે મંદી એ વેચવાનો જરાય નહીં, પરંતુ ખરીદવાનો ખરો સમય છે

હાથમાં રોકડ રાખવા કે બૅન્કના સેવિંગ ખાતામાં પૈસા રાખી મૂકવા કરતાં લિક્વિડ ફંડમાં રાખી મૂકવાથી વધુ લાભ

જો આપણા પૈસા આપણા બૅન્ક ખાતામાં પડ્યા રહે તો શું થાય? તમે કહેશો, આ પૈસા બૅન્કમાં છે તેથી વધુ સલામત છે અને તેના પર વ્યાજ પણ મળતું રહે છે. વાત તો સાચી છે, કિંતુ એથી વધુ શું કોઈ લાભ છે? નહીં. તેને બદલે આ જ પૈસા બૅન્કને બદલે અન્ય કોઈ સાધનમાં રહે, જ્યાં તેની સલામતી ઊંચી હોવા ઉપરાંત વળતર પણ બૅન્ક ખાતા કરતાં ઊંચું મળે તો? આપ જરૂર આ સાધન વિશે વિચાર કરશો. સેવિંગ બૅન્ક ઍકાઉન્ટના વિકલ્પ તરીકે ઊભરેલા આ સાધનને હવેના સમયમાં સારો પ્રતિભાવ મળતો થયો છે, આ સાધન કહો કે સ્કીમ કહો તેનું નામ છે લિક્વિડ ફંડ. જોકે હજી એકંદરે બહુ ઓછા લોકો આ સાધનામાં રોકાણ કરતા થયા છે. વાસ્તવમાં આ એક રોકાણ સાધન કરતાં પાર્કિંગ સાધન વધુ છે, જે આપણા પૈસાને સલામતી સાથે સાચવે છે, અને તેના પર વળતર પણ આપે છે તેમ જ મહત્ત્વની વાત એ છે કે આ સાધન પ્રવાહી સ્વરૂપનું હોવાથી આપ ચાહો ત્યારે તેનો ઉપયોગ કરી શકો છો. ચાલો દાખલા સાથે સમજીએ.

શૅર સોદા કરનાર વર્ગ માટે સાનુકૂળ
આપ શૅરબજારમાં લે-વેચના નિયમિત સોદા કરતા હો તો જ્યારે પણ આપ કોઈ શૅર વેચો ત્યારે આપના બ્રૉકરને કહી દો કે તે વેચાણની રકમના લિક્વિડ ફંડના યુનિટસ ખરીદીને રાખી મૂકે, ત્યાર બાદ આપ જ્યારે શૅર ખરીદો ત્યારે ફરી બ્રૉકરને કહી દો કે એ લિક્વિડ ફંડના યુનિટસ વેચીને નાણાં લઈ લે. આપ વિચારશો કે આમ કરવાની શું જરૂર છે? મારા બૅન્ક ઍકાઉન્ટમાંથી હું ખરીદીનો ચેક આપી દઈશ અને વેચાણની રકમનો ચેક મારા બૅન્ક ખાતામાં જમા કરાવી દઈશ.

વર્ષો સુધી ભલે આપ આમ કરતા રહ્યા, પરંતુ છેલ્લા કેટલાક સમયથી આપની પાસે 'લિક્વિડ ફંડ' નામે અનોખો વિકલ્પ ઉપલબ્ધ છે. અલબત્ત, અગ્રણી બ્રૉકરો પોતાના ગ્રાહકોને આ માર્ગ અપનાવવાનું કહેતા હોય છે અને અનેક ગ્રાહકોએ આ વિકલ્પ અજમાવવાનું પણ શરૂ કરી દીધું છે. જોકે હજી બહુ જ નાનો વર્ગ આમાં પ્રવેશ્યો છે, અરે ઈન્વેસ્ટરો કે શૅરોની લે-વેચના સોદા કરતા ટ્રેડરો જ નહીં, પરંતુ સામાન્ય બચતકારો માટે પણ 'લિક્વિડ ફંડ' તેમની બચત પર સારું વળતર મેળવવાનો શ્રેષ્ઠ માર્ગ છે એટલું જ નહીં, જ્યારે કયાં રોકાણ કરવું એ સૂઝતું ન હોય એવા સમયમાં પણ લિક્વિડ ફંડમાં નાણાં મૂકી દઈને એકંદરે સારું વળતર મેળવી શકાય છે.

બૅન્કના સેવિંગ ઍકાઉન્ટ કરતાં વધુ વ્યાજ

સામાન્ય રીતે બૅન્કોમાં સેવિંગ ઍકાઉન્ટ ધરાવનાર વ્યક્તિને માત્ર ત્રણથી ચાર ટકા જેટલું વ્યાજ મળે છે. આ વ્યાજદર અંકુશમુકત કરાયા બાદ કેટલીક બૅન્કોએ તેનો દર વધાર્યો છે. અલબત્ત અનેકવિધ આર્થિક વ્યવહારો માટે બૅન્ક ઍકાઉન્ટ જરૂરી પણ છે, પરંતુ આ વ્યવહારો માટે જરૂરી રકમ ઉપરાંત જો વધુ નાણાં સેવિંગ ઍકાઉન્ટમાં અતિસામાન્ય દરે પડ્યા રહેતા હોય તો આપ તે રકમનો ઉપયોગ ‘લિક્વિડ ફંડની ખરીદીમાં કરતા રહો એ બહેતર છે. કેમ કે એક તો આપનું આ ‘લિક્વિડ ફંડ' ડિમેટ ઍકાઉન્ટમાં યુનિટ્સ સ્વરૂપે રહેશે અને તેના પર રોજે-રોજ ડિવિડંડ જમા થતું રહેશે, એટલું જ નહીં, આપના વળતરનો દર આ ફંડમાં સેવિંગ ઍકાઉન્ટ કરતાં વધુ રહેશે.

વર્તમાન સમયમાં વિવિધ મ્યુ. ફંડ તરફથી લિક્વિડ એક્સચેંજ ટ્રેડેડ ફંડ ઉપલબ્ધ છે.

અલબત્ત, જો આપ શૅરની લે-વેચ માટે આવા લિક્વિડ ફંડનો ઉપયોગ કરશો તો આપને બ્રૉકર સાથે નાણાં વ્યવહાર માટે બૅન્કની ઝંઝટ અને સમયના વ્યયમાંથી મુક્તિ મળી જશે.

મોટા ભાગના બ્રૉકરો પોતાના ગ્રાહકોને તેમના ડિમેટ ઍકાઉન્ટ્સ પોતાની પાસે બોલાવી રાખવા તથા બૅન્ક ઍકાઉન્ટ્સ પોતાની પસંદગીની બૅન્કમાં ખોલાવવાનું કહે છે, અથવા બૅન્ક ઍકાઉન્ટ માટે પણ પાવર ઑફ એટર્ની માગે છે, જેથી ‘ટી પ્લસ ટુ'ના સેટલમેન્ટમાં ઝડપથી પૅમેન્ટ અને ડિલિવરી થઈ શકે. આમ કરવામાં રોકાણકારોને કયાંક જોખમ પણ લાગે છે, આવા સંજોગોમાં રોકાણકારો પોતાના બ્રૉકર મારફત લિક્વિડ ફંડમાં રોકાણ કરી રાખે તો એ બંનેના હિતમાં છે. કેમ કે આ લિક્વિડ ફંડ રોકડ રકમ સમાન ગણાય છે, તેના પર તરત જ નાણાં મળી જાય છે, એટલે જ તો તેને લિક્વિડ કહે છે. વધુમાં લિક્વિડ બીઝ જેવા ફંડ પર રોજે-રોજ જમા થતાં કરમુક્ત ડિવિડંડનો લાભ પણ મળે છે. યાદ રહે, બ્રૉકરો અને સ્ટૉક એક્સચેન્જ લિક્વિડ ફંડને માર્જિન મની તરીકે પણ સ્વીકારે છે. કેટલાંક મ્યુચ્યુઅલ ફંડ્સ તો લિક્વિડ ફંડની એપ પણ ઑફર કરે છે, જેથી આપ તેમાં ચાહો ત્યારે નાણાં જમા કરાવો અને ઉપાડી પણ શકો. આ કાર્ય ઑનલાઈન થઈ જાય છે અને તમારા ઍકાઉન્ટમાં ૨૪ કલાકમાં જ નાણાં જમા થઈ જાય છે.

જોખમ નહીંવત્ સમાન

હવે આપને સવાલ થશે કે આમાં જોખમ કેટલું? તો એનો જવાબ છે કે, જોખમ નહીંવત્ રહેશે, કારણકે લિક્વિડ ફંડનાં નાણાં માત્ર મની માર્કેટનાં સો ટકા સલામત સાધનોમાં જ રોકવામાં આવે છે.

લિક્વિડ ફંડનાં કામકાજ કરતાં સાધનો કહે છે, આને આપ ડિમેટ ઍકાઉન્ટમાં જેમ શૅર પડયા હોય તેમ ડિમેટ ઍકાઉન્ટમાં કેશ કહી શકો, એટલું જ નહીં, આ યુનિટ્સ, નિરર્થક પડયા નથી રહેતા, બલકે તેના પર સતત વ્યાજ પણ ચાલુ જ રહે છે અને યુનિટ્સ ફરજિયાત રિઈન્વેસ્ટ પણ થતાં રહે છે. વધુમાં ‘લિક્વિડ બીઝ’ ડેટ ફંડ ગણાતું હોઈ તેના પર સિક્યોરિટીઝ ટ્રાન્ઝૅક્શન ટૅક્સ લાગુ થતો નથી.

લિક્વિડ બીઝ શું છે?

લિક્વિડ બીઝ એક એવું ફંડ છે, જેમાં નેશનલ સ્ટૉક એક્સચેન્જ અને બૉમ્બે સ્ટૉક એક્સચેંજ પર શૅરની જેમ સોદા થાય છે. રોકડની જેમ સંપૂર્ણ પ્રવાહી સ્વરૂપ ધરાવતું હોવાથી આને લિક્વિડ ફંડ કહેવામાં આવે છે.

આ ફંડની યુનિટદીઠ કિંમત રૂ. ૧૦૦૦ છે અને તેની નેટ એસેટ વેલ્યુ માર્કેટમાં રોજે-રોજ બોલાય છે. આ એક એવું ફંડ છે, જેના પર રોજે-રોજ ડિવિડંડ અપાય છે અને તે ફરજિયાતપણે તેમાં જ રિઈન્વેસ્ટ થાય છે.

લિક્વિડ બીઝ ફંડ શા માટે સંપૂર્ણ સલામત છે?

આ ફંડનું ઈન્વેસ્ટમેન્ટ શૅરોમાં કે અન્ય કોઈ જોખમી સાધનોમાં નથી કરાતું, બલકે કોલ મની, શૉર્ટ ટર્મ સરકારી સિક્યોરિટીઝ અને ટૂંકા તથા મધ્યમ ગાળાનાં મની માર્કેટ સાધનોમાં કરાય છે, જેથી તેમાં પ્રાઈસ રિસ્ક નિમ્નતમ રહે છે અને વળતર વાજબી રહે છે. આ બધા સાધનોમાં બૅન્કો અને નાણાસંસ્થાઓ ઈન્વેસ્ટમેન્ટ કરતી રહેતી હોય છે. તેમાં વ્યાજમાં વધઘટ થતી રહે છે, કિંતુ એ સાધનો સલામત સ્વરૂપમાં રહે છે.

ઈન્દોસ્ટરોને શું લાભ?

- શૅર બ્રૉકરો સાથે શેરોના લે-વેચના વ્યવહારોમાં સરળતા
- બૅન્કિંગ સિસ્ટમમાં પ્રવેશ્યા વિના આ ફંડ પર નિયમિત વળતર
- બ્રૉકરોને માર્જિન ભરવામાં ઉપયોગી
- બ્રૉકરો તરફથી મળનારી ક્રેડિટનું જોખમ ઘટે
- ડિપી તરફથી કોઈ ચાર્જ નહીં

શૅર બ્રૉકરોને શું લાભ?

- બેક ઑફિસનો ભાર ઘટે અને રોકડ પ્રવાહ સરળ બને
- ઈન્વેસ્ટરો તરફથી નાણાં મળવાનું જોખમ ઘટે
- શૅરબજારને માર્જિન ભરવામાં ઉપયોગી

સામાન્ય બચતકારોને શું લાભ?

- સામાન્ય બચતકારો બૅન્કમાં સેવિંગ ઍકાઉન્ટ કરતાં થોડું વધુ વળતર રળી શકે.
- ડિમેટ ઍકાઉન્ટનો કોઈ પણ ખર્ચ નહીં હોવાથી કેશ પાર્કિંગ માટે પણ ઉપયોગી

પ્રકરણ ૫૫
પૉર્ટફોલિયો મૅનેજમેન્ટ સર્વિસીસ (પીએમએસ) શું છે?

રોકાણ અને સટ્ટાના ફરકને સમજીને આગળ વધો

- ફાઈનાન્સિયલ માર્કેટમાં 'પૉર્ટફોલિયો' શબ્દ વરસોથી ટ્રેન્ડમાં છે, અગાઉ જેને માટે સામાન્ય રીતે બચત કે રોકાણ' શબ્દ વપરાતો હતો. વ્યક્તિ પોતાની આવકમાંથી ભાવિ જરૂરિયાત અને સુરક્ષા માટે નિયમિત બચત કરતો રહે છે અને તેની આ બચત વિવિધ સાધનોમાં એકવામાં આવે છે, જેથી વ્યક્તિને તેના પર વ્યાજની સાથે સાથે મૂડીવૃદ્ધિનો લાભ મળે. આપણે આપણી ભાષાનો અર્થ કરીએ તો બચતોનું પોટલું એટલે "પૉર્ટફોલિયો' પોસ્ટ-ઑફિસ સેવિંગ, કિસાન વિકાસ પત્ર, નેશનલ સેવિંગ સર્ટિફિકેટ, આરબીઆઈ બૉન્ડ્સ કૉર્પોરેટ બૉન્ડ્સ, બૅન્ક એફડી, વગેરે સ્વરૂપે પણ હોઈ શકે. જોકે શૅરબજારમાં પૉર્ટફોલિયો શબ્દપ્રયોગ વિવિધ શૅરમાં કાયેલા રોકાણની યાદી અને મૂલ્ય. નવા જમાનાના ટ્રેન્ડમાં પૉર્ટફોલિયો મૅનેજમેન્ટ સર્વિસીસ અર્થાત્ પીએમએસના નામે પ્રચલિત થય છે.
- નાણાં કમાવા કરતાં હવે તેનું વ્યવસ્થિત રોકાણ કરવું એ એક કળા છે. જો આ કળામાં વ્યક્તિ નિષ્ફળ જાય તો તેની મહેનતની મૂડી લાંબે ગાળે વેડફાઈ જાય કે પછી તેનું અપેક્ષિત વળતર ન મળે એવું બને છે, જેથી લોકો હવે પૉર્ટફોલિયો મૅનેજમેન્ટ સર્વિસ લેતા થયા છે. મોટા ભાગની વ્યક્તિએ પોતાની બિઝનેસ કે નોકરી, વ્યવસાય પાછળ ખૂબ સમય આપવો પડતો હોય છે અને આ સમય બાદ નાણાંના આયોજન માટે ભાગ્યે જ તેની પાસે સમય રહે છે, માત્ર સમયનો જ સવાલ નથી હોતો, તેનાં નાણાં ક્યાં રોકવા, કઈ રીતે રોકવાં, ક્યાં કેટલી સલામતી અને વળતર મળશે તેની સમજ અને માહિતીનો સવાલ હોય છે. ખાસ કરીને હાલ જ્યારે નાણાજગતમાં વિવિધ રોકાણસાધનોની સંખ્યા, વિવિધતા, જટિલતા પણ વધી રહી છે ત્યારે આ બાબત વધુ મહત્ત્વની બની ગઈ છે. અહીં રોકાણ કરી દીધા બાદ તેના પર દેખરેખ રાખવી પણ જરૂરી હોય છે અને એટલે જ પીએમએસ ઑફર કરતા મધ્યસ્થીઓની ડિમાંડ હવે વધવા લાગી છે. સામાન્ય રીતે મ્યુચ્યુઅલ ફંડ પીએમએસ જેવી જ સુવિધા ઑફર કરે છે, પરંતુ બની શકે છે કે તમને એ સુવિધા માફક ન પણ આવે.
- સૌ પ્રથમ આપણે એ સમજી લઈએ કે પૉર્ટફોલિયો અને તેનું મૅનેજમેન્ટ એ બે એક્ઝેક્ટલી શું છે? અને વ્યક્તિએ શા માટે શૅરોનો પૉર્ટફોલિયો બનાવવો જોઈએ, કેવો બનાવવો જોઈએ અને તેના પર કઈ રીતે ધ્યાન રાખવું જોઈએ. સરળ ભાષામાં વાત કરીએ તો આપણે રમેશ મહેતાએ (કાલ્પનિક નામ) તાજેતરમાં બે કંપનીઓના પબ્લિક ઈસ્યુમાં અરજી કરી અને તેમને ફાળવણી થઈ એટલે બે કંપનીના ૩૦૦-૩૦૦ શૅર તેમના ડિમેટ ખાતામાં જમા થયા છે. ત્યાર બાદ તેમણે બજારમાંથી સીધી ખરીદી કરી બીજી બે કંપનીઓના ૫૦૦-૫૦૦ શૅર ખરીદી લીધા છે. બજારની તેજીમાં રમેશભાઈને વધતા ભાવોને જોઈ વધુ ને વધુ શૅર લેવાનું મન થતું રહ્યું અને તેમણે છેલ્લા છ મહિનામાં ૭થી ૮ કંપનીઓના ૨૦૦થી ૨૦૦૦ના જથ્થામાં શૅર લીધા છે. આમ હવે તેમનો પૉર્ટફોલિ કુલ ૧૨ કંપનીઓની જુદી જુદી સંખ્યાના શૅરોનો થઈ ગયો છે, જેની બધાની ખરીદ કિંમત જોઈએ તો આશરે રૂ. ૩.૫૦ લાખ જેટલી છે. જ્યારે કે તેજીને લીધે આ બધાની બજાર કિંમત હાલ વધીને સાડા ચાર લાખ રૂપિયા જેટલી થઈ ગઈ છે, આ બની ગયો છે રમેશભાઈનો પૉર્ટફોલિયો. આમ દરેક રોકાણકારજે ઈન્વેસ્ટમેન્ટના હેતુથી શૅર ખરીદે છે તે શૅરોનો પૉર્ટફોલિયો ઊભો

કરે છે. પછી તેમાં બે શૅર હોય કે ૨૨ શૅર એ જુદી વાત છે.

- કહે છે ને કે એક જ બાસ્કેટમાં બધાં ઇંડાં મૂકવાં નહીં, કેમ કે બાસ્કેટ પડી તો બધાં ઈંડાં ફૂટી જાય, તેમ એક જ કંપનીના શૅરમાં કુલ મૂડી રોકી દેવી એના કરતાં એ જ મૂડીથી જુદી જુદી કંપનીઓના થોડા થોડા શૅર ખરીદવા બહેતર છે. ધારો કે તમે શૅરબજાર માટે રૂપિયા બે લાખ અલગ ફાળવ્યા છે તો એકલદોકલ કંપનીના શૅરમાં એ જ બે લાખ રોકી દેવા કરતાં સંભવ હોય તેટલી વધુ કંપનીઓમાં અર્થાત્ પાંચથી દસ જુદી જુદી કંપનીઓના શૅરમાં એ મૂડીને વહેંચી દેવી સારી. કારણ સિમ્પલ છે, એક તો શૅરબજારમાં ઘટાડો કે મંદી આવે તો તમારા બધા જ શૅરના ભાવો ઘટી જાય એવું ઓછું બને અને બીજું તમારા શૅર જુદા જુદા ઉધોગના હોય તો કોઈ બે ઉધોગમાં મંદી હોય ત્યારે બીજા બે ઉધોગમાં તેજી પણ હોઈ શકે છે, પરિણામે તમારા બે શૅરના ભાવ ઘટે તો બીજા બે શૅરના ભાવ વધે, આમ તમારી ખોટ નફા સામે સરભર થઈ જાય અને તમારું જોખમ વહેંચાઈને ઘટી જાય.
- પીએમએસ બે પ્રકારની હોય છે. એકમાં તમે ફંડ મૅનેજરને તમારી મરજી મુજબના શૅર લેવાવેચવાની સૂચના આપો છો અને મૅનેજર પોતે પણ તમને આવી સલાહ આપે છે, જ્યારે બીજા પ્રકારની સેવામાં તમે ફંડ આપી દીધા બાદ મૅનેજર પોતે જ શૅર ખરીદવા-વેચવા કે રાખી મૂકવા અંગેનો નિર્ણય લે છે અને તમને ચોક્કસ વળતર ઑફર કરે છે. પીએમએસના કિસ્સામાં તમે જેને આ જવાબદારી સોંપો એની સેવા પર અને તેની નિપુણતા પર તમારો વિશ્વાસ હોવો જરૂરી છે. તમારી અને ફંડ મૅનેજર વચ્ચે પારદર્શકતા પણ હોવી જોઈએ. રોકાણકારીએ વધુ પડતાં ઊંચાં વળતર ઑફર કરનારા પૉર્ટફોલિયો મૅનેજરોથી સાવધ રહેવું જોઈએ. લાલચમાં ન ફસાઈને રોકાણકારે વાજબી વળતર ઑફર કરનારની પસંદગી કરવી જોઈએ.
- સામાન્ય રીતે આ પીએમએસ ઑફર કરનારા મધ્યસ્થીઓ લઘુતમ રૂપિયા પાંચ લાખની રકમ સાથે જ કામ હાથમાં લેતા હતા, પરંતુ સેબીએ આ મર્યાદા વધારીને મિનિમમ રૂપિયા ૨૫ લાખની કરી દીધી છે. આ સેવા આપનારા તમને કહી શકે કે તમારે તેમની પાસે અમુક વર્ષ માટે પૉર્ટફોલિયો રાખવો જોઈશે, તો અમે તમને તેની સામે વાર્ષિક ૧૫થી ૨૦ ટકા વળતર ઑફર કરીશું. આ વળતર તેજીમાં વધી પણ શકે છે, પરંતુ આ વિષયમાં સત્તાવાર રીતે ખાતરી આપી શકાતી નથી અને ખાતરી બાદ પણ એમ થશે જ એ કહી શકાય નહી. તમારો પૉર્ટફોલિયો તૈયાર કરવા, જાળવવા અને વિકસાવવા નિષ્ણાતોને જવાબદારી સોંપી દીધા બાદ તમારે બીજી કોઈ ચિંતા કરવાની રહેતી નથી, બલકે તમને દર વર્ષે વળતર મળતું રહે અને ચોક્કસ મુદતે તમારી મૂડી નોંધપાત્ર વૃદ્ધિ પામે એ માટેનું આયોજન પીએમએસ ઑફર કરનાર તમારો ફંડ મૅનેજર કરે છે. મોટી મૂડી ધરાવનાર એટલે કે હાઈ નેટવર્થ ધરાવતી વ્યક્તિઓને જ પીએમએસ ઑફર કરાય છે.
- પૉર્ટફોલિયો મૅનેજર પહેલાં તમારી પાસેથી એ જાણશે કે તમારી જોખમ ઉઠાવવાની તૈયારી કેવી અને કેટલી છે? બીજું, તમે કેટલાં વર્ષ માટે રોકાણ જાળવી રાખવાનું લક્ષ્ય ધરાવો છો? આ બે મુખ્ય બાબતોને આધારે પૉર્ટફોલિયો મૅનેજર તમારે માટે પૉર્ટફોલિયો તૈયાર કરશે અને તેના પર તમને વળતરનો નિર્દેશ આપશે. જો કે અત્યંત વિપરીત સંજોગોમાં પીએમએસ ઓટ પણ કરાવી શકે છે, પરંતુ શૅર હૉલ્ડ કરી રાખ રિકવરીની સંભાવના રહે છે.

- ઘેરબેઠાં, મફ્ત ઑનલાઈન માર્ગદર્શન

  - દેશની કેટલીક ઈન્વેસ્ટમેન્ટ સંબંધી વેબસાઈટ પણ પીએમએસની અનોખી સેવા ઑફર કરે છે. અલબત્ત આ વેબસાઈટ તમારું ફંડ મૅનેજ નથી કરતી, પરંતુ તમારો પૉર્ટફોલિયો તમને જાતે બનાવવાની તક આપે છે. તેનો હિસાબ-

કિતાબ કરી નિયમિત તમને તેનો રેકર્ડ પૂરો પાડે છે.

- દાખલા તરીકે તમારી પાસે ૧૨-૧૫ જુદી જુદી કંપનીઓના જુદી જુદી સંખ્યામાં શૅરો છે અને તમે સંબંધિત વેબસાઈટની આ સેવા માટે નોંધણી કરાવી છે તો એ વેબસાઈટ તમને રોજ રોજ તમારા પૉર્ટફોલિયોમાં રહેલા શૅરોના ભાવતાલ જણાવશે અને તેના મૂલ્યમાં થયેલા ફેરફારની જાણ કરશે. અર્થાત્ તમારે રોજ રોજ છાપાં ઉથલાવીને ૧૫ કંપનીઓના ભાવ જોવાની કે તેની વધઘટને આધારે તમારું રોકાણ મૂલ્ય વધ્યું કે ઘટ્યું એનો હિસાબ કરવા બેસવાની જરૂર રહેતી નથી. આમાં શૅર ઉપરાંત મ્યુચ્યુઅલ ફંડ, બુલિયન, રિયલ એસ્ટેટ જેવા રોકાણને પણ આવરી લેવાય છે.
- મનીકન્ટ્રોલડૉટકૉમ, બીએસઈઈન્ડિયાડૉટકૉમ વગેરે જેવી વેબસાઈટ આવી સેવા વિનામૂલ્ય પૂરી પાડે છે. બીએસઈની ગુજરાતી વેબસાઈટ આ સેવા 'રું બીએસઈ' વિભાગમાં આપે છે. યાદ રહે, આવી સેવા માટે તમારી પાસે શૅર ન હોય અને તમારે માત્ર તમારી પસંદગીના શૅરોની ચાલ પર દેખરેખ રાખવી હોય તો પણ ચાલે. તમે બીઝી રહો છો તો તમારા એ શૅરોના ભાવતાલની જાણ તમને રોજે રોજ આ વેબસાઈટ કરે છે. એટલું જ નહીં, તમને બજાર અને સંબંધિત કંપનીઓ સાથે સંકળાયેલા મહત્ત્વના સત્તાવાર સમાચાર પણ આપે છે.

પ્રકરણ ૫૬
શૅરબજારમાં મહાભારતનાં પાત્રોને સમજોઃ તમે કોના જેવા છો?

તમારી બધી જ મૂડી શૅરબજારમાં લગાવી દેવાને બદલે ૨૫ ટકાથી શરૂઆત કરો

શું તમે શૅરબજારમાં મહાભારતની કલ્પના કરી શકો છો? અહીં તેજીમંદીના મહાભારતની વાત નથી, બલકે મહાભારતનાં પાત્રોની વાત છે. જો તમે શૅરબજારમાં મહાભારતની કલ્પના કરી શકો તો તેના મુખ્ય પાત્રોમાંથી શૅરબજારના વિવિધ પાઠ શીખવા મળી શકે. અહીં આપણે શૅરબજારના મહાભારતની કલ્પના કરી તેમાંથી મળતા બોધપાઠને સમજવાનો પ્રયાસ કરીએ. જો આ સમજાઈ જશે તો શૅરબજારના મહાભારતમાં તમારી જીત નિશ્ચિત છે. ચાલો જોઈએ. આપણે ઈન્વેસ્ટર તરીકે મહાભારતના કયા પાત્ર સાથે મળતા આવીએ છીએ અને તે પાત્રમાંથી શું સમજ આપણે મેળવવી જોઈએ તેની ચર્ચા કરીએ.

શૅરબજાર વાસ્તવિક યુદ્ધનું મેદાન ભલે નથી, પરંતુ અહીં રોજ લાખો-કરોડો શૅરોના સોદા થાય છે. કૌરવ અને પાંડવોની જેમ બે પક્ષો છે, એક ખરીદે અને બીજો વેચે છે અને બન્ને એમ માને છે કે પોતે જે કરે છે તે બરાબર છે. સૌ શ્રેષ્ઠ ભાવ અને નફાની તલાશમાં છે, સૌને શ્રેષ્ઠ તકો જોઈએ છે. અહીં સત્તા, સંપત્તિ કે પદની લડાઈ નથી. એકબીજાની સંપત્તિ છીનવી લેવાનો કે એકબીજાને ખતમ કરવાનો સંઘર્ષ નથી. અહીં કૌરવો કે પાંડવો ભલે નથી, પણ સૌની પોતાની ગણતરી છે, વ્યૂહ છે. તેમ છતાં મહાભારતનાં પાત્રો અને તેમાંથી મળતા સંદેશ શૅરબજારના રોકાણકાર-ખેલાડીઓ માટે મહત્ત્વના છે, જેને તેમના વર્તન સંદર્ભમાં સમજીએ.

કુષ્ણ : સૌપ્રથમ મહાભારતના કેન્દ્રિય પાત્ર કૃષ્ણને સમજીએ, જેણે યુદ્ધભૂમિ પરથી અર્જુનને કહેલી વાતો ગીતાનો સંદેશ બની ગઈ. આ કૃષ્ણ એટલે શૅરબજારનો સૌથી સ્માર્ટ ઈન્વેસ્ટર ખેલાડી. જે શૅરબજારના તમામ પાસાને સમજે છે અને તેમાંથી પાર ઊતરવાની તમામ વ્યૂહરચના ગોઠવીને જ આગળ વધે છે, હા, આ સ્માર્ટ ખેલાડી શૅરબજારમાં સફળ થવા માટે પ્રત્યેક ખેલ કરે છે અને તે ધર્મના પક્ષે હોવાથી ધર્મની જીત માટે ક્યાંક નીતિ-નિયમ ભંગ પણ કરે છે, કિંતુ આમ કરતી વખતે તેને વાજબી ઠરાવી શકાય એ રીતે વ્યૂહ ઘડે છે. શૅરબજારમાં સાચી અને સારી કમાણી માટે કૃષ્ણનો માર્ગ શ્રેષ્ઠ છે. જે બજારનો પૂરતો અભ્યાસ કરે છે અને દરેક પાસાને સમજીને જ આગળ વધે છે. કૃષ્ણનું અન્ય દરેક પાત્રના ગુણઅવગુણને સમજવું કે દરેક પાત્રની શકિત કે નબળાઈને જાણવું એ દરેક કંપનીના તેમ જ સંબંધિત ઉધોગનાં ફંડામેન્ટલ્સને સમજવા બરાબર છે. જેથી તેનું સિલેક્શન પાયાથી જ મજબૂત રહે છે.

અર્જુન : આ એક ઈમૉશનલ ઈન્વેસ્ટર છે, જે રોકાણના નિયમોને અને બજારને સમજવા માટે સમર્થ છે, પરંતુ તે ઘેરા પ્રત્યે લાગણીથી ખેંચાઈ જાય છે, જેમાં તે પ્રમાણભાન ભૂલી જાય છે. પરિણામે તેને માર્ગદર્શન માટે કૃષ્ણ જેવા ઈન્વેસ્ટમેન્ટ ગુરુની

જરૂર પડે છે, જે તેને સારા અને નરસાનો કે ખરા અને ખોટાનો ખયાલ આપે છે. અર્જુન જેવો ઈનવેસ્ટર હાથમાં ખોટી સ્ક્રિપ્સ આવી ગઈ હોય અને તેને ખોટ કરીને વેચી દેવી જોઈએ એવું હોય તોપણ તે વેચી શકતો નથી અને એ શૅર જાળવી રાખીને ખોટ વધારતો જાય છે. એ સ્ક્રિપ્સ સાથે લાગણીથી બંધાઈને રોકાણની ભૂલો કરતો રહે છે, પરંતુ તેને કોઈ વાજબી, તર્કબદ્ધ દલીલો સાથે સમજાવે તો આ અર્જુન તેની વાત માનવા પણ તૈયાર થઈ જાય છે, કોઈક વાર તો અર્જુન જેવા ઈન્વેસ્ટરને તેના સાચા ગુરુઓ કે શુભેચ્છકો એમ સ્પષ્ટ કહી પણ દે છે કે અમે કહ્યું ને ખરીદી લે, તો ખરીદી લેવાનું અને વેચી દે, તો વેચી દેવાનું, અમે જે કહીશું તારા રોકાણના હિતમાં જ કહીશું. તું તો નિમિત્ત માત્ર છે.

યુધિષ્ઠિર : આ ઈન્વેસ્ટર ધૈર્યવાન છે, તે લાંબા ગાળાનો રોકાણકાર છે, જેથી રોકાણ કર્યા બાદ બજારનું જે પણ કંઈ થાય તેના પેટનું પાણી હલતું નથી. જોકે આ યુધિષ્ઠિર સમાન ઈન્વેસ્ટર માત્ર અને માત્ર ધર્મના માર્ગે એટલે કે ફંડામેન્ટલ્સવાળી સ્ક્રિપ્સ જ ખરીદે છે, જેથી તેણે આગળ જતાં ચિંતા ન કરવી પડે. તેની જીત નિશ્ચિત છે, કિંતુ તે રોકાણ કર્યા બાદ સારો એવો સમય એ રોકાણ જાળવી રાખવાની નીતિ અપનાવે છે. આવો રોકાણકાર ક્યારેક મુસીબતમાં આવે કે તેના પર કોઈ આફત આવે, અર્થાત્ બજારમાં ક્રાઈસિસ સર્જાય ત્યારે પણ તે ચલિત થતો નથી અને પોતાના રોકાણને જાળવી રાખીને લાંબા ગાળાની જીત મેળવવાની રાહ જુએ છે. હા, એક નબળાઈ તેનામાં જોખમી છે જો કોઈ તેને જુગારને કે સટ્ટાને રવાડે ચઢાવી દે તો એ પોતાનાં ઘરબાર પણ ગિરવી મૂકી દેતા ખચકાતો નથી, જેથી આવા રોકાણકારે માત્રા જુગારથી દૂર રહેવાની સાવચેતી કે શિસ્ત પોતે જ જાળવવી પડશે.

દ્રૌપદી : આ ઈન્વેસ્ટર જિદ્દી ગણાય છે. તેઓને કોઈ કંઈ કહી દે તો એ ઉશ્કેરાઈ જાય છે. અલબત્ત, તેઓ પોતે પણ કોઈને સંભળાવી દેવામાં કોઈ કસર બાકી રાખતા નથી. આવા ઈન્વેસ્ટરો હુંસાતુંસીમાં શૅરોની ખરીદી કે વેચાણ કરી નાખે છે. પરિણામે રૅશનલ વ્યવહારુ) રહેતા નથી. ક્યારેક તો બીજાની વાતો સાંભળીને કે પારકી પંચાતના આધારે પણ રોકાણ કરી બેસે છે. આ પ્રકારના ઈન્વેસ્ટર સેન્સિટિવ પણ ખૂબ હોય છે, જેથી તેમના નિર્ણયોમાં પણ વૉલેટિલિટી રહે છે, જે તેમની માટે જોખમી બની શકે છે. તેમ છતાં જિદ્દી કે વધુ પડતા સંવેદનશીલ સ્વભાવને પરિણામે આ ઈન્વેસ્ટરો ભૂલો કરી બેસે કે ખોટાં રોકાણ નિર્ણય લઈ લેતા હોય છે.

ધૃતરાષ્ટ્ર : આ એવા ઈન્વેસ્ટરો છે, જેમની પાસે બજારને જોવા પોતાની દૃષ્ટિ તો નથી જ, પરંતુ સમજવાની શકિત પણ નથી. જેને લીધે તેઓ માત્ર બીજાઓને પૂછી-પૂછીને જ આગળ વધે છે. પોતાની ધારણા બનાવે છે. રોકાણ કરે છે કે લે-વેચ કરે છે. તેઓ પોતાનાં સગાં-સંબંધીઓને અનુસરવામાં કે તેઓના નિર્ણયને જ વાજબી માની લેવાનો રવૈયો ધરાવે છે. પછી ભલે એમ કરવામાં તેમને નુકસાન થવાનું હોય. વધુમાં તેઓ પોતાની સમજ કે દૃષ્ટિના અભાવે પોતાના લાગતા-વળગતાઓના ખોટા, ગેરવાજબી કે જોખમી નિર્ણયોને પણ સમર્થન આપતા રહે છે, જેને લીધે તેઓ એ સગાં-સંબંધીઓને આફતથી દૂર કરવાને બદલે ઉપરથી આફતમાં ઉતારી દેવામાં નિમિત્ત બને છે.

દુર્યોધન : આ રોકાણકાર યેનકેન પ્રકારેણ બજારમાં સટ્ટો કરવામાં જ રસ લે છે.

ઈન્સાઈડર ટ્રેડિંગ, સર્ક્યુલર ટ્રેડિંગ, પ્રાઈસ રિગિંગ કે મેનિપ્યુલેશન વગેરે જેવી બાબતો જ તેમને માફક આવે છે. આ બધું કરીને કમાઈ લેવામાં જ તેમને જીવનનો સાર લાગે છે. ખોટ જાય, હેરાન થવાય, સજા મળે, બદનામી મળે તો પણ દુર્યોધન જેવા રોકાણકારો પોતાના અહંકારને લીધે આ બધું છોડી શકતા નથી. તેમને એ પૂરેપૂરો ખયાલ હોય છે કે તેઓ ખોટું, ગેરવાજબી, ગેરકાનૂની કે અનૈતિક કાર્ય કરી રહ્યા છે, કિંતુ તેમને આ માર્ગ જ પસંદ પડે છે. તેમની અંદર પ્રામાણિકતાથી આવક કરવાની ધીરજ કે મનોવૃત્તિ જ હોતી નથી. તેઓની સૌથી મોટી ખામી જ એ હોય છે કે તેઓ પોતાને સર્વશક્તિમાન અને જ્ઞાની ગણીને ચાલે છે અને ધનની તાકાતથી ધનને ખેંચવાની તમામ ચાલાકીઓ અજમાવતા રહે છે. આવા સટોડિયા અને ગોરખધંધા કરનારા ઑપરેટરો આખરે ખતમ થઈ જાય એવું બને, પરંતુ તેઓ સુધરવામાં માનતા નથી.

કર્ણ : આ સ્માર્ટ ઈન્વેસ્ટર બનવાની શક્તિ ધરાવે છે, પરંતુ તેને સટ્ટો કરનારા ફટાફટ પૈસા બનાવનારા અને રાતોરાત લાખોપતિ બની જવામાં રાચનારા લોકો વધુ આકર્ષે છે, કારણકે તેમની પાસે પોતાના ગુડવિલ કે નાણાં હોતાં નથી, જેથી ધિરાણ લઈને કે માર્જિન ટ્રેડિંગ મારફત પણ આવા રોકાણકારો સટ્ટાકીય તેમ જ દુર્યોધન જેવાનાં ખોટા માર્ગે જ રહે છે અને એવા માર્ગને જ ટેકો આપવામાં માને છે.

ભીમ : આ રોકાણકારો ધનવાન ખૂબ હોય છે, કિંતુ આખરમાં તેમની પાસે માત્ર ધનની તાકાત રહે છે. જેને તેઓ સર્વસ્વ માની લે છે. બજારમાં સફળતા મેળવવા માટે માત્ર ધનની તાકાત જ પર્યાપ્ત નથી. તમારી પાસે ધીરજ, પસંદગી માટેની કુશાગ્ર બુદ્ધિ પણ જરૂરી બને છે. પૈસો પૈસાને ખેંચે છે એ વાત સાચી, પરંતુ દરવખતે પૈસાને લીધે સફળતા મળવી સંભવ નથી. વ્યૂહાત્મક અભિગમ સાથે નાણાનું રોકાણ થાય એ વધુ મહત્ત્વનું રહે છે.

સહદેવ : આ એક શાંત અને શાણો રોકાણકાર છે, તે ચૂપચાપ રોકાણ કરી લે છે, સમયસર નફો કે નુકસાન પણ બુક કરી લે છે. તેઓ કોઈ પણ કામ ઢોલ-નગારાં વગાડીને કરવામાં માનતા નથી. હા, માત્ર કોઈ પૂછે તો જ તેઓ પોતાની સફળતાનો રાઝ કહે છે. સામે ચાલીને તેમને પોતાનાં ગીતો કે ગુણગાન ગાવામાં રસ હોતો નથી. તેમને બજાર કઈ દિશામાં જઈ શકે? ત્યાં શું થઈ શકે ? એ બધી જ સમજ તેમના અભ્યાસને આધારે હોય છે, પણ સાવ લૉ-પ્રોફાઈલ રહીને કામકાજ કરતાં હોવાને લીધે તેઓ કોઈના ધ્યાનમાં આવતા નથી. જોકે તેમની શકિત અને દૃષ્ટિનો જેમને પરિચય કે ખયાલ આવી જાય તેવા રોકાણકારો-ખેલાડીઓ આ સહદેવ સમાન વ્યૂહાત્મક રોકાણકારનો લાભ લઈ શકે છે, પરંતુ તેઓ પાછાં સહદેવને માનનારા હોવાથી આ કાર્ય ચૂપચાપ કરી લે છે. બજાર તેમને સાઈલન્ટ, બટ સકસેસફૂલ પ્લેયર કહે છે.

પ્રકરણ ૫૭

પૈસા બચાવશો તો બચશો

લાલચ લપસણી હોય છે, નફો ઘરમાં લઈ જવાનું લક્ષ્ય રાખો અને સ્ટૉપલૉસનો નિયમ સમજી ખોટને વધતી અટકાવો

આ હક્કીકત વ્યક્તિથી લઈ સમગ્ર દેશને લાગુ પડે છે

વિશ્વભરમાં થોડો સમય પહેલાં જોવા મળેલી આર્થિક કટોકટી, એનાં અમુક વરસો પહેલાં સબ-પ્રાઈમ, બૅન્કોથી મલ્ટિ નેશનલ કંપનીઓ સુધીનાં ઉઠમણાં વગેરે આપણા માનસપટ પર હજી તાજા જ છે, જે ભલે થયું યુ.એસ.એ.માં અને યુરોપમાં, પણ તેની ગંભીર અસરો આપણા દેશ પર, આપણા અર્થતંત્ર અને બજારો પર પણ થઈ હતી. વૈશ્વિકીકરણની આ અસરો હવે પછી થતી જ રહેશે, કેમ કે હવે તો ગ્લોબલાઈઝેશનનો જમાનો વધતો રહેવાનો છે. જેમાં કરે કોઇ, ને ભરે કોઈ જેવો ઘાટ પણ જોવા મળી શકે, તેમ છતાં આપણે આપણા જીવનમાં બચતને નોંધપાત્ર સ્થાન આપ્યું હશે તો સંજોગો સામે કમસે કમ આપણી રક્ષા સારી રીતે કરી શકીશું. જેઓ બચતને જરા પણ મહત્ત્વ નહીં આપે કે તેની ઘોર ઉપેક્ષા કરશે તેનું બચવું મુશ્કેલ બની જશે. ઈન શૉર્ટ, બચત કરશો તો બચી જશો. અહીં બચતની કેટલીક પાયાની અને પ્રૅક્ટિકલ વાતો સમજીએ...

પહેલી આવકથી જ બચત શરૂ થઈ જવી જોઈએ

કોઈ કહે કે નિવૃત્તિનું આયોજન કયા વરસથી ચાલુ કરવું જોઈએ? તો તેનો સરળ જવાબ છે, પહેલી આવક શરૂ થાય એ દિવસથી. બચતનો સ્પષ્ટ સિદ્ધાંત છે, કમાઓ, બચાવો અને પછી વાપરો, પરંતુ મોટે ભાગે લોકો કમાયા પછી તરત વાપરવાનું શરૂ કરી દે છે અને પછી બચે તો બચતનો વિચાર કરે છે. આમ તો પૈસા બચવા મુશ્કેલ છે, ખાસ કરીને આ મોંઘવારીના કાળમાં યેનકેન પ્રકારેણ પૈસા બચાવવા પડશે. જો તમારે એક સલામત ભવિષ્ય ઊભું કરવું હશે તો વર્તમાનમાં થોડું સહન-કરકસર કરીને પણ બચત કરવી જરૂરી છે. અલબત્ત, આ મુદ્દો દરેક વ્યક્તિ માટે જુદો જુદો હોઈ શકે. ઘણા તો વગર આવકે પણ પૈસા વાપરતા હોય છે, એટલે કે આવક કરતાં તેમના ખર્ચ વધુ હોય છે અને તેમનું ગાડું ઉધારી પર ચાલતું હોય છે. ક્રેડિટ કાર્ડ કલ્ચરમાં જીવતા લોકો આના શિકાર બની જાય છે અને પછી દેવાનાં કૂંડાળામાં ક્યારે આવી જાય છે તેની તેમને પોતાને પણ ખબર રહેતી નથી.

હિસાબ લખવાની હેબિટ રાખો

આપણે રોજેરોજના હિસાબ લખવાની હેબિટ રાખીશું તો આપણને એ ખયાલ આવવો શરૂ થઈ જશે કે આપણે કયા ખોટા ખર્ચ કરી નાખીએ છીએ. બીજું, તેનાથી આપણને કયા ખર્ચ પર કાપ મૂકવો તેનો અંદાજ પણ આવવા લાગશે. આપણે વધારાની આવક માટે મહેનત કરવી પડે એમ છે તે પણ આનાથી સમજાશે.

બિનજરૂરી ખર્ચ ટાળો

આપણે વિચારતા નથી, કિંતુ જાણતા-અજાણતા આપણે કેટલાય બિનજરૂરી ખર્ચા કરી નાખતાં રહીએ છીએ. ખાસ કરીને આપણને જરૂર હોય કે ન હોય આપણે વારેતહેવારે ખરીદી કરી લઈએ છીએ. ખાસ કરીને મહિલાઓ શૉપિંગ માટે નીકળે ત્યારે તેમને ભાગ્યે જ પ્રમાણભાન રહે છે. ઘણી વાર તો મહિલાઓ ડિપ્રેશનમાંથી મુક્ત થવા માટે કે ટાઈમ પસાર કરવા માટે પણ ખરીદી કરવા નીકળી પડતી હોય છે. કેટલીક વાર આ ફૅશન બનીને કામ કરે છે. ઘણી વાર ટોળામાં આ કામ થઈ જતાં હોય છે. ઘણી વાર દેખાદેખીમાં. કંઈક નવું બજારમાં આવ્યું કે સેલ લાગ્યું કે લોકો ખરીદી માટે નીકળી પડે છે. આ માનસિકતા સાથે બચતના ગુણ વિકસવા કઠિન બની જાય છે, જેનો કયારેક બહુ મોડેથી ખયાલ આવે છે અથવા કપરા સંજોગોમાં એનો અહેસાસ થાય છે ત્યારે ઘણું મોડું થઈ ચૂકયું હોય છે.

પૈસા પડી રહે તે પણ નુકસાની

લોકો બૅન્ક સેવિંગ અૅકાઉન્ટમાં હજારો રૂપિયા રાખી મૂકતા હોય છે. જયાં તેમને નજીવું વ્યાજ મળે છે, તેમ છતાં લોકોને તેનો ખયાલ રહેતો નથી, ખરેખર તો લોકોએ ચોક્કસ જરૂરી રકમથી વધુ નાણાં સેવિંગ ખાતામાં મૂકી રાખવા નહીં, બલકે તેને બદલે એ નાણાંનું પોતાની જરૂરિયાતને આધારે રોકાણ કરી નાખવું જોઈએ. અર્થાત્ એ નાણાંમાથી નવા અને વધુ વળતર રૂપે નાણાંનું સર્જન થતું રહેવું જોઈએ. પૈસામાંથી પૈસા ન બને તો એ ખોટનો ધંધો ગણાય.

વહેલું રોકાણ શરૂ કરો

રોકાણનું કામ વહેલાસર શરૂ કરી દેવું જોઈએ. પછી કરીશું-પછી કરીશું જેવાં બહાનાં સાથે આ કામ ખેંચતાં રહેવું જોઈએ નહીં. પગાર વધશે પછી કરીશ, પ્રમોશન મળશે પછી, બહારગામ ફરી આવું પછી, દીકરાનો જન્મદિવસ ઊજવાઈ જાય એ પછી કરીશું જેવી દલીલો લોકોનો ખાસ્સો સમય ખાઈ જતી હોય છે, જેનો ખયાલ આવે ત્યારે ઘણું મોડું થઈ ગયું હોય એવું બની શકે છે.

વરસ અને વળતરનો દાખલો

બચત માટે વધુ સમય આપો તો અને ઓછો સમય આપો તો કેટલો ફરક પડી જાય છે તેનો ચોંકાવનારો દાખલો જોઈએ. એક વ્યક્તિ દર મહિને રૂ. પાંચ હજાર ૨૫ વરસ સુધી રોકવાનો સિસ્ટેમેટિક ઈન્વેસ્ટમેન્ટ પ્લાન કરે છે તો તેને ૨૫ વરસ બાદ (૧૦ ટકાના સરેરાશ વાર્ષિક વળતરના અંદાજ સાથે) રૂ. ૬૬ લાખ મળશે. આ જ વ્યક્તિ તે ૨૪ વરસ માટે કરશે તો તેને રૂ. ૫૯ લાખ મળશે, ૨૨ વરસ માટે કરશે તો રૂ. ૪૭ લાખ મળશે, ૨૦ વરસ માટે કરશે તો રૂ. ૩૮ લાખ અને માત્ર ૧૫ વરસ માટે આ બચત કરશે તો તેને રૂ. ૨૦ લાખ જેટલી રકમ મળશે. વિચારી લો કે આ વ્યક્તિ કેટલાં વરસ ઘટાડે છે તો કેટલો ફરક પડી જાય છે.

બચત જુદાં જુદાં સાધનોમાં કરો

બચતનાં બધાં નાણાં એક-બે સાધનમાં જ ન ચૂકી દો. બલકે તેનું વૈવિધ્યસભર સાધનોમાં ઈન્વેસ્ટમેન્ટ કરી. દાખલા તરીકે શૅરોમાં જ બધી બચત રોકી દેવી એ મહાકાય ભૂલ બની શકે. એ જ રીતે બધાં નાણાં સોનામાં રોકવા એ પણ ભૂલ છે. બધી બચત સલામત સાધનોમાં રોકી દેશો તો સલામતી મળશે, પણ તેમાં વૃદ્ધિ નહીં થાય. બધાં નાણાં જોખમી સાધનોમાં રોકશો તો કયારેક મૂડી સાફ થઈ જાય એવું બને. વ્યક્તિએ પોતાની ઉંમર અને જવાબદારી પ્રમાણે ઈનવેસ્ટમેન્ટ પ્લાન કરવું જોઈએ. યુવાને વધુ જોખમી સાધનોમાં રોકાણ કરી શકાય, તો વરિષ્ઠ નાગરિકોએ જોખમ ઓછું લઈ સલામત અને નિયમિત આવકવાળી યોજનામાં રોકાણ કરવું જોઈએ. મધ્યમ વયના

લોકોએ જોખમ અને સલામતીનું બૅલેન્સ રાખીને રોકાણ કરવું હિતાવહ છે.

બરાત શા માટે કરવી જોઈએ?

આ સવાલના સીધા જવાબો મેળવવા પોતાની જાતને જ થોડા સવાલ પૂછી જુઓ.

જેમ કે તમારા હવેના સમયના રોજબરોજના ખર્ચા શું હોય છે? ફિલ્મો કેટલી જુઓ છો ? તેની ટિકિટના ભાવ શું હોય છે? પહેલા આ ભાવો શું હતા? રોજેરોજ કે અવારનવાર જેમાં ટ્રાવેલ કરો છો એ રિક્ષા કે ટૅક્સીનાં ભાડાં હવે શું છે? બહારગામ કે ટૂર પર જાવ છો ત્યારે હવે હોટેલમાં રહેવાનો ખર્ચ શું આવે છે અને પ્રવાસનો પણ? અઠવાડિયામાં કે વારેતહેવારે હોટેલમાં, પિન્ઝા હટ્સમાં કે મેકડોનાલ્ડમાં જવાનું થતું હશે, કેવાં બિલ ભરો છો ત્યાં? જે ઘરમાં રહો છો તે કેટલામાં લીધું છે અને તેના લોનના હપ્તા કેટલા ભરો છો? અને હા, સોસાઇટીનું મેઈન્ટેનન્સ પણ ઊંચું આવતું જ હશે? મહિને ઘરખર્ચ રૂપે ઈલેક્ટ્રિક બિલ, દાણાવાળાનો ખર્ચ, પાણી બિલ, દૂધનું બિલ, સંતાનોની સ્કૂલના કે કૉલેજના ખર્ચાનું શું? સ્કૂટર કે કાર વાપરો છો તો તેના પેટ્રોલનો દર મહિને ખર્ચ પણ હશે જ. આ યાદી હજી તો લંબાવો એટલી લાંબી થઈ શકે. તમે પોતે પણ એ જાણો જ છો. એક લક્ઝરી નહીં તો કમસે કમ કમ્ફર્ટ લાઈફ પણ જીવવી હશે તો પૈસાનો યોગ્ય સંચય અને તેમાંથી સર્જન થાય અને નાણાંની નિયમિત વૃદ્ધિ થાય એ રીતે તેનું આયોજન થયું હોવું જરૂરી છે.

મોંઘવારી ઘટી હોય એવું તમે કયારેય સાંભળ્યું છે? પાંચ કે દસ વરસ કે બે દાયકા પહેલાંનાં દિવસો યાદ કરો, બધેબધું સમજાઈ જશે. આ મોંઘવારીના ઊંચા દર સામે ટકી રહેવા માટે આવકનો અને તેના વળતરનો દર એનાથી પણ ઊંચો રાખવો પડશે. એક વાર શાંતિથી બેસીને વિચારજો, બચતનું મહત્ત્વ સમજાઈ જશે.

પ્રકરણ ૫૮

દરેક ભારતીયને પેન્શન મળી શકે

હું ક્યારેય કોઈને પૂછતો નથી કે બજાર આગામી સમયમાં વધશે કે ઘટશે, કારણકે મને ખબર છે, આ કહી શકે એવું કોઈ જ નથી.

મોંઘવારી, લાઈફ સ્ટાઈલ અને પરિવાર વિભાજનની સમસ્યાઓને સમજીને રિટાયરમેન્ટ પ્લાનિંગ કરી લેવું જરૂરી

વર્તમાન સમયની જરૂરિયાતને ધ્યાનમાં રાખી લોકોના રોકાણ નિર્ણયો, એસેટ એલૉકેશન, તેની જાળવણી તેમ જ પૈસા બનાવવા કરતાં પૈસાનું મૅનેજમેન્ટ વધુ કુશળતા માગી લે છે અને આ માટે આજના સમયમાં રિટાયરમેન્ટ પ્લાનિંગ સૌથી અગત્યની બાબત બની રહી છે. આપણા દેશમાં વરસોથી પેન્શન શબ્દ માત્ર સરકારી કર્મચારીઓ સાથે જોડાયેલો રહ્યો હતો. હવે તે આમઆદમી સાથે પણ જોડાઈ ગયા છે. હવે ભારતનો એકેક નાગરિક પોતાની માટે અર્થાત્ પોતાની નિવૃત્તિ માટે પેન્શનનું આયોજન કરી શકે છે. આમ તો આ સવલત શરૂ થયાને અમુક વરસ જ થયાં છે, પરંતુ હજી બહુ જ ઓછા લોકો આ સવલતનો લાભ લેવા આગળ આવ્યા છે. દરેક ભારતીયને લાગુ પડતી અથવા ઑફર થયેલી આ સવલતનું નામ છે, નેશનલ પેન્શન સિસ્ટમ (એનપીએસ), જે અગાઉ ન્યૂ પેન્શન સિસ્ટમ નામે દાખલ કરાઈ હતી.

લોકોના આયુષ્યમાં થયેલી વૃદ્ધિ
આપણા દેશમાં હવે વ્યક્તિનું આયુષ્ય વધ્યું છે, આશરે ૨૦ વરસ પૂર્વે લોકોની સરેરાશ આયુ ૬૮ ગણાતી હતી, જે હાલ ૮૦ જેટલી છે. અર્થાત્ ભારતમાં હવે લોકોની લાઈફ એકસપેક્ટન્સી વધી છે. આપણા દેશમાં અગાઉ લોકો નિવૃત્તિ બાદ અમુક જ વરસમાં મૃત્યુ પામતા એવું નોંધાયું છે, જ્યારે હવે નિવૃત્તિ પછી લોકો ૨૫થી ૩૦ વરસ જીવે છે. અર્થાત્ રિટાયર થનાર વ્યક્તિએ પોતાની માટે આટલા લાંબા સમયનું આર્થિક આયોજન કરવું અનિવાર્ય છે.

પરિવાર વિભાજનનો વધતો ટ્રેન્ડ
પેન્શનની જરૂરિયાત માટેના બીજા પરિબળમાં કહેવાય છે કે આપણા સમાજમાં ન્યુક્લિયર ફૅમિલીની સંખ્યા સતત વધી રહી છે, અગાઉ સંયુકત પરિવારમાં બધા સભ્યો - વરિષ્ઠ નાગરિકો સચવાઈ જતા હતા, હવે આ મુશ્કેલ બન્યું છે. નવી જનરેશનમાં દરેક પોતાની આગવી સ્વતંત્રતા સાથે રહેવા માગે છે, પરિણામે વરિષ્ઠ નાગરિકો માટે પોતાનું જુદુ આર્થિક આયોજન અનિવાર્ય બની જાય એવો સમય આવી ગયો છે.

મોંઘવારી અને લાઈફ સ્ટાઈલ
વર્તમાન અને ભાવિ સમયની કડવી વાસ્તવિકતા મુજબ હવેની મોંઘવારી, લાઈફ સ્ટાઈલ સામે લોકોએ ઊંચું ભંડોળ ઊભું કરવું જરૂરી બની જશે. આગામી ૨૦ વરસોમાં મોંઘવારી કયાં જઈ પહોંચશે તેની કલ્પના કરવી મુશ્કેલ છે, પણ જો આપણે ભૂતકાળની તુલના કરી જોઈશું તો ઘણોખરો અંદાજ આવી જશે. વિચારી લો હવે પછી

જેઓ નિવૃત્ત થવાના છે તેમણે પોતાના જીવનનાં ૨૦થી ૨૫ વરસો માટે કેટલી અને કેવી નાણાકીય વ્યવસ્થા કરી રાખવી પડશે?

સામાજિક સુરક્ષાનો અભાવ

આપણા દેશમાં કોઈ પણ પ્રકારની સામાજિક સુરક્ષા ઉપલબ્ધ નથી એ તો ખરું, કિંતુ પેન્શન જેવી સુવિધા મર્યાદિત પ્રજાને મળે છે. જેઓ સરકારી કર્મચારી છે, અલબત્ત, બીજા એક વર્ગના લોકો એમ્પલોયી પ્રૉવિડન્ટ ફંડનો લાભ મેળવે છે, આમ દેશના અમુક ટકા લોકો જ પોતાની નિવૃત્તિના સમય દરમિયાન કંઈક નિયત રકમ નિયમિત સ્વરૂપે પામે છે. બાકીના મહત્તમ લોકોએ રિટાયરમેન્ટનું પોતે જ પ્લાનિંગ કરવું પડે છે. એટલે જ સરકારે એનપીએસ તૈયાર કરી છે, જેથી સરકારી કર્મચારી ન હોય એવી વ્યક્તિ પણ તેમાં સહભાગી બની શકે. અહીં એ નોંધવું જરૂરી છે કે અગાઉ સરકારી કર્મચારીઓને પણ પેન્શનની ચુકવણીની જોગવાઈ બજેટમાંથી થતી રહી હતી, કિંતુ તેને લીધે બજેટ પર પણ ભારે બોજ આવતો હતો, આ હકીકતને ધ્યાનમાં રાખીને પણ સરકારે અલગ પેન્શન ફંડ જ ઊભું કરવાનું વિચાર્યું, જેની ઊપજ રૂપે એનપીએસ છે.

પેન્શન સરકારી કર્મચારી માટે

હવે પેન્શન માટે સરકારે એવું નિયત કર્યું છે કે તમારા સરકારી કર્મચારી નિવૃત્ત થાય ત્યારે તેને પેન્શન મળે એ માટે જે ફંડ ઊભું કરવાનું થાય તે કર્મચારી અને સરકાર બંનેના ફાળામાંથી સર્જાય અને આ ફંડને પ્રૉફેશનલ ફંડ મૅનેજરો મૅનેજ કરે. આ ફંડ મૅનેજરો પર પીએફઆરડીએનું નિયમન હોય. હાલમાં આવા જુદા જુદા ફંડ મૅનેજરો આ કામ કરી રહ્યા છે, જેમને ચોક્કસ માર્ગરેખા આપી દેવામાં આવી છે, જે ફંડની સલામતીને પ્રાધાન્ય આપીને કામ કરે.

પેન્શન દરેક નાગરિક માટે

હવે એ જોઈએ કે તમે એક બિન-સરકારી વ્યક્તિ તરીકે આ સિસ્ટમમાં કઈ રીતે ભાગ લઈ શકો? તા. ૧-૪-૨૦૦૯થી આ એનપીએસ તમામ ભારતીય નાગરિકો માટે ઑફર થઈ રહી છે, એ નાગરિક સરકારી કર્મચારી હોય કે ન હોય. સામાન્યમાં સામાન્ય માનવી પણ તેમાં પોતાની બચત શક્તિ મુજબ સહભાગી બની શકે છે. સાવ જ નબળી આર્થિક સ્થિતિવાળો વર્ગ જે માંડ મહિને રૂપિયા ૫૦૦ બચાવી શકે છે તે પણ આમાં જોડાઈ શકે છે. દા. ત. રોડ પર શાકભાજી વેચતા ફેરિયા, રિક્ષા ચલાવી પોતાનું ગુજરાન ચલાવતા કે મજૂર તરીકે છૂટક કામ કરતા વર્ગ માટે નિવૃત્તિનું સાધન શું હોય? કંઈ જ નહીં, તેણે બચત કરી પાછલી ઉંમરે પેન્શન મેળવવું હોય તો હવે તેમની માટે પણ આ સવલત ઉપલબ્ધ છે. ઈન શૉર્ટ, ઑર્ગેનાઈઝ્ડ કે અનઑર્ગેનાઈઝ્ડ સેક્ટરની દરેક વ્યક્તિ કે પછી સ્વરોજગાર ધરાવતી વ્યક્તિ, પ્રત્યેક જણ ભારત સરકારની પેન્શન સિસ્ટમમાં ભાગ લઈ પોતાના ભાવિ માટે આર્થિક સુરક્ષા ઊભી કરી શકે છે. આ સિસ્ટમમાં તમે ૬૦ પહેલાંની કોઈ પણ ઉમરે ભાગ લઈ શકો છો. એ પછી તમારી યોજના અનુસાર તમને પેન્શન રૂપે નિયત રકમ મળવાની શરૂ થશે.

એનપીએસમાં કઈ રીતે ભાગ લઈ શકાય?

એનપીએસમાં સહભાગી બનવા માટે વ્યક્તિ પાસે વિવિધ બૅન્કોના વિકલ્પ ઉપલબ્ધ છે, અર્થાત્ કોઈ બૅન્કમાં જઈ તમે એનપીએસનું ફૉર્મ ભરી શકો છો, જ્યાં તમને વિવિધ વિકલ્પો ઑફર થશે. એટલે કે તમારા ફંડનું રોકાણ વધુ શેમાં થાય એવું તમે ઇચ્છો છો? ઈક્વિટી? ડેટ સાધનો કે સરકારી સિક્યોરિટીઝમાં? વગેરે કૉમ્બિનેશનવાળી સ્કીમ ઉપલબ્ધ થાય છે. જોકે અહીં ઈક્વિટીમાં આમ પણ મહત્તમ ૫૦ ટકા રોકાણની જોગવાઈ છે, અર્થાત્ તમે ઇચ્છો તોપણ ૫૦ ટકાથી વધુ રોકાણ શૅરબજારમાં જાય

નહીં. તમે તમારી વર્તમાન ઉંમર મુજબ કયાં સાધનોમાં કેટલું રોકાણ પસંદ કરવું એ નકકી કરી શકો છો. આ તમારા રિટાયરમેન્ટ માટે હોવાથી સરકારી યોજનામાં તમારા જોખમની ખાસ કાળજી લેવાય છે. આમ કોઈ એક બૅન્ક સાથે તમારું એનપીએસ ઍકાઉન્ટ ખોલાવ્યા બાદ તમારો રેકર્ડ નેશનલ સિકયોરિટીઝ ડિપોઝિટરી લિ. (એનએસડીએલ) નામની એજન્સી પાસે જમા થાય છે, જે આ વિષયમાં સેન્ટ્રલ રેકર્ડ કીપિંગ એજન્સી તરીકેની ભૂમિકા ભજવે છે.

પરમેનન્ટ રિટાયરમેન્ટ ઍકાઉન્ટ નંબર (પ્રાન)

અહીં તમને પરમેનન્ટ રિટાયરમેન્ટ ઍકાઉન્ટ નંબર (પીઆરએએન-પ્રાન) અલૉટ થાય છે. સૌથી મહત્ત્વની વાત એ છે કે આ પ્રાન તમે દેશમાં કયાંય પણ હો એ જ રીતે લાગુ પડે છે. તમે રહેવાનું સ્થળ, રાજ્ય કે શહેર બદલાવો, તેનાથી કોઈ ફરક પડતો નથી, એટલું જ નહીં, તમે જોબ બદલાવો તોપણ પ્રાન તમારી માટે એ જ રહે છે. એટલે કે તમારા ઍકાઉન્ટમાં જમા થતી રકમ કે તમારું વધતું ભંડોળ એ જ રીતે સચવાતું રહે છે. આ પ્રાનને આધારે તમે તમારી સ્કીમના રોકાણની સ્થિતિ નિયમિત જોઈ શકો અર્થાત્ રિવ્યૂ કરી શકો છો.

ફંડ મૅનેજર કે સ્કીમ બદલી શકો

તમારા દ્વારા પેન્શન ફંડમાં જમા કરાતાં નાણાંનું મૅનેજમેન્ટ ફંડ મૅનેજર કરે છે, પણ તમને જો કોઈ ફંડ મૅનેજરની કામગીરી સારી ન લાગે કે સંતોષકારક ન જણાય તો તમે તેને બદલી શકો છો, પણ હા, તમને આ વિકલ્પ વરસમાં એક વાર મળે છે, અલબત્ત, તમને સ્કીમમાં ફેરફાર કરવાનો વિકલ્પ પણ વરસમાં એક વાર મળે છે. જોકે સૌથી અગત્યની વાત એ છે કે ઉંમર સાથે તમારા ઍકાઉન્ટમાં ઑટો ધોરણે ચેન્જ થાય છે, દા.ત. તમારી ઉંમર વધતી જાય તેમ તમારું જોખમ નીચે લાવવા તમારા ઍકાઉન્ટમાં ઈક્વિટીનો હિસ્સો ઘટતો જાય અને ડેટ તેમ જ સરકારી સિકયોરિટીઝનો હિસ્સો વધતો જાય છે.

પ્રકરણ ૫૯
શૅરબજારમાં કાયમ માટે લેવા જેવા સંકલ્પો

બજારમાં જ્યારે લોકો બહુ નિરાશાવાદી બની જાય ત્યારે ખરીદો અને લોકો બહુ આશાવાદી બની જાય ત્યારે વેચો.

નવા વરસે આપણે ત્યાં નવા સંકલ્પો લેવાની પ્રથા રહી છે. તેથી નવા વરસે કે નવા વિચાર સાથે પણ શૅરબજાર માટે અમુક કાયમી સંકલ્પો લેવા જેવા હોય છે.

બજારમાં પ્રવેશવા તેજીની રાહ નહીં જોઉં

આપણે વર્ષોથી બજારમાં પ્રવેશતાં પહેલાં તેજીની રાહ જોવાનું રાખીએ છીએ. એટલું જ નહીં, એ તેજી પણ પૂરેપૂરી જામી જાય એ પછી આપણે શૅરો લેવાનું શરૂ કરીએ છીએ. ખરેખર તો હવે એ સંકલ્પ લેવો જોઈએ કે તેની રાહ જોવાને બદલે મંદીના સમયમાં જ શૅરો ખરીદવાનું શરૂ કરી દેવું જોઈએ, કારણકે કમાવાની ખરી તક એ જ ગણાય. બાકી તેજી જામી જાય એ પછી બજારમાં પ્રવેશ કરીશું તો નૅચરલી આપણે ઊંચા ભાવે જ શૅરો ખરીદવાનો આવશે.

૨૦૦૮ અને ૨૦૦૯ના વર્ષમાં આપણે એ જોયું હતું કે સેન્સેક્સ ૧૨,૦૦૦ અને ૮૦૦૦ સુધી નીચે પણ જઈ આવ્યો અને એમ છતાં લોકો ખરીદી કરવાને બદલે બજારથી દૂર રહ્યા અને ૧૭,૦૦૦ કે ૧૮,૦૦૦ના ઈન્ડેક્સ બાદ લોકોને ખરીદી કરવાનો સમય લાગ્યો ત્યાં સુધીમાં ભાવ ક્યાંથી ક્યાં પહોંચી ગયા હતા.

લાંબા ગાળા માટે જ શૅરો ખરીદીશ

હે ભગવાન! મને બહુ ધીરજ આપજે, પણ જરા જલદી કરજે. આવી પ્રાર્થના કરનારાને શૅરબજારમાં લાંબા ગાળાની વાત સાવ બેહૂદી જ લાગે છે. બૅન્કની કે કંપનીની એફડીમાં ત્રણ, પાંચ કે સાત વર્ષ અથવા પછી બોન્સમાં ૧૦ વર્ષ અથવા પીપીએફ (પબ્લિક પ્રૉવિડન્ટ ફંડ)માં ૧૫ વર્ષ સુધી પણ રાહ જોવાની આપણી તૈયારી હોય છે. જ્યારે શૅરોની બાબતમાં જ આ ધીરજ ખૂટી જાય છે. હવે એ પણ સંકલ્પ લઈએ કે શૅરોમાં લાંબા ગાળા માટે રોકાણ મૂકવાનું રાખીશું. તમે પોતે છેલ્લાં દસ વર્ષ પર નજર કરશો તો સમજાશે કે જે શૅરોને તમે ઝટપટ કે ટૂંકા ગાળામાં વેચી દીધા એ જ શેરી અત્યારે કેવા ઊંચા ભાવ પર પહોંચી ગયા છે એને જોઈને એવો ઉદ્ગાર નીકળી જાય કે કાશ, મેં એ શૅર રાખી મૂક્યા હોત તો...

પ્રૉફિટ બુક કરવાનો અભિગમ રાખીશ

તમને એવા ઘણા કિસ્સા મળશે જેમાં ચોક્કસ સમયે નફો બુક કરવાનું ટાળીને તમે પસ્તાયા હો, કારણકે એ પછી એ ભાવે શૅર પહોંચ્યો જ ન હોય. ત્યારે એમ થયું હોય કે કાશ મેં નફો લઈ લીધો હોત તો! લાંબા ગાળાના અભિગમ સાથે રોકાણ કરનારના મનમાં પણ ક્યાંક આવો ભાવ આવી જતો હોય છે. ખેર, હવે એ સંકલ્પ લઈ શકો કે લાંબા ગાળાના રોકાણ બાદ પણ પ્રૉફિટ બુક કરવાનું બની શકે છે અને સમયસંજોગ જોઈને એવું લાગતું પણ હોય તો બધા શૅરો ન વેચો, પરંતુ આંશિક શૅરો વેચીને નફો

બુક કરી લો જેથી ભવિષ્યમાં પસ્તાવો ન થાય અને નહીં વેચેલા બાકીના શૅરોને લાંબા ગાળા માટે રાખીને એનો લાભ પણ મેળવવાનો મોકો ઉપલબ્ધ રહે. આમાં એવું પણ કરી શકાય કે આવા શૅરો પછીથી ખરેખર નીચે આવી જાય તો એને પુનઃ ખરીદી લેવાની તક પણ અજમાવી શકાય. ઈન શૉર્ટ, અહીં ઊંચા ભાવે વેચાણ અને નીચા ભાવે ખરીદીનો પ્રૅક્ટિકલ અભિગમ કામ આવી શકે.

કંપનીના બિઝ નેસને સમજીશ

વર્ષોથી શૅરબજારમાં રોકાણ કરું છું, લે-વેચ પણ કરું છું, પરંતુ જે કંપનીના શૅર ખરીદું છું એ કંપની કયા બિઝનેસમાં છે કે એ બિઝનેસ કેવો છે, એમાં શું અવકાશ કે ભાવિ છે એનો મને ખયાલ નથી હોતો, એવું કહેનારા મોટી સંખ્યામાં હોય છે. હવે સંકલ્પ એ કરો કે જે કંપનીમાં રોકાણ કરું એનો બિઝનેસ પણ સમજું. મને સીધેસીધું ન સમજાય તો વાંચીને, અભ્યાસ કરીને, નિષ્ણાતો પાસેથી જાણીને આ કામ કરીશ, જેથી મારા એ રોકાણના નિર્ણય વિશે હું જજમેન્ટ લઈ શકું અને એ વિશે સ્ટ્રૅટેજી પણ ઘડી શકું. હવે આ કામ પહેલાં જેવું અઘરું નથી રહ્યું, કેમ કે માહિતી અને માર્ગદર્શન મળી જાય છે. એનાં વિવિધ માધ્યમો છે અને એ માધ્યમો સરળ તેમ જ સસ્તાં કે વિનામૂલ્ય પણ મળે છે. આમ મને શરૂઆતમાં થોડી તકલીફ પડી શકે, પરંતુ મને લાંબે ગાળે આનો સૌથી વધુ લાભ પણ થશે. જ્યાં હું મારી હજારો કે લાખો રૂપિયાની મૂડી મૂકું છું એનો મને સાવ ખયાલ, સમજ કે જાણકારી જ ન હોય એ સારું કે યોગ્ય તો ન જ કહેવાય. એમ છતાં મને લાગે કે હું આ કામ નહીં જ કરી શકે તો મારે એ સંકલ્પ લેવો જોઈએ કે હું માત્ર સેન્સેક્સ અને નિફ્ટીમાં અથવા બહુ બહુ તો કેવળ ‘એ’ ગ્રૂપમાં સ્થાન ધરાવતી સ્ક્રિપ્સમાં જ રોકાણ કરીશ.

માત્ર શૅરોમાં જ રોકાણ નહીં કરું, પણ...

શૅરબજારમાં જોખમ તો કાયમ છે અને એ રહેશે જેથી એવો સંકલ્પ જરૂરી છે કે મારી બધી જ મૂડી ક્યારેય શૅરોમાં નહીં રાખી મૂકે, બલકે શૅરો સિવાયનાં સાધનો જેમ કે મ્યુચ્યુઅલ ફંડ, સોનું કે ગૉલ્ડ ઈટીએફ (એક્સચેન્જ ટ્રેડેડ ફંડ), એસઆઈપી (સિસ્ટેમેટિક ઈન્વેસ્ટમેન્ટ પ્લાન) જેવી યોજનામાં પણ રોકાણ કરીશ. ડેરિવેટિવ્ઝ જેવાં સટ્ટાકીય સાધનો નહીં સમજાય તો તેનાથી દૂર રહીશ.

આડેધડ સટ્ટો નહીં કરું

હું કુલ બચતની ૨૫ ટકા જ રકમ શૅરોમાં રોકીશ. યુવાન છું અને રિસ્ક લેવાની ક્ષમતા ધરાવું છું તોપ મહત્તમ ૫૦ ટકા સુધી રોકાણ કરીશ અને ઝટપટ કમાઈ લેવા આડેધડ સટ્ટો નહીં કરું.

બજારમાં નહીં, કંપનીમાં રોકાણ કરીશ

શૅરબજારમાં રોકાણ કરતી વખતે યાદ રાખીશ કે મારે શૅરબજારમાં નહીં, કંપનીમાં રોકાણ કરવાનું છે. શૅરબજારને સમજવું અને જાણવું કઠિન છે, જ્યારે કંપનીનો અભ્યાસ થઈ શકે છે. મારું રોકાણ કંપનીના ભાવિ સાથે વૃદ્ધિ પામશે અર્થાત્ મારી કંપની મજબૂત અને વિકાસલક્ષી હોવી જોઈએ. સારી કંપનીમાં કરેલું રોકાણ ભાવ ઘટતાં ગભરાઈને વેચી નહીં દઉં.

કોઈની પણ વાત આંખ બંધ રાખી નહીં માનું

કોઈ પણ માણસની વાત સાંભળીને શૅર ખરીદી નહીં લઉં કે મિત્રને અથવા સગાને જોઈને શૅર લેવા દોડીશ નહીં. છાપામાં લખે છે કે ટીવીમાં જણાવે છે એટલે શૅર ખરીદવા જેવો છે એવું આંખ બંધ રાખીને માની નહીં લઉં.

વાજબી વળતરની જ અપેક્ષા રાખીશ

શૅરબજારમાં તો પૈસા ગમે એટલા સમયમાં ડબલ થઈ જાય અને અડધા પણ થઈ જાય, પરંતુ હું વાજબી વળતરની મારી વ્યાખ્યા બનાવીશ, એટલે એ વળતર મળે ત્યારે શૅર વેચી દઈશ. એ જ રીતે ભૂલથી કોઈ ખોટો શૅર આવી ગયો હશે અથવા ખોટા ઊંચા ભાવે આવી ગયો હશે તો વાજબી લૉસ બુક કરીને એમાંથી નીકળી જઈશ. અન્ય રોકાણ સાધનો પર ૧૦થી ૧૨ ટકા મહત્તમ રિટર્ન મળે છે ત્યારે શૅરો પર ૨૫થી ૩૦ ટકા રિટર્ન વાજબી લાગવું જોઈએ. એ પછી એ શૅરો પકડી રાખવા હોય તોપણ કમ સે કમ ૫૦ ટકા હૉલ્ડિંગમાં પ્રૉફિટ બુક કરી લેવો બહેતર છે.

શૅર સિવાયનાં સાધનોમાં પણ રોકાણ કરીશ

શૅરબજારમાં સીધું રોકાણ ૨૫થી ૫૦ ટકા ભલે કરીશ, પરંતુ બાકીમાંથી થોડું રોકાણ નિયમિતપણે મ્યુચ્યુઅલ ફંડની ગ્રોથ કે બૅલેન્સ જનામાં તેમ જ સોના જેવાં સાધનોમાં પણ કરીશ. એમાં ભલે વળતર શૅરબજારની સરખામણીએ ઓછું મળે, પણ સલામતી ઊંચી રહે છે.

એસઆઈપી – એસટીપીમાં પણ રોકાણ રાખીશ

શૅરો કે મ્યુચ્યુઅલ ફંડની યોજનામાં રોકાણ કરવાની શક્તિ અથવા બજેટ હોય કે ન હોય, સિસ્ટમેટિક ઈન્વેસ્ટમેન્ટ પ્લાન (એસઆઈપી)માં અને સિસ્ટેમેટિક ટ્રાન્સફર પ્લાન (એસટીપી)માં તો અવશ્ય રોકાણ કરીશ. આ રોકાણ લાંબા ગાળા માટેનું હશે અને એને પીપીએફ (પબ્લિક પ્રૉવિડન્ટ ફંડ)ની જેમ ગણીને ચાલીશ. ઘરના તમામ સભ્યોના નામે કમ સે કમ એક એસઆઈપી રાખીશ, કારણકે લાંબે ગાળે એ સલામત છે, વળતરદાયી છે અને મંદીમાં પણ લાભદાયી છે.

ફંડામેન્ટલ્સ જોઈશ

માત્ર કંપનીનાં ફંડામેન્ટલ્સ જોઈ-સમજીને એમાં રોકાણ કરીશ અને શૅરોમાં રોકાણ કરતી વખતે મનમાં એ યાદ રાખીશ કે હું પાંચ વર્ષની ફિક્સ્ડ ડિપોઝિટ કે પંદર વર્ષનું પીપીએફ ઍકાઉન્ટ ખોલાવી રહ્યો છું.

જાગૃતિ સાથે રોકાણ કરીશ

કોઈ કેટલું પણ કહે, સટ્ટો નહીં કરું, ડે-ટ્રેડિંગ ટાળીશ. મારે સસલા નહીં, કાચબા બનીને જીત મેળવવી છે એટલે કોઈ પ્રલોભનમાં તણાઈશ નહીં. સટ્ટાકીય સોદો કરીશ ત્યારે પૂરી જાગૃતિ અને શક્તિ સાથે કરીશ.

પૉર્ટફોલિયો નાનો રાખીશ

મારો પૉર્ટફોલિયો અનેક શૅરોની યાદીથી ભરચક નહીં કરી દઉં, બલકે સિલેક્ટડ અને લિમિટેડ સ્ટૉક્સ રાખીશ, જેથી એના પર બરાબર નજર રહી શકે અને એનો અભ્યાસ પણ થઈ શકે. મારું હજારો-લાખો રૂપિયાનું ઈન્વેસ્ટમેન્ટ હશે એટલે એના પર નજર પણ રાખીશ અને સમયસર જરૂરી પગલાં પણ ભરીશ.

શૅરબજાર સર્વસ્વ નથી શૅરબજાર સર્વસ્વ નથી

શૅરબજાર સર્વસ્વ નથી. ક્યારેય મારા પોતાના વેપારની મૂડી શૅરબજારમાં નહીં મૂકું. અલબત્ત, મારા વેપારના નફામાંથી અમુક ટકા શૅરોમાં અજમાવી શકું. ઉધાર નાણાં લઈ શૅરબજારમાં કિસ્મત અજમાવવાનું પગલું નહીં ભરું અને હા, શૅરબજાર ઉપરાંત બૅન્કો, મ્યુ.ફંડ, પ્રૉપર્ટી માર્કેટ, કરન્સી, સોના-ચાંદી જેવાં રોકાણસાધનોમાં પણ મારા ઈન્વેસ્ટમેન્ટને વહેંચી રાખીશ, જેથી જુદી-જુદી એસેટમાં કરાયેલા રોકાણથી જોખમની વહેંચણી થઈ શકે.

શૅરબજાર એટલે જોખમ એવી માન્યતા છે, જે સાચી છે, પરંતુ જોખમ હોય ત્યાં જ

ઊંચી સિદ્ધિ અને ઊંચું વળતર પણ હોય છે. વ્યક્તિ સમજપૂર્વક અને સભાનતાપૂર્વક જોખમ ઉઠાવે તો તેની નિષ્ફળતાની સંભાવના ઘટી જાય છે. એટ ધ સેમ ટાઈમ એ પણ વિચારવું જોઈએ કે નિષ્ફળતા પણ સફળતાના માર્ગે લઈ જતી હોય છે.

શૅરબજાર માટે સસલા અને કાચબાની વાર્તા યાદ રાખો: અહીં ધીમી ગતિએ, ધીરજપૂર્વક અને સતત આગળ વધનાર રોકાણકારને જ સાચી સફળતા મળે છે

બાળપણમાં આપણે સૌએ સસલા અને કાચબાની રેસની વાર્તા વાંચી કે સાંભળી જ છે. એમાં સસલો દોડવામાં કાતિલ ઝડપ ધરાવતો હોવાથી મંજિલ પર પહેલાં પહોંચી શકવાના ગુમાનમાં છે અને કાચબાની ધીમી ચાલ જાણીતી છે; પરંતુ ગુમાનમાં રહેલું સસલું કાચબાને તો ધીમી ગતિને કારણે ખૂબ વાર લાગશે એમ વિચારીને માર્ગમાં સૂઈ જાય છે અને ઊંઘમાં ત્યાં ને ત્યાં જ રહી જાય છે, જ્યારે કાચબો ધીમી ચાલે પણ આખરે મંજિલ પર સસલા કરતાં પહેલી પહોંચી જાય છે. શૅરબજારના રોકાણકારો માટે આ વાર્તા ખરેખર બોધદાયક છે. અહીં ધીમી ગતિએ, ધીરજપૂર્વક અને સતત આગળ વધનાર રોકાણકારને જ સાચી મંજિલ એટલે કે સફળતા મળે છે.

પ્રકરણ ૬૦
કેવા ઈન્વેસ્ટમેન્ટ એજન્ટથી દૂર રહેવું જોઈએ !

અનેક લોકો વેલ્થ મેળવવા પોતાની હેલ્થ ખર્ચી નાખે છે અને પછી હેલ્થ મેળવવા વેલ્થ ખર્ચવાનો સમય આવે છે.

આપણને ઘણી વાર સવાલ થાય કે ફાઈનાન્સિયલ માર્કેટમાં રોકાણકારો માટે કેટલાંય સાધનો છે, તેમ છતાં કેમ હજી લાખો રોકાણકારો આ બધાં સાધનોથી દૂર રહ્યા છે? કેમ હજી જરૂરી હોવા છતાં વીમા પૉલિસી લેનારાની સંખ્યા હોવી જોઈએ તે કરતાં ઘણી જ ઓછી છે? કેમ મ્યુચ્યુઅલ ફંડની જનાઓમાં પણ રોકાણકારો બહુ રસ લઈ રહ્યા નથી? પેન્શન પ્લાન દરેકના જીવનમાં આવશ્યક હોવા છતાં હજી કરોડો લોકો પેન્શન પ્લાનથી છેટા છે. મોટે ભાગે લોકો હજી પણ લઘુ બચત યોજનાઓમાં કે બૅન્કોની ડિપોઝિટસમાં અને સનામાં જ અટવાયા છે. એ ખરું કે ધીમે ધીમે ટ્રેન્ડ બદલાઈ રહ્યો છે, તેમ છતાં હજી બહુ જ ઓછી સંખ્યામાં રોકાણકારો ફાઈનાન્સિયલ સાધનો તરફ વળે છે.

સરકાર, મ્યુચ્યુઅલ ફંડસ, વીમા કંપનીઓ, ખુદ ઈન્વેસ્ટમેન્ટ એજન્ટો પણ આખા દેશમાં રોકાણકારોને જાગૃત કરવાના સેમિનારો યોજતા રહે છે, લેખો લખાતા રહે છે, જાગ્રતિ-માર્ગદર્શક કાર્યક્રમો થતા રહે છે, પણ આ તમામ અને સતત પ્રયાસો પછી પણ પરિણામ અને પ્રતિસાદ ધારણા કરતાં નબળો રહેવા પાછળ ચોક્કસ મજબૂત કારણો હોવા જોઈએ, આવા કેટલાંક કારણોની ચર્ચા કરીએ, જે રોકાણકારોને તેમ જ એજન્ટો સહિત સત્તાવાળાઓને પણ જગાડે તો સારું. રોકાણકાર તરીકે તમે પણ ચકાસી લો કે તમારા એજન્ટ આવા તો નથી ને!

પહેલી વાત : નજીવી આવકમાં કોને રસ

નાના રોકાણકારો માટેનું ફૉલોઅપ ભાગ્યે જ થાય છે, અર્થાત્ આફટર સેલ સર્વિસની વાત નાના માટે તો લક્ઝરી કહેવાય. તેમનું રોકાણ થઈ ગયા બાદ અને એજન્ટને પોતાનું કમિશન મળી ગયા બાદ રોકાણકારનું જે થવાનું હોય તે થાય, છોડો હવે, તેમની પાસેથી શું મળવાનું છે? એવી વિચારધારા સાથે એજન્ટો નાના રોકાણકારોને રામભરોસે છોડી દે છે. નાના રોકાણકારો થોડું ઊંડું કરીને ઘણું બધું રોકાણ ધરાવતો થઈ જાય પછી પણ તેને એજન્ટની સેવા માટે વલખાં મારવાં પડે છે, એજન્ટને તેનામાં ત્યારે જ રસ પડે છે જ્યારે એજન્ટને તેની પાસેથી કે તેના માધ્યમથી કોઈ આવક થવાની હોય. બાકી કોને ફુરસદ છે !

બીજી વાતઃ આફ્ટર સેલ સર્વિસ નહીં

નાના રોકાણકારો માટેનું ફૉલોઅપ ભાગ્યે જ થાય છે, અર્થાત્ આફટર સેલ સર્વિસની વાત નાના માટે તો લક્ઝરી કહેવાય. તેમનું રોકાણ થઈ ગયા બાદ અને એજન્ટને પોતાનું કમિશન મળી ગયા બાદ રોકાણકારનું જે થવાનું હોય તે થાય, છોડો હવે, તેમની પાસેથી શું મળવાનું છે? એવી વિચારધારા સાથે એજન્ટો નાના રોકાણકારોને રામભરોસે છોડી દે છે. નાના રોકાણકારો થોડું થોડું કરીને ઘણું બધું રોકાણ ધરાવતો થઈ જાય પછી પણ

તેને એજન્ટની સેવા માટે વલખાં મારવાં પડે છે, એજન્ટને તેનામાં ત્યારે જ રસ પડે છે જ્યારે એજન્ટને તેની પાસેથી કે તેના માધ્યમથી કોઈ આવક થવાની હોય. બાકી કોને ફુરસદ છે!

ત્રીજી વાત : ભરપૂર મિસ-સેલિંગ

નાના રોકાણકારોમાં એજન્ટોને પોતાના કમિશન પૂરતો જ રસ હોવાથી એજન્ટો માત્ર પોતાની પ્રૉડકટ વેચી દેવામાં જ માને છે, ખરેખર એ સાધન તે રોકાણકાર માટે ઉપયોગી કે જરૂરી છે કે કેમ તે પણ વિચારાતું નથી. પરિણામે રોકાણ સાધનોનું ભરપૂર મિસ-સેલિંગ થયા કરે છે. નાના-મોટા રોકાણકારોને ટૅક્સ બચાવવાના નામે, ભવિષ્યમાં લાભ થવાના નામે કે ઊંચા વળતર મળવાના પ્રલોભને અથવા એક યા બીજાં કારણોસર ઈન્વેસ્ટમેન્ટ પ્રૉડકટસ પધરાવી દેવામાં આવે છે. અતિશયોક્તિના ભય વિના કહી શકાય કે આપણા દેશમાં બહુ જ મોટે પાયે રોકાણ સાધનોનું મિસ-સેલિંગ થાય છે, જેનો ભાગ્યે જ ખયાલ આવે છે, કેમ કે તેમાં લાખો લોકો સામેલ હોય છે અને રોકાણ સમય લાંબો હોવાથી સમય જતાં ભુલાઈ જાય છે.

ચોથી વાત: સાચી સલાહમાં જોખમ

માત્ર અને માત્ર પોતાના કમિશનમાં રસ ધરાવનાર એજન્ટો રોકાણકારોને હંમેશા સાચી સલાહ આપતાં રહેવામાં જોખમ સમજે છે, કેમ કે એ સાચી સલાહ તેમના જ બિઝનેસને વિપરીત અસર કરી શકે છે. તેમની સાચી સલાહમાં રોકાણકાર કરતાં પોતાના હિતનું મહત્ત્વ વધુ હોય છે. ઈન શૉર્ટ, અમુક એજન્ટો રોકાણકારોને માર્ગદર્શન આપવા કરતાં ગેરમાર્ગે દોરવાનું કામ વધુ કરે છે, કિંતુ આમ કરતી વખતે તે રોકાણકારને ખ્યાલ પણ ન આવે તેની પૂરતી કાળજી રાખે છે, જેમ કોઈ લેભાગુ ડૉક્ટર દર્દીને ઑપરેશનની જરૂર ન હોય તોપણ ઑપરેશન કરાવી લેવાની સલાહ આપે કે કોઈ દર્દીને એકસ-રે મારફત જ કામ થઈ જવાનું હોય તેમ છતાં સીટી સ્કેન કરવાની સલાહ આપે ત્યારે એમ કહે કે કરાવી લો તો સારું, પછી કોઈ શંકા ન રહે. આમ તે દર્દીને કંઈ જ મોટી સમસ્યા નથી તેની ખાતરી હોવા છતાં પોતાના લાભ ખાતર સીટી સ્કેન કરાવડાવીને કમિશન કમાઈ લેતા ડૉક્ટરોની જેમ ઈન્વેસ્ટમેન્ટ એજન્ટોની પણ અહીં કમી નથી હોતી.

આ કડવી હકીકત છે, તેમ છતાં બધા જ એજન્ટો આવા છે એવું કહેવાનો આશય પણ નથી, સારા એજન્ટ પણ હોય છે, કિંતુ રોકાણકારે તેની ચકાસણી કરવી પડે, પોતાના અનુભવને આધાર બનાવવો પડે.

પ્રકરણ ૬૧
શૅરબજારમાં સફળતા માટે ત્રણ દેવીને સમજો

રાતોરાત લાખોપતિ બનવાની ઇચ્છા સાથે શૅરસોદા કરશો તો રાતોરાત લાખો ગુમાવવાની તૈયારી પણ રાખવી પડશે.

શૅરબજારમાં સરસ્વતીજી, લક્ષ્મીજી અને મા દુર્ગા એમ ત્રણ દેવીઓને સમજવી જરૂરી છે.

સરસ્વતી દેવી જ્ઞાન આપે છે એટલે કે શૅરબજારમાં કઈ રીતે રોકાણ કરવું એની સમજ આપે છે. લક્ષ્મી દેવી નાણાંમાંથી નાણાં કઈ રીતે બને એટલે કે નાણાં પડ્યાં રહે એમાંથી નહીં, બલકે નાણાંનું યોગ્ય સંચાલન અને આયોજન થાય. એમાંથી વધુ નાણાંનું સર્જન થાય છે એનો અનુભવ કરાવે છે. નાણાંને માત્ર સટ્ટાકીય પ્રવૃત્તિઓમાં વેડફવાથી પૈસા નથી બનતા. લક્ષ્મીજીને ઉડાવવામાં નહીં, વધાવવામાં સાર છે. વળી શૅરબજારમાં રોકાણ કરો ત્યારે અંબા માતાજીની પણ ખાસ જરૂર રહે છે, કેમ કે એ શક્તિની દેવી છે, અર્થાત્ શક્તિ વિના શૅરબજારમાં ન પડાય અને હા, શૅરબજારમાં પ્રવેશ્યા બાદ બજારમાં નુકસાન પણ થાય તો એને સહન કરવાની શક્તિ પણ જોઈએ જ. આમ શૅરબજારમાં ખરી સફળતા માટે આ ત્રણે દેવીઓને સમજવી જરૂરી છે.

પ્રકરણ ૬૨

તેજી સાથે ચાલનારા તરકટો પ્રત્યે સજાગ રહેજો

તેજી હોય ત્યારે બજારમાં સર્ક્યુલર ટ્રેડિંગ અને પ્રાઈસ મેનિપ્યુલેશન જેવી રોકાણકારોને ફસાવવાની પ્રવૃત્તિઓ વધી જતી હોય છે. વાસ્તે તેજી સમયે રોકાણકારોએ વિશેષ સાવચેત રહેવું જોઈએ.

શૅરબજારમાં આવું બધું ચાલતું રહેવાનું, માત્ર તેનું પ્રમાણ વધે કે ઘટે. અરે ભગવાનના નામે, ધર્મના નામે તીર્થસ્થાનો સહિત બધે જ એક યા બીજા સ્વરૂપે નાણાકીય ગરબડ-ગોટાળા-મેનિપ્યુલેશન થતાં હોય ત્યાં વળી આ તો શૅરબજાર છે, જ્યાં રોજ-રોજ, પળ-પળ અબજો રૂપિયાના સોદા થતા હોય છે ત્યાં લોકોને લલચાવી, આકર્ષી, ગેરમાર્ગે દોરી ફસાવવાની પ્રવૃત્તિ ન થાય એવું માની લેવાનો સવાલ જ ઊભો થતો નથી.

નવા-નાના રોકાણકારો ધ્યાન આપે

અર્થતંત્રની રીકવરી સાથે શૅરબજારમાં તેજી વધતી જતી હોય છે અને શૅરોની તેજી સાથે અર્થતંત્રની રીકવરી પણ ઝડપી બનતી જાય છે. વર્ષ ૨૦૦૩થી ૨૦૦૭ સુધીનાં પાંચ વર્ષમાં તેજી કેવી તોફાની અને ધમાકેદાર રહી એ સૌને આજે પણ યાદ હશે. ત્યાર બાદ વર્ષ ૨૦૦૮ કેટલી હદ સુધી ખરાબ ગયું, તેને લોકો લાંબા સમય સુધી ભૂલી શકશે નહીં, પરંતુ વર્ષ ૨૦૦૯ના છેલ્લા ચાર મહિનાએ તેજીમાં ચાર ચાંદ લગાવી દીધા હતા. રોકાણકારો, બ્રૉકરોથી માંડી કૉર્પોરેટ્સ અને સરકાર સુદ્ધાં રાજી રાજી - રાજી હતા. આમ જ્યારે જ્યારે તેજી આવે તેને પગલે માહોલ બદલાઈ જાય છે. નવો ઉત્સાહ, નવો વિશ્વાસ અને નવું જોમ, નવાં સપનાં, નવાં લક્ષ્યો દરેક સ્તરે આકાર પામતાં રહે છે. સંખ્યાબંધ સારી-પૉઝિટિવ બાબત બનવા લાગે છે અને હજી બનશે એવી આશા પણ વધતી રહે છે, પરંતુ તેજીની સાથે-સાથે કેટલીક ગોલમાલ, મેનિપ્યુલેશન, સર્ક્યુલર, ટ્રેડિંગ, પ્રાઈસ રિગિંગ, ડબ્બા ટ્રેડિંગ, પેની સ્ટૉક્સમાં ભાવો ઉછાળી રોકાણકારોને ફસાવવા વગેરે જેવી અનેકવિધ ગેરવાજબી-ગેરકાનૂની પ્રવૃત્તિઓ પણ પોતાનો વ્યાપ વધારવા લાગે છે ત્યારે તેજીનો લાભ લેવા તૈયાર થઈ ગયેલા રોકાણકારોએ શૅરબજારમાં વિવિધ રીતે રચાતા કુંડાળામાં ફસાવી કે ભેરવી દેવાની પ્રવૃત્તિઓથી વિશેષ સજાગ રહેવું જરૂરી બની જાય છે.

અહીં આવી કેટલીક ગેરપ્રવૃત્તિઓની ઝલક જોઈએ, જેથી આપ તેને ઓળખી-સમજીને તેનાથી દૂર રહોસજાગ રહો.

ટિપ્સની બોલબાલા:

તેજી ચાલી રહી હોય છે ત્યારે ટિપ્સની પણ બોલબાલા વધવા લાગે છે, લોકો ફરી ફટાફટ નાણાં બનાવવાની લાલસામાં આડેધડ ટિપ્સ સાંભળીને તેને અનુસરવા લાગે છે. બધા એકસાથે નિષ્ણાત બની જાય છે. સાવ નવા નિશાળિયા જેવા રોકાણકારો આજુબાજુથી મળતી શૅરની ટિપ્સને આધારે રોકાણ પણ કરવા લાગે છે, તેજીમાં બધું ચાલતું હોવાથી ટિપ્સની સ્ક્રિપ્સ પણ ચાલવા લાગે છે, અને અહીં જ લોકોની જાળમાં ફસાવાની શરૂઆત થઈ જાય છે, વાસ્તે ટિપ્સ ભલે સાંભળો, પણ તેનો અમલ સમજી-વિચારીને કરવો.

સર્ક્યુલર ટ્રેડિંગઃ

આ પ્રવૃત્તિમાં ઑપરેટરો ચોક્કસ શૅરમાં અંદરો-અંદર લે-વેચ કરીને એવું દર્શાવે છે કે તે શૅરમાં ખૂબ વૉલ્યુમ થાય છે, વધુ પ્રવાહિતા છે, તેમાં ભાવો પણ રોજ-રોજ વધે છે, જ્યારે કે વાસ્તવમાં લેનારા-વેચનારા બધા જ એક સિન્ડિકેટ બનાવીને આમ કરતા હોય છે. જોકે નાના-નવા રોકાણકારોને એનો ખયાલ નહીં હોવાથી આ સર્કલમાં પ્રવેશીને એવા તબક્કે ઊંચા ભાવે ફસાઈ જાય છે જ્યાં પેલા ઑપરેટર્સ પ્રૉફિટ કરીને બહાર નીકળી ગયા હોય છે.

પ્રાઈસ રિગિંગ-પ્રાઈસ મેનિપ્યુલેશનઃ

આ પ્રવૃત્તિમાં ઑપરેટરો-સટોડિયા ચોક્કસ શૅરોના ભાવોમાં કૃત્રિમ ઉછાળા લાવે છે અને તેને રોજેરોજ ઉપલી સર્કિટ લગાવી બજારનું તેના તરફ ધ્યાન ખેંચે છે. આમ રોજ ભાવ વધતો જોઈ નાના-નવા રોકાણકારો પ્રલોભનમાં આવે છે અને તેઓ પણ એ શૅરો લેવા દોટ મૂકે છે. આમ વહેલી તકે પ્રવેશનારને ખરેખર ભાવો વધવાનો લાભ પણ મળે છે, પરંતુ પછી ધીમે-ધીમે ગામ તેમાં પ્રવેશતું જાય છે અને પેલા ભાવની રમત રમનારા બહાર નીકળતા જાય છે, જ્યારે કે ચોક્કસ તબક્કે છેલ્લા પ્રવેશનારા એ વખતના ઊંચા ભાવોએ ભરાઈ પડે છે એ પછી તેમને ઊંચો ભાવ મળવો બંધ જ થઈ જાય છે. ઊલટાનું તેમની વેચવાલી સામે બાયર ઘટી જતાં ભા નીચે આવતા જાય છે અને છેવટે નીચા ભાવોએ પણ શૅરો વેચવાનું મુશ્કેલ બની જાય છે.

પેની સ્ટૉક્સનાં પરાક્રમઃ

જેના ભાવો પૈસામાં કે બે-પાંચ રૂપિયામાં બોલાતા હોય છે તે પેની સ્ટૉક્સ તરીકે ઓળખાય છે. આવા શૅરોમાં પણ તેજી વખતે નવો કરન્ટ જોવા મળે છે. લોકો પૈસામાં મળતા આવા પેની શૅરો હજારોમાં ખરીદે છે અને ઇરાદાપૂર્વક મોટા ખેલા કરે છે, કેમ કે તેમનું સંભવિત નુકસાન ઘણું નાનું હોય છે, પરંતુ સંભવિત લાભ ખાસ્સો મોટો મળી શકે છે. આવા સ્ટોક્સમાં પણ નવા અને નાના ઈન્વેસ્ટરો અધૂરી સમજ સાથે પ્રવેશીને ભેરવાઈ શકે છે, કેમ કે આ રમત ઝડપથી પૂરી થઈ જાય છે અને પછી રોકાણકારોના હાથમાં, જેને આપણે હજી પણ 'કાગળિયાં શૅર કહીએ છીએ એ રહી જાય છે.

દરેક તેજી સમયે શૅરબજારમાં નવો વર્ગ પ્રવેશે છે અને જૂનો કે નવો વર્ગ તેજીના નશામાં ભાન ભૂલે છે તેમ જ 'ઈઝી મની તેમ જ' ઝટપટ મની ની લાલચમાં તણાઈ જાય છે ત્યારે આ લેભાગુઓ-ધુતારા લોભિયાઓને લૂંટવા તેયાર અને સક્રિય બની બેઠાં જ હોય છે.

શૅરબજારમાં ચાલતી અને ચાલતી જ રહેવાની આવી પ્રવૃત્તિઓને કારણે સમગ્ર બજારને બૂરું કે ફ્રોડ કહેવાની ભૂલ ન કરવી જોઈએ, ખરેખર તો રોકાણકારોએ પોતે જ સાવધ અને જાગૃત રહેવું જોઈએ. અહીં શિસ્તબદ્ધ અને સિસ્ટેમેટિક ઈન્વેસ્ટમેન્ટ કરનાર મહત્તમ સલામતી અને લાભમાં રહે છે.

કંપનીઓનાં બદલાતાં નામ

નામ બદલીને રોકાણકારોનું ધ્યાન ખેંચવાની કંપનીઓની તરકીબો આમ તો જૂની ને જાણીતી છે, કિંતુ દર વખતે તેજી વખતે રોકાણકારો ભાન ભૂલી જાય છે. યાદ રહે, કંપનીઓનાં નામ બદલાય છે ત્યારે તેમાં નવા પ્રમોટરે આવ્યા હોઈ શકે છે અને/અથવા તેણે નવો બિઝનેસ પણ શરૂ કર્યો હોઈ શકે છે. ઘણી વાર પ્રમોટરો જે ઉદ્યોગ-ક્ષેત્રમાં તેજી ચાલતી હોય છે તે ઉદ્યોગની પોતે પણ ગણાય એવું દર્શાવવા એ ઉદ્યોગની પ્રવૃત્તિઓમાં ઝંપલાવે છે. અગાઉની તેજીમાં આવું ખૂબ થતું હતું તેથી સરકારે

કંપનીઓનાં નામ બદલવા સામે ચોક્કસ શરતો-ધોરણો રાખ્યાં છે. તેમ છતાં કંપનીઓ છટકબારીઓ શોધી લેવામાં ઉસ્તાદ હોય છે, જેથી કંપનીઓએ નામ ખરેખર શા માટે બદલાવ્યું છે એ સમજીને જ રોકાણકારોએ રોકાણ કરવું જોઈએ, માત્ર નામથી દોરવાઈ જવું નહીં.

મીડિયા મારફત ફેલાવાતા સમાચારો અને ભલામણો

તેજીમાં સૌને બહુ સારું-સારું લાગતું હોવાથી કેવી પણ વાતો લોકોના ગળે ઝટ ઊતરી જાય છે, જેને માટે મીડિયાનો જબ્બર ઉપયોગ થાય છે, જે કંપનીઓના શૅરોમાં ભાવો વધે એવું ઇચ્છનાર ઑપરેટર (ક્યારેક પ્રમોટરો પણ) મીડિયામાં તે કંપનીઓ વિશે સારા સમાચારો ફેલાવે છે, કહેવાતા એનાલિસીસ પ્રગટ કરાવે છે. બેસ્ટ બાય ની કેટેગરીમાં તે કંપનીઓનાં નામો મુકાવે છે. જોકે હોંશિયાર રોકાણકારોનો વર્ગ હવે તેનાથી એલર્ટ થઈ રહ્યો છે, પરંતુ નવો વર્ગ આમાં ગેરમાર્ગે દોરવાઈ જઈને ફસાય છે. કહેવાતા એનાલિસ્ટો પ્રમોટરો કે ઑપરેટરો સાથે ભળી જઈ પોતાની એનાલિસીસ તૈયાર કરે છે અને નાદાન ઈન્વેસ્ટરો તેમને નિષ્ણાતોની સલાહ માની ભેરવાઈ જાય છે. તે દરમિયાન આ પ્રવૃત્તિને ચારેકોરથી જબ્બર વેગ મળે છે. સ્થાપિત હિતો આમાં કાયમ સક્રિય હોય છે.

પ્રકરણ ૬૩

જીવન અને શૅરબજાર વચ્ચે સામ્ય!

જીવનની જેમ ઉતાર-ચઢાવ, આશા-નિરાશા, રહસ્ય બધું જ શૅરબજારમાં પણ

શૅરબજાર પાસેથી આપણને આધ્યાત્મિક જ્ઞાન મળે છે, એવું જો અમે તમને કહીએ તો તમે અમને પાગલમાં ખપાવી દો એમ બને, પરંતુ તમારી દૃષ્ટિએ પાગલ ગણાવાની તૈયારી સાથે અમે એ કહીએ છીએ કે શૅરબજાર પાસેથી આધ્યાત્મના પાઠ શીખવા મળે છે. શૅરબજાર આપણા સૌના જીવન સમાન જ છે. અહીં જીવન અને શૅરબજારની સરખામણી કરી જોઈએ.

શૅરબજાર ચંચળ છે, તો આપણે પોતે કે આપણું જીવન કયાં ચંચળ નથી ?

શૅરબજારમાં સતત ચઢ-ઊતર ચાલતી રહે છે, જિંદગીમાં પણ ચઢ-ઉતર થતી રહેતી હોય છે, પેલું યાદ છે ને, કભી ખુશી, કભી ગમ. પથ્થરની લકીર સમાન પુરાઊં જોઈએ તો, જેમ જિંદગીમાં આગળ જતાં શું થશે તે કોઈ કહી શકતું નથી, કોઈ તેની આગાહી કરી શકતું નથી તેમ શૅરબજારમાં ભવિષ્યમાં શું થશે? કયારે થશે? કેવું થશે? એ કોઈ જ કહી શકતું નથી. હા, ધારણા કે અનુમાન બાંધી શકાય છે, પરંતુ પાકી ખાતરી કોઈ ન આપી શકે. જીવન જેમ અનિશ્ચિતતાથી ભરેલું હોય છે તેમ શૅરબજાર કાયમ અનિશ્ચિતતા ધરાવતું હોય છે, ઈન શૉર્ટ, જીવનની જેમ શૅરબજાર પણ રહસ્યમય જ કહેવાય.

જિંદગીમાં પછડાટ આવે છે, તો કયારેક વળી જિંદગી એકદમ ઊંચે પણ લઈ જાય છે, તેમ શૅરબજાર પણ કયારેક માણસને ફેંકી દે એવા આંચકા આપી દે છે. અલબત્ત, સ્ટૉક માર્કેટ માણસને તારી પણ દે અને ડુબાડી દે એમ પણ બને. જીવનને સમજતાં રહેવું પડે તેમ શૅરબજારને પણ સમજતાં રહેવું જરૂરી બને છે.

જીવનની જેમ શૅરબજારમાં આશા, નિરાશા, હતાશા, ઉત્સાહ, ઉત્તેજના વગેરે રહ્યા કરે છે. બીજા શબ્દોમાં કહીએ તો, શૅરબજારનું વક્ત ફિલ્મના ટાઈટલ સૉંગ જેવું છે, વક્ત કે દિન ઔર રાત, વક્ત કે કલ ઔર આજ, વક્ત કા હર શય (માનવી) ગુલામ, વક્ત કા હર શય પે ચજ, શૅરબજારનો વકત ઉર્ફે સમય કે મિજાજ બદલાઈ જાય તો શું ને શું થઈ જાય! અલબત્ત, પોઝિટિવ અને નેગેટિવ બંને થઈ શકે.

જીવનની જેમ શૅરબજારમાં પણ આપણને ચોક્કસ મોહ અને માયા હોય છે, લાગણીઓ હોય છે, પણ યાદ રહે, અતિ લાગણી કે મોહ જેમ જીવનમાં સાચું નહીં, તેમ શૅરબજારમાં પણ યોગ્ય ન ગણાય. જીવનની જેમ શૅરબજારમાં ચડતી-પડતીનું ચક્ર ચાલતું રહે છે. જીવનમાં જેમ કયારેય, મને બધી જ ખબર પડે છે, મને બધું જ જ્ઞાન છે કે હું ધારું એમ જ થાય એવો અહંકાર ન કરાય તેમ શૅરબજારમાં પણ ભલભલાના પોતાને બધી જ ખબર કે જ્ઞાન હોવાના દાવા કડડભૂસ થઈ જતાં વાર લાગતી નથી.

જિંદગીમાં જેમ વધુપડતા છકી જઈએ અથવા ફુલાઈ જઈએ ત્યારે બોધપાઠ રૂપે કોઈ એવો ઝટકો લાગે છે, જે બધું રોકી દે છે કે સ્તબ્ધ કરી દે છે તેમ શૅરના તોફાન સામે

સર્કિટ ફિલ્ટર કે સર્કિટ બ્રેકર અથવા સસ્પેન્શન જેવા અંકુશો આવી પડે છે અને ક્યારેક તો વળી આખું બજાર જ વધુપડતું છકી જાય કે અતિરેક કરી નાખે તો ગ્લોબલ સ્તરેથી મોટા આંચકા કે આઘાત પણ સહન કરવાના આવે છે. જિંદગીની જેમ શૅરબજારમાં પણ ભૂકંપ કે વાવાઝોડાં આવતાં રહે છે અને તારાજી થતી રહે છે, ટૂંકમાં મોસમ અહીં પણ બદલાતી રહે છે. એક સરખા દિવસો કોઈના કયારેય જતા નથી ભાઈ.

જીવનમાં જેમ પરિવાર હોય છે તેમ શૅરબજારમાં શૅરોનો પૉર્ટફોલિયો હોય છે, જેમાં સમાયેલા શૅરો એક પરિવારના ભાગ સમાન હોય છે. કોઈ મિત્ર કે સગા સંબંધી જેવા પણ હોય છે. સમય સાથે તેમાં પણ પરિવર્તન થતાં રહે છે. કોઈનો પણ મોહ રાખી શકાય નહીં, દીકરી કેટલી પણ વહાલી હોય એક દિવસ તેને લગ્ન કરાવી વળાવવી જ પડે. દીકરો કેટલો પણ ડાહ્યો હોય, સમય જતાં તે બદલાઈ નહીં જાય તેની કોઈ ખાતરી આપી શકે નહીં.

જીવનની જેમ શૅરબજારમાં પણ ધીરજ જોઈએ. સમતોલપણું જોઈએ. મહેનત, અભ્યાસ પણ જરૂરી છે. આંધળુકિયાં ન કરાય, લાલચ મોંઘી પડે, કોઈની પણ છેતરામણી વાતોમાં આવી જઈએ તો ખતા ખાવાનો વારો પણ આવે. જીવનમાં જેમ સાચ ગુણો, સારો સંગાથ તેમ જ સાચો માર્ગ મળવો જરૂરી હોય છે તેમ શૅરબજાર પણ સારી કંપનીઓ, તેની ગુણવત્તા અને કામગીરી સારી હોવી આવશ્યક છે. જીવનમાં કે શૅરબજારમાં સફળ થવા માટે ખરા-ખોટાની ઓળખ કે સમજ જરૂરી છે. જીવનને સમય આપવો પડે તે રીતે શૅરબજારને પણ સમય આપવો પડે, શૅરબજારમાં પોતાની રાહ બનાવવી પડે, ટોળામાં ભળી જવામાં ગેરમાર્ગે દોરાઈ શકાય. જીવનમાં પ્રલોભન, ભય, લાગણી, ઉત્તેજના, નિરાશા, હતાશા, ઉત્સાહનું હોવું સહજ છે તેમ શૅરબજારમાં પણ આ બધું હોવાનું જ છે. તેને દર વખતે સમજવાનું કઠિન બની શકે, ક્યારેક તેની ગતિવિધિ રહસ્ય જેવી લાગે. ઈન શૉર્ટ, શૅરબજારમાંથી જીવનનાં અને જીવનમાંથી શૅરબજારના પાઠ સતત શીખી શકાય છે. સાચું કહેજો, શૅરબજાર પણ જીવન જેવું રહસ્યમય અને આધ્યાત્મિક ખરું કે નહીં?

પ્રકરણ ૬૪

લાંબું જીવો... પણ

> જીવનમાં માણસે બે સમયે સટ્ટો કરવો જોઈએ નહીં, એક જ્યારે તેને સટ્ટો પોષાતો ન હોય અને બીજો જ્યારે તેને સટ્ટો પોષાતો હોય.

લાંબુ જીવો એ કહેવામાં અને સાંભળવામાં સારું લાગતું હશે, પરંતુ ખરેખર લાંબુ જીવવા જેવું છે ખરું આ જગતમાં? હા, તમારી પાસે સંપત્તિ અને સ્વાસ્થ્ય સારું હોય તો સારી વાત છે, બાકી લાંબુ જીવવું હવે મોંઘું અને કઠિન બનતું જાય છે. તેમ છતાં જીવન-મરણ આપણા હાથની વાત નથી. જીના પડતા હૈ ભાઈ, કહે છે ને કે આયુષ્ય જેટલું લખાવીને લાવ્યા છીએ તેટલું જીવવું પડશે. પછી ભલે મધર ઈન્ડિયાના પેલા ગીત.. દુનિયામેં હમ આયે હૈ તો જીના હી પડેગા, જીવન હે અગર ઝહર તો પીના હી પડેગા.. ની જેમ જીવવું પડે. જો જીવવાનું જ છે તો આર્થિક આયોજન કરીને કેમ ન જીવીએ? કમસે કમ લાંબુ જીવવાનું મોંઘુ તો ન લાગે..

કંજૂસાઈ ભલે ન કરો, પણ કરકસર જરૂર કરો,
પૈસા કમાવાની શરૂઆતનો દિવસ એ પોતાની આવકમાંથી પહેલી બચતનો નિર્ણય કરવાનો જ નહીં, અમલમાં મુકવાનો પણ દિવસ છે. સામાન્ય રીતે લોકો કહેતા હોય છે કે પગારમાંથી પૈસા બચશે તો બચત કરીશું. પરંતુ હકીકત એ હોવી જોઈએ કે પૈસા બચાવીને જ બચત કરવી પડે. માની લઈએ કે દરેકના કિસ્સામાં એ સંભવ ન બની શકે, કિંતુ આ નિયમ હોવો જરૂરી છે કે પહેલી કમાણીના દિવસથી જ બચત શરૂ થઈ જવી જોઇએ. ઈન શૉર્ટ, બાળપણમાં ભલે બચતના પાઠ શીખીએ, પણ બચતનો વાસ્તવિક અમલ યુવાનીમાં પહેલી આવકથી શરૂ થાય છે. જેટલી વહેલી બચત શરૂ થાય એટલી વધુ માત્રામાં વળતર અને મૂલ્યવુધ્ધિની શકયતા સમજવી. બીજા શબ્દોમાં કહીએ તો જોબ પર લાગ્યા કે રિટાયરમેન્ટનું પ્લાનિંગ શરૂ થઈ જવું જોઇએ. હવે લોકો પચાસની ઉંમરે રિટાયર થઈ જવાના લક્ષ્ય રાખતા થઈ ગયા છે. અલબત, આ વર્ગ લાંબી દ્રષ્ટિ –વિઝન સાથે કામ કરે છે. આ લોકો આળસુ નથી હોતા, તેમને પાછલી જિંદગી માણવી હોય છે, બુઢા થઈ જાવ ત્યાં સુધી સતત કામ-કામ કરવું નથી હોતું.

બીજી વાત:
નાની રકમથી પણ બચતની શરૂઆત કરી દેવી જોઈએ. નાની રકમ પણ સમય સાથે મોટી થતી જતી હોય છે. ટીપે ટીપે સરોવર ભરાય એ કહેવત જ્ઞાનીઓએ પાડી હોવી જોઈએ. કારણકે બચત કરતાં પૂર્વે સૌના મનમાં પહેલો વિચાર એ જ આવતો હોય છે કે પચાસ-સો રૂપિયામાં વળી શું બચાવવાનું? પણ દોસ્તો, આ ૧૦૦ રૂપિયા જ પછી હજાર થાય છે અને લાંબે ગાળે લાખ પણ થાય છે. બચત માટે કોઈ પણ રકમ નાની હોઈ શકે નહીં. આજે એવાં અનેક લાંબા ગાળાનાં સાધનો છે, જે નાની બચતને સૉંગ ટર્મમાં ખરા અર્થમાં મોટી કરી આપે છે. એક સામાન્ય દાખલો જોઈએ તો જો તમે દર મહિને રૂપિયા એક હજારનું સિસ્ટેમેટિક ઈન્વેસ્ટમેન્ટ પ્લાનમાં (એસઆઈપી) ૩૦ વરસ સુધી રોકાણ

કરો તો ૩૦ વરસે એ રકમ આશરે રૂપિયા એક કરોડ જેટલી થાય છે, આ વિષયમાં આપણે સાવ જ સંકુચિત અભિગમ રાખી વિચારીએ તોપણ એ મિનિમમ રૂપિયા પચાસ લાખ જેટલી તો થાય જ. કેમ કે આનું રોકાણ શૅરબજારમાં થતું હોય છે, જે લાંબે ગાળે (૩૦ વરસે) આટલી વૃદ્ધિ આપી શકવા સમર્થ છે. અહીં, ૩૦ વરસની મર્યાદાને પકડી રાખવાની જરૂર નથી, પણ કહેવાનો ભાવાર્થ એ છે કે જેટલો લાંબો સમય રોકાણનો હોય તેટલું વળતર કે વૃદ્ધિ વધુ જ રહે છે. ખાસ કરીને ઈક્વિટી માર્કેટમાં આ માર્ગ રોકાણ કરવામાં આ ઘણાને સપના જેવી લાગતી વાત હકીકત બની શકે એવી છે.

ત્રીજી વાત :

તમારી ઉંમર અને જોખમ લેવાની ક્ષમતા મુજબ રોકાણ કરી. યુવાનીની વય સુધી મહત્તમ રોકાણ ઈક્વિટીમાં રાખી શકાય, સામાન્ય નિયમ મુજબ તમારી ઉંમરને ૧૦૦માંથી બાદ કર્યા પછી જે આંકડો બચે તેટલા ટકા રોકાણ ઈક્વિટીમાં કરાય. દા.ત. તમારી ઉંમર ૨૫ની છે તો ૧૦૦-૨૫ એટલે કે ૭૫ ટકા રોકાણ ઈક્વિટીમાં કરી શકાય. જેમ ઉંમર વધે તેમ આ ટકાવારી ઘટતી જશે. અર્થાત્ વધતી ઉંમર સાથે રિસ્ક ઘટતું જાય એ બહેતર છે. સવાલ માત્ર ઈક્વિટીનો કે ઉંમરનો નથી, કોઈ પણ રોકાણ કરી ત્યારે તેના જોખમની મર્યાદા સમજી લેશો.

ચોથી વાતઃ

માત્ર એક કે અમુક જ સાધનમાં રોકાણ કરવાને બદલે રોકાણ હંમેશા વૈવિધ્યસભર રાખો. જેમ બધાં નાણાં એક જ સાધનામાં રોકવાથી રખે ને એ સાધનમાં સમસ્યા સર્જાય ત્યારે તમારી રોકેલી ટોટલ મૂડી જોખમાઈ શકે છે.

વાસ્તે, શૅર, બૉન્ડ, એફડી, મ્યુચ્યુઅલ ફંડ, પ્રૉપર્ટી, પીપીએફ સમાન સરકારી યોજના, સોના-ચાંદી વગેરે જેવાં રોકાણ સાધનોમાં ઈન્વેસ્ટમેન્ટને વહેંચી રાખો, જેમાં તમારું જોખમ નીચે રહે છે અને લાભ વધુ રહે છે અને કયારેય તમારી સંપૂર્ણ મૂડી ડૂબી જવાનો સવાલ ઊભો થતો નથી. અમુક નાણાં બૅન્કની એફડીમાં પણ રાખો. દરેક રોકાણ વખતે રિસ્ક-રિટર્નના માપદંડને ધ્યાનમાં રાખો. તમારી પોતાની જરૂરિયાતને, તમારી પારિવારિક જવાબદારીને, લક્ષ્યોને, સંભવિત કે આકસ્મિક ખર્ચાઓને પણ ધ્યાનમાં રાખી આગળ વધો.

પાંચમી વાત:

વૃદ્ધાવસ્થાનો વિચાર કરો ત્યારે બીમારીનો પણ વિચાર સાથે જ રાખો અને હા, બીમારી યુવા અવસ્થામાં પણ આવી શકે છે. જો એક મોટી બીમારી પણ તમને કે તમારા પરિવારજનને આવી પડે તો તમારી મહામોલી બચત ધોવાઈ જાય એવું બની શકે, તેથી આજના જમાનાને અનુરૂપ રકમની મેડિક્લેઈમ પૉલિસી રાખો. યુવાવયે જ આ પૉલિસી કઢાવી રાખવી સલાહભર્યું છે, જેને પગલે તમને કોઈ મોટી બીમારી આવી પડે તો રાહત પણ મટી મળી શકે. આમ વહેલાસર મેડિક્લેઈમનું આયોજન કરી લો તેમ જ તમારો પરિવાર તમારા પર નિર્ભર રહેતો હોય તો તમારી જીવન વીમા પૉલિસી પણ લઈ રાખો. આ પણ જેટલી વહેલી ઉંમરે લઈ રાખી હશે તેટલો વધુ લાભ મળી શકશે. ઈન શૉર્ટ, પોતાને અને પરિવારને મેડિક્લેઈમ અને વીમા પૉલિસીથી સુરક્ષિત કરી ચ. આ બધી પાયાની જરૂરિયાત છે.

છટ્ઠી વાત :

જીવનમાં સંભવ હોય ત્યાં કરકસરનું પાલન કરો, કંજૂસ નહીં બનો, પણ ઇકૉનૉમી જરૂરી છે. આ કરકસરથી બચાવેલી રકમનું મહત્ત્વ ભવિષ્યમાં ખરા સમયે સમજાય છે.

આ બધી વાતોને આધ્યાત્મિક કે ડાહીડમરી કે વેવલી ગણવાને બદલે વ્યવહારુ ગણજો. સમય બહુ બળવાન હોય છે. ઉડાઉપણાને લીધે અથવા મૉડર્ન ભાષામાં કહીએ તો ક્રેડિટ કાર્ડ કલ્ચરને લીધે એક વ્યક્તિ જ નહીં, આખો ને આખો દેશ દેવામાં ડૂબી જાય કે ક્રાઈસિસમાં મુકાઈ જાય એવું બની શકે છે. પુરાવા બહુ જૂના નથી, તાજા જ છે. આર્થિક મુસીબતમાં આવ્યા બાદ નાની રકમ પણ અચાનક મોટી થઈ જાય છે.

સાતમી વાત:

આ છેલ્લી પણ કડવી વાતને હવે ગંભીરપણે ધ્યાનમાં રાખી લો. હવે પછીના જમાનામાં તમારા સંતાનો તમને સાચવશે કે વૃદ્ધાવસ્થામાં તમારો ટેકો બનશે, તમારી કાળજી લેશે એની પાકી ખાતરી રાખવાનો તો ઠીક છે, એવી આશા રાખવાનો સમય પણ જઈ રહ્યો છે. તમારી પાસે તમારી બચત-સંપત્તિ હશે તો ઠીક છે, બાકી બધા સવાલો જ છે! બધું તમારાં સંતાનોને નામે પહેલેથી કરી નાખવાને બદલે તમારી પત્નીના નામે પણ રાખશો, જેથી તમારા અવસાન બાદ તમારી પત્નીએ પણ કોઈના પર નિર્ભર બની જવું પડે નહીં, આર્થિક સ્વ-નિર્ભરતા એ દરેક જણ માટે આજના યુગની આવશ્યકતા છે. તમારા સંતાનો સારાં હોઈ શકે છે, તમને સાચવવા માટે, તમારી પૂરતી કાળજી લેવા માટે પણ તૈયાર હોય એમ બને, કિંતુ હવેના જમાનામાં-સમયમાં તેમની માટે પણ જીવનમાં ઘણા પડકારો હશે.

પ્રકરણ ૬૫
શૅરબજારના વિકાસમાં ગુજરાતીઓનો ફાળો: આજ ભી, કલ ભી..

શૅરબજારમાં આગાહી કરનારા બે પ્રકારના હોય, છે, એક એ જે ઓ જાણતા નથી અને બીજા એ, જેઓ એ નથી જાણતા કે તેઓ જાણતા નથી.

એ ભાઈ શૅરદલાલ છે એવું કોઈ કહે ત્યારે સામેથી તરત સાંભળવા મળે કે તે ગુજરાતી હશે. શૅરબજાર એટલે ગુજરાતીઓની બજાર, અફકોર્સ, ગુજરાતીઓ બહુમતીમાં, પરંતુ શૅરબજારની વાત આવે ત્યારે મારવાડીઓ અને પારસીઓ પણ અગ્રસ્થાને ખરા. આમ તો વેપારની ભાષા એટલે ગુજરાતી ભાષા એવું પણ કહેવાય અને તેમાં પણ ખાસ કરીને શૅરબજારની વાત હોય ત્યારે શૅરદલાલ કહો કે રોકાણકાર ગણો, સટોડિયા કહો કે ટ્રેડર માનો, મોટે ભાગના ગુજરાતીઓ હોય છે.

છેલ્લાં ૫૦ વર્ષ જ નહીં, એક સદીથી પણ વધુ સમયથી શૅરબજારની સ્થાપનાથી લઈ તેના અત્યાર સુધીના વિકાસમાં તેમ જ દેશભરમાં સ્ટૉક ઈન્વેસ્ટમેન્ટ કલ્ચર ફેલાવવામાં ગુજરાતીઓનો બહુ જ મોટો ફાળો રહ્યો છે. એ ખરું કે આ ફાળાના ઇતિહાસમાં ગુજરાતીઓની ગરિમા ઉપચંત કયાંક અમુક કિસ્સાની નામોશીભરી ઘટના પણ લખાયેલી છે, પરંતુ ગુજરાતીઓની સાહસિકતાએ સંપત્તિ સર્જનનો માર્ગ સમગ્ર દેશને બતાવ્યો છે. જેનું મહત્ત્વ અગાઉનાં વર્ષોની તુલનાએ આજે વિશેષ રીતે વધી ગયું છે. યાદ રહે, આ સંપત્તિ સર્જન માત્ર વ્યક્તિ માટે જ નહીં, સમગ્ર ઉદ્યોગ જગત અને અર્થતંત્ર માટે પણ છે. અહીં કેવળ પૈસા કમાવાની સંકુચિત મનોવૃત્તિથી જોવાને બદલે આર્થિક વિકાસ અને સ્વ-નિર્ભરતા તેમ જ સમૃદ્ધિની દૃષ્ટિએ પણ જોવું જોઈએ. શૅરબજારની સંખ્યા ભલે ઘટી ગઈ છે ,કિંતુ હવેનાં શૅરબજારો ટેકનૉલૉજીથી સજ્જ અને સભર છે, તેથી વ્યાપક અને વધુ સક્ષમ હોવા ઉપરાંત પારદર્શક છે.

એશિયાના સૌથી જૂના સ્ટૉક એક્સચેંજ તરીકે બૉમ્બે સ્ટૉક એક્સચેંજની સ્થાપના આશરે ૧૪૦ વર્ષ પહેલાં થઈ હતી અને વડના વૃક્ષની નીચે સોદા કરતા કેટલાક દલાલોએ નેગેટિવ શૅર ઍન્ડ સ્ટૉક બ્રૉકર્સની સ્થાપના કરી એશિયાના સૌથી જૂના શૅરબજારનાં બીજ રોપ્યાં હતાં, જે આજે ૨૮ માળના ફિરોઝ જીજીભોય ટાવરના નામે એક આગવી અને આધુનિક ઇમારત તરીકે મુંબઈ સહિત ભારતની શાન બનીને ઊભી છે. આ ફિરોઝ જીજીભોય પારસી-ગુજરાતી હતાં. આ ઉપરાંત અને આ પહેલાં પણ મુંબઈ શૅરબજારના વિકાસમાં ફાળો આપનાર ગુજરાતીઓની યાદી લાંબી છે. તેમ છતાં સૌપ્રથમ બિગબુલ પ્રેમચંદ રોયચંદના નામથી શરૂ કરીએ તો આજ દિન સુધી અને હાલ પણ એક યા બીજી ભૂમિકામાં અનેક ગુજરાતીઓ અને પારસીઓ છે, જેમણે શૅરબજારના વિકાસમાં જીવન સમર્પિત કરી દીધું છે અથવા હજી પણ સક્રિય ભૂમિકા ભજવી રહ્યા છે. બીએસઈમાં આજે પણ જેમનું નામ સન્માનથી લેવાય છે અને જેમની પ્રતિમા આ ટાવરમાં ૨૫મા માળે મુકાઈ છે એ શ્રી કે. પી. આર. શ્રોફનો ફાળો પણ શૅરબજારના ઇતિહાસમાં સુવર્ણ અક્ષરે લખાયેલો છે.

શૅરબજાર, ઈક્વિટી કલ્ટ અને આમલોકોને શૅરમાં રસ લેતા કરવાની વાત આવે ત્યારે દંતકથા સમાન ઉધોગ સાહસિક ધીરુભાઈ અંબાણીનું નામ મોખરે રહે છે. ૧૯૭૦ના સમયગાળામાં જ્યારે સામાન્ય માનવી શૅરબજાર વિશે ભાગ્યે જ વિચાર પણ કરતો હશે ત્યારે ધીરુભાઇની કંપની રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝે પહેલો પબ્લિક ઈસ્યૂ લાવીને ભારતીય મૂડીબજારના ઇતિહાસમાં એક નવા જ પ્રકરણ સાથે પ્રવેશ કર્યો હતો, જેના વિશે અઢળક લખાયું છે, ચર્ચાયું છે. આ ગુજરાતી માણસની તો આખા જગતે પણ નોંધ લીધી છે.

શૅરબજાર અને ગુજરાતીઓના અતૂટ સંબંધમાં ભલે કયાંક બદનામ ગણો તોય હર્ષદ મહેતા અને કેતન પારેખ પણ કયારેય ભુલાશે નહીં, તેમણે કમ સે કમ લોકોને એ ભાન અને જ્ઞાન જરૂર કરાવ્યું કે શૅરબજારમાં સંપત્તિ સર્જન કઈ રીતે થઈ શકે છે. ડૉન્ટ વરી, બુદ્ધિજીવીઓ ચિંતા નહીં કરતા, અહીં તેમને કોઈ પોકળ બચાવ કરવાનો કે ગેરવાજબી પ્રશંસા કરવાનો હેતુ નથી, પરંતુ જે માણસોને લીધે વિશાળ રોકાણકાર વર્ગમાં જાગૃતિ આવે, સરકાર શૅરબજારમાં સુધારો લાવી સિસ્ટમને વધુ મજબૂત બનાવે અને તેને પગલે શૅરબજાર વધુ શિસ્તબદ્ધ બને ત્યારે ઇતિહાસ તેમની પણ નોંધ લે છે.

શૅરબજારના વિકાસ માટે સદા અડીખમ રહેનાર શ્રી એચ. ટી. પારેખનો ફાળો સાવ જ નોખો અને યાદગાર છે એમ રસપૂર્વક જણાવતાં એક જૂના શૅરદલાલ કહે છે, જ્યારે જીજીભોય ટાવર બની રહ્યું હતું ત્યારે એ સમયે નાણાં કટોકટી સર્જાઇ હતી અને નાણાંના અભાવે કામ અટકી ગયું હતું, એ વખતે દલાલોએ એ બંધાઈ રહેલા મકાનને વેચી દેવાની નોબત આવી પડી હતી અને એમ કરવાની તૈયારી થઈ રહી હતી ત્યારે હસમુખભાઈ પારેખે તેમને કહ્યું હતું કે તમે તમારી માને વેચી રહ્યા છો, આમ નહીં કરો અને નાણાસસ્થાનો સહયોગ મેળવો. એ સત્ય સર્વને સ્પર્શી ગયું અને આખરે નાણાસંસથાના સહયોગથી જીજીભોય ટાવર ઊભું થયું, જે આજે દલાલ સ્ટ્રીટની શાન છે. આ એ જ એચ. ટી. પારેખ જેમણે એચડીએફસીની સ્થાપના કરી લાખો લોકોના પોતાના ઘરના સપનાને સાકાર કર્યું છે. આ જ રીતે એક સમયના યુનિટ ટ્રસ્ટના ચૅરમૅન જી. એસ. પટેલે પણ શૅરબજારના રિફોર્મ્સ માટે અનેક સૂચનો અને ભલામણો કરીને સરકારને અને શૅર દલાલોને પણ જગાયા હતા, જેને લીધે બજારની સિસ્ટમમાં સંખ્યાબંધ સુધાર આકાર પામ્યા હતા. આ સાથે ડૉ. એસ. એ. (સુરેન્દ્ર અંબાલાલ) દવે પણ એક યાદગાર નામ છે, જેઓ પણ એક સમયે યુનિટ ટ્રસ્ટ ઑફ ઈન્ડિયાના અધ્યક્ષ હતા અને સેબીના સર્વપ્રથમ ચૅરમૅન પણ બન્યા હતા. મ્યુચ્યુઅલ ફંડના સુધારામાં પણ તેમનો ફાળો રહ્યો હતો. યુટીઆઈના વધુ એક અધ્યક્ષ તરીકે આર.એસ. ભટ્ટ પણ ગુજરાતી અને યાદગાર નામ હતું.

શૅરબજારમાં આજે કૉર્પોરેટ કલ્ચર આવ્યું છે. ગુજરાતીઓની પેઢીઓ પણ કૉર્પોરેટ કંપનીઓમાં ફેરવાઈ ગઈ છે. પ્રભુદાસ લીલાધર (હવે ડીએસપી મેરિલ લિન્ચ), હેમેન્દ્ર કોઠારીથી લઈ અનેક પેઢીઓ અને વ્યક્તિઓનાં નામોની યાદી બનાવીએ તો તેમાં મહેન્દ્ર કંપાણી, સુમતિ જમના, હરકિશન લક્ષ્મીદાસ, મનુ માણેક, મહેતા વકીલ, કે. મોતીરામ, ચંપકલાલ દેવીદાસ, નિમેષ કંપાણી, નિમેષ શાહ, વલ્લભ ભણશાલી, પ્રિયકાંત દલાલ, કિશનભાઈ ચોકસી, ભગીરથ મર્ચન્ટ, દિના અસિત. મહેતા વગેરે જેવાં અનેક નામો

એવાં છે જેમણે શૅરબજારના જૂના-નવા બંને સમયકાળ જોયા છે અને પરિવર્તનનાં તેઓ સાક્ષી રહ્યાં છે.

આજના નવા આધુનિક સમયમાં મોટા ભાગના દલાલોની પેઢીઓ કૉર્પોરેટ બની છે અને અનેક પ્રૉફેશનલ્સ આ બજારમાં પ્રવેશ્યા છે તેમ છતાં ગુજરાતીઓ બહુમતીમાં છે. શૅરમાં રોકાણ કે ખેલો કરવાથી માંડી પબ્લિક ઇસ્યૂઓ છલકાવી દેવામાં ગુજરાત અને ગુજરાતીઓ અવ્વલ છે. આમ તેઓ એક યા બીજા સ્વરૂપે અર્થતંત્રનાં ચાલકબળ રહ્યાં છે. શૅરબજારમાં રોકાણ કરનાર પ્રજા ભલે હજી માંડ એક-દોઢ ટકા જેટલી હોય, પણ શૅરબજારનો વિકાસ એ દેશના અર્થતંત્ર માટે આવશ્યક છે એ સત્ય પણ યાદ રાખવું જોઈએ.

અહીં એક રસપ્રદ વાત એ પણ નોંધવી જોઈએ કે મૂડીબજારના નિયમન તંત્ર સેબી-સિકયોરિટિઝ ઍન્ડ એક્સચેંજ બૉર્ડ ઑફ ઈન્ડિયાની સ્થાપના પહેલાના વર્ષોમાં પબ્લિક ઇસ્યૂઓના ક્લિયરન્સ માટે કન્ટ્રોલર ઑફ કૅપિટલ ઈયૂઝ-સીસીઆઈ હતું જેના વડા પણ એક ગુજરાતી હતા, પિયુષ માંકડ નામના આ અધિકારીએ પણ ભારતીય મૂડીબજારના વિકાસમાં ઉલ્લેખનીય ફાળો નોંધાવ્યો છે. શૅરબજારમાં ગુજરાતી મહિલા બ્રૉકર તરીકે દીનાબેન મહેતાનું નામ તો જાણીતું છે જ, પરંતુ આ દીનાબેન બીએસઈના ગવર્નિંગ બૉર્ડમાં ડિરેક્ટર અને પ્રમુખ તરીકે રહી ચૂકેલાં એકમાત્ર મહિલા છે. જ્યારે મુંબઈ શૅરબજારમાં એક્ઝિ કયુટિવ ડિરેકટરના હોદ્દા પર સ્થાન પામનાર એકમાત્ર ગુજરાતી તરીકે રજનીકાંત પટેલનું નામ પણ નોંધનીય છે, તેમના સમયકાળમાં આ શૅરબજાર તેનું સદીઓ જૂનું સ્વરૂપ બદલીને ડિમ્યુચ્યુલાઈઝ થઈ કૉર્પોરેટ સ્વરૂપ પામ્યું છે, જે હવે બીએસઈ લિમિટેડ તરીકે નવી ઓળખ ધરાવે છે. આ શૅરબજારના ચીફ ઑપરેટિંગ ઑફિસર-સીઓઓ તરીકે મહેશ સોનેજી પણ કામ કરી ગયા છે, જેઓ અગાઉ અમદાવાદ સ્ટૉક એક્સચેંજના એક્ઝિકયુટિવ ડિરેકટર તરીકે અને નેશનલ સ્ટૉક એક્સચેંજમાં પણ ઉચ્ચ હોદ્દા પર ફરજ બજાવી ચૂકયા છે. અમદાવાદની વાત સાથે અહીં એ નોંધવું જરૂરી છે કે સૌથી જૂના સ્ટૉક એક્સચેંજ તરીકે મુંબઈ બાદ અમદાવાદનું નામ આવે છે, એ દિવસ અને જાહોજલાલી આજે પણ જૂના જોગીઓને યાદ છે. મુંબઈ શૅરબજારમાં છેલ્લાં પાંચેક વરસથી સીઈઓ અને મૅનેજિંગ ડિરેકટર તરીકે કામ કરનાર આશિષકુમાર ચૌહાણ પણ એક ગુજરાતી નામ છે, જેમણે આ એક્સચેંજને નવી ઈમેજ-ગરિમા આપીને અનેક નવાં પગલાં ભરી નવી દિશા પણ આપી છે. તેમના જ વડપણ હેઠળ બીએસઈએ પબ્લિક ઇસ્યૂ પણ કર્યો હતો અને લિસ્ટિંગ પણ મેળવ્યું છે. આ ઉપરાંત તેમના વહીવટ હેઠળ આંતરરાષ્ટ્રિય એક્સચેંજ પણ ગિફ્ટ સિટીમાં કાર્યરત થયું અને ૨૦૧૮ના અંત ભાગમાં કૉમોડિટી ડેરિવેટિવ્ઝનું સેગમેન્ટ પણ સ્થપાયું. એક સમયે નેશનલ સ્ટૉક એક્સચેંજની સ્થાપનામાં પાયાની ભૂમિકા ભજવી હતી. શૅરબજારના વિકાસમાં ગુજરાતીઓના ફાળાની વાત એ માત્ર ભવ્ય ભૂતકાળની વાત નથી, પરંતુ આજની તારીખે અને આવતી કાલ માટે પણ ગુજરાતીઓ અહીં નવી ક્રાંતિ અર્થે સજ્જ થઈ રહ્યા છે.

પ્રકરણ ૬૬
જગતમાં મોટા ભાગના સંપત્તિવાન લોકો ઈક્વિટી માર્કેટને કારણે સંપત્તિવાન છે

આ બજારમાં સટ્ટો એ એક એવો પ્રયાસ છે, જે કદાચ તમારી નાની મૂડીને અઢળક સંપત્તિમાં રૂપાંતર કરવામાં નિષ્ફળ જાય છે, જ્યારે ઈન્વેસ્ટમેન્ટ એ એવો પ્રયાસ છે, જે તમારી સંપત્તિને નાની મૂડી બની જતાં રોકવામાં સફળ રહે છે.

આપણા દેશમાં જ્યારે પણ ચૂંટણી આવે ત્યારે રાજકીય વાતાવરણ સક્રિય બને છે અને તેની અસર બજાર, અર્થકારણ, ઈન્વેસ્ટમેન્ટ જગત પર પણ થાય છે. ગ્લોબલાઈઝેશનના સમયમાં સતત એક યા બીજા પરિવર્તન ચાલતાં રહે છે. આવા સંજોગોમાં રોકાણકારોએ શું કરવું અને શું ન કરવું તેની સમજ સાથે સંયમ રાખવો જરૂરી છે. આ સમયમાં વૉલેટિલિટી વધતી હોય છે, સેન્ટિમેન્ટ પણ બદલાયા કરે છે, પ્રવાહિતામાં વધઘટ થયા કરે છે. આવા સમયમાં તેજી આવે તો તેમાં વધુ પડતા તણાઈ જવું નહીં અને માર્કેટ તૂટે તો ગભરાઈ જવું નહીં. સ્ટૉક માર્કેટ કે ઈન્વેસ્ટમેન્ટ જગતના વ્યવહારોમાં આપણે કયાંક નફો તો કયાંક ખોટ કરતાં હોઈએ છીએ. કોઈ નિર્ણયમાં સ્માર્ટ રહ્યા હોઈએ તો વળી કોઈ નિર્ણયમાં ભૂલ પણ કરી હશે. જોકે આપણી ભૂલોમાંથી પણ આપણે ઘણી વાર શીખવાનું ટાળીએ છીએ અથવા ચૂકી જઈએ છીએ. બાકી, જો આપણે આપણા જ નિર્ણયોની સમયાંતરે સમીક્ષા કરતાં રહીએ અને તેમાંથી પણ બોધ મેળવવાનો પ્રયાસ કરીએ તો જીવનમાં કાયમ કામ આવે એવા અનુભવોનો ખજાનો જમાં થઈ શકે છે. વૈશ્વિક ઈન્વેસ્ટમેન્ટ ગુરુઓના અનુભવોને યાદ કરીને પણ આપણે કંઈક નવું શીખતાં રહેવું જોઈએ.

સલામતી અને વળતર

વર્તમાનમાં અને આગામી સમયમાં બૅન્કોની ફિક્સ્ડ ડિપોઝિટ, કૉર્પોરેટ | ડિપૉઝિટ, પીપીએફ, પોસ્ટ-ઑફિસ સહિત સરકારી લઘુ બચત યોજનાઓમાં મળતા વળતરને આધારે લાઈફ સ્ટાઈલને જાળવવાનું મુશ્કેલ બનતું રહેશે. આ સાધનો સલામતી આપશે, કિંતુ તેમના વળતર મોંઘવારીનો સામનો કરવા જરાય સક્ષમ નહી હોય. એક સમય હતો, જ્યારે જમીન-રીઅલ એસ્ટેટ, સોનામાં રોકાણ કરવાથી સારાં વળતર મળતાં હતાં, પણ આ સમય પણ હવે ભૂતકાળ બની ગયો છે. હવેનો સમય ફાઈનાન્સિયલ એસેટ્સનો છે, જેમાં ઈક્વિટી અને મ્યુચ્યુઅલ ફંડ આ બે માર્ગ ઉત્તમ છે. કારણકે આ માર્ગે સામાન્ય માનવી - બચતકાર પણ સંપત્તિ સર્જન કરી શકે છે.

વોરેન બફેટ શું કહે છે

શૅરબજારની વાત હોય ત્યાં ગ્લોબલ ઈન્વેસ્ટમેન્ટ ગુરુ વોરેન બફેટ તેની સાદી પણ સ્પષ્ટ ભાષામાં કહે છે કે જો તમારી દસ વરસ માટે શૅરો ધચવી રાખવાની ઇચ્છા ન હોય તો તમે એ દસ મિનિટ માટે પણ ન રાખો. માત્ર ને માત્ર રોકાણકારોને જ માફક આવે એવી આ વાતમાં લાંબા ગાળાના રોકાણને જ પ્રાધાન્ય આપવા પર ભાર છે. વળી બફેટ સાહેબ એવું પણ ઉમેરે છે કે તમારા શૅરોના ભાવો પચાસ ટકા તૂટી જાય ત્યારે તમે જરા પણ ગભરાટ કે ચિંતા વિના તેને જોઈ શકવાની તૈયારી રાખી શકતા હો તો જ

શૅરબજારમાં પ્રવેશ કરજો. બોલો, પહેલી નજરે બફેટ સાહેબની આ બે વાત સાંભળીને જ આપણા તો હોંશ ઉડી જાય ને! એક તો આટલા લાંબા સમય માટે રોકાણ કરવાનું અને તેના ભાવ પચાસ ટકા ઘટી જાય તો પણ તેને સ્વીકારવા તૈયાર રહેવાનું. જવા દો ભાઈ, શૅરબજારમાં પ્રવેશવું જ નથી એવો નિર્ણય કરવાનું દિલ થઈ જાય તો નવાઈ નહીં, પરંતુ દોસ્તો, આ શબ્દોને એઝ ઈટ ઈઝ પકડવાને બદલે તેના ભાવ અને અર્થને સમજશો તો શૅરબજારમાં રોકાણ કર્યા બાદ નિષ્ફળ થવાની સંભાવના નામશેષ થઈ શકે છે અને હા, રાતોરાત લખપતિ થઈ જવાના ભ્રમમાંથી પણ મુક્તિ મળી શકે છે.

ઇતિહાસ પાસેથી શીખો

ઇતિહાસ પાસેથી આપણે એટલું જ શીખીએ છીએ કે આપણે ઇતિહાસ પાસેથી કંઈ શીખતા નથી , બેન્જામિન ડીઝ રાઈલી નામના ઈન્વેસ્ટમેન્ટ ગુરુ આમ કહે છે ત્યારે આપણી ભૂલોમાંથી પણ નહીં શીખવાની મનોવૃત્તિ ખુલ્લી પડે છે. એટલે જ શૅરબજારમાં મહેતાઓ, પારેખો અને કહેવાતા પંડિતો, લેભાગુ પ્રમોટરો-ઑપરેટરો આવતા રહે છે અને રોકાણકારોને છેતરીને જતા રહે છે. કારણકે દર વખતે આપણે પ્રલોભનોમાં અથવા પેનિકમાં આવી પરંપરાગત ભૂલો કરતાં રહીએ છીએ.

શૅરબજાર એવું સ્થળ છે , શૅરબજાર આમ તો ઘણાં અને વિવિધ પરિબળોને આધારે ચાલે છે, કિંતુ તેમાં સૌથી સંવેદનશીલ પરિબળ સેન્ટિમેન્ટ મનાય છે. અર્થાત્ બજારનું માનસ અને વ્યક્તિગત સ્તરે ઈન્વેસ્ટરનું માનસ. જેને લીધે અનેકવાર એવું બને છે કે બજારમાં નાણાકીય સિદ્ધાંતો કરતાં સાઈકૉલૉજી આપણા નિર્ણયોને વધુ અસર કરે છે. આપણે બે મનોવૃત્તિનો સતત સામનો કરતાં રહીએ છીએ, એક પ્રલોભનવૃત્તિ અને બીજી ગભરાટમાં આવી જવાની મનોવૃત્તિ. આ બંને બાબતો આપણી સાઈકૉલૉજી આધારિત નિર્ણય લેવડાવે છે અને મોટે ભાગે તેમાં આપણે સહન કરવાનું આવે છે. આ સમયમાં વિવેક અને સંયમ આપણને સફળ થવામાં સહાય કરે છે.

શેરબજાર આમ તો ઘણા અને વિવિધ પરિબળોને આધારે ચાલે છે, કિંતુ તેમાં સૌથી સંવેદનશીલ પરિબળ સેન્ટીમેન્ટ મનાય છે. અર્થાત બજારનું માનસ અને વ્યકિતગત સ્તરે ઈનવેસ્ટરનું માનસ. જેને લીધે અનેકવાર એવું બને છે કે બજારમાં નાણાંકીય સિધ્ધાંતો કરતા સાઈકોલોજી આપણા નિર્ણયોને વધુ અસર કરે છે. આપણે બે મનોવૃતિનો સતત સામનો કરતા રહીએ છીએ, એક પ્રલોભનવૃતિ અને બીજી ગભરાટમાં આવી જવાની મનોવૃતિ . આ બંને બાબતો આપણી સાઈકોલોજી આધારિત નિર્ણય લેવડાવે છે અને મોટે ભાગે તેમાં આપણે સહન કરવાનું આવે છે. આ સમયમાં વિવેક અને સંયમ આપણને સફળ થવામાં સહાય કરે છે.

શૅરબજાર વિશે એક ગુરુ એમ પણ કહે છે કે જ્યારે લોકો લાલસામાં આવીને બજારમાં રોકાણ કરવા દોટ મૂકે ત્યારે આપણે સમજી જવાનું કે હાલ બજારમાંથી બહાર નીકળી જવાનો સમય આવી ગયો અને જ્યારે લોકો ગભરાટમાં આવીને બજારમાંથી બહાર નીકળવાનું શરૂ કરે ત્યારે આપણે સમજવાનું કે આપણે હવે બજારમાં પ્રવેશવું જોઈએ.

પૉર્ટફોલિયોની સમીક્ષા અને સફાઈ કરતાં રહો

શૅરબજારમાં લગભગ મોટા ભાગના રોકાણકારો તેજી દેખાય કે તેની વાતો ચાલે ત્યારે ખરીદી કરતાં રહી પોતાનો પૉર્ટફોલિયો આડેધડ મોટો કરતા જતા હોય છે. કયાંક વાંચ્યું, કોઈકે ટિપ્સ આપી, વગેરે કારણને નિમિત્ત બનાવી શૅરો લેતા જાય છે અને પછી

પૉર્ટફોલિયોમાં પચાસ જાતના જુદા જુદા શૅરો જમા થતા જાય છે. આવા શૅરોમાં કોઈક પ્રૉફિટ કરાવતા હોય, તો વળી કોઈક લૉસ કરાવતા શૅરો હોય, સરવાળે રોકાણકારભાઈ ત્યાંના ત્યાં જ રહી જાય છે. કમસે કમ વરસમાં એક વાર આવા શૅરોના ભાવની મુવમેન્ટ, કંપનીના ફંડામેન્ટલ્સ, ભાવિ વિકાસની સંભાવના ચકાસીને, કયા શૅર રાખવા, કયા કાઢી નાખવા તેનો નિર્ણય લેવાનો અભિગમ રાખવો જોઈએ. ભાવોની એવરેજ પણ અમુક જ શૅરો પૂરતી મર્યાદિત રાખવી જોઈએ. દરેક શૅરમાં ભાવ ઘટે ત્યારે એવરેજ કરવા દોડી ન જવાય. વરસના અમુક સમયે તેને રિવ્યુ કરી પ્રૉફિટ અથવા લૉસ, જે પણ હોય તેને બુક કરી લેવામાં સાર ગણાય.નવું વરસ આવું કરવાની યાદ અપાવે છે.

નવું વિચારો-નવી દૃષ્ટિ કેળવો

રોકાણ જગતને માત્ર એક પરંપરાગત દૃષ્ટિથી જોવાને બદલે નવી દૃષ્ટિએ જોવાનું શરૂ કરો. બજારમાં શૉર્ટ ટર્મ, મીડિયમ ટર્મ અને લૉંગ ટર્મની વ્યાખ્યા બદલાઈ રહી છે. ગ્લોબલ સંજોગો-પરિબળો વધુ અસર કરતાં થઈ ગયાં છે. વિદેશી રોકાણકારોનો ટ્રેન્ડ ઝડપી અસર કરે છે, બજારને ઝડપથી ઉપર-નીચે કરે છે. ગ્લોબલ સંજોગો બજારને વૉલેટાઈલ કરતા રહે છે, અનિશ્ચિતતા પણ વધારતા રહે છે. પરિણામે શૉર્ટ ટર્મ લૂહ લેવાનું કઠિન બનતું જાય છે. પરિણામે હવે માત્ર આપણા દેશની ઇકૉનૉમીનો અભ્યાસ-સમજ-અપડેટ કાફી નથી, બલકે ગ્લોબલ ઇકૉનૉમીની આપણી બજાર પર વધુ અસર થાય છે.

સ્ક્રિપ્સ તરફ પણ નવી દૃષ્ટિ કરો

શૅરબજારમાં કયારેક અમુક શૅરો ચાલે, તો કયારેક અમુક શૅરો જરાય ન ચાલે એવું બનતું જોવા મળે છે. કોઈ એક સમયે જે શૅર લગડી ગણાતો હતો, લોકો તેને વારસામાં આપવા રાખી મૂકતા, અત્યારે એ શૅર માટે પહેલાં જેવી લાગણી રહી ન હોય એવું બની શકે. એક સમયે જે શૅરો ખરીદીને લોકોની લાઈફ બની ગઈ હતી, લોકોનાં સપનાં પૂરાં થતાં હતાં એવા શૅરોમાં હવે ભાગ્યે જ કોઈ લાંબા ગાળાનો વિશ્વાસ રહ્યો હોય એમ બની શકે. એક સમયની બ્લુચિપ ગણાતી અનેક સ્ક્રિપ્સ હવે આઉટડેટેડ થઈ ગઈ હોય એમ બની શકે. કોઈ તો વળી લગડીને બદલે લંગડી થઈ ગઈ હોય. વાસ્તે, શૅરો પ્રત્યે પણ નવો દૃષ્ટિકોણ રાખો. નવી સ્ક્રિપ્સ બજારમાં છે, જે લગડી હોઈ શકે, બની શકે, અત્યારે કોલસો લાગે, કિંતુ આગળ જતાં હીરો બની શકે.

વિવિધ સેક્ટરમાં સારા શૅરો સિલેક્ટ કરો

તમને થઈ શકે કે આ સારા શૅરો શોધવા કયાં? તો જવાબ છે, પહેલાં સેક્ટર પર નજર કરો, ઇકૉનૉમીમાં કયા સેક્ટરની કામગીરી સારી-વિકાસલક્ષી રહી છે તે જુઓ. આ કોઈ રોકેટ સાયન્સ નથી, બલકે સરળતાથી મળતી માહિતી છે. માત્ર તમારે અભ્યાસ કરતાં રહેવું પડે. એક જ સેક્ટરમાંથી બધા શૅરો પસંદ કરો નહીં, પરંતુ જુદા જુદા સેક્ટરની વિવિધ સારી કામગીરીવાળી સ્ક્રિપ્સ સિલેક્ટ કરો અર્થાત્ સેક્ટર સ્પેસિફિક બનવાને બદલે સ્ક્રિપ સ્પેસિફિક બનો. આમ કરવા માટે શૅરબજારની સહિત વિવિધ સંબંધિત વેબસાઈટ પરથી માહિતી માર્ગદર્શન મળી જાય છે. ઈન શૉર્ટ, શૅરબજાર તો ચંચળ રહેશે, તમે શૅરોમાં રોકાણ કરો છો એ યાદ રાખો અને શૅર એટલે કંપનીમાં રોકાણ, તેના ભાવિમાં રોકાણ. વાસ્તે, આ બાબતે સિલેક્ટિવ બનીને આગળ વધશો તો મોટે ભાગે જોખમ ઓછું અને વળતર વધુ મળવાની આશા રાખી શકાશે.

વેલ ડાઈવર્સિફાઈડ રહો

માત્ર શૅરબજાર કે શૅરો જ નહીં, પરંતુ કોઈ પણ ઈન્વેસ્ટમેન્ટ કરતી વખતે તેના

ફંડામેન્ટલ્સને સૌથી વધુ પ્રાધાન્ય આપો. કંપનીના મૅનેજમેન્ટના ટ્રેક રેકર્ડને જાણી લો. શૅરબજારમાં સેન્સેક્સ કે નિફ્ટી જેવા ઈન્ડેકસને વધતા જોઈ તેજીમાં તણાઈ જવાને બદલે તમારી સ્ક્રિપ્સ પર ધ્યાન આપો. શૅરબજારની વધઘટ કે આંટીઘૂંટી ન સમજાય તો તેમાં સીધા પ્રવેશવાને બદલે મ્યુચ્યુઅલ ફંડની યોજનાઓનો માર્ગ અપનાવો. મ્યુ.ફંડની ઈક્વિટી સ્કીમ્સમાં પૂર્ણ ભરોસો ન બેસતો હોય તો તેના એસઆઈપી (સિસ્ટેમેટિક ઈન્વેસ્ટમેન્ટ પ્લાન) તથા ઈટીએફ (એક્સચેંજ ટ્રેડેડ ફંડ) જેવાં સાધનનો ઉપયોગ કરો. મહદંશે તેમાં નિષ્ફળતા મળવાની શકયતા ઓછી રહેશે. અલબત્ત, લાંબા ગાળાની તૈયારી અવશ્ય જોઈશે. શૅરોમાં જ નહીં, દરેક રોકાણ સાધનોમાં ડાઈવર્સિફિકેશનનો અભિગમ રાખો. અર્થાત્ બચત-રોકાણને શૅરો, મ્યુચ્યુઅલ ફંડસ, સોનું, રિઅલ્ટી, બૅન્ક એફડી, પીપીએફ જેવાં સરકારી સાધનો વગેરેમાં વહેંચી રાખો. ઇકૉનૉમીના વૈવિધ્યીકરણ માટે ગ્લોબલ ફંડ પણ પસંદ કરી શકો છો.

બિલ ગેટ્સનું કહેવું છે કે આપણે ગરીબ તરીકે જન્મ લઈએ એમાં આપણો વાંક નથી, પરંતુ આપણે ગરીબ તરીકે મરી જઈએ તો એ માટે આપણે જ જવાબદાર ગણાઈએ

પ્રકરણ ૬૭
શૅરબજારના શબ્દોની ટર્મિનૉલૉજી: વારંવાર વપરાતા આ શબ્દોના અર્થની સરળ સમજ

આલ્બર્ટ આઈન્સ્ટાઈન કહે છે, માનવજા-તની સૌથી મહાન શોધમાં કમ્પાઉન્ડિંગ ઈન્ટરેસ્ટ (વ્યાજ પર વ્યાજથી મૂલ્યવૃદ્ધિ) નો પણ સમાવેશ થાય છે.

શૅરબજારના વિષયમાં સમજવાનું સરળ બને એ માટે તેની કેટલીક મહત્વની ટર્મિનૉલૉજી પણ સમજવી જરૂરી છે. શૅરબજારના કામકાજને સરળતાથી સમજવા માટે તેના કામકાજમાં વપરાતા ચોક્કસ શબ્દોને સમજવા અત્યંત જરૂરી બને છે. અહીં આવા વિવિધ ઉપયોગી અને વારંવાર વપરાતા શબ્દોના અર્થ દાખલા સાથે સમજાવવાનો પ્રયાસ કરાયો છે. આ શબ્દો રોજબરોજના વ્યવહારોમાં, અખબારોનાં લખાણોમાં, એનાલિસ્ટોની સમજાવટ-છણાવટમાં અને બોલચાલની ભાષામાં પણ વપરાતા રહે છે.
એ

- **એલૉટમેન્ટ:** કંપનીઓનાં મૂડી ભરણાં (પબ્લિક ઈસ્યૂ)માં અરજી કરનારા રોકાણકારોને તેમની અરજી સામે શૅરોની કરતી ફાળવણીને એલૉટમેન્ટ કહેવામાં આવે છે.
- **આર્બિટ્રાજ:** એક બજારમાંથી ચોક્કસ શૅરોની નીચા ભાવે ખરીદી કરવી અને બીજી બજારમાં એ જ શૅરને જરા ઊંચા ભાવે વેચી દેવાની પ્રવૃત્તિને આર્બિટ્રાજ કહેવાય છે. દા.ત. બીએસઈ પર તમે એબીસી કંપનીના શૅર રૂ. ૪૫.૨૦ના ભાવે ખરીદો છો અને એનએસઈ પર એ જ વખતે તે શૅર રૂ. ૪૫.૩૦ના ભાવે વેચી દો છો. આમ શૅરદીઠ ૧૦ પૈસાનો ફરક તમને મળે છે. આ સોદા એક જ સમયે કરતા હોય છે અને તેમાં મોટી સંખ્યામાં શૅરોની લે-વેચ થતી હોય છે. શૅરદીઠ ૧૦ પૈસાનો ફરક ટોટાલિટીમાં મોટી રકમના લાભમાં રૂપાંતરિત થઈ જતો હોય છે. અગાઉના સમયમાં બે શૅરબજારો વચ્ચે એકસમાન સ્ક્રિપ્સના ભાવોમાં પણ ફરક રહેતો હતો, જેનું પ્રમાણ હવે ઘટી ગયું છે. અલબત્ત, આ ભાવ ફરક નજીવી રકમમાં હોય છે, તેમ છતાં સદા કરનારા મોટા વૉલ્યુમમાં આવા સદા કરતા હોવાથી તેમને ઊંચ લાભ મળી જતો હોય છે. આ પ્રવૃત્તિ કરનારને આર્બિટ્રાજર કહેવામાં આવે છે. ઘણી વાર એક જ કૉમોડિટી, કરન્સી કે સિક્યુરિટીના ત્રણ-ચાર એક્સચેન્જ પર પણ જુદા-જુદા નજીવા ફરક સાથે સોદા થતા હોય છે, જેમાં એક બજારમાંથી નીચા ભાવે ખરીદી કરી બીજા બજારમાં ઊંચા ભાવે વેચી દેવાની પ્રવૃત્તિ ચાલે છે. મહત્ત્વનું એ છે કે આ સોદા એક જ સમયે બન્ને બજાર પર કરી દેવામાં આવે છે, ઘણા બ્રૉકરો તો આ પ્રકારના કામકાજ માટે ખાસ સ્ટાફ રાખે છે. માત્ર બે બજારો જ નહીં, એક એક્સચેંજના બે સેગમેન્ટ (વિભાગ) વચ્ચે પણ આર્બિટ્રાજ થઈ શકે છે. જેમ કે કેશ માર્કેટ અને ડેરિવેટિવ્ઝ માર્કેટ.
- **આર્બિટ્રેશન:** આ શબ્દનો અર્થ આર્બિટ્રેજ કરતાં ખાસ્સો જુદો છે. આર્બિટ્રેશન એટલે લવાદ, બ્રૉકર અને બ્રૉકર વચ્ચે, બ્રૉકર અને ગ્રાહક વચ્ચે વિવાદ હોય ત્યારે ચોક્કસ તબક્કે વિવાદના ઉકેલ માટે લવાદ બેસાડવામાં આવે છે, જેને આર્બિટ્રેટર કહેવાય છે અને તેના ઉકેલની પ્રક્રિયાને આર્બિટ્રેશન પ્રોસેસ કહેવાય છે. શૅરબજારમાં વિવાદોના ઉકેલ માટેની ખાસ યંત્રણા તેના પેટા-નિયમો મુજબ કામ કરે છે. આ કિસ્સાઓમાં આર્બિટ્રેટરની નિમણૂક સ્ટૉક એક્સચેન્જના નિયમો અનુસાર થાય છે અને તેના ચુકાદાને બ્રૉકર કે ગ્રાહક પર લાગુ કરાય

છે.

- એકાઉન્ટિંગ યર: સાદો અર્થ છે હિસાબી વર્ષ. કંપનીના હિસાબી વર્ષ અગાઉ જુદાં જુદાં રહેતાં હતાં. હવે સૌ કંપની માટે હિસાબી વર્ષ એપ્રિલથી માર્ચ છે. આ હિસાબી વર્ષમાં કંપનીની આખા વર્ષની કામગીરી જાહેર થાય છે, જેથી રોકાણકારો અને શૅરધારકો કંપનીની આ કામગીરીની જાહેરાત માટે ઉત્સુક રહે છે, જે કંપનીની વર્તમાન જ નહીં, બલકે ભાવિ કામગીરીનો પણ નિર્દેશ આપે છે.
- એવરેજ રિટર્નઃ સરેરાશ વળતર એ તેનો સાદો અર્થ છે. કોઈ પણ રોકાણ પર મળતા વળતરની ગણતરી વાર્ષિક, છ માસિક કે દૈનિક પણ થતી હોય છે, પરંતુ આ સાથે એ વળતરની રકમને જેટલા દિવસ રોકાણ ધરાવવામાં આવ્યું હોય તેટલા દિવસથી તેના ભાગાકાર કરીને તેનું સરેરાશ વળતર જાણી શકાય છે. આ જ રીતે પાંચ વર્ષમાં કોઈ રોકાણે જુદાં-જુદાં વર્ષમાં જુદું જુદું વળતર આપ્યું હોય ત્યારે તેના કુલ પાંચ વર્ષનાં વળતરનો પાંચ વડે ભાગાકાર કર્યા બાદ જે વળતર મળે છે તે વાર્ષિક સરેરાશ વળતર કહેવાય છે. લાંબા ગાળાના રોકાણકારોએ આની ખાસ નોંધ લેવી જોઈએ કે તેમનું રોકાણ સરેરાશ કેટલું વળતર આપે છે, કેમ કે ઘણી વાર પાંચ વર્ષમાં રોકાણે એકાદ વર્ષ નેગેટિવ રિટર્ન પણ આપ્યું હોય, તેમ છતાં તેનું સરેરાશ વળતર સારું હોઈ શકે.
- એક્વાયર: કોઈ કંપની બીજી કંપનીને હસ્તગત કરે અથવા તેના શૅર હસ્તગત કરે તેને એક્વાયર કહેવાય છે. કંપનીની એસેટને ખરીદવાની બાબતને પણ એક્વાયર ગણવામાં આવે છે. બીજાની માલિકીની વસ્તુનું અધિગ્રહણ કરવું એટલે એક્વાયર કરવું. રોકાણકારે આ બાબત પર ધ્યાન આપવું જોઈએ, કેમ કે કોઈ નબળી કંપનીની માલિકી કે શૅર મજબૂત કંપની ખરીદે ત્યારે એ નબળી કંપનીના શૅરધારકો માટે સારી આશા જગાવે છે.
- એવરેજિંગ: શૅરબજારમાં સોદા કરનારા માટે એવરેજિંગનું અનેરું મહત્ત્વ છે. સાદા શબ્દોમાં તેને સરેરાશ કરવું કહેવામાં આવે છે. આ પ્રક્રિયા સતત ચાલતી હોય છે. જ્યારે તમે કોઈ શૅર ચોક્કસ ભાવે (ધારો કે રૂ. ૫૦માં) ખરીદો અને એના ભાવ પછીથી ઘટીને રૂ. ૪૦ થઈ જાય ત્યારે તમને શૅરદીઠ રૂ. ૧૦ની ખોટ દેખાય છે, પરંતુ જો તમે એ શૅરો વેચવા માગતા નથી, બલકે તમને આ શૅર જાળવી રાખવા છે તો તમે ઘટેલા ભાવે આ શૅરો ફરી ખરીદો તો તમારો ખરીદભાવ શૅરદીઠ નીચે આવી જશે, જેને એવરેજિંગ કર્યું કહેવામાં આવે છે. મધ્યમ કે લૉંગ ટર્મ ઈન્વેસ્ટરો આ માર્ગ અપનાવતા હોય છે, આમ કરીને તમે કૉસ્ટ નીચે લાવો છો અને ભવિષ્યમાં પ્રૉફિટ વધારી શકો છો.

બી

- બેસ્ટ બાય: શૅર પોતે અથવા તો તે શૅરનો ભાવ ખરીદવા માટે ઉત્તમ ગણાય તેને ‘બેસ્ટ બાય’ કહે છે. જે-તે કંપની ઉત્તમ છે અથવા હાલ તેનો ભાવ જે સ્તરે છે ત્યાંથી તેના વધવાની સંભાવના શ્રેષ્ઠ છે એવી ગણતરી સાથે આવી સ્ક્રિપ કે શૅરને ‘બેસ્ટ બાય’ તરીકે ગણાવવામાં આવે છે. ઘણીવાર એનેલિસ્ટો પ્રવર્તમાન સ્થિતિને આધારે પણ કોઈ શૅરને બેસ્ટ બાય કહે છે ત્યારે એ વખતે કંપનીના શૅરનો ભાવ વધી શકવાની શક્યતા ઊંચી હોય છે.
- બ્લચીપ: શૅરબજારમાં શ્રેષ્ઠ-મજબૂત કંપનીઓ માટે આ શબ્દ વપરાય છે. કોઈ કંપની બ્લુચિપ છે એવું કહેવાય ત્યારે રોકાણકારો સમજી લે છે કે એ લગડી છે. આવી કંપનીઓ સામાન્યપણે ફંડામેન્ટલ્સની દૃષ્ટિ લોકપ્રિય હોય છે અને તેના પર બધાની નજર હોય છે. તેના શૅરોની ધૂમ લે-વેચ થતી હોય છે તેથી તેના ભાવોમાં થતી વધઘટ પણ આકર્ષણનું કેન્દ્ર બની રહે છે.
- બુક વેલ્યુ: કંપનીની બૅલેન્સ શિટમાં દર્શાવાયેલી એસેટની કિંમતને બુક વેલ્યુ કહે છે. તેની ગણતરી માટે એસેટનો ખર્ચમાંથી ઘસારો બાદ કરવો જરૂરી છે.

કિંતુ શૅરની બુક વેલ્યુ માટે નીચે મુજબની ફોર્મ્યુલા લાગુ પડે છે: બુક વેલ્યુ પર શૅરનો (ગુણાકાર) ઈક્વિટી શૅરોની કિંમત ઈસ્યૂ થયેલા શૅરો કંપનીનો શૅર અંડરવેલ્યુ છે કે કેમ એ જાણવા માટે શૅરદીઠ બુક વેલ્યુની ગણતરી મહત્ત્વનું પરિબળ સાબિત થાય છે. જોકે તેને વ્યાપક પરિપ્રેક્ષ્યમાં લઈ શકાય નહીં, કારણકે તેનાથી કંપનીનું મર્યાદિત ચિત્ર જોવા મળે છે. આ બુક વેલ્યુ કંપનીની વર્તમાન પરિસ્થિતિને ધ્યાનમાં લે છે, પણ તેમાં કંપનીની ભાવિ સંભાવનાને સમાવાઈ હોતી નથી. દા. ત. એક કંપનીના શૅરનો ભાવ હાલમાં રૂ. ૫૦ બોલાય છે અને તેની બુક વેલ્યુ રૂ. ૭૦ છે, તો શૅર અંડરવેલ્યુ ગણાય, પરંતુ ઘણી વાર શૅરના ભાવમાં તેની ભાવિ સંભાવનાનો સમાવેશ ન થયો હોવાથી ઘણાને તે શૅર અંડરવેલ્યુ હોવાનો ખ્યાલ આવતો નથી.

- બાય બેક (કંપની દ્વારા પોતાના શૅરની પુનઃ ખરીદી): કંપની દ્વારા બજારમાં ફરતા પોતાના જ શૅરોને પુનઃ ખરીદી લેવાની બાબતને બાય બેક કહેવામાં આવે છે, જેનાથી કંપનીની ફરતી શૅરમૂડીમાં ઘટાડો થાય છે. કંપની દ્વારા આમ કરવાથી તેના શૅરનો પુરવઠો બજારમાં ઘટે છે, જેને લીધે તેનો ભાવ વધી શકે છે. આ શૅરો અન્ય કોઈ પાર્ટી ખરીદી લઈ પોતાનો હિસ્સો કંપનીમાં વધારવાની પેરવી કરતું હોય તો તેની સામે કંપની બાય બેકનું પગલું ભરે છે.
- બબલ: છેલ્લાં અમુક વર્ષથી આ શબ્દ વિશ્વભરમાં ચર્ચામાં રહ્યો છે. શૅરબજારમાં કોઈ પણ પ્રકરણ બહુ ચગે ને પછી ફૂટે ત્યારે બબલ બર્સ્ટ થયો એમ કહેવાય છે. બબલ એટલે ફુગ્ગો અને બબલ બર્સ્ટ એટલે ફુગ્ગો ફૂટી જવો. કોઈ પણ શૅરના ભાવનો ફુગ્ગો વધુપડતી ફુલાવવામાં આવે ત્યારે એક હદની બહાર જતાં તે ફાટી જતો હોય છે. આમ બજારમાં તેજીનો ફુગ્ગો જ્યારે ફાટી જાય છે ત્યારે બબલ બર્સ્ટ થયો ગણાય છે. વૈશ્વિક પરિપ્રેક્ષ્યમાં આ શબ્દ વધુ પ્રચલિત છે.
- બૉટમ ફિશિંગઃ : બૉટમ એટલે તળિયું અને ફિશિંગ એટલે માછલી પકડવાની પ્રવૃત્તિ. આમ જોવા જોઈએ તો આપણને થાય કે શૅરબજારમાં વળી માછલીઓ કે ફિશિંગ ક્યાંથી આવી ગયાં? પરંતુ અહીં બૉટમ ફિશિંગનો અર્થ રોકાણકારો માટે એ છે કે શૅરનો ભાવ જ્યારે નીચી સપાટીએ હોય અને એ સ્તરે તમે તેની ખરીદી કર્યા બાદ એ શૅરનો ભાવ નીચે ન ઊતરે તો તમે બૉટમ ફિશિંગ કર્યું કહેવાય. આ પ્રવૃત્તિમાં સૌને રસ હોય છે અને સ્માર્ટ ઈનવેસ્ટરો આવી બૉટમ ફિશિંગ માટેની સ્ક્રિપ્સ ઊંઘતા રહેતા હોય છે.

પ્રકરણ ૬૮

શૅરબજાર એવું સ્થળ છે, જે ખૂબ જ અધીરા લોકોનાં નાણાં ખૂબ જ ધીરજવાન લોકોને ટ્રાન્સફર કરી આપે છે : વૉરેન બફેટ

સી

- કોન્ટ્રેક્ટ નોટ: શૅરબજારમાં સોદા કરતી વખતે કૉન્ટ્રેક્ટ નોટનું ખૂબ જ મહત્ત્વ હોય છે. તમે જે બ્રૉકર મારફત શૅરોની લે-વેચ કરો છો તેની દર વખતે કૉન્ટ્રેક્ટ નોટ બનવી જોઈએ અને તે તમને મળવી પણ જોઈએ. તમારા શૅરના સોદા કયા ભાવે કેટલા વાગ્યે થયા તેની જાણકારી સહિત તે સોદા પર કેટલી દલાલી, સિક્યોરિટીઝ ટ્રાન્ઝેક્શન ટૅક્સ (એસટીટી), સર્વિસ ટૅક્સ (જીએસટી). લાગ્યો એ પણ તેમાં જણાવાયેલું હોય છે. તમને બ્રૉકરે સોદાના ૨૪ કલાકની અંદર આ કૉન્ટ્રેક્ટ નોટ પહોંચાડવાની હોય છે, આ કૉન્ટ્રેક્ટ નોટ તમને મળવી જરૂરી છે એ ખાસ યાદ રાખવું, કારણકે આ તમારા સોદાનો દસ્તાવેજી અને સત્તાવાર પુરાવો છે. જો કોઈ કારણસર તમારો બ્રૉકર નાદાર થઈ જાય અને તમારા સોદાના શૅર કે નાણાં તમારે તેની પાસેથી લેવાનાં નીકળતાં હોય તો આ કૉન્ટ્રેક્ટ નોટના આધારે જ તમે તમારો દાવ નોંધાવી શકો છો. બ્રૉકર નાદાર થવાના કિસ્સામાં એક્સચેન્જ તમારો દાવો આ કૉન્ટ્રેક્ટ નોટના આધારે માન્ય રાખશે, જેમાં તમને એક્સચેન્જ તરફથી રૂ. ૧૫ લાખ સુધીનું રક્ષણ મળે છે. આનો અર્થ એ કે તમારે બ્રૉકર પાસેથી કોઈ રકમ લેવાની નીકળતી હોય તો એક્સચેન્જ તમને રૂ. ૧૫ લાખ સુધીની રકમ ઈન્વેસ્ટર પ્રૉટેક્શન ફંડમાંથી ફાળવશે. આવી સ્થિતિમાં કૉન્ટ્રેક્ટ નોટ જ એક એવો દસ્તાવેજ છે, જે તમારા દાવાનો આધાર બને છે. આ ન હોય તો તમારો દાવો વેલિડ બની શકે નહીં. તેથી બ્રૉકર સાથે વ્યવહાર કરતી વખતે કૉન્ટ્રેક્ટ નોટનો આગ્રહ રાખો. તેની ઉપેક્ષા ન કરો. આ કૉન્ટ્રેક્ટ નોટને જાળવી રાખવી પણ જરૂરી છે. બ્રૉકર સાથે કોઈ પણ પ્રકારના વિવાદ થાય ત્યારે પણ આ કૉન્ટ્રેક્ટ નોટ જ મહત્ત્વનો દસ્તાવેજ બની શકે છે. યાદ રહે, કૉન્ટ્રેક્ટ નોટ પર બ્રૉકરનો સેબી રજિસ્ટ્રેશન નંબર હોવો પણ આવશ્યક છે.
- કૉર્પોરેટ એશનઃ : કંપની દ્વારા જ્યારે પણ શૅરધારકો માટે કે બજાર સંબંધિત પગલાં લેવામાં આવે તેને કૉર્પોરેટ એક્શન કહેવામાં આવે છે. દા. ત. ડિવિડંડ / વ્યાજની ચુકવણી, રાઈટ / બોનસ ઈસ્યૂ, મર્જર / ડિમર્જર, બાયબેક, ઑપન ઑફર વગેરે જેવી બાબતો કૉર્પોરેટ ઍક્શનમાં સ્થાન પામે છે
- કરેક્શન: શૅરબજારના રોજિંદ રિપોર્ટમાં આ શબ્દ છાશવારે વાંચવા મળે છે. બજાર ખૂબ વધી ગયું હોય અને એની ચોક્કસ ઊંચાઈ બાદ તેજીના ટ્રેન્ડ વચ્ચે જ ઘટાડો નોંધાય ત્યારે બજારમાં કરેકશન આવ્યું એમ કહેવાય છે. શૅરબજાર તેજીની ચાલ ચાલતું હોય ત્યારે વચ્ચે વચ્ચે કરેક્શનની એટલે કે ઘટાડો આવે તેને તંદુરસ્તીની નિશાની માનવામાં આવે છે. સતત એકતરફી વધતું રહેતું બજાર આગળ જતાં જોખમી બની શકે છે અને અચાનક મોટો કડાકો સર્જી નાખે છે.
- કોર્નરિંગ: કોઈ શૅર સતત કોઈ ચોક્કસ વ્યક્તિ-જૂથ ખરીદીને જમા કરતો હોય ત્યારે તેને એ શૅરનું કૉર્નરિંગ થઈ રહ્યું હોવાનું કહેવાય છે. કૉર્નરિંગ થવાનાં વિભિન્ન કારણો હોઈ શકે, પરંતુ અમુક વર્ગને તેમાં વિશેષ રસ છે એવું તેના પરથી ચોક્કસ ફલિત થાય.
- સર્કિટ બ્રેકર: સર્કિટ ફિલ્ટર સ્ક્રિપને લાગુ થાય છે, પરંતુ બજારના ઈન્ડેક્સને

સર્કિટ બ્રેકર લાગુ પડે છે. ઈન્ડેક્સ દિવસ દરમિયાન કેટલા પૉઈન્ટ કે ટકા વધી અથવા ઘટી શકે તેની મર્યાદા નિયત કરતી હોય છે. તમે અગાઉના કિસ્સાઓમાં જોયું હશે કે માર્કેટ એટલે કે સેન્સેક્સ - નિફટી અમુક ટકા તૂટી (ઘટી) જતાં બજાર અમુક કલાક બંધ કરી દેવાની ફરજ પડી હતી. આને ઈન્ડેક્સની સક્રિટ બ્રેકર કહેવામાં આવે છે. એક જ દિવસમાં બજાર અમુક હદથી વધુ વધે કે ઘટે નહીં અથવા બજારના ખેલાડીઓ – ઑપરેટરો તેને આડેધડ પ્રમાણમાં ઉપર-નીચે ન કરાવી શકે એ માટે એક્સચેન્જ આવી સર્કિટ બ્રેકરની મર્યાદા બાંધી રાખે છે, જેમાં સમય - સંજોગ પ્રમાણે ફેરફાર થાય છે.

- સક્રિટ ફિલ્ટર: કોઈ પણ સ્ક્રિપનો ભાવ એક જ દિવસમાં આડેધડ વધી કે ઘટી ન જાય અથવા કોઈ ઑપરેટર-ખેલાડી આમ કરી ન શકે એ માટે સ્ટૉક એક્સચેન્જ દરેક સ્ક્રિપની ચંચળતાને અંકુશમાં રાખવા સર્કિટ ફિલ્ટર જેવી યંત્રણા ધરાવે છે. શૅરોના ભાવો સાથે કોઈ બિનઅંકુશિત ચેડાં ન કરી શકે એ હેતુથી શૅરબજારના સત્તાવાળા વિવિધ સર્કિટ ફિલ્ટર નિયત કરે છે, જે બે ટકાથી ૨૦ ટકાની રેન્જમાં હોય છે, એટલે કે સ્ક્રિપ્સ વધુપડતી ચંચળ હોય તેને અંકુશમાં રાખવા ઓછી ટકાવારી અને ઓછી ચંચળ સ્ક્રિપ્સ માટે વધુ ટકાવારીના સર્કિટ ફિલ્ટર લાગુ કરાય છે. તેમાં સમય-સંજોગ અનુસાર એક્સચેન્જ ફેરફાર પણ કરતું રહે છે. દા.ત. એબીસી કંપનીને પાંચ ટકાની સર્કિટ લાગુ કરાઈ હોય તો એ શૅરમાં એક જ દિવસમાં પાંચ ટકાથી વધુ વધઘટ થઈ શકતી નથી. આમ તે સ્ક્રિપનો ભાવ પાંચ ટકા વધી જાય તો તેને ઉપલી સર્કિટ લાગી કહેવાય છે અને પાંચ ટકા ઘટી જાય તો નીચલી સર્કિટ લાગી ગણાય છે. બીજે દિવસે તે સ્ક્રિપને ફરી પાંચ ટકાની લિમિટમાં વધઘટનો અવકાશ રહે છે, પરંતુ એક વાર સર્કિટ લાગુ થયા બાદ તે દિવસ પૂરતા સર્કિટ મર્યાદાની બહારના ભાવે વધુ સોદા થઈ શકતા નથી. ઊપલી સર્કિટ એ સ્ક્રિપમાં તેજીનો અને નીચલી સર્કિટ મંદીનો નિર્દેશ કરે છે. રોકાણકારો કહે – કઈ સ્ક્રિપ્સમાં કેવી સર્કિટ લાગે છે તેને ધ્યાનમાં રાખીને જે - તે સ્ક્રિપ વિશે અનુમાન બાંધી શકે છે.
- સર્ક્યુલર ટ્રેડિંગ: શૅરબજારમાં અમુક લેભાગુ તત્ત્વો કે સટોડિયા કે ઑપરેટરો ચોક્કસ શૅરોના ભાવો ઉપર કે નીચે ખેંચવા એક ગ્રૂપ બનાવે છે અને અંદરોઅંદર એ શૅરની લે-વેચ કર્યે રાખે છે. પહેલેથી પરસ્પર થઈ ગયેલી સમજૂતી પ્રમાણે આ ગ્રૂપના અમુક સભ્યો તે શૅર ખરીદે છે, બીજા વેચે છે. આમ શૅરો વાસ્તવમાં અંદરોઅંદર ફરતા રહે છે. તેને સર્ક્યુલર ટ્રેડિંગ કહે છે. આ રીતે ઑપરેટરો જે - તે શૅરના ભાવોને પોતાની ઇચ્છિત દિશામાં ખેંચી જઈ વિશાળ રોકાણકાર વર્ગને તેના તરફ આકર્ષે છે. સામાન્ય રોકાણકારો માટે આ રમતને સમજવાનું કે જાણવાનું અઘરું બની જતું હોય છે, પરંતુ સતત અનુભવ અને નિરીક્ષણ બાદ જાણકારી તે પકડી શકે છે અને આ જાળમાંથી પોતાને મુક્ત રાખી શકે છે. એક્સચેન્જ આવા કિસ્સા ધ્યાનમાં આવતાં તેની સામે જરૂરી કાર્યવાહી પણ કરે છે. એક્સચેન્જનો સર્વેલન્સ વિભાગ આવી પ્રવૃત્તિઓ પર સતત નજર રાખતો હોય છે અને રોકાણકારોના હિતની રક્ષા માટે આવી પ્રવૃત્તિ સામે પગલાં પણ લે છે. તેજી દરમિયાન રોકાણકારોને લલચાવવા - આકર્ષવા ઑપરેટરો સર્ક્યુલર ટ્રેડિંગની રમતમાં સક્રિય બની જાય છે.
- કરન્સી ફ્યુચર્સ: કરન્સીના વાયદાના સોદાને કરન્સી ફ્યુચર્સ કહે છે. છેલ્લાં અમુક વર્ષથી આપણા દેશમાં કરન્સી ટ્રેડિંગ એક્સચેન્જના પ્લેટફૉર્મ પર શરૂ થયું છે, જેમાં હાલ રૂપિયા સામે ડૉલર, યુરો, યેન અને પાઉન્ડ જેવી કરન્સીના સોદા થાય છે. શૅર કે ઈન્ડેક્સ ફ્યુચર્સની જેમ અહીં કરન્સીમાં દર ફરકના સોદા થાય છે. વૈશ્વિકીકરણના સંદર્ભમાં અને વધતા જતા આંતરરાષ્ટ્રીય વેપારને ધ્યાનમાં રાખતાં વિવિધ દેશોની કરન્સીમાં ફ્યુચર્સના સદા કરી ભાવફરકનું હેજિંગ (રિસ્ક કન્ટ્રોલ) કરવું મહત્ત્વનું બન્યું છે. ભવિષ્યમાં આમાં ઑપ્શન ટ્રેડિંગ પણ થઈ શકશે. વિશ્વભરમાં સૌથી મોટી માર્કેટ કરન્સીની ગણાય છે.

આમાં નાના ઈન્વેસ્ટરો પણ સમજીને ભાગ લેતા થયા છે.

- કમ્પાઉન્ડિંગ: આ શબ્દ ચમત્કારિક છે. ફાઈનાન્શિયલ માર્કેટમાં કમ્પાઉન્ડિંગને વિશ્વની આઠમી અજાયબી પણ કહેવામાં આવે છે. આ શબ્દ સંપત્તિનું સર્જન કરનારો છે. અર્થાત્ જ્યારે આપણા ઈન્વેસ્ટમેન્ટ પર વળતર સતત જમા થતું જાય છે ત્યારે એ વળતર પર વળતર અને તેના પર વળતર એમ ચક્રવૃદ્ધિ થયા કરે છે, જેને માર્કેટની ભાષામાં કમ્પાઉન્ડિંગ અને મેજિક ઑફ કમ્પાઉન્ડિંગ કહે છે. બીજા સરળ શબ્દોમાં કહીએ તો વ્યાજ પર વ્યાજ જમા થતું રહે છે. ધારો કે તમને રૂ. ૧ લાખની રકમ પર ચોક્કસ સમયે રૂ. ૧૦,૦૦૦નું વ્યાજ જમા થયું એ પછી રૂ. ૧.૧૦ લાખ પર વ્યાજ રૂ. ૧૧,૦૦૦ અને ત્યાર બાદ રૂ. ૧.૨૧ લાખની રકમ પર રૂ. ૧૨,૧૦૦નું વ્યાજ જમા થશે. આમ વ્યાજ પર વ્યાજનું કમ્પાઉન્ડિંગ મેજિક ચાલુ રહે ત્યારે લાંબે ગાળે મોટી વૃદ્ધિ સંભવિત બને છે.

ડી

- ડિલિસ્ટિંગ: આઈપીઓ (પબ્લિક ઈસ્યુ) બાદ જેમ શૅરનું શૅરબજાર પર લિસ્ટિંગ થાય છે, તેમ ઘણી વાર કંપનીના શૅરને શૅરબજારમાંથી ડિલિસ્ટ કરાય છે. અર્થાત્ શૅરબજારની યાદી પરથી એ શૅરને દૂર કરી દેવાય છે. શૅર ડિલિસ્ટ થાય તો એના સોદા શૅરબજાર પર ન થઈ શકે. આમ ડિલિસ્ટિંગ એ શૅરધારકો-રોકાણકારોનાં હિતમાં નથી. જોકે ડિલિસ્ટિંગ જુદાં-જુદાં કારણોસર થાય છે. એક કંપની શૅરબજારના લિસ્ટિંગ કરારનું પાલન ન કરે ત્યારે અને લિસ્ટિંગ ફી ન ભરે ત્યારે એક્સચેન્જ તેના શૅરને પ્રથમ સસ્પેન્ડ કરે છે. એ પછી પણ જો કંપની નિર્ધારિત સમયની અંદર લિસ્ટિંગ કરાર હેઠળ પોતાની ફરજ પૂરી ન કરે તો આખરે એક્સચેન્જ તેને ડિલિસ્ટ કરવાની નોટિસ આપે છે. તે પછીય કંપની પ્રતિભાવ ન આપે તો એક્સચેન્જ નાછૂટકે તેના શૅરને યાદી પરથી દૂર (ડિલિસ્ટ) કરે છે. આમ આ ડિલિસ્ટિંગ એક સજારૂપ કે ઍક્શનરૂપ પગલું છે, જેનો ભોગ તેના શૅરધારકો પણ બને છે, કારણકે ત્યાર બાદ એ શૅરના સોદા ન થઈ શકતાં એની પ્રવાહિતા શૂન્ય થઈ જાય છે. જોકે ઘણી વાર કંપનીઓ સ્વયં પોતાના શૅરનું ડિલિસ્ટિંગ પણ કરાવે છે. આમ કરતી વખતે જે-તે કંપનીએ સેબીની ડિલિસ્ટિંગની માર્ગરેખાનું પાલન કરવાનું રહે છે અને તેના શૅરધારકો પાસેથી પોતે જ શૅર ખરીદી લેવા પડે છે. આમ સ્વૈચ્છિક ડિલિસ્ટિંગથી તેના શૅરધારકોને સહન કરવું પડતું નથી.
- ડિસઈન્વેસ્ટમેન્ટ: ઈન્વેસ્ટમેન્ટ એટલે રોકાણ કરવું અને ડિસઈન્વેસ્ટમેન્ટ એટલે રોકાણ છૂટું કરવું. સરકારી એટલે કે જાહેર સાહસો (પબ્લિક સેક્ટર યુનિટ્સ - પીએસયુ)ની સ્થાપના સરકારે કરી હોય છે. તેથી તેમાં સરકાર જ સંપૂર્ણ માલિક હોય એ સ્વાભાવિક છે. સરકાર આ પીએસયુમાંથી પોતાનો હિસ્સો (રોકાણ) છૂટો કરે તેને ડિસઈન્વેસ્ટમેન્ટ કહે છે. આ છૂટો કરેલો હિસ્સો સરકાર જાહેર જનતા, ખાનગી રોકાણકારો-બૅન્કો, સંસ્થાઓ વગેરેને ઑફર કરે છે. આ માર્ગે નાણાં ઊભાં કરી સરકાર તે ભંડોળનો ઉપયોગ રાષ્ટ્રીય વિકાસનાં કાર્યો માટે કરે છે. આમ સરકારી સાહસોમાં રોકાણ કરવાની તક સામાન્ય રોકાણકારોને પણ મળે છે, કેમ કે ડિસઈન્વેસ્ટમેન્ટ સાથે જાહેર સાહસના શૅરોનું સ્ટૉક એક્સચેન્જ પર લિસ્ટિંગ પણ થાય છે અને તેમાં સોદા પણ થાય છે, જેને પરિણામે હાલ સંખ્યાબંધ જાહેર સાહસોના શૅર લિસ્ટેડ છે. તેમાં ઓએનજીસી, એનટીપીસી, ભેલ, કોલ ઈન્ડિયા વગેરે જેવી કંપનીઓ સામેલ છે. સરકાર તરફથી ડિસઈન્વેસ્ટમેન્ટને અપાઈ રહેલા મહત્ત્વને ધ્યાનમાં રાખી મુંબઈ શૅરબજારે તો પીએસયુડોટકોમ નામે એક અલાયદી વેબસાઈટ પણ તૈયાર કરી છે. તેના પર પીએસયુના ડિસઈન્વેસ્ટમેન્ટના આગલા તમામ કિસ્સા, તેના વિશેની જરૂરી માહિતી અને પીએસયુની કામગીરી ભાવ સહિતની માહિતીનો ખજાનો છે. લાંબા ગાળાના રોકાણકારો માટે આ શ્રેષ્ઠ કંપનીઓ

ગણાય છે.

- **ડે- ટ્રેડિંગ શું છે ? :** ‘નામ તેવા ગુણ’, ડે ટ્રેડિંગ એટલે શૅરબજારમાં દિવસ દરમિયાન શૅરોની સતત લે-વેચ કરતાં રહેવું. શૅરબજારમાં અનેક લોકો આ પ્રવૃત્તિ કરે છે. તેઓ ખરેખર ઈનવેસ્ટર નહીં, બલકે ટ્રેડર તરીકે ઓળખાય છે. ઈન્વેસ્ટર એ છે જે શૅરમાં રોકાણ કરી તેના મૂલ્યમાં વૃદ્ધિ થાય એની મહિનાઓ કે વર્ષો સુધી પ્રતીક્ષા કરે છે. ટ્રેડર પણ બે પ્રકારના હોય છે. ડે-ટ્રેડર રોજે-રોજ શૅરોની લે-વેચ કરી દિવસના અંતે તેમાંથી નફો અથવા નુકસાન કરી સોદા સરભર કરી નાખે છે. આ ડે-ટ્રેડર મોટે ભાગે સવારે ટ્રેડિંગ શરૂ થાય કે ટ્રેડિંગ ટર્મિનલ સામે ગોઠવાઈ જાય છે અને પોતાને જેમાં રસ હોય તેવા શૅરોમાં લે-વેચ કરવાનું શરૂ કરી દે છે. આ સોદા મિનિટે-મિનિટે થતા રહે છે, પરંતુ તેઓ જે ખરીદે છે એ દિવસના અંત સુધીમાં વેચી જ દે છે, અર્થાત્ નફો થાય કે નુકસાન, ડે-ટ્રેડર ફેંસલો કરીને જ ઊભો થાય છે. બીજા દિવસે પાછી એની એ જ પ્રવૃત્તિ. આમ, દિવસ દરમિયાન શૅરોના ભાવોની વધઘટમાં પોતાની માહિતી, જજમેન્ટ, ધારણાને આધારે તેઓ શૅરોની લે-વેચ કરે છે. ડેટ્રેડર જેવા, પરંતુ માત્ર દિવસ દરમિયાન નહીં, બલકે થોડા દિવસ માટે લે-વેચ કરનારા પણ મોટી સંખ્યામાં હોય છે. તેઓ આજે શૅર લે તો ત્રણ-ચાર દિવસ પછી વેચી દે. આમ, તેમની લે-વેચની પ્રવૃત્તિ થોડા દિવસોમાં જ સમાઈ જાય છે. અહીં એ નોંધવું પણ મહત્ત્વનું છે કે ડે-ટ્રેડરને શૅરોની લે-વેચમાં થતા નફા પર ટ્રેડિંગ (બિઝનેસ) ઈન્કમ તરીકે આવકવેરાનો ઉચ્ચત્તમ દર લાગુ પડે છે, કારણકે તેમની આ પ્રવૃત્તિ ઈન્વેસ્ટમેન્ટ ગણાતી નથી, બલકે સટ્ટાકીય ગણાય છે.
- **ડીપી (ડિપોઝિટરી પાર્ટિસિપન્ટ):** શૅરધારક, કંપની અને ડિપોઝિટરી વચ્ચેની કડી એટલે ડીપી. બૅન્કો, નાણાં સંસ્થાઓ, શૅરદલાલો વગેરે ડીપી બની શકે છે. જેમ બૅન્ક ખાતેદારનાં નાણાં સાચવે છે તેમ ડિપોઝિટરી રોકાણકારની સિક્યૂરિટીઝને ઈલેક્ટ્રૉનિક સ્વરૂપમાં જાળવે છે. આપણા દેશમાં એનએસડીએલ (નેશનલ સિક્યોરિટીઝ ડિપોઝિટરી લિ.) અને સીડીએસએલ (સેન્ટ્રલ ડિપોઝિટરી સર્વિસીસ ઈન્ડિયા લિ.) નામની બે ડિપોઝિટરી છે. રોકાણકારે શૅરબજારમાં સોદા કરવા ફરજિયાત પોતાનું ડિમેટ ઍકાઉન્ટ ખોલાવવું પડે છે. આ ઍકાઉન્ટ ડિપોઝિટરી પાર્ટિસિપન્ટ પાસે બોલાવવામાં આવે છે.
- **ડિક્લોઝર્સ:** આ શબ્દ સેબીના નીતિ-નિયમોથી માંડી શૅરબજારો અને અન્ય તમામ નીતિ-નિયમોમાં ઉલ્લેખ પામતો હોય છે. ડિક્લોઝર એટલે ડિક્લોઝ કરવું, જાહેરાત કરવી. આ શબ્દનું મૂડીબજાર કે એકંદર નાણાકીય બજારમાં ખાસું મહત્ત્વ છે. ડિક્લોઝરના આધારે જ રોકાણ સંબંધિત નિર્ણયો લેવાતા હોય છે, મંજૂરીઓ અપાતી હોય છે. રોકાણકાર વર્ગને કે પ્રજાને કંપની વિશે, મધ્યસ્થી વિશે પૂરેપૂરી અથવા વ્યાપક જાણકારી મળે એ હેતુથી સેબી કે શૅરબજારો જે-તે વિષયોમાં ડિક્લોઝર્સનાં નિયમો-ધોરણો ઘડે છે. અમુક માહિતી તે જાહેર થવી જ જોઈએ. ખાસ કરીને રોકાણ સંબંધિત નિર્ણય લેવા માટે આ બાબતનું વિશેષ મહત્ત્વ હોવાથી સેબી આઈપીઓ, કંપનીઓનાં પરિણામો કે અન્ય બાબતોમાં ચોક્કસ ડિક્લોઝર્સનો આગ્રહ રાખે છે, જેથી રોકાણકારો જરૂરી બાબતથી માહિતગાર બન્યા પછી જ નાણાં રોકવા કે નહીં તે બાબતનો નિર્ણય લઈ શકે.

ઈ

- **ઈ.પી.એસ:** કંપનીની શૅરદીઠ કમાણી એટલે ઈ.પી.એસ. જેનો પૂર્ણ અર્થ છે અર્નિંગ પર શૅર. અર્થાત્ કંપનીના નફાને તેના શૅરોની સંખ્યા સાથે શૅરદીઠ વહેંચવામાં આવે ત્યારે શૅરદીઠ કમાણીનો અંદાજ મળે છે. તે કંપનીની નફાશક્તિનો નિર્દેશ કરે છે.

તેની ફૉર્મ્યુલા જોઈએ તો

શૅરદીઠ કમાણી $\frac{\text{કંપનીની ચોખ્ખી આવક}}{\text{શૅરોની સંખ્યા}}$

ગણતરી વખતે કંપનીના ઈસ્યૂ થયેલા શૅરોની સંખ્યા ધ્યાનમાં લેવાય છે. શૅરોનો ભાવ નક્કી કરવામાં પણ ઈપીએસને સૌથી મહત્ત્વનું પરિબળ ગણવામાં આવે છે. શૅરદીઠ કમાણી જેમ વધુ ઊંચી તેમ શૅરનો ભાવ વધુ મજબૂત અને આવો શૅર સારો ગણાય.

- **એક્સપૉઝર:** સાદા શબ્દમાં કહીએ તો એક્સપૉઝર એટલે જોખમ. કોઈ કંપનીમાં રોકાણકાર ઈન્વેસ્ટ કરે છે ત્યારે તેણે એ કંપનીમાં એક્સપૉઝર લીધું ગણાય. એક્સપૉઝર માત્ર કંપનીમાં નહીં, સમગ્ર ઉધોગમાં કે અર્થતંત્રમાં પણ લેવાતું હોય છે. રોકાણકાર જ્યારે કોઈ અન્ય દેશમાં રોકાણ કરે ત્યારે તેણે એ દેશના અર્થતંત્રમાં કે એ દેશની કંપનીમાં, ઉધોગમાં જોખમ લીધું છે તેમ કહેવાય. વાયદાના સોદાઓમાં આ શબ્દ વધુ વપરાય છે, કેમ કે જ્યારે ટ્રેડર ફ્યુચર્સ કૉન્ટ્રેક્ટ કરે છે ત્યારે તેણે ભાવિનું જોખમ લીધું હોય છે. વ્યક્તિ જ્યારે પણ કોઈ રોકાણ કરે છે ત્યારે તેના મૂલ્યમાં વધઘટની સંભાવના હોવાથી રોકાણને એક્સપૉઝર કહે છે.
- **ઈબીઆઈટીડીએ (ઈબીટીડા):** આ વિચિત્ર લાગતો શબ્દ વિવિધ અક્ષરોનો સમૂહ છે અને તે દરેક અક્ષરોનો જુદો જુદો અર્થ છે. ઈ એટલે અર્નિંગ (કમાણી / આવક), બી એટલે બીફોર (પૂર્વે), આઈ એટલે ઈન્ટરેસ્ટ (વ્યાજ), ટી એટલે ટૅક્સ, ડીએટલે ડેપ્રિશિયેશન અને એ એટલે એમોર્ટાઈઝેશન. અર્થાત્ કંપનીના વ્યાજ, ઘસારો, કરવેરો અને એમોર્ટાઈઝેશન ખર્ચ પહેલાંની આવક. આ ગણતરી તાજેતરનાં વરસોમાં વધુ પ્રચલિત બની છે. કંપનીની ખરી નફાશક્તિ જાણવા માટી ઈબીટીડા જાણવું અને સમજવું ખૂબ જરૂરી છે. આનો ઉપયોગ કંપનીઓની અને તેના ઉધોગોની નફાશક્તિની તુલેનાનું વિશ્લેષણ કરવા માટે કરાય છે. કંપનીની નફાશક્તિ જાણવા માટે મહત્ત્વનો શબ્દ ગણાતો ઈબીટીડામાં રોકડ પ્રવાહનો સમાવેશ થતો નથી, પરંતુ કંપની પોતાના દેવાંને પહોંચી વળવા કેટલી સક્ષમ છે તેનો ખયાલ મળે છે. ટૂંકમાં કંપનીની આવકમાંથી ટૅક્સ, વ્યાજ, ઘસારો અને એમોર્ટાઇઝ શન સિવાયના ખર્ચ બાદ કરતાં જે રકમ રહે છે તે ઈબીટીડા ગણાય છે. એટલે કે ઉપરના ખર્ચ સિવાયની કંપનીની ચોખ્ખી આવક. હવે આ બધામાં તમને એમોર્ટાઇઝેશન શબ્દ પણ જાણવો જ હશે. તો એમઈઝેશન એટલે કંપની દ્વારા નિયમિત સમયાંતરે કે હપ્તાઓમાં ચૂકવાતા કરજની રકમ. દા. ત. કોઈ ઔષધ કંપનીએ રૂ. ૩૦ કરોડમાં મેડિકલ સાધનની ખરીદી કરી છે અને તે સાધનની પેટન્ટ ૧૫ વર્ષ રહેવાની છે તો દર વર્ષે તેનો એમોર્ટાઇઝેશન ખર્ચ રૂપિયા બે કરોડ ગણાશે. બીજા શબ્દમાં કહીએ તો એમોર્ટાઈઝેશન એટલે કોઈ એસેટના મૂળ ખર્ચને ચોક્કસ સમયગાળામાં વહેંચી દેવો કે બાદ કરવો.

એફ

- **એફઆઈઆઈ:** શૅરબજારમાં રોજેરોજ સૌથી વધુ વપરાતો આ શબ્દ શૅરબજારની ચાલનો મોટો આધાર ગણાય છે. ફૉરેન ઈન્સ્ટિટ્યૂશનલ ઈન્વેસ્ટર (એફઆઈઆઈ) એટલે જુદા જુદા દેશના સંસ્થાકીય ઈનવેસ્ટરો, જેઓ વિશ્વનાં વિવિધ શૅરબજારમાં પરિસ્થિતિ જોઈને રોકાણ કરતા રહે છે. આ વર્ગ મોટા ભાગે સમગ્ર વિશ્વમાં ફેલાયેલો હોય છે અને તેઓ પ્રૉફેશનલ ઈન્વેસ્ટરો ગણાય છે. તેમની પાસે રોકાણ માટે ઘણું મોટું ભંડોળ હોય છે. એફઆઈઆઈએ

ભારતીય શૅરબજારમાં રોકાણ કરવા માટે સિક્યોરિટીઝ ઍન્ડ એક્સચેન્જ બૉર્ડ ઑફ ઈન્ડિયા (સેબી) અને રિઝર્વ બૅન્ક ઑફ ઈન્ડિયા (આરબીઆઈ) પાસે નોંધણી કરાવવી પડે છે. તેઓ અબજો રૂપિયાનું રોકાણ અને હૉલ્ડિંગ ધરાવે છે. તેમના રોકાણપ્રવાહને આધારે આપણા શૅરબજારમાં તેજી કે મંદી, વધારો કે ઘટાડો સર્જાય છે.

- **ફંડામેન્ટલ:** શૅરબજાર કે કંપની વિશેના રિપૉર્ટમાં ઘણી વાર ફંડામેન્ટલ્સ શબ્દ વાંચવા - સાંભળવા મળતો હોય છે. દા. ત. કંપનીના કે બજારનાં ફંડામેન્ટલ્સ મજબૂત છે અથવા નબળાં છે વગેરે. ફંડામેન્ટલ્સ એટલે મૂળભૂત બાબતો કે કામગીરી કે પરિબળો. કંપની જો વેચાણ, નફો, આવક, માર્જિન, ડિમાન્ડ વગેરે બાબતોમાં સારી કામગીરી ધરાવતી હોય તો તેને ફંડામેન્ટલ્સની દૃષ્ટિએ સારી અથવા મજબૂત કંપની ગણવામાં આવે છે. અર્થતંત્રનાં પરિબળો મજબૂત હોઈ બજારના ચાલકબળ ગણાતાં પરિબળો પણ પૉઝિટિવ હોય તો બજાર ફંડામેન્ટલ્સ મજબૂત હોવાનું કહેવામાં આવે છે. રોકાણકારોએ રોકાણ કરતી વખતે ફંડામેન્ટલ્સ પર વધુ જોર આપવું જોઈએ. ઘણી વાર કંપનીનાં ફંડામેન્ટલ્સ સારાં હોય, પરંતુ બજારનાં નબળા હોય તો એ વખતે શૅરના ભાવ નીચા રહી શકે છે. રોકાણકારોએ આવા સમયમાં કંપનીનાં ફંડામેન્ટલ્સને વધુ મહત્ત્વ આપવું જોઈએ.
- **ફંડામેન્ટલ એનાલિસિસ:** કંપનીની કામગીરી, નાણાકીય સ્થિતિ - જેમાં વેચાણ, આવક, નફો, માર્જિન, ઈપીએસ વગેરે જેવી બાબતોનો સમાવેશ થાય છે, તેના આધારે મૂલવણી કરવાની પ્રક્રિયાને ફંડામેન્ટલ એનાલીસિસ (વિશ્લેષણ) કહેવાય છે.
- **ફ્રિઝિંગ ઑફ શેર્સ | ડિમેટ ઍકાઉન્ટ:** આપણે ફ્રિઝનો સાદો અર્થ ઘરમાં ખાદ્યસામગ્રીની જાળવણી માટે વપરાતાં સાધન તરીકે કરીએ છીએ. ફ્રિઝિંગ એટલે ઠંડું પડી જવું કે સ્થગિત થઈ જવું. રોકાણકારો માટે આ શ્રેષ્ઠ સુવિધા છે. ધારો કે રોકાણકાર બે-ત્રણ મહિના માટે વિદેશ જવા માગે છે ત્યારે એ પોતાના ડિમેટ ઍકાઉન્ટને ફ્રિઝ કરવાની સુવિધાનો ઉપયોગ કરી શકે છે, એટલે તેના ડિમેટ ખાતાને બદલે તેમાં રહેલા ચોક્કસ શૅરો કે ચોક્કસ જથ્થાને પણ ફ્રિઝ કરાવી શકે છે. આમ તેની ગેરહાજરીમાં તેના ડિમેટ ઍકાઉન્ટના દુરુપયોગની સંભાવના ટાળી શકાય છે. આને ઍકાઉન્ટ કે શૅર્સ લૉક કરી દીધા હોવાનું પણ કહી શકાય છે. ડિપોઝિટરી પાર્ટિસિપન્ટ આ સુવિધા ઑફર કરે છે. ઈન્વેસ્ટરોએ આ સુવિધાને સમજી લેવી જોઈએ.

ગ

- **ગાઈડન્સ:** કંપની આગામી સમયમાં થનારા ટર્નઑવર, બિઝનેસ કે કામકાજ વિશેનો અંદાજ અથવા સંકેતો આપે તેને ગાઈડન્સ કહે છે. સામાન્ય રીતે આઈ.ટી. (ઈન્ફોર્મેશન ટેક્નૉલૉજી) કંપનીઓને લીધે આ શબ્દ વધુ પ્રચલિત થયો છે. ઈન્ફોસિસે આગામી ત્રિમાસિક ગાળા માટે આપેલા ગાઈડન્સને લીધે શૅરનો ભાવ ઊંચકાયો - આ પ્રકારનાં વિધાનો તમે વાંચ્યાં હશે. આનો અર્થ એ કે ઈન્ફોસિસે તેના આગામી ત્રણ મહિના માટે સારા બિઝનેસના સંકેત આપ્યા છે. આ ગાઈડન્સ જે-તે સંજોગોને આધીન સારાં કે નબળાં પણ હોઈ શકે. તેની અસર સંબંધિત કંપનીને જ નહીં, બલકે તે ક્ષેત્રની અન્ય કંપનીઓ પર પણ થઈ શકે છે, કેમ કે આ સંકેત (ગાઈડન્સ) જે-તે ક્ષેત્રની સ્થિતિને આધારે બન્યા હોય છે. જેમ કે, એક આઈટી કંપની તેના આગામી ત્રણ મહિના માટે સારા બિઝનેસના ગાઈડન્સ આપતી હોય તો મોટે ભાગે એ બીજી આઈટી કંપનીઓ માટે પણ સારા બિઝ નેસના સંકેત બની રહે છે. આવાં ગાઈડન્સ મોટે ભાગે વિદેશોમાં પણ કામકાજ ધરાવતી કંપનીઓ તરફથી આપવામાં આવે છે. એકથી વધુ દેશના અર્થતંત્ર અને તેના સંજોગો સાથે તે સંબંધ ધરાવતી હોય છે.

રોકાણકાર અને ટ્રેડરો માટે ગાઈડન્સને સમજવાનું ખાસ મહત્ત્વ હોય છે.
- ગાઈડલાઈન્સ: માર્ગદર્શિકા. સેબી શૅરબજારો અથવા બજારના મધ્યસ્થીઓ માટે જ્યારે નીતિનિયમો બહાર પાડે કે સુધારે ત્યારે ઘણા કિસ્સામાં માર્ગદર્શિકા પણ પ્રકાશિત કરતી હોય છે. બજારો કે મધ્યસ્થીઓએ તેનું પાલન કરવાનું હોય છે. ગાઈડલાઈન્સને બીજા શબ્દોમાં શરતો અથવા ધોરણો પણ કહી શકાય. એચ

એચ

- હોલ્ડ: શૅરો ખરીદવાની કે વેચવાની ભલામણ સાથે શૅર હૉલ્ડ કરવાની ભલામણ પણ મહત્ત્વની છે. અર્થાત્ જે શૅરો તમારી પાસે છે તેને જાળવી રાખો. ઘણી વાર કોઈ ઘટના કે સમાચારને આધારે રોકાણકાર ગભરાઈને કે દોરવાઈને સારા શૅરો પણ વેચવા દોડી જાય છે અથવા કોઈ અફવા સાંભળીને કે બિનઆધારભૂત અહેવાલ વાંચીને પણ વેચાણ કરવા તૈયાર થઈ જાય છે ત્યારે નિષ્ણાતો સાચી પરિસ્થિતિ કે સંશોધનને આધાર બનાવી એવા શૅરો હૉલ્ડ કરવાની ભલામણ કરતા હોય છે, એટલે કે આ શૅરો વેચી દેવાને બદલે જાળવી રાખવાનું જણાવે છે.

આઈ

- ઈસ્યૂઅરઃ સિક્યોરિટીઝ ઈસ્યૂ કરનાર (બહાર પાડનાર) કંપની કે સંસ્થાને ઈસ્યૂઅર કહે છે. સાદો અર્થ છે શૅર-સિક્યોરિટીઝ ઈસ્યૂ કરનાર કંપની કે સંસ્થા.
- કડાકોઃ શૅરબજારનો ઈન્ડેક્સ - સેન્સેક્સ કે નિફટી જ્યારે બહુ મોટા પ્રમાણમાં નીચો જાય અથવા ઘટી જાય ત્યારે એ દિવસે બજારમાં કડાકો આવ્યો છે એમ કહેવાય. આવા કેસમાં સેન્સેક્સ નોંધપાત્ર એટલે કે ૪૦૦-૫૦૦ પૉઈન્ટ નીચે ગયો હોય છે. એ જ રીતે ઈન્ડેક્સ એકદમ ઊંચે જાય તે દિવસે તેને માર્કેટમાં ઉછાળો આવ્યો તેમ કહેવામાં આવે છે.

એલ.

- લિક્વિડિટી (પ્રવાહિતા): શૅરબજારમાં નાણાંની સપ્લાય વધુ હોય અને વધતા ભાવોએ પણ લેવાલી સતત વધતી રહે ત્યારે બજારમાં પ્રવાહિતા વધુ છે એમ કહેવામાં આવે છે. આનો બીજા અર્થ એવો પણ થાય કે લે-વેચ બન્ને માટે સરળ માહોલ છે. વૉલ્યુમ ભરપૂર રહેતું હોય તોપણ લિક્વિડિટી સારી હોવાનું કહેવાય છે. બજારમાં તેજી માટે લિક્વિડિટીનું ઊચું પ્રમાણ હોવું મહત્ત્વનું છે. મંદીમાં લિક્વિડિટી ઓછી થઈ જાય છે અથવા લિક્વિડિટી ઓછી હોય ત્યારે બજાર મંદ થઈ જાય છે. જોકે બજારમાં વધુપડતી લિક્વિડિટી ઘણી વાર ભાવોને વધારેપડતા ઊંચા કરી નાખે છે અને તે બજારને પાછળથી જોખમી પણ બનાવી દે છે. રિઝર્વ બૅન્ક ઑફ ઈન્ડિયા નાણાંની પ્રવાહિતાને અંકુશમાં રાખવા સમય-સંજોગ મુજબ પગલાં લે છે.
- લિસ્ટિંગઃ આઈપીઓ લાવનાર કંપનીના શૅરને ચોક્કસ દિવસો બાદ શૅરબજારની યાદી પર મૂકવામાં આવે છે, જેને કંપનીનું કે તે શૅરનું લિસ્ટિંગ થયું ગણાય છે.
- લિસ્ટિંગ ગૅઈન્સઃ શૅરના લિસ્ટિંગ બાદ તુરંત જ એ શૅર વેચીને પ્રૉફિટ કરી લેવાની બાબતને લિસ્ટિંગ ગૅઈન કહેવામાં આવે છે. અનેક લોકો આઈપીઓમાં અરજી કરતી વખતે એવું લક્ષ્ય રાખે છે કે જેવો શૅર લિસ્ટેડ થશે કે આપણે

વેચીને નીકળી જઈશું. આમ જ લિસ્ટિંગ વખતે નફો કરવાની બાબતને લિસ્ટિંગ ગૅઈન કહેવાય છે. આ જ રીતે લિસ્ટિંગ લાસ પણ થતો હોય છે. જો લિસ્ટિંગ વખતે ખૂલેલો ભાવ તેના ઈસ્યૂ ભાવથી નીચો રહે તો વેચનારને ખોટ પણ ખમવી પડે છે.

એમ.

- માર્કેટ બ્રેડ્થઃ શૅરબજારની એકંદર ગતિવિધિ કે તેના મૂડને દર્શાવતી બાબતને માર્કેટ બ્રેડ્થ કહે છે. બજારની ચાલ પૉઝિટિવ છે કે નેગેટિવ એનો અંદાજ મેળવવો હોય ત્યારે માર્કેટ બ્રેડ્થને જાવી જોઈએ. એક્સચેન્જ પર લિસ્ટેડ સ્ક્રિપ્સમાંથી જેટલી સ્ક્રિપ્સમાં સોદા થયા હોય એમાં દિવસ દરમિયાન વધ કે ઘટ થતી હોય છે. બન્નેમાં જા વધનાર સ્ક્રિપ્સની સંખ્યા વધુ હોય તો માર્કેટ બ્રેડ્થ પૉઝિટિવ અને ઘટનાર સ્ક્રિપ્સની સંખ્યા વધુ હોય તો માર્કેટ બ્રેડ્થ નેગેટિવ ગણાય છે. દા. ત. બીએસઈ પર ૨૫૦૦ સ્ક્રિપ્સમાં સોદા પડ્યા અને તેમાંથી ૧૫૦૦ સ્ક્રિપ્સના ભાવ વધ્યા છે અને ૧૦૦૦ સ્ક્રિપ્સના ભાવ નીચે ગયા છે તો બીએસઈની માર્કેટ બ્રેડ્થ પૉઝિટિવ છે, જે તેજીનો સંકેત આપે છે. વધનાર અને ઘટનાર સ્ક્રિપ્સની સંખ્યા વચ્ચેનો ફરક રોકાણકારોએ ખાસ નાંધવો જોઈએ. આ સંખ્યા શૅરબજારની વેબસાઈટ પર જાવા મળે છે. બીએસઈ અને એનએસઈ બંનેની વેબસાઈટ પર માર્કેટ બ્રેડ્થ રોજેરોજ ઑનલાઈન જાવા મળે છે. સેન્સેક્સની ૩૦ સ્ક્રિપ્સ છે, જા એમાંથી ૨૫ સ્ક્રિપ્સ વધી હોય અને પાંચ સ્ક્રિપ્સ ઘટી છે તો સેન્સેક્સની માર્કેટ બ્રેડ્થ પૉઝિટિવ ગણાય. આમ દરેક ઈન્ડેક્સની પણ માર્કેટ બ્રેડ્થ જાણી શકાય છે.
- માર્કેટ કેપિટલાઈઝેશનઃ કંપનીના બજારમાં ફરતા શૅરોના પ્રવર્તતા બજારભાવનો એ ફરતા શૅરોની સંખ્યા સાથે ગુણાકાર કરવાથી જે રકમ મળે તેને એ શૅરનું કૅપિટલાઈઝેશન કહે છે. તેને ટૂંકમાં માર્કેટ કેપ અને સાદી ભાષામાં મૂડીકરણ કહે છે. એ જ રીતે સેન્સેક્સમાં સમાવિષ્ટ ૩૦ શૅરોના કુલ માર્કેટ કેપને સેન્સેક્સનું માર્કેટ કેપ કહેવામાં આવે છે. શૅરબજારમાં લિસ્ટેડ તમામ સ્ક્રિપ્સનું પણ માર્કેટ કેપ મળી શકે છે. કંપનીના શૅરોના ભાવો વધે ત્યારે માર્કેટ કેપ પણ વધે છે અને ભાવ ઘટે ત્યારે માર્કેટ કેપ ઘટે છે, જેના આધારે બજારમાં રોકાણકારોની ચોક્કસ રકમની મૂડી વધી કે ચોક્કસ રકમનું મૂડીધોવાણ થયું એવું બોલાતું હોય છે. માર્કેટ કેપ સામાન્ય રીતે બે પ્રકારના હોય છે - એક ફિક્સ્ડ અને બીજા ફ્લાટિંગ. ફ્લાટિંગ એટલે બજારમાં ફરતા શૅરોના ભાવોને આધારે નક્કી થતું માર્કેટ કેપ. મોટે ભાગે બજારની વધઘટ માટે તેને જ ધ્યાનમાં લેવામાં આવે છે.

ઓ.

- ઑક્શન **(**લિલામ**):** શૅરબજારમાં કોઈ રોકાણકાર શૅરો વેચી દે, પરંતુ પછી તેની ડિલિવરી આપવામાં નિષ્ફળ જાય તો એક્સચેન્જની સિસ્ટમ હેઠળ તે ઈન્વેસ્ટરના શૅરોની ડિલિવરી ઉતારવા માટે એટલા શૅરોનું ફરજિયાત ઑક્શન (લિલામ) કરવામાં આવે છે. આ લિલામ પ્રક્રિયામાં બ્રૉકર તે રોકાણકારના વેચેલા શૅરોની ડિલિવરી ઉતારવા માટે ઑક્શન મારફત એના પ્રવર્તમાન ભાવે તે ખરીદે છે. તેનો વધારાનો બોજ રોકાણકારે ઉપાડવાનો આવે છે, કેમ કે રોકાણકારે પોતાની પાસે શૅરો ન હોવા છતાં તેનું વેચાણ કરી નાખ્યું હોય છે. અગાઉ આપણે શૉર્ટ સેલ્સ (ખોટાં વેચાણ)ની ચર્ચા કરી હતી. રોકાણકાર શૉર્ટ સેલ કર્યા બાદ તેને સ્કવેર-ઓફ (સરભર) કરવા માટે સમયસર ખરીદીનો સોદો ન કરી નાખે તો તેણે ડિલિવરી ઉતારવા માટે ઑક્શન પ્રોસેસમાંથી પસાર થવું પડે છે.

- **આઉટલૂક:** રેટિંગ સાથે જોડાયેલા આ શબ્દ પણ ભાવિ સંભાવનાનો નિર્દેશ આપે છે. કંપની-સંસ્થા કે દેશનું ભાવિ શું છે અથવા કેવું લાગે છે એમ પૂછતી વખતે આઉટલૂક કેવું લાગે છે એવો શબ્દપ્રયોગ થતો હોય છે અને આ આઉટલૂકના આધારે પણ રોકાણ નિર્ણયો લેવાતા કે પડતા મૂકાતા હોય છે, કેમ કે આઉટલૂક પૉઝિટિવ અથવા નેગેટિવ કે પછી સ્ટેબલ (િસ્થર) પણ હોઈ શકે છે. રોકાણકારોએ પણ કંપની કે સંસ્થા કે દેશના આઉટલૂક પર ધ્યાન રાખવું હિતાવહ છે.
- ઓર્ડરબુકઃ કંપનીની કામગીરી, ભાવિ, સદ્ધરતા વગેરેનો નિર્દેશ કરતી ઑર્ડર બુક એ કંપની પાસે કેટલા ઑર્ડર જમા છે તેનો સંકેત આપે છે. કંપની પાસે ઑર્ડર જ ન હોય કે સાવ સામાન્ય ઑર્ડર હોય એ સારી નિશાની ન ગણાય, જ્યારે કે કંપનીને સતત ઑર્ડરો મળતા રહેવા કંપનીની ઑર્ડર બુક ભરચક હોવી એ સારા સમાચાર ગણાય છે. ઑર્ડર બુક ભરપૂર કે મજબૂત હોવાનો અર્થ કંપની પાસે ઘણું કામ છે અને તેમાં કંપનીની આવકનો પ્રવાહ ચાલુ રહેશે, તેમ જ વધતો રહેશે એવો આશાવાદ રહેલો હોય છે. રોકાણકારોએ કંપનીની ઑર્ડરની પાઝિશન મજબૂત છે કે કેમ તે જાણી લેવું જોઈએ. ઑર્ડરોનો સમયગાળો, તેનું મૂલ્ય વગેરે પણ જરૂરી બાબતો છે, કારણકે તે કંપનીની ભાવિ આવકનો સ્રોત છે.

પી.

- પ્રૉફિટ બુકિંગઃ શૅરબજારમાં આ શબ્દ સૌથી મહત્ત્વનો છે, માત્ર સમજવા માટે જ નહીં, પરંતુ અમલ કરવા માટે પણ. ધારો કે તમે કોઈ શૅર રૂ. ૪૫ના ભાવે લીધો અને અમુક સમય બાદ તેનો ભાવ રૂ. ૮૫ થઈ જાય અને તમે એ શૅર વેચી નફો કરી લો તો એ પ્રૉફિટ બુક કર્યો એમ કહેવાય. સામાન્ય રીતે લોકો લાલચમાં આવી સારો નફો મળતો હોય તો પણ `હજી વધશે - હજી વધશે' એમ માની શૅરોમાં પ્રૉફિટ બુક કરતા નથી. એમાં ને એમાં ઘણી વાર ભાવ ફરી ઘટી જાય ત્યારે પસ્તાવાનો વારો આવે. જ્યાં સુધી તમે રૂ. ૪૫ના શૅરને રૂ. ૮૫માં વેચતા નથી, ત્યાં સુધી તમારો નફો માત્ર કાગળ પર છે, આમ પ્રૉફિટ બુકિંગ જ સાચી સફળતા છે. પ્રૉફિટ બુકિંગનો આ નિર્ણય રોકાણકાર સમજીને લે એ મહત્ત્વનું છે.
- **પેની સ્ટૉક્સ:** જે શૅરના ભાવ પૈસામાં એટલે કે ૧૦ થી લઈ ૯૦ પૈસા કે પછી રૂપિયા-બે રૂપિયામાં બોલાતા હોય તેને પેની સ્ટૉક્સ કહે છે. આવા શૅરવાળી કંપનીઓ લગભગ નબળામાં નબળી હોય છે. તેનું કોઈ લેવાલ હોતું નથી અથવા તેનાં ફંડામેન્ટલ્સ સાવ જ કથળી ગયેલાં હોય છે, જેમાં મોટે ભાગે સટોડિયા કે ઑપરેટરો ભાગ લે છે, તેની લે-વેચ કરે છે. અલબત્ત, ઘણી વાર આમાંની કોઈ સારી કંપનીઓમાં અપવાદરૂપ ટર્ન-અરાઉન્ડ પણ આવી શકે છે.
- **પ્લેડ્જ શૅરો:** શૅરો બૅન્ક કે કોઈ પણ ફાઈનાન્સર્સ પાસે ગિરવી મૂકવાની ક્રિયાને શૅરો પ્લેડ્જ કર્યા હોવાનું કહેવાય છે. સામાન્ય શૅરધારકથી માંડી ખુદ કંપની કે તેના સંચાલકો-પ્રમોટરો પોતાના શૅરોને ગિરવી મૂકી ધિરાણ સુવિધા મેળવી શકે છે. આ સુવિધા મારફત કંપનીઓ કે તેના પ્રમોટરો કરોડોનું નાણાં ભંડોળ મેળવી શકતાં હોય છે, જેનો ઉપયોગ કંપનીનાં કામકાજ અથવા અંગત કારણસર થતો હોય છે. આ એક સારી અને સરળ સવલત છે, પરંતુ સત્યમ કમ્પ્યુટર્સના કૌભાંડ બાદ તપાસમાં થયેલા પર્દાફાશ પરથી સેબીના ધ્યાનમાં આવ્યું કે કંપનીના પ્રમોટરોએ નોંધપાત્ર સંખ્યામાં શૅરો ગિરવી મૂકી દઈ એમાંથી નાણાં ઊભાં કરી વાપરી નાખ્યાં હતાં. તેથી પ્રમોટરોનું વાસ્તવિક હૉલ્ડિંગ કંપનીમાં ઓછું કે નહીંવત્ થઈ ગયું હતું, પરંતુ આ વિષયમાં પારદર્શકતાના અભાવે કોઈને એ ખયાલ રહેતો નથી કે પ્રમોટરોનું નાણાકીય હિત કંપનીમાં રહ્યું નહીં હોવાથી હવે પછી એ કંપનીનું શું થાય છે તેની તેમને પરવા રહેતી

નથી. આ કૌભાંડ બાદ સેબીએ વહેલી તકે દરેક કંપની માટે તેના કેટલા શૅરો ગિરવી મુકાયેલા છે એ જાહેર કરવાની ફરજ પાડતી માર્ગરેખા અમલી બનાવી દીધી છે. રોકાણકારો માટે પ્રમોટરોના હૉલ્ડિંગ પર નજર રાખવાનું કે તેમના શૅરો ગિરવી મુકાયા છે કે કેમ તેની જાણકારી મેળવી લેવી સલાહભર્યું છે.

- **પ્રાઈસ અર્નિંગ રેશિયો (પી/ઈ રેશિયો):** આ પણ ઈપીએસની જેમ એક વધુ મહત્ત્વનું પરિબળ છે, જેના આધારે શૅરની મજબૂતીનો અંદાજ મળે છે. કંપનીના પ્રવર્તમાન શૅરના ભાવનો શૅરદીઠ કમાણી સાથે ભાગાકાર કરવાથી પ્રાઈસ અર્નિંગ રેશિયો મળે છે. ધારો કે કોઈ કંપનીનો પ્રવર્તમાન બજારભાવ ૪૩ રૂપિયા છે અને તેની ઈપીએસ છેલ્લા ૧૨ મહિનામાં શૅરદીઠ રૂ. ૧.૯૫ રહી છે, તો તેનો પી/ઈ રેશિયો ૨૨.૦૫ (૪૩/૧.૯૫) રહેશે. અહીં ઈપીએસ સામાન્ય રીતે છેલ્લા ચાર ક્વાર્ટરની હોય છે, પરંતુ ઘણી વાર તેમાં આગામી ચાર વર્ષની અપેક્ષિત ઈપીએસ પણ લેવામાં આવે છે. સામાન્ય રીતે ઊંચો પી/ઈ એવું દર્શાવે છે કે રોકાણકારો નીચા પી/ઈની તુલનાએ ભવિષ્યમાં વધુ ઊંચી કમાણીની અપેક્ષા રાખે છે. ઘણી વાર તે પ્રાઈસ મિલ્ટપલ અથવા અર્નિંગ્સ મિલ્ટપલ તરીકે પણ ઓળખાય છે. જાકે પી/ઈ રેશિયો આપણને પૂરેપૂરી કથા કહેતો નથી, પરંતુ એક કંપનીનો પી/ઈ એ જ ઉદ્યોગની બીજી કંપનીના પી/ઈ સામે કેટલો છે અથવા એ જ કંપનીના અગાઉના પી/ઈ સામે કેટલો છે તેની તુલના વધુ ઉપયોગી બને છે. ઈન્વેસ્ટરે એક ઉદ્યોગ (સેક્ટર)ની કંપનીના પી/ઈની તુલના બીજા ઉદ્યોની કંપનીના પી/ઈ સાથે કરવાનો કોઈ અર્થ રહેતો નથી, કેમ કે દરેક ઉદ્યોગના વિકાસની સ્થિતિ જુદી-જુદી હોય છે. પી/ઈને ઘણી વાર મિલ્ટપલ તરીકે લેખવામાં આવે છે કારણકે એ દર્શાવે છે કે રોકાણકાર એક રૂપિયાની શૅરદીઠ કમાણી સામે તે શૅરના કેટલા રૂપિયા ચૂકવવા રાજી છે. દા.ત. જા કંપનીનો શૅરનો ભાવ ૨૦ના (પી/ઈ) મિલ્ટપલ પર ટ્રેડ થઈ રહ્યો છે, તો તેનો અર્થ એવો થાય કે ઈન્વેસ્ટર તેની શૅરદીઠ ૧ની કમાણી માટે ૨૦ ચૂકવવા તૈયાર છે. જા કે રોકાણકારોએ માત્ર પી/ઈના આધારે નિર્ણય લેવો સલાહભર્યું નથી, કેમ કે પી/ઈનું અૅકાઉન્ટિંગ મેનિપ્યુલેશન થઈ શકે છે.
- **પ્રૉહિબિશન:** સાદો અર્થ છે પ્રતિબંધ, પરંતુ ફાઈનાન્સયલ માર્કેટમાં આ શબ્દ એક સજારૂપે વપરાય છે. જ્યારે કોઈ વ્યિક્ત કે હસ્તી મૂડીબજારમાં ગેરરીતિ આચરે અથવા કોઈ કૌભાંડ કરે વગેરે જેવા કિસ્સામાં શૅરબજાર અને નિયમન તંત્ર સેબી એ હસ્તી સામે ઍક્શન લે છે. આવી ઍક્શનના ભાગરૂપે સંબંધિત દોષી વ્યિક્ત કે હસ્તી પર મૂડીબજારમાં પ્રત્યક્ષ કે પરોક્ષ સ્વરૂપે કામકાજ કરવા સામે ચોક્કસ સમયગાળા અથવા અનિશ્ચિત સમયગાળા માટે પ્રતિબંધ મુકાઈ જતો હોય છે. પરિણામે એ સંબંધિત હસ્તીઓ ફરી વાર કોઈ ગેરરીતિ આચરી શકે નહીં.
- **પ્લેજિંગ ઑફ શૅર્સ:** શૅરો ગિરવે મૂકવાની બાબતને `પ્લેજિંગ ઑફ શૅર્સ' કહે છે. અર્થાત્ જ્યારે કોઈ શૅરધારકને નાણાંની થોડો સમય માટે જરૂર પડે, તેમ છતાં તેની શૅરો વેચી દેવાની તૈયારી ન હોય ત્યારે એ જ શૅરો પ્લેજ કરીને (ગિરવે મૂકીને) ધિરાણ મેળવી શકાય છે. જેમાં આ શૅરોના બજાર મૂલ્ય સામે ધિરાણકર્તા બૅન્ક / ફાઈ. કંપની તેને ચોક્કસ દરે નાણાં ધિરાણમાં આપે છે. શૅરધારકના ડિમેટ ખાતામાં શૅરો ગિરવી મૂકવાની સુવિધા પણ હોય છે. ખાસ કરીને ડિમેટ શૅરોને લીધે તો શૅરો પ્લેજ કરવાનું આસાન બન્યું છે.

કે.

- **કેવાયસી (નૉ યૉર ક્લાયન્ટ / કસ્ટમર):** હવેના સમયમાં `કેવાયસી' ફરજિયાત અને સૌથી મહત્ત્વનું બની ગયું છે. બૅન્ક અૅકાઉન્ટ, શૅર બ્રોકર પાસે ટ્રેડિંગ અૅકાઉન્ટ કે પછી ડિમેટ અૅકાઉન્ટ ખોલાવો ત્યારે `કેવાયસી' કરાવવામાં આવે છે. બેનામી ગેરકાનૂની પ્રવૃત્તિનાં નાણાં સત્તાવાર સિસ્ટમમાં ન પ્રવેશી જાય

એવા હેતુથી આ નિયમ લાગુ કરાયો છે. `નૉ યૉર ક્લાયન્ટ' એટલે તમારા ગ્રાહકને ઓળખો-જાણો. બીજા શબ્દોમાં કહીએ તો `જે-તે ગ્રાહક ખરેખર અસ્તિત્વ ધરાવે છે ખરો?' એ ચકાસવું જરૂરી બન્યું છે. કાળાં નાણાં, અપરાધ જગતનાં - અંડર વર્લ્ડનાં નાણાં, હવાલાનાં નાણાં વગેરે બૅન્કિંગ સિસ્ટમ કે મૂડીબજારના માધ્યમથી ઇકોનામીમાં પ્રવેશી રહ્યાં છે એવી શંકા કે ભયને લીધે સરકારે કેવાયસીનું પાલન ફરજિયાત બનાવ્યું છે. અગાઉ આઈપીઓ સ્કેમ વખતે બોગસ ડિમૅટ અને બૅન્ક ઍકાઉન્ટ ખોલાવવાના કિસ્સા મોટે પાયે પ્રકાશમાં આવ્યા હતા, જેમાં ખરેખર કોઈ ઍકાઉન્ટધારક હતા જ નહીં અને અનેક બેનામી કે બોગસ ઍકાઉન્ટ ખૂલી ગયાં હતાં. એ પછી સેબીએ મૂડીબજારમાં કેવાયસી કમ્પલસરી કરાવી નાખ્યું, જે મ્યુચ્યુઅલ ફંડ માટે પણ લાગુ થઈ ગયું છે.

આર.

- રિકવરી: કરેક્શન કરતાં સાવ વિપરીત સ્થિતિમાં માર્કેટ મુકાય તો તેને રિકવરી કહે છે. સતત ઘટી રહેલા બજારમાં ઘટાડો અટકે અને વધારો નોંધાય ત્યારે એ દિવસે રિકવરી થઈ એમ કહેવાય. બજાર એકધારું ઘટતું જ રહે તો એ મંદી ગણાય, પરંતુ મંદીના એ તબક્કામાં જે દિવસે બજાર સુધરે એટલે કે વધે તો તેને રિકવરી થઈ તેમ કહેવાય.
- રિલિસ્ટિંગ: ડિલિસ્ટિંગની જેમ એક શબ્દ છે રિલિસ્ટિંગ. કોઈ કંપનીને એક યા બીજા કારણસર ડિલિસ્ટ કરી દેવાઈ હોય, કિંતુ ત્યાર બાદ એ કંપની એ તમામ નિયમોનું પાલન કરે તો એક્સચેન્જ તેને ફરી લિસ્ટિંગ મેળવવાની તક આપે છે. આમ ફરી લિસ્ટેડ થનાર કંપની માટે રિલિસ્ટિંગ શબ્દ પ્રયોગ થાય છે. ઈન્વેસ્ટરો માટે આ આવકારદાયક બાબત હોય છે, કારણકે જે `કાગળિયાં' થઈ ગયાં હોય છે એ શૅરોમાં રિલિસ્ટિંગ બાદ ફરી પ્રવાહિતા આવે છે અને તેની લે-વેચ સંભવ બને છે.
- રિટર્ન ઑન ઈક્વિટી (આરઓઈ): ઈક્વિટી શૅર પરનું વળતર એટલે આરઓઈ. અર્થાત્ શૅર હૉલ્ડરોની ઈક્વિટી સામે આવેલી ચોખ્ખી આવકની ટકાવારીની રકમ. બીજા શબ્દોમાં કહીએ તો શૅર હૉલ્ડરોના રોકાણ સાથે કંપનીએ કેટલો નફો કર્યો છે તે જાણીને કંપનીની નફાશક્તિને આધારે ઈક્વિટી પર તેના વળતરને જાણી શકાય છે.

$$\text{રિટર્ન ઑન ઈક્વિટી} \quad \frac{\text{ચોખ્ખી આવક}}{\text{શૅરધારકોની ઈક્વિટી}}$$

આ ચોખ્ખી આવક સંપૂર્ણ નાણાકીય વર્ષની ગણવામાં આવે છે અને તેમાંથી પ્રેફરેન્સ શૅરો પર અપાયેલાં ડિવિડંડની રકમને બાદ કરાય છે. ઈક્વિટી શૅરો પરની ડિવિડંડની રકમને બાદ કરાતી નથી, કેમ કે શૅરધારકોની ઈક્વિટીમાં પ્રેફરન્સ શૅરોનો સમાવેશ થતો નથી. આ ટર્મને રિટર્ન ઑન નેટવર્થ તરીકે પણ ઓળખવામાં આવે છે, એટલે કે નેટવર્થ પરનું વળતર. કંપનીની નફાશક્તિનો સમાન ઉદ્યોગની અન્ય કંપનીની તુલનાએ તાગ મેળવવા આરઓઈ ખૂબ જ ઉપયોગી પરિબળ ગણાય છે.

- રિસ્ટ્રક્ચરિંગ : આનો સાદો અર્થ છે પુનઃ ઘડતર. કૉર્પોરેટ ભાષામાં કહીએ તો જ્યારે કંપની તેના માળખામાં ચોક્કસ કારણોસર ફેરફાર કરે તેને રિસ્ટ્રક્ચરિંગ કહે છે. કંપની મૅનેજમેન્ટ ખોટ ઓછી કરવા કે ભૂંસવા, નફો વધારવા, નવા પ્લાન હાથ ધરવા વગેરે સહિતના અનેકવિધ કારણોસર રિસ્ટ્રક્ચરિંગ હાથ ધરે

છે. રોકાણકારોએ આ કારણો જાણીને સમજવાં જોઈએ. સામાન્યપણે કંઈક બહેતર કરવા માટે જ રિસ્ટ્રક્ચરિંગ કરવામાં આવતું હોય છે. કોઈ કંપનીનું રિસ્ટ્રક્ચરિંગ થઈ રહ્યું હોવાનું જાણો ત્યારે કંપનીની સ્થિતિ હાલ છે એના કરતાં સારી થવાની છે અથવા બગડતી અટકવાની છે એવી આશા સામાન્યપણે રાખી શકાય.

- રિહેબિલિટેશન અથવા રિવાઈવલ : રિસ્ટ્રક્ચરિંગથી સહેજ જુદો આ શબ્દ છે, જે કંપનીના પુનરુત્થાન માટે વપરાય છે. કંપની સાવ કંગાળ સ્થિતિમાં પહોંચીને માંદી પડી હોય ત્યારે કંપનીના પુનરુત્થાનની શક્યતા ચકાસવાની શરૂ થાય છે. બીઆઈએફઆર (બૉર્ડ ઑફ ઈન્ડસ્ટ્રિયલ ઍન્ડ ફાઈનાન્સિયલ રિકન્સ્ટ્રક્શન) પુનરુત્થાનની સંભાવના અંગે પોતાનો મત આપે છે અને કંપનીના માલિકો મૅનેજમેન્ટની વાત સાંભળે પણ છે, તેમને પૂરતો સમય આપે છે. આ પ્રકારની કંપનીઓનાં પુનરુત્થાનની પ્રક્રિયા પર પણ રોકાણકારોએ ધ્યાન આપવું જોઈએ અને તેના આધારે રોકાણનો નિર્ણય લેવો જોઈએ. અલબત્ત, માંદી પરંતુ પુનરુત્થાનની સંભાવના ધરાવતી કંપનીઓના શૅરના ભાવ નીચે ગયા હોય છે, તેના સોદા પણ ભાગ્યે જ પડે છે, કિંતુ જો તેને રિવાઈવ કરવા કોઈ મજબૂત ગ્રુપ તૈયાર થઈ જાય તો કંપનીના શૅરના ભાવ પણ રિકવર થઈ શકે છે. આવી કંપનીઓમાં ચોક્કસ જોખમો સાથે રોકાણની તક પણ સર્જાતી હોય છે.
- રેટિંગઃ કંપનીનાં નાણાકીય પરિબળો, કામગીરી, ટ્રેક રેકર્ડ વગેરેને આધારે કંપનીની સિક્યોરિટીઝ ને રેટિંગ અપાતું હોય છે, જે કંપનીની શાખ, પાત્રતા અથવા સ્તર કેટલાં ઊંચા કે નીચાં છે તેનો નિર્દેશ કરે છે. કંપની-સંસ્થા કે સાધનો ઉપરાંત દેશને પણ રેટિંગ અપાતાં હોય છે. દા.ત. સ્ટાન્ડર્ડ એન્ડ પુઅર (એસ ઍન્ડ પી), મૂડીઝ જેવી આંતરરાષ્ટ્રિય રેટિંગ સંસ્થાઓ સમગ્ર દેશની આર્થિક સ્થિતિના અભ્યાસને આધારે સંબંધિત રાષ્ટ્રને પણ રેટિંગ આપતાં હોય છે. એ રેટિંગને અપગ્રેડ કે ડાઉનગ્રેડ કરાતું હોય છે. કોઈ દેશનું રેટિંગ સારું-ઊંચું હોય તો વિશ્વના અન્ય દેશો કે ત્યાંની કંપનીઓ-સંસ્થાઓ પણ તેમાં ઈન્વેસ્ટમેન્ટ કરવા પ્રેરાતાં હોય છે, કારણકે રેટિંગ સંબંધિત દેશની આર્થિક શક્તિ અને ભાવિ સંભાવનાનો સંકેત આપતું હોય છે.
- રિલીફ રેલી: આ શબ્દમાં રાહતની સુગંધ છે. શૅરબજારમાં સતત મંદી કે ઘટાડાતરફી ટ્રેન્ડ ચાલતો હોય અને એ સમયમાં ક્યારેક વચ્ચે તેજીનું વાતાવરણ જોવા મળી જાય અને ભાવો ઘટતાં અટકે કે વધતા દેખાય તો તેને રિલીફ રેલી ગણવામાં આવે છે. આ માત્ર થોડો સમયની હોવાથી તે લાંબુ ટકતી નથી, પરંતુ રોકાણકારોને કંઈક અંશે રાહત આપે છે ખરી.

એસ.

- સ્ટોપ લોસ : પ્રૉફિટ બુકિંગની જેમ બજારમાં લૉસનું પણ બુકિંગ કરવાનું હોય છે. અર્થાત્ ભાવ એક હદ કરતાં વધુ ઘટે એ પહેલાં જે પણ લૉસ થતો હોય તે સ્વીકારી ખરીદેલા શૅરો વેચી નાખવાં. ધારો કે તમે કોઈ કંપનીના રૂ. ૪૫ના ભાવના ૧૦૦ શૅર લીધા છે અને એ શૅરનો ભાવ થોડા દિવસોમાં ઘટીને રૂ. ૩૮ થઈ ગયો છે, એટલું જ નહીં, તે હજી ઘટવાની સંભાવના ઊભી થઈ છે. આ સ્થિતિમાં તમે શૅરદીઠ રૂ. ૭ લેખે રૂ. ૭૦૦નો લૉસ સ્વીકારી લો એ બહેતર છે આમ કરી તમે તમારા નુકસાનને એક લેવલે સ્ટૉપ કરો છો. રોજેરોજ કરાતી લે-વેચમાં પ્રૉફિટ બુકિંગ અને સ્ટૉપ-લૉસની નીતિ વધુ વપરાતી હોય છે. સ્ટૉપ-લૉસ એટલે બીજા શબ્દોમાં કહીએ તો ખોટની મર્યાદા કે સીમા બાંધી દેવી. આ પ્રકારની ખાસ સૂચના સાથે તમે ઑર્ડર પણ મૂકી શકો છો.
- એસટીટી : સિક્યોરિટીઝ ટ્રાન્ઝેશન ટૅક્સને ટૂંકમાં એસટીટી કહે છે. સરકારના કર કાનૂન મુજબ શૅર-સિક્યોરિટીઝના તમામ સોદા પર એસટીટી લાગુ થાય છે. સરકારને આ માર્ગ રોજના ધોરણે જંગી આવક થાય છે. બ્રૉકરે આ ટૅક્સ

ભરવાનો આવે છે, વાસ્તવમાં બ્રૉકર તે ગ્રાહકો પાસેથી વસૂલ કરી લે છે, જેથી દરેક કૉન્ટ્રેક્ટ નોટ કે બિલ બ્રૉકરેજ સાથે એસટીટી પણ લાગુ કરીને જ ઈસ્યૂ થાય છે.

- શૅર હૉલ્ડિંગ પેટર્ન : આ શબ્દ રોકાણકારો માટે બહુ જાણીતો નથી, પરંતુ મહત્ત્વનો ખરો. દરેક કંપનીની શૅરહૉલ્ડિંગ પેટર્ન હોય છે. જે તે કંપનીમાં જેનું જેટલું શૅર હૉલ્ડિંગ હોય, તેના આધારે શૅર હૉલ્ડિંગ પેટર્ન રચાય. કંપનીમાં કોનું-કોનું કેટલું હૉલ્ડિંગ છે તેને આધારે કંપનીનું મૂલ્યાંકન પણ થાય છે. કોઈ પણ કંપનીમાં જુદા-જુદા શૅરધારકો હોય છે. સૌથી પહેલાં તો, કંપનીના પ્રમોટરો પોતે, ત્યાર બાદ જાહેર જનતા, વિદેશી સંસ્થાકીય રોકાણકારો, (એફઆઈઆઈ), મ્યુચ્યુઅલ ફંડ, સ્થાનિક નાણાં સંસ્થા (જેમાં વીમા કંપનીઓ, બૅન્ક વગેરે સામેલ હોય છે), બિનરહીશ ભારતીયો વગેરે. સામાન્ય રીતે પ્રમોટરોનું હૉલ્ડિંગ જેમાં વધુ હોય તેને મજબૂત કંપની માનવામાં આવે છે, કારણકે એ કંપનીમાં પ્રમોટરોનો ખુદનો હિસ્સો વધુ હોવાથી તેના વિકાસ માટે તેઓ વધુ ગંભીર અને સક્રિય રહે તેવું મનાય છે. જોકે આમાં અપવાદરૂપ કિસ્સા પણ હોઈ શકે છે. જાહેર જનતાનું હૉલ્ડિંગ ઓછું હોય તો બજારમાં એ કંપનીના શૅરોનો ફરતો સ્ટૉક ઓછો હોવાનું ગણાય, જેને લીધે બજારમાં તેની ડિમાંડ વધુ રહે અને તેને લીધે ભાવો ઊંચે જશે કે ઊંચે રહેશે એવી માન્યતા પણ બંધાય. એ જ રીતે એફઆઈઆઈ, નાણાસંસ્થા અને મ્યુચ્યુઅલ ફંડનું વધુ હૉલ્ડિંગ હોય એવી કંપનીને પણ સારી માનવામાં આવે છે, કેમ કે એ સારી હોય તો જ આ મહાકાય અને સ્માર્ટ ઈન્વેસ્ટરોએ તેના શૅરમાં રોકાણ કર્યું હોય છે. આમ શૅર હૉલ્ડિંગ પેટર્ન જોઈને કંપની વિશે ચોક્કસ અનુમાન બાંધી શકાય છે. દરેક કંપનીની ખુદની વેબસાઈટ અને શૅરબજારની વેબસાઈટ પર શૅર હૉલ્ડિંગ પેટર્ન મુકાયેલી હોય છે. રોકાણકારો રોકાણ કરતાં પૂર્વે કે વખતે જે - તે સંબંધિત કંપનીની શૅર હૉલ્ડિંગ પેટર્ન જોઈ-જાણી લે એ સલાહભર્યું ગણાય છે.
- શૉર્ટ સેલ્સ (ખોટું વેચાણ): શૅરબજારમાં કોઈ રોકાણકાર ખેલાડીને બજારમાં મંદી દેખાતી હોય અથવા ચોક્કસ શૅરના ભાવ ઘટવાની તેની ધારણા હોય ત્યારે તે ખેલાડી પોતાની પાસે એ શૅરો ન હોવા છતાં બજારમાં એ શૅરોનું વેચાણ કરે તેને ખોટું વેચાણ (શૉર્ટ સેલ) કહે છે. તેમાં તેનો હેતુ ભાવ ઘટતાં તરત એ શૅરો ખરીદી લઈ ભાવ ફરકનો લાભ કમાવાનો હોય છે. દા.ત. રોકાણકારને કોઈ કંપનીના શૅરનો ભાવ રૂ. ૭૦ ચાલતો હોય ત્યારે એ ઘટી જવાની માહિતી કે અંદેશો મળે તો એ તે શૅરો પોતાની પાસે નહીં હોય તોપણ વેચી દેશે. તેની ધારણા સાચી પડે અને ભાવ ઘટીને રૂ. ૫૫ થઈ જાય કે તુરંત એ પુનઃ ખરીદી લેશે. આમ કરીને રોકાણકાર ખેલાડી શૅરદીઠ રૂ. ૧૫નો નફો મેળવી લે છે. આમાં તેણે ખરેખરી ડિલિવરી આપવાની કે લેવાની હોતી નથી. દાખલા તરીકે, દીપકને એમ લાગે કે એબીસી કંપનીના શેરના ભાવ ચક્કસ સમાચાર કે કારણસર ઘટવાના છે તો એ તેનો લાભ ઉઠાવવા પોતાની પાસે તે શેરો ન હોવા છતાં બજારમાં વેચી દેશે. એ વખતે શેરનો ભાવ રૂ. ૧૫૦ છે અને હવે તે આશરે રૂ. ૨૫થી ૫૦ જેટલો ઘટી જવાની ધારણા દીપકે કરી છે. તેથી દીપક ૨૦૦ શેરવેચી નાખે છે. અમુક કલાક બાદ એ શેર ખરેખર રૂ. ૩૦ જેટલી ઘટી જાય છે. એટલે દીપક તરત ૨૦૦ શેર ખરીદી લે છે. હવે દીપકે તેના દલાલને કોઈ નાણાં આપવામાં નહીં આવે, કેમ કે તેણે સોદો સ્કેવર ફફ કરી નાખ્યો છે અને તેણે ભાવફરકના રૂ. ૩૦ના હિસાબે રૂ. ૬૦૦૦નો નફો લેવાનો આવશે. અહીં એ યાદ રાખવું જરૂરી છે કે જો શોર્ટ સેલ કરતી વખતે ભાવ ઘટવાની ધારણા ખોટી પડે તો નફાને બદલે ખોટ પણ ખાવી પડે. આ પ્રવૃત્તિ એક પ્રકારનો સટ્ટો જ છે. જો શેર હાથમાં ન હોય ને આપણે વેચાણ કરી દઈએ ત્યારે આપણે વેચેલા શેરોની ડિલિવરી ન આપી શકીએ. એ સંજોગોમાં દલાલે એની ડિલિવરી બજારમાં લિલામ મારફતે કરવાની આવે છે, જેનો ખર્ચ રોકાણકારે (શોર્ટ સેલ

કરનારે) ઉઠાવવો પડે છે. વધુમાં આ રીતે શેરો હાથમાં નહીં હોવા છતાં વેચી દઈને રોકાણકાર તેની ડિલિવરી ઉતારવા શેરો ધિરાણમાં લઈ શકે છે, પરંતુ તેને એ શેરની ખરીદી વેચાણ ભાવ કરતાં ઓછા ભાવે થઈ શકવાની આશા હશે તો એમ કરશે. આમ કરતી વખતે તેની ધારણા સાચી પડે અને ભાવ ખરેખર ઘટે તો શોર્ટ સેલર નફો કમાય છે, પરંતુ એમ ન થાય તો તેને નુકસાન પણ થઈ શકે છે. મંદીની બજારમાં સટોડિયા તેનો ખૂબ ઉપયોગ કરે છે. બજારની ભાષામાં શૉર્ટ સેલ્સને શેરો માથે માર્યા પણ કહેવામાં આવે છે.

- સ્ટીમ્યુલસ પેકેજ: વૈશ્વિક આર્થિક કટોકટી બાદ આ શબ્દ દુનિયાભરની જીભે રમત થઈ ગ. રિસેશન દરમિયાન વેપાર-ઉદ્યોગોને ઉગારવા, મંદીમાંથી બહાર કાઢવા કે ટકી રહેવા સરકાર જે-તે વેપાર-ઉદ્યોગને ચાહતો આપે તેને સ્ટીમ્યુલસ પેકેજ કહેવામાં આવે છે. સરળ શબ્દમાં તેને રિલીફ પેકેજ પણ કહે છે. આ રાહત કરમાફી, સબસિડી, વ્યાજમાફી, લોનની પુનઃ ચુકવણીની સુવિધાથી માંડી અનેકવિધ સ્વરૂપે હોઈ શકે. તેનો ઉદ્દેશ એ જ હોય છે કે વેપાર ઉદ્યોગ પ્રતિકૂળ સમયમાંથી હેમખેમ પસર થઈ જાય. સરકાર આવા સમયે પોતાનો બોજ વધારીને પણ વેપાર-ઉદ્યોગને રાહત આપે છે. આ ચહતો મર્યાદિત સમયગાળા માટે હોય છે, કાયમી નહીં, તેથી જ્યારે પણ સ્ટીમ્યુલસ પેકેજ પાછો ખેંચાય ત્યારે વેપાર જગતમાં થોડો ગભરાટ જરૂર ફેલાય છે, સંબંધિત શેરોના ભાવોને અસર પહોંચે છે. તેમ જ એકંદરે બજાર કે ઉદ્યોગને પણ એની અસર થાય છે. અલબત્ત, સરકાર રાહતો પાછી ખેંચતી વખતે જે-તે ઉદ્યોગ સાનુકૂળ સ્થિતિમાં આવી ગયો હોવાની કાળજી રાખે છે. આ પ્રકારનાં પગલાં જે-તે ઉદ્યોગ, તેની કંપનીઓ અને શેરધારકો માટે સેન્સિટિવ બની રહે છે.
- સ્વીટ (સ્ટેટ) ઈક્વિટી : આઈપીએલ મેચ વખતે બહાર આવેલા વિવાદ દરમિયાન આ શબ્દ થોડો ચર્ચામાં આવ્યો હતો. જોકે શેરબજારમાં કે આર્થિક જગતમાં તો આ શબ્દ વર્ષોથી જાણીતો છે. કંપની જ્યારે પોતાના કર્મચારીઓને અથવા ડિરેક્ટરોને ફેવરેબલ (તેમની તરફેણમાં હોય એવી) શરતો પર ઈક્વિટી શેરો આપે ત્યારે તેને સ્વીટ (સ્ટેટ) ઈક્વિટી કહે છે. સામાન્ય રીતે સ્વીટ (સ્ટેટ) ઈક્વિટી કર્મચારી કે ડિરેક્ટરોની સારી કામગીરીની સરાહનારૂપે અપાતી હોવાથી તે ડિસ્કાઉન્ટમાં અપાય છે અથવા પછી ઈન્ટેલર્ચ્યુઅલ પ્રોપર્ટી રાઈટ કે અન્ય કોઈ સ્વરૂપે અપાય છે. એ જુદી વાત છે કે સ્વીટ ઈક્વિટીના નામે કંપનીઓ પોતાના હિતનાં બીજાં કામો પણ પાર પાડી લેતી હોય છે.
- સિક કંપની: સિક કંપની એટલે બીમાર કંપની કે માંદી કંપની. જોકે કંપની ધારામાં માંદી કંપનીની વ્યાખ્યા પ્રમાણે, જ્યારે કોઈ કંપનીની નેટવર્થ ધોવાઈ જાય એટલે કે તેની મૂડી સહિત અન્ય ચક્કસ એસેસના મૂલ્ય કરતાં ખોટ વધી જાય ત્યારે કંપની આર્થિક દૃષ્ટિએ માંદી છે એમ કહેવાય. કંપની માંદી એટલે કે નબળી પડે ત્યારે તેનો ઇલાજ થઈ શકતો હોય છે. પ્રમોટરો વધુ નાણાં કંપનીમાં લાવે કે અન્ય પ્રમોટરો તેના સહભાગી થાય કે તેને હસ્તગત કરી લે તોપણ બીમારીનો ઈલાજ સંભવ બને છે. માંદી જાહેર થયેલી કંપનીને બીઆઈએફઆર (બૉર્ડ ફૉર ઈન્ડસ્ટીયલ ઍન્ડ ફાઈનાન્સિયલ રિકન્સ્ટ્રક્શન) સમક્ષ લઈ જવામાં આવે છે. આ બૉર્ડ કંપનીની સ્થિતિ અને તેના ઇલાજની સંભાવના ચકાસીને તેના ઉપાય સૂચવે છે. બૉર્ડને કોઈ આશા ન દેખાય કે પછી કંપનીને કોઈ સહારો ન મળે તો બૉર્ડ તેને અમુક સમય આપી વાઈન્ડિંગ અપ (સમેટી લેવાની સલાહ પણ આપી શકે છે. રોકાણકારોએ આવી કંપનીઓ પર બે દૃષ્ટિએ નજર રાખવી જોઈએ. એક તેની રિકવરીની સંભાવના દેખાય તો તેના શેરો નીચા ભાવે ખરીદી લેવા જોઈએ અથવા સમેટાઈ જવાની શક્યતા દેખાય તો પહેલી તકે જે ભાવ મળે તે લઈને નીકળી જવું જોઈએ. અહીં એ નોંધવું જરૂરી છે કે હવે બીઆઈએફઆરને સરકારે સમેટી લીધું છે, તેને સ્થાને નવી સંસ્થા રચાઈ છે.
- સેલિંગ પ્રેશર : શેરબજારમાં આ શબ્દ જાણીતો અને ગભરાટ ફેલાવનારો છે.

આનો અર્થ છે વેચવાલીનું દબાણ. જ્યારે શેરબજારમાં સતત કે મોટે પાયે શેરો વેચાતા હોય ત્યારે તેને બજાર સેલિંગ પ્રેશર કહે છે, જે માર્કેટ મંદીમાં હોવાનો નિર્દેશ કરે છે. આ વેચવાલીનું દબાણ વરઓલ માર્કેટનું હોઈ શકે અથવા એફઆઈઆઈ કે મ્યુચ્યુંઅલ ફંડ જેવા ચોક્કસ વર્ગનું પણ હોઈ શકે છે, માત્ર ચોક્કસ વર્ગ તરફથી સેલિંગ પ્રેશર હોય ત્યારે બહુ ચિંતા ન હોય પણ બધા જ વેચાણ કરતાં હોય તો મામલો વધુ ચિંતાનો બની જાય છે.

- સ્મોલ-કેપ, મિડ-કેપ અને લાર્જ કેપ: શેરબજારમાં વિવિધ કદની કંપનીઓ છે, જેમાં કદ એટલે તેની મૂડી. નાની મૂડી, મધ્યમ મૂડી અને મોટી મૂડી ધરાવતી કંપનીઓ અનુક્રમે સ્મોલ કેપ (કેપ એટલે કેપિટલ), મિડ-કેપ અને લાર્જ-કેપ ગણાય છે. કંપનીની મૂડી મોટી તેમ કંપની આંટી. આ તમામ પ્રકારની કંપનીઓમાંથી સિલેક્ટેડ કંપનીઓને સમાવતા સ્મૉલ, મિડ અને લાર્જ કેપ ઈન્ડેક્સ પણ છે. જેમ સેક્ટરલ ઈન્ડેક્સ છે, તેમ આ ઈન્ડેક્સમાં તેના સ્વરૂપ મુજબની કંપનીઓ હોય છે. રોકાણકારોમાં ઘણી વાર આ જુદી-જુદી કંપનીઓની માગ કે આકર્ષણ હોય છે, તેમનો તેજી-મંદીનો પ્રવાહ પણ ક્યારેક જુદી-જુદો હોય છે. તેમની ભિન્ન વિશિષ્ટતા હોય છે. ક્યારેક સ્મોલ કેપ શેરોમાં તેજી હોય, તો ક્યારેક મિડ કેપ. રોકાણકારો તેના આધારે બજારના ટ્રેન્ડને સમજી શકે છે. આ માટે આ ત્રણેય ઈન્ડેક્સ પર પણ નજર રાખવી જોઈએ.
- શેરબજારમાં ડિસ્કાઉન્ટ : શેરબજારમાં ડિસ્કાઉન્ટનો જુદો અર્થ પણ થાય છે. ક્યારેક કોઈ કંપનીનો શેર તેની મૂળ કિંમત કરતાં નીચો બોલાતો હોય તો પણ ડિસ્કાઉન્ટ કહેવાય છે. જોકે તેમાં ડિસ્કાઉન્ટ કરતાં "બિલો પાર" એટલે કે મૂળ ભાવ કરતાં પણ નીચે શબ્દ વધુ પ્રચલિત છે. બીજું, ઘણી વાર કંપનીના શેરનો બજારભાવ મૂળ કિંમત કરતાં ઊંચો હોય, તેમ છતાં બજારનો વર્ગ એવું માનતો હોય છે કે એ શેરનો ભાવ જે હોવો જોઈએ તેના કરતાં નીચો છે, તો તે શેર વિશે બજારમાં એમ બોલાતું હોય છે કે "આ ભાવે શેર ડિસ્કાઉન્ટમાં મળે છે. આ થઈ ગૅરના ભાવની ડિસ્કાઉન્ટની વાત. બીજી બાજુ શેરબજારમાં કેટલીક એવી બાબતો-ઘટનાઓ કે સમાચાર માટે કહેવાતું હોય છે કે બાબત, ઘટના ! સમાચાર ડિસ્કાઉન્ટ થઈ ગયા. અર્થાત્ વધુ સરળ અને સ્પષ્ટ શબ્દોમાં કહીએ તો તેની અસરો થઈ ચૂકી. દા.ત. રિઝર્વ બેન્કનાં પગલાં જાહેર થયાં, પરંતુ એ પગલાં આવવાના છે એવી બજારની ધારણા પહેલેથી હતી, તેથી એ પગલાં આવ્યાં પહેલાં જ તેની અસર થઈ ચૂકી હોય ત્યારે એમ કહેવાય કે રિઝર્વ બેન્કનાં એ પગલાં કે તેની અસર ડિસ્કાઉન્ટ થઈ ગઈ છે. પરિણામે આવાં પગલાં જ્યારે ખરેખર જાહેર થાય ત્યારે તેની બજારને અસર ન થાય એવું બની શકે.
- સસ્પેન્સાન: શેરબજારમાં આ શબ્દ પણ જાણીતો છે અને સજાનો જ શબ્દ છે. જોકે આ સસ્પેન્શનની સજા વ્યક્તિ હસ્તી ઉપરાંત શેર ! સ્ક્રિપને પણ થતી હોય છે. જ્યારે કોઈ શંસ્ક્રિપમાં મેનિપ્યુલેશન સહિત કોઈ પણ પ્રકારની ગરબડ કરાય છે, જેને લીધે રોકાણકારોના હિતને નુકસાન થયું હોય કે પછી તે જોખમાવાની સંભાવના હોય ત્યારે સત્તાવાળાઓ જે-તે શેરનું ટ્રેડિંગ સસ્પેન્ડ કરી નાખે છે. આ સસ્પેન્શન ટૂંક સમયથી લઈ લાંબા ગાળા માટેનું પણ હોય છે, જે તેની સજાની ગંભીરતાને આધારે નક્કી થાય છે. આ સમયગાળામાં આ શેરોમાં સોદા થઈ જ શકતા નથી. રોકાણકારોએ આવી સસ્પેન્ડ થતી કે તેની સંભાવના ધરાવતી સ્ક્રિપ્સથી દૂર રહેવું સલાહભર્યું છે, અન્યથા, તેમાં કરેલું રોકાણ સ્થગિત થઈ જવાની કે તે ધોવાઈ જવાનું જોખમ ઊભું રહે છે. જ્યારે કોઈ બ્રોકર, કંપની, પ્રમોટરો ગરબડ કરે ત્યારે અથવા નિયમોનું ઉલ્લંઘન કરે ત્યારે પણ તેના દોષની ગંભીરતાને ધ્યાનમાં રાખી સસ્પેન્શનનાં પગલાં ભરાય છે.

ટી.

- **ટર્ન-અરાઉન્ડ :** કોઈ કંપની જ્યારે ખોટમાંથી બહાર આવી નફો નોંધાવી અથવા ઊંચી ખોટમાં નોંધપાત્ર ઘટાડો નોંધાવે તો તે કંપની ટર્ન-અરાઉન્ડ કંપની ગણાય છે. રોકાણકારોએ આવી કંપનીઓ શોધતાં રહેવું જોઈએ, જેમાં વહેલાસર ઈન્વેસ્ટમેન્ટ કરવાથી આગળ જતાં શૅરની ભાવવૃદ્ધિનો સારો લાભ મળવાની આશા રહે છે. બિઝનેસ મૅગેઝિનો, રિસર્ચ એજન્સીઓ, સ્ટૉક એક્સચેન્જની વેબસાઈટનો નિયમિત અભ્યાસ કરતાં રહેવાથી આવી ટર્ન-અરાઉન્ડ કંપનીઓ વિશે જાણવા મળે છે. મંદીનો સમય પૂરો થાય ને સુધારાનો સમય શરૂ થાય ત્યારે જે - તે ઈન્ડસ્ટ્રીઝ ઉદ્યોગ અને તેમાંની ઘણી કંપનીઓ ટર્ન-અરાઉન્ડ થતી જોવા મળે છે. આ જ રીતે ક્યારેક આખું બજાર પણ ટર્ન-અરાઉન્ડ થતું હોય છે. આવું થાય ત્યારે બજાર સતત ઘટાડાના નેગેટિવ ટ્રેન્ડમાંથી બહાર આવી પૉઝિટિવ ટ્રેન્ડ તરફ વળવાનું શરૂ કરે છે.
- **ટોપ અને બોટમ :** શેરબજારમાં કોઈ પણ શેર કે ઈન્ડેક્સ તેની ઉચ્ચતમ સપાટીએ હોય ત્યારે એ શેર કે ઈન્ડેક્સ ટોપ બનાવી કહેવાય અને જ્યારે એ શેર કે ઈન્ડેક્સ તેના નિમ્નતમ સ્તરે હોય ત્યારે તેણે બૉટમ બનાવી કહેવાય છે. આ ટૉપ કે બૉટમ નિશ્ચિત સમયગાળાને આધારે નક્કી થયા છે. એક દિવસથી લઈ એક સપ્તાહ, મહિના કે ક્વાર્ટર કે વર્ષની ટૉપ અથવા બૉટમ બનતી હોય છે. દા.ત. સેન્સેક્સે ૨૦૦૯ના વર્ષમાં ૧૭,૫૦૦ની ટૉપ અને ૭,૬૦૦ની બૉટમ બનાવી હતી.
- **ટાર્ગેટ :** આનો શાબ્દિક અર્થ છે લક્ષ્ય, પરંતુ શૅરબજારમાં ટાર્ગેટ શબ્દ શેરના ભાવના સંદર્ભમાં વધુ વપરાય છે. ખાસ કરીને એનેલિસ્ટો તેમના રિપોર્ટમાં આ શબ્દનો વિશેષ પ્રયોગ કરતા હોય છે. દા. ત. એક કંપનીના શેરનો ભાવ આગામી ત્રણ મહિનામાં કે છ મહિનામાં ૫૦૦ રૂપિયા સુધી પહોંચવાનો ટાર્ગેટ છે. આમ થશે જ એ નક્કી ન કહી શકાય, પણ તે ટાર્ગેટ કે લક્ષ્ય જરૂર છે. તે માટે એનાલિસ્ટ વિભિન્ન કારણો પણ આપે છે. ટાર્ગેટ ભાવ વિવિધ સમય મુદત માટે અપાય છે અને તેમાં સમયાંતરે સંજોગો અનુસાર બદલાવ પણ આવતો રહે છે. યાદ રહે, નિષ્ણાત કે એનેલિસ્ટ શેરના ભાવને ટાર્ગેટ આપે ત્યારે વાસ્તવમાં ભાવ એ સપાટીએ પહોંચશે જ એવું ક્યારેય આંખ બંધ રાખીને માની લેવાય નહીં. અલબત્ત, તેજીના વાતાવરણમાં આવા ટાર્ગેટ ફટાફટ પૂરા થઈ જતા હોય છે, ઘણી વાર આપેલા સમય કરતાં પૂર્વે પણ ભાવ તે લેવલે પહોંચી જાય એવું બની શકે છે, પરંતુ ટાર્ગેટ આખરે તો એક ધારણા, અંદાજ કે અનુમાન જ છે, જે સંજોગોને આધીન છે.
- **ટ્રીગર :** આ જ સૉફિસ્ટિકેટેડ શબ્દ છે. સાદો અર્થ કરીએ તો ટ્રિગર એટલે બજારનું ચાલકબળ કે ડ્રાઈવર. બજારમાં એવું કહેવાતું હોય છે કે માર્કેટને ઊંચે જવા માટે હવે કોઈ ટ્રિગરની જરૂર છે. શેરબજાર એક યા બીજા પરિબળને આધારે ચાલતું હોય છે, જેની ગતિ ઉપર કે નીચે તરફની હોઈ શકે, પરંતુ બજારને વેગ માટે ટ્રિગર પોઈન્ટ જરૂરી બને છે. જેમ કે, સરકાર કોઈ ઉદાર-પ્રોત્સાહક નીતિ જાહેર કરે તો બજારને ઊંચે જવા માટે ટ્રિગર મળ્યું કહેવાય અથવા રિલાયન્સ જેવી જાયન્ટ કંપનીનાં પરિણામ ખૂબ જ સારા જાહેર થયાં તો એ પણ ટ્રિગર ગણાય. રિઝર્વ બેન્કની ધિરાણનીતિ ખૂબ પ્રોત્સાહક જાહેર થાય તો બજારને દોડવા માટે ટ્રિગર મળ્યું ગણાય. આમ, શૅરબજારની ચાલને વેગ આપતાં કારણોને ટ્રિગર પોઈન્ટ કહેવામાં આવે છે. રોકાણકારો શેર ખરીદે ત્યારે બજારમાં ભાવિ સંભવિત ટ્રિગર શું હોઈ શકે તેને સમજી લે તો સફળતાપૂર્વક લાભકારક રોકાણ કરી શકે.
- **ટેકઑવર :** કોઈ એક કંપની બીજી કંપનીને હસ્તગત કરે ત્યારે તેણે ટેકઑવર કર્યું કહેવાય છે. કૉર્પોરેટ ક્ષેત્રે મોટી કંપનીઓ પોતાના ક્ષેત્રમાં અથવા તો સંબંધિત ક્ષેત્રમાં રહેલી નાની પણ સારી કંપનીઓને ટેકઑવર કરી પોતાનું કદ વધારતી હોય છે. કોઈ કંપની જ્યારે બીજી કંપનીને ટેકઑવર કરે ત્યારે તેની માલિકી કે નિયંત્રણ હસ્તગત કરી લેતી હોય છે. તેથી આ વિષય

શેરધારકોરોકાણકારો માટે સંવેદનશીલ અને મહત્ત્વનો બની રહે છે. કોઈ સમર્થ કંપની નબળી કંપનીને હસ્તગત કરી લે ત્યારે નબળી કંપનીના શેરધારકો ખુશ થતા હોય છે, જ્યારે હસ્તગત કરનારી કંપનીના શેરધારકો વિચારતા હોય છે કે હવે આપણી કંપની પર બોજ તો નહીં વધી જાયને! ટેકઑવર પરસ્પર સમજૂતીથી થાય છે. તેમ જ બળજબરીથી વ્યૂહરચના સાથે ચાલાકીપૂર્વક પણ થાય છે. ઘણી વાર જેને ટેકઑવર કરવાની હોય તે કંપનીના મેનેજમેન્ટને અંધારામાં રાખવામાં આવે છે. આવી ટેકઑવર વૉરના અનેક કિસ્સા કૉર્પોરેટ ઇતિહાસમાં નોંધાયેલા છે. તેને હૉસ્ટાઈલ ટેકઑવર પણ કહેવાય છે. આ વિષયની જટિલતાને તેમ જ શેરધારકોનાં હિતની રક્ષાને લક્ષ્યમાં રાખી સેબીએ ટેકઑવર રેગ્યુલેશન બનાવ્યાં છે. સમય-સંજોગ અનુસાર તેની જોગવાઈઓમાં સુધારા-વધારા પણ થતા રહે છે. રોકાણકારોએ કૉર્પોરેટ ટેકઑવરના કિસ્સા પર નજર રાખવી જોઈએ, કેમ કે આવા બના વધતા જવાના, તીવ્ર હરીફાઈમાં ટકી ન શકનાર નાની-મધ્યમ કંપનીઓને જાયન્ટ કંપનીઓ ટેકઑવર કરી લે છે ત્યારે એ કંપનીઓની કિસ્મત બદલાઈ જતી હોય છે અને તેની અસર બન્ને કંપનીના શેરોના ભાવ પર પડે છે.

- ટેક્નિકલ એનાલિસિસ: શૈરનો ભાવ તેની માગ અને પુરવઠા પર આધાર રાખતો હોવાનું કહેવાય છે, જેથી ટેક્નિકલ એનાલીસિસમાં શૅરના ભાવની ગતિવિધિ કે વધઘટના સંદર્ભમાં અગાઉના ખરીદી કે વેચાણના ટ્રેન્ડ (વલણોને આધારે શેરના ભાવિ-સંભવિત ભાવની આગાહી કરવામાં કે ધારણા બાંધવામાં આવે છે, જેને ટેક્નિકલ એનાલિસિસ કહેવામાં આવે છે. આમાં શેરના ભાવની ગતિવિધિના ચાર્ટ પણ બનતા હોય છે. આ ચાર્ટની રેખાઓની દિશાને આધારે, તેના અગાઉની રેખાઓની તુલના કરીને તેમ જ તેનાં અન્ય પરિબળોને આધારે એનાલિસિસ પણ કરાયા છે, જેને ચાર્ટ એનાલિસિસ ગણવામાં આવે છે. આમ કરનારાને અનુક્રમે ટેક્નિકલ એનાલિસ્ટ અને ચાર્ટ એનાલિસ્ટ કહેવામાં આવે છે.
- ટ્રેડ ચેક અથવા ટ્રેડ વેરિફિકેશન : આ એક બહુ જ અગત્યની સવલત છે, જે શેરબજાર રોકાણકારોને વિનામૂલ્ય પૂરી પાડે છે. રોકાણકાર પોતાના બ્રોકર મારફત શેરોની ખરીદી કે વેચાણનો સોદો કરતો હોય છે, પરંતુ બ્રૉકરે ખરેખર એ સદો શેરબજારમાં કર્યો છે કે નહીં તેની સચ્ચાઈ જાણવા માટે વર્ષો સુધી રોકાણકાર પાસે કોઈ માધ્યમ નહોતું. તેણે બ્રોકરના ભરોસે જ રહેવું પડતું હતું. ક્યારેક એવું પણ બનતું કે બ્રૉકર તેના ગ્રાહકને સોદો થઈ ગયો હોવાનું કહી દે, પરંતુ તેણે વાસ્તવમાં ઍક્સચેન્જ પર એ સોદો કર્યો જ ન હોય એવું બનતું. અલબત્ત, આવું ઓછું બનતું, પણ થોડો વખત પૂર્વે અન્ય એક્સચેન્જ પર એક બ્રોકરનો આવો ગંભીર કિસ્સો બન્યો અને અનેક રોકાણકાર તે બ્રોકરની છેતરપિંડીનો ભોગ બન્યા હતા, જેથી એક્સચેન્જ આ નવી સવલત અમલી બનાવી, જેમાં રોકાણકાર તેના બ્રોકરે ખરેખર એક્સચેન્જ પર સોદો કર્યો છે કે નહીં તેની એક્સચેન્જની વેબસાઈટ પર ટ્રેડ ચેક સવલત મારફત જાણકારી કે ખાતરી મેળવી શકે છે. આમ કરવા માટે ગ્રાહકે એક્સચેન્જના વેબસાઈટના આ વિભાગમાં જઈ જરૂરી વિગતો જણાવવાની હોય છે. ગ્રાહકને તુરત જ એ સોદાનું કન્ફર્મેશન મળી જાય છે. જો સોદો અહીં કન્ફર્મ ન થાય તો ગ્રાહક તુરંત પોતાના બ્રોકર સામે પ્રશ્ન ઉઠાવી શકે છે. રોકાણકારને જો પોતાના બ્રૉકર કે તેના સોદા કરતા કર્મચારી પર જરા પણ શંકા હોય તો તેઓ પોતાના સોદાનું આ સુવિધા મારફતે વેરિફિકેશન કરી શકે છે.

યુ.

- અપસાઈડ: બોટમની વાત પછી હવે આપણે “અપસાઈડ” શબ્દ જોઈએ તો એ સૌને ગમતો શબ્દ છે. શેરના ભાવ વધતા રહે એ કોને ન ગમે? શેરોના ભાવો કે

બજારનો ઈન્ડેક્સ જ્યારે ઉપર જવાની સંભાવના દેખાય ત્યારે તેને અપસાઈડ કહેવામાં આવે છે. આ જ રીતે નીચે જવાની સંભાવના સમયે તેને ડાઉનસાઈડ કહેવાય છે. આ એક ધારણા હોવાથી ખેલાડીઓ પોતાના નફા અને નુકસાનનો અંદાજ આ ચાલને જોઈને બાંધે છે. અથવા તેના રોકાણની વ્યુહરચના બનાવે છે. અપસાઈડ કે ડાઉનસાઈડની સંભાવના વખતે શેરો વેચવા કે ખરીદવાનો વ્યૂહ અપનાવી શકાય છે તેમ જ પ્રોફિટ કે લૉસ બુક કરવાનો નિર્ણય પણ લઈ શકાય છે.